**મહાભારત અનુક્રમણિકા :**


(૦૧) મહાભારતઃ આધ્યાત્મિક વિકાસની સાધનાપોથી
(૦૨) મહર્ષિ વ્યાસ
(૦૩) વ્યાસ અને ગણપતિ
(૦૪) સર્પયજ્ઞ
(૦૫) અધ્યાત્મપથ
(૦૬) દ્વૈતની પારનું દ્વૈત
(૦૭) કેન્દ્રોમાં સંતુલન
(૦૮) અચેતન મનનું ઊંડાણ
(૦૯) જ્ઞાન, સમજણ અને હોવાપણું
(૧૦) દુષ્યંત અને આધ્યાત્મિક અભિપ્સા
(૧૧) દુષ્યંત અને શકુંતલા
(૧૨) શકુંતલાનો આંતરવિકાસ
(૧૩) પત્નીની જુદી જુદી ભૂમિકા
(૧૪) કચ અને દેવયાનીઃ ઊર્જાઓનો આંતરખેલ
(૧૫) દેવયાની અને શર્મિષ્ઠાની વાર્તામાં સેક્સ એનર્જીનો દિવ્ય ઉપયોગ
(૧૬) સમુદ્રમંથન
(૧૭) મનની ઉત્ક્રાંતિ અને કામગીરીઓ
(૧૮) સંજય : જાગૃતિની શરૂઆત
(૧૯) ભિષ્મ : અહંકારનું અવતરણ
(૨૦) મૂર્તના સર્જન પાછળની અમૂર્ત શક્તિઓ
(૨૧) વિવેક કે સત્યની સંવેદના
(૨૨). ગૌરવ કે સ્વાભિમાન અને મિથ્યાભિમાન કે આડંબર
(૨૩) ધૃતરાષ્ટ્રઃ આંધળો રાજા
(૨૪) દુર્યોધનઃ નકારાત્મકતાની જીવંતમૂર્તિ
(૨૫) દુઃશાસન અંધાધૂંધી અને અશિસ્તનું પ્રતિક
(૨૬) દ્રોણાચાર્ય : આપણી ટેવોને ઘડનાર મિકેનિઝમ
(૨૭) દ્રોણ અને દ્રુપદની વાર્તા
(૨૮) કર્ણઃ આપણો ઉમદા અહંકાર
(૨૯) જયદ્રથઃ મૃત્યુનો ભય
(૩૦) ક્રોધના ગહેરા આયામો
(૩૧) ક્રોધ અને તેની અભિવ્યક્તિના સ્વરૂપો
(૩૨) સ્વર્ગ લોકની છ અપ્સરાઓ
(૩૩) અક્ષયપાત્રઃ અખુટ ઊર્જાનો સ્રોત
(૩૪) વૃષ્ણિવંશનો લેખ મોકલવાનું બાકી છે.
(૩૫) શ્રીકૃષ્ણ : પરમ ચૈતન્ય
(૩૬) કુંતિ : આવાહનની શક્તિ - પ્રાર્થનાની શક્તિ
(૩૭) પાંડુને શાપ
(૩૮) પાંડુપુત્રોનો જન્મ
(૩૯) બાળજન્મની ટેક્નિક
(૪૦) યુધિષ્ઠિર - અંદરની સ્થિરતા
(૪૧) ભીમ - આપણી અંદરનું સામર્થ્ય
(૪૨) અર્જુન - અંદરનો શિષ્ય
(૪૩) નકુલ અને સહદેવ
(૪૪) ભાવકેન્દ્રનું શુદ્ધિકરણ
(૪૫) અભિમન્યુની વાર્તા
(૪૬) દ્રોપદીના પાંચ પુત્રો (મોકલવાનું બાકી)
(૪૭) ગણેશ ચતુર્થી : અંદરના ગણેશની જન્મજયંતિ
(૪૮) નવરાત્રી (મોકલવાનું બાકી)
(૪૯) દિવાળીઃ ડહાપણનો આંતરદિપક પેટાવવાનો ઉત્સવ
(૫૦) શિખંડીઃ શરણાગતિની કલા
(૫૧) વિનતા અને કદ્રુ : પ્રતિસાદ અને પ્રતિક્રિયા – રીસ્પોન્સ અને રીએકશન
(૫૨) ગરૂડઃ ચેતનાનું અવતરણ
(૫૩) ગરૂડઃ ચેતનાનું આરોહણ
(૫૪) એકલવ્ય અને હસ્તીની કક્ષા
(૫૫) શિશુપાલ : અંદરની બલિશતા
(૫૬) કર્મનો પ્રતિકો કે સંકેતો
(૫૭) ધર્મરાજાને સજા
(૫૮) કણિકની રાજનીતિ
(૫૯) ખાંડવવન દહન - ૧
(૬૦) ખાંડવવન દહન - ૨
(૬૧) ખાંડવવન દહન - ૩
(૬૨) ખાંડવવન દહન - ૪
(૬૩) ખાંડવવન દહન - ૫
(૬૪) ખાંડવવન દહન - ૬
(૬૫) ખાંડવવન દહન - ૭
(૬૬) ખાંડવવન દહન - ૮
(૬૭) ખાંડવવન દહન - ૯
(૬૮) યુધિષ્ઠિરના સભાગૃહનું નિર્માણ
(૬૯) જરાસંઘની વાર્તા
(૭૦) જરાસંઘનો જન્મ
(૭૧) જરાસંઘની વાર્તાના પ્રતિકા
(૭૨) શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમનું જરાસંઘ સાથે મિલન
(૭૩) જરાસંઘનો વધ
(૭૪) નળ અને દમયંતીની વાર્તામાં પ્રવેશ
(૭૫) નળ અને દમયંતીનું આખ્યાન
(૭૬) નળ અને દમયંતીના લગ્ન
(૭૭) નળાખ્યાનમાં કલીની ભૂમિકા
(૭૮) દમયંતીની વેદના
(૭૯) નળનો પશ્ચાતાપ
(૮૦) નળનો આંતરવિકાસ
(૮૧) નળનું રૂપાંતરણ
(૮૨) દધિચિ ઋષિની વાર્તા
(૮૩) ગંગાવતરણની પૂર્વ તૈયારી
(૮૪) ગંગા-અવતરણ
(૮૫) ઋષ્યશ્રૃંગની વાર્તા
(૮૬) ઋષ્યશ્રૃંગના લગ્ન
(૮૭) યજ્ઞ અને મુક્તિ
(૮૮) પરશુરામની વાર્તા- ૧
(૮૯) પરશુરામની વાર્તા-૨
(૯૦) ચ્યવન અને સુકન્યા
(૯૧) શર્યાતીનો યજ્ઞ

મહાભારત

તા. ૧૯-૧૧-૧૨

લેખક : રાજેન વકીલ

અનુવાદ : મનીષ વ્યાસ

## ૧. મહાભારતઃ આધ્યાત્મિક વિકાસની સાધનાપોથી

મહાભારત કદાચ સૌથી પૌરાણિક મહાકાવ્ય છે. એ એક જ કુળના બે કુટુંબોના યુદ્ધની કથા છે. મહાભારતને બે દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. એક જેમાં ઘટનાઓ હજારો વર્ષો પહેલા બની ગઈ હોય એટલે કે ઐતિહાસિકથી અને બીજો, આપણા જીવનમાં પ્રત્યેક ક્ષણે કશુંક બની રહ્યું છે જેને મહાભારત સાથે સંબંધ છે. એટલે કે, વાસ્તવલક્ષી દૃષ્ટિકોણથી. મારા ગુરુ હંમેશાં કહેતા કે અધ્યાત્મપથના દરેક યાત્રિકે પોતાની અંદર મહાભારત લડવાનું હોય છે. મહાકાવ્યના દરેક પાત્રો આપણા મનની ભૂમિ અથવા તો આપણા સાઈકીક નેચરમાં રહેલા છે. આ મહાકાવ્ય આપણી અંદર આ પાત્રોને ઓળખીને તેમાંથી આપણી ચેતનાને કઈ રીતે મૂક્ત કરવી તેનું આધ્યાત્મિક વિજ્ઞાન છે.

માનવ ઇતિહાસમાં સૌપ્રથમ નોંધાયેલી તારીખ ૩૨૬ બી.સી. છે, જ્યારે ઍલેક્ઝાંડર જેલમને કિનારે ભારત જીતવાની તૈયારી સાથે આવે છે. વાર્તા એવી છે કે જંગલમાં ઍલેક્ઝાંડર પોતાનો રસ્તો ભૂલી જાય છે અને નદીના પ્રવાહે ચાલતો એક જગ્યાએ પહોંચે છે. જ્યાં એક નગ્ન ફકીર નદી કિનારે સૂરજના તાપમાં સૂતો છે. ઍલેક્ઝાંડર ઊભો રહીને જુએ છે કે કોણ આ રીતે સૂતું છે! પોતાના પર પડતા સૂર્યના કિરણો રોકતા હોવાથી ફકીર આંખો ખોલીને ઍલેક્ઝાંડરને બાજુએ ખસવાનું કહે છે. ઍલેક્ઝાંડરને આંચકો લાગે છે. ફકીરની આંખોમાં જુએ છે તો પોતાનો બધો ઘમંડ ઓગળી જાય છે. એ ફકીરનું નામ ડાયોજિનીસ હતું. ઍલેક્ઝાંડર તેને કહે છે કે, હું વિશ્વનો સમ્રાટ છું અને તું સાધારણ ભિખારી દેખાતો હોવા છતાં તારી આંખમાં જોઉં છું તો એવું કેમ લાગે છે કે જાણે તું સમ્રાટ હોય અને હું સાધારણ ભિખારી હોવ. ડાયોજિનીસ જવાબ આપે છે કે, બધા લોકો જિંદગી આખી એ પૂછવામાં જ કાઢી નાખે છે અને તું આખા વિશ્વને જીતવાની કામના રાખે છે તેથી તું સૌથી મોટા ભિખારી છો. હું બધી કામનાઓથી મુક્ત છું એટલે હું એ સમ્રાટ છું જેની પાસે સૌથી વિશાળ ખજાનો છે.

ઍલેક્ઝાંડર પોતાને એ ખજાનો આપવાનું કહે છે, અને ડાયાજિનીસ તેને કહે છે કે બધાં કપડાં કાઢીને અહીં નદી કિનારે સૂર્યના કિરણોનો આનંદ લે, પણ ઍલેક્ઝાંડર કહે છે કે, ‘મારે હજી ચાઈના જીતવું છે. એ હું ઝડપથી જીતીને પાછો આવી તમારી પાસેથી શીખી લઈશ. એવું કહેવાય છે કે, ડાયાજિનીસે અત્યંત કરુણાથી તેની સામે જોઈને કહ્યું કે, તો તો પછી ઘણું મોડું થઈ ગયું હશે. ઍલેકઝઝાંડરના સૈનિકોને ઘર યાદ આવ્યું અને તે ચીન જીત્યા વગર પાછો ફરે છે. થોડા વખત પછી પર્શિયાની બોર્ડર પર તેનું તાવથી અવસાન થાય છે. એવું કહેવાય છે કે મૃત્યુની છેલ્લી ઘડીએ તે ડાયોજિનીસને યાદ કરતો હતો કે એ મૂલ્યવાન તક તેણે ખોઈ નાખી.’ તેણે સૂચના આપી કે દફનાવ્યા પછી તેના હાથ બહાર રાખી હથેળીઓ ખુલ્લી રાખવી જેથી ખ્યાલ આવે કે જગતનો સમ્રાટ હોવા છતાં સામાન્ય ભિખારીની જેમ મરણ પામ્યો.

પૃથ્વીની પ્રત્યેક ઇંચની જેને ઝંખના છે એવા ઍલેક્ઝાંડરનું મન જુઓ અને જુઓ દુર્યોધનને, જે સોયની અણી જેટલી પણ જમીન પાંડવોને દેવા માટે તૈયાર નથી. આપણા

સૌમાં આ દુર્યોધન બેઠેલો છે. સંસ્કૃતમાં ‘દુઃયુદ્ધમ સહ’નો અર્થ થાય, જેને યુદ્ધમાં જીતવો અતિદુષ્કર એવો યોદ્ધા. બધું જ મેળવી લેવાની ‘કામના’ ક્યારેય સંતોષાતી નથી, આપણને એ બરાબર ખ્યાલ છે કે કોઈનીય પણ બધી ઇચ્છાઓ ક્યારેય પૂરી નથી થઈ છતાં પણ આપણને એવું છે કે આ જિંદગીમાં આપણી બધી જ ઇચ્છાઓને સંતોષી લઈશું. આપણી ચેતનાને આપણી કામનાઓમાંથી મુક્ત કરી શકીએ અને પછી જેને વધુ ને વધુની માગ છે એવા અહંકારને મારી શકીએ જે આપણા સૌમાં બેઠેલા દુર્યોધન છે.

ડાયોજિનીસની આંખમાં ઍલેક્ઝાંડરે શું જોયેલું? મહાભારતકાર જેને કૃષ્ણ કહે છે એ ચૈતન્ય તત્ત્વનો ઝબકાર તેની આંખમાં હતો. સમગ્ર માનવજાત માટે આ બે છેડા ખૂલે છે. કાં તો પોતાની જાતને દુર્યોધનની સ્થિતિએ નીચે લઈ જાય અથવા તો કૃષ્ણની અવસ્થાની ઊંચાઈએ પોતાની ચેતનાને ઊંચકીને કૃષ્ણ સાથે એકાકાર કરે. બાકીના પાત્રો આ બેની વચ્ચે આવી જાય છે.

આપણી મનોભૂમિ પર વસવાટ કરતા તમામ વ્યક્તિઓ પર મહાભારત પ્રકાશ ફેંકે છે. આપણા ‘લોઅર સાઈકીક નેચર’માં એ બધા જ પડેલા છે. જ્યારે આપણે છળ-કપટ કે ચાલાકી કરીએ છીએ તો આપણે શકુની બની જઈએ છીએ. ક્રોધમાં આવીને પશુતા દેખાડીએ છીએ તો આપણે દુઃશાસન છીએ. અદેખાઈ કે ઈર્ષ્યામાં આપણને બીજાની ચીજોની લાલસા થઈ આવે છે તો આપણે થઈ જઈએ છીએ કૃતવર્મા. જે કૃષ્ણની નજીક હોવા છતાં પણ કૃષ્ણ પત્ની સત્યભામાને મેળવવા ઇચ્છુક છે. જ્યારે આપણે કોઈપણ ચીજો કે બાબતો માટે અત્યાગ્રહી કે જિદ્દી થઈ જઈએ છીએ (પછી ભલે ને તે સત્ય માટે કેમ ન હોય) તો આપણે ભીષ્મ છીએ, જેની પ્રતિજ્ઞા સમગ્ર યુદ્ધનું મૂળ કારણ છે. જગત આખું ભરેલું છે આવા ભીષ્મોથી જે પોતાની જક્કી વલણોથી વેદના અને પડતીને આમંત્રણ આપે છે.

અર્જુન અંતરયાત્રાને મુમુક્ષ સાધક છે જે કઠિન સાધનાઓ પછી પોતાના અંદરના ગુરુ-શ્રીકૃષ્ણને સન્મુખ મળે છે.

એક વખત અંદરના ગુરુ સાથે શિષ્યનો સંવાદ શરૂ થાય કે પછી તે શિષ્યના જીવનરથની લગામો પોતાના હાથમાં લઈ લે છે અને લોઅર સાઈકીક નેચર પર વિજય મેળવવાનું યુદ્ધમાં લઈ જાય છે. જે અઢાર દિવસ ચાલે છે તે પ્રતિકાત્મક રીતે દર્શાવાયું છે. કૃષ્ણ આપણી અંદરનો ગુરુ આપણી રાહ જુએ છે. આપણી અંદર બીજરૂપે પડેલ

ઉચ્ચત્તમ ચૈતન્યના આયામને ખીલવવા માટેની સાધનાપોથીની મહાભારત ગરજ સારે છે.

## (૨) મહર્ષિ વ્યાસ

મહર્ષિ વ્યાસને મહાભારતના રચયિતા કહેવાયા છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ મહાનઋષિ વિશે કંઈ કહેવું અશક્ય છે. આ મહાકાવ્યમાં જેમ જેમ ઊંડા ઊતરતા જઈએ તેમ તેમ તેના ગૂઢ રહસ્યો ઉજાગર થતા જાય છે, ત્યારે આ અલૌકિક ગ્રંથના રચયિતા મહામાનવને નતમસ્તક થઈ જવાય છે. આજે આ મહાન ઋષિના ચરિત્રની ઝાંખી મેળવી જોઈએ કે, આપણને તેમાંથી શું શીખી શકીએ છીએ.

ભારતીય જ્યોતિષ અને ખગોળવિદ્યાના આદ્યપિતા પરાશર ઋષિ કાલિન્દી નદી પાર કરતી વેળા, નાવિક મધ્યાહ્નને ભોજનમાં વ્યસ્ત હોઈ તેની પુત્રી એ ઋષિને નદી પાર કર્યા. તે કન્યા માછલીના ઉદરે જન્મેલી અને માછલીની ગંધ ધરાવતી હોઈ તેનું નામ મત્સ્યગંધા હતું. નાવ જયાર નદી મધ્યે પહોંચી ત્યારે પરાશર ઋષિને ખ્યાલ આવ્યો કે તે ક્ષણે બધા જ ગ્રહો પૂર્ણકળાએ વિદ્યમાન હતા. આ સમયબિંદુ સામર્થ્યયુક્ત હતું અને તેમાં ગર્ભધારણ કરવામાં આવે તો આધ્યાત્મિક મહામાનવ અવતરે. તેમણે નાવના ફરતે ધુમ્મસ ઉત્પન્ન કર્યું અને મત્સ્યગંધાને આલિંગન આપવા જણાવ્યું. નદિની મધ્યમાં કૃત્રિમ દ્વિપનું નિર્માણ કરી તેના ઉપર મત્સ્યગંધામાં ગર્ભનું આરોપણ કર્યું.

રતિક્રિયાની સમાપ્તિ બાદ તુરંત જ માછલીની વાસની જગ્યાએ કસ્તુરીની સુગંધ પ્રસરવા લાગી. મત્સ્યગંધા તુરત જ ગર્ભવતી થઈ અને ઋષિએ તેણીને પુત્ર જન્મ બાદ પણ તે અક્ષતયોનિ જ રહેશે તેવું વરદાન આપ્યું. ઋષિને સ્નાન કરી મત્સ્યગંધા પાસેથી વિદાય લીધી. તેઓએ કહ્યું કે તે બાળક દેવત્વ સાથે જન્મ લેશે અને પ્રખ્યાત ગુરુ બની ઋષિઓ જેમના ઉદ્‌ગાતા છે તેવા વેદોનું સંકલન કરવાનું મહાન કાર્ય કરશે. તે વ્યાસના નામે ઓળખાશે.

મત્સ્યગંધાના ગર્ભધાન બાદ સમયગાળો ન હતો અને વ્યાસનો તુરંત જ જન્મ થયો. તે તુરંત જ વૃદ્ધિ પામી તેજોમય જ્ઞાનમય યુવાન બની ગયો અને માતાની અનુજ્ઞા લઈ જંગલમાં તપ કરવા નીકળી ગયા. વિદાય વેળાએ માતાને વચન આપ્યું કે જયારે તેને જોવા ઇચ્છે ત્યારે તે હાજર થશે. દ્વિપ ઉપર જન્મ થયાથી વ્યાસને દ્વૈપાયન પણ કહેવામાં આવે છે.

વ્યાસ શબ્દની વ્યુત્પતિ જોઈએ તો તેના ઘણા અર્થો સ્ફૂટ થાય છે.

૧. વિ+ આસ્ જેને 'વિશેષ આસન' છે, એટલે કે વિશિષ્ટ રીતે બેસે છે, વિશિષ્ટ અંગભંગિમા છે. માણસમાં ત્રણ મગજ છેઃ વિચાર કેન્દ્ર, ભાવ કેન્દ્ર અને જન્મજાત/ ક્રિયા કેન્દ્ર. આજના કાળમાં વિચારકેન્દ્ર અતિક્રિયાશીલ હોઈ તે દિશામાં મગજ વધુ વિકસિત થયેલ છે. એટલે જ્યાં વિચારની પ્રક્રિયા અભિપ્રેત નથી તેવી બધી બાબતો વિશે વિચારતા હોઈએ છીએ. ભોજન અને જન્મજાત કામગીરીનું કેન્દ્ર એ શરીરની પ્રજ્ઞાનું કાર્ય છે. પરંતુ આપણે કેટલું ખાવું અને કયા વિટામીન મળશે તેની ગણતરી વિશે જ વિચારતા હોઈએ છીએ. ભાગ્યે જ કોઈ પોતાના કેન્દ્રમાં સમતુલિત હશે. વ્યાસ એટલે વિશિષ્ટ બેઠક. જેની બેઠક આ કેન્દ્રો વચ્ચે સંપૂર્ણ સંતુલિત છે તેવી વ્યક્તિનું માનુષીકરણ છે.

૨. વ્યાસ (= ડાયામીટર) જે વર્તુળને બે વિભાગમાં વહેંચે છે અને જીવનમાં પંથને નિર્માણ કરે છે. જીવનમાં બધું જ ચક્રિય છે પણ સામાન્યતઃ આપણને તે દ્વંદ્વ(જોડી)માં હોય તેમ લાગે છે. જેમ કે, સુખ- દુઃખ, પ્રેમ-દ્વેષ, ગરમ-ઠંડું, જે બંનેને એક સમયે એકીસાથે જોઈ શકે તે વ્યાસ. આપણને રાત્રિ અને દિવસ જુદા લાગે છે, પરંતુ ખરેખર તો તે એક ચક્ર બે વિભાગમાં વહેંચાયું છે તેથી લાગે છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાનુકૂળતા દેખાતી નથી, પરંતુ ખરા અર્થમાં તે બંને પરિસ્થિતિ એક જ ચક્રના બે ભાગ છે અને જેને આ એક છેડાથી બીજો છેડો દૃષ્ટિગોચર થયેલો છે તે વ્યાસ કહેવાય.

૩. વ્યાસ એટલે સંકલનકાર અથવા વહેંચનાર. તે વેદોનું સંકલન કરે છે. ધ્યાનની શક્તિને ક્યાં વાળવી અને સૂક્ષ્મ શક્તિઓને કેમ કાબૂમાં રાખી, વાળવી તે શરીર-મનની અંતઃસ્ફુરણાને વ્યાસ કહે છે.

વ્યાસ પરાશર ઋષિના પુત્ર છે. માનવ ઈતિહાસના સૌથી શ્રેષ્ઠ સાંપાતિક કાળની તેને જાણ હોઈ તે જ સમયે તે સમાગમ કરે છે. તેથી આવેગમાં નહીં પરંતુ પરાશરઋષિની દીર્ઘદ્રષ્ટિમાંથી તેનો જન્મ થયો છે.

પરાશર બે શબ્દોનું સંયોજન છે પર અને શૃ. પર એટલે પાર અને શૃ એટલે જોડાવું. આમ, પાર રહેલ તત્ત્વ સાથે જોડાવું એટલે પરાશર. પરાશર એવા વિભૂતિ હતા કે જેની ધ્યાનશક્તિ દૈવી તત્ત્વ તરફ નિર્દેશિત અને જોડાયેલી રહેતી. જેના શરીરમાંથી માછલીની ગંધ આવે છે તેવી નાવિક કન્યા તેને એક કાંઠેથી બીજા કાંઠે લઈ જાય છે. આપણે મહાભારતમાં જોઈ શકીએ છીએ કે વ્યાસ એક એવું ચરિત્ર છે કે જે આધ્યાત્મિક અને લૌકિક એમ બંને કાંઠાઓનું સંતુલન કરે છે.

ગંધ એ સૂક્ષ્મ શરીરનું પ્રતિક છે. મૃત્યુ બાદ સૂક્ષ્મ શરીરને ભૂખ લાગે છે તેથી આપણે મૃત્યુ પામનારને ખાદ્ય પદાર્થ અર્પણ કરીએ છીએ. આનો હેતુ એ છે કે મૃતાત્મા તેની ભૂખ (વાસના)ને સુગંધ દ્વારા સંતોષે. ભૌતિક ખોરાક સાથે તેને કંઈ લેવા-દેવા નથી.

મત્સ્યગંધા માછલીની ગંધ ત્યજી કસ્તૂરી સુગંધને પ્રાપ્ત કરે છે. મતલબ કે નિમ્ન કોટીના સૂક્ષ્મ શરીર અને મનોજગતના આવેગ અને વાસનાઓથી મુક્ત થઈ તેમાંથી ઉપર ઊઠી ઈશ્વરીય સુગંધને પ્રાપ્ત કરે છે.

વ્યાસ પરાશર દ્વારા નિર્મિત દ્વિપ પર જન્મેલા છે. દ્વિપ એટલે આધ્યાત્મિક રસ્તો કે જે માત્ર એકલાએ જ પાર કરવાનો છે. આ દિવ્યાનુભૂતિને પતંજલી 'કૈવલ્યમ્' અથવા એકત્વ કહે છે. જે સર્વવ્યાપક એકત્વ સાથે અથવા બ્રહ્માંડનાં સમગ્રત્વ સાથે જોડાયેલ હોય છે.

વ્યાસને કૃષ્ણ અથવા શ્યામ કહેવાય છે. તે દિવ્યાનુભૂમિ જેવા બ્લેકહોલનું પ્રતિક છે કે જ્યાં સઘળી વસ્તુઓનો લય થઈ જાય છે અને સંપૂર્ણ ખાલીપણું જ રહે છે. આ બતાવે છે કે વ્યાસ માનવ માટે શક્ય સૌથી ઊંચી

આધ્યાત્મિક અવસ્થાએ જન્મ પામ્યા હતા. આ દિવ્યાનુભૂતિ આપણો અધિકાર અને દેવ છે અને આ માટેના જુદા-જુદા માર્ગો મહાભારત બતાવે છે. વ્યાસની મહાનતા વર્ણવવા માટે શબ્દો ઓછા પડે. આપણે માત્ર નમ્રતાપૂર્વક આપણું મસ્તક નમાવીએ કે જેણે આવો અવિનાશી ગ્રંથ આપ્યો છે.

## (૩) વ્યાસ અને ગણપતિ

વેદોનું સંકલન કર્યા બાદ મહાકાવ્યરૂપી ઉદાત્ત રચનાના અવતરણને વ્યાસજી જોઈ શકતા હતા. પરંતુ આવનારી પેઢીઓ માટે તેને કઈ રીતે લેખિત સ્વરૂપ આપવું તેની મથામણમાં હતા. બ્રહ્મા તેમની પાસે પ્રગટ થયા ત્યારે બે હાથ જોડી નમસ્કાર કરી રહ્યું, 'પ્રભો, મેં આ મહાકાવ્યની રચના કરી છે. તે વેદોના અગાધ રહસ્યો, ઉપનિષદોનું જ્ઞાન અને ઇતિહાસ તથા પુરાણનો બોધ ધરાવે છે. સમય અને મૃત્યુના રહસ્યો તેમાં છે. ખગોળ, જ્યોતિષ અને ભૂગોળવિદ્યાના સર્વે સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે. વ્યાસે ઉમેર્યું કે નિયમો, વૈદક, શિક્ષણ, રાજનીતિ અને દાન-પુન્ય-આત્મજ્ઞાન સાથેના સર્વે અધ્યાત્મ વિજ્ઞાન તેમાં છે. તીર્થસ્થાનો, અરણ્યો, પર્વતો, નદીઓ અને નગરોનું વર્ણન છે. યુદ્ધકલા, રાજનીતિ અને રાજધર્મ વિશે વિશદ વર્ણન છે. માનવમાત્રને પ્રેરિત બધાં જ પુસ્તકોના સારરૂપ આ પુસ્તક છે. પરંતુ મારે એવો લહિયો જોઈએ કે જે હું બોલું તેટલી ઝડપથી લખી શકે. કૃપા કરી આ મહાન કાર્ય માટે યોગ્ય વ્યક્તિ સૂચવો.

બ્રહ્માએ કહ્યું, 'સત્ય અને જાગૃતિ વચ્ચેનો સંબંધનું જેન સંપૂર્ણ જ્ઞાન છે તેવા તમે મહાન ઋષિ છો. ગૃહસ્થાશ્રમધર્મ એ આધ્યાત્મિક જીવનનું પરમોચ્ચ સ્વરૂપ છે. તેથી આપનું આ મહાકાવ્ય માનવજાતની બેજોડે કૃતિ બનશે. ભૂત અને ભવિષ્ય બંને સાથે આજને જોડતા કાળના પ્રવાહમાં આ લખાણને અતિક્રમે તેવું કંઈ બનશે નહીં. ગણપતિનું ધ્યાન કરો તે તમારા લહિયા તરીકે કામ કરશે.'

ગણપતિનું ધ્યાન કરતા ગણપતિ પ્રગટ થયા. તેઓનું પૂજન કરી તેમને ઉચ્ચ આસન પર આરૂઢ કર્યા. ત્યાર બાદ તેમને વિનંતી કરે કે, 'હે ગણો, આદ્યશક્તિઓના પતિ મેં મારા મનમાં જે મહાકાવ્યને રચ્યું છે તેને હું જેમ લખાવું તેમ લખો.' ગણેશે કહ્યું, 'લખતા લખતા મારી કલમ વિરામ ન પામવી જોઈએ તે શરતે હું લખીશ.' વ્યાસે કહ્યું, 'સમજ્યા વગર કશું લખતા નહીં.' ગણેશ સમ્મત થઈ લખવા તૈયાર થયા.

એક લાખ શ્લોકોમાંથી વ્યાસે મહાભારતના ૮૮૦૦ શ્લોકો એવા કિલષ્ટ કે અઘરા બનાવ્યા કે ગણેશને પણ સમજવા માટે લખતા લખતા અટકી જવું પડે. આ સમય દરમિયાન વ્યાસજી બીજા શ્લોકોની શ્રેણીનું સર્જન કરવા માટેનો સમય મેળવી લે છે. એવું મનાય છે કે આ આઠ હજાર આઠસો શ્લોકોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ગહેરા રહસ્યો છૂપાયેલા છે. વ્યાસ ખુદ કહે છે આ શ્લોકોની રચના લોકોને જીવતરના અંધકારમાંથી મુક્ત કરી આંખ ખોલવા કરી છે. આ કથાની પ્રતિકાત્મક વાતોને સમજવા પ્રયત્ન કરીએ. મહર્ષિ વ્યાસને ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત થયું, એ કાળ અને દેશના ઉચ્ચ આયામમાંથી વહી રહ્યું છે. જો આ જ્ઞાનને તુરંત લખી લેવામાં ન આવે તો સદાયને માટે લુપ્ત થઈ જાય. વહેલી પરોઢમાં આવતા સ્વપ્નો સાથે આને સરખાવી શકીએ, જે લખીએ નહીં તો ભૂલી જવાય.

વ્યાસજી જેની વાત કરે છે તેના કરતાં ઘણા નીચાં આયામોમાંથી સ્વપ્નાઓ આવે છે. આમ જે દર્શન વ્યાસજી જુએ છે અને ગણેશજીને લખાવે છે તે લગભગ આ ગાળામાં બને છે. ગણપતિ શબ્દ 'ગણ' ધાતુમાંથી આવે છે જેનો અર્થ થાય ગણતરી કે ગણવું અને પતિ એટલે સ્વામી. ગણનો અર્થ આપણી એવી શક્તિઓ જે પ્રાણીસૃષ્ટિમાંથી આવે છે. આપણું તાર્કિક મગજ ગણતરીઓ કરે છે, તર્ક ચલાવે છે. સર્જનાત્મક મગજ 'મૉડેમ-માધ્યમ' તરીકે કામ કરે છે. જે ઉચ્ચતર આયામોમાંથી આવતું જ્ઞાન જીલે છે. ઘણી બધી વૈજ્ઞાનિક શોધખોળો આ સર્જનાત્મક મગજના ઝબકારાઓથી થયેલી છે. વૈજ્ઞાનિક ઉચ્ચતર આયામોમાં સંવાદ થવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે ત્યારે યોગમાં ઉચ્ચતર મનનો નિમ્નતર-પ્રાણીજન્ય મન સાથે સંયોગ થાય છે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે બધી જ પ્રાણીજન્ય કામનાઓ-ગણ-નિયંત્રણમાં આવી ગયેલ હોય અને તાર્કિક મન તથા સર્જનાત્મક મન એક થઈ જાય છે. આપણો પ્રાણીજન્ય સ્વભાવ નિયંત્રિત કરીને શાંત પાડીએ છીએ ત્યારે ગણોના અધિપતિ-ગણપતિ બનીએ છીએ. એ સદ્‌ભાગ્યના દેવ છે તેથી યોગી હવે સદ્‌ભાગ્યના પ્રદેશમાં પ્રવેશે છે. આમ મહાભારતનું સર્જન ઉચ્ચતર અને નિમ્નતરના સંમિલનથી થયેલું છે.

મનુષ્યમાં રહેલ વિચારકેન્દ્રના વિચારોને મૂર્ત સ્વરૂપ ક્રિયાકેન્દ્ર દ્વારા આપી શકાય છે. વિચારોની પારના પ્રદેશમાં યોગી પહોંચે છે ત્યારે તેને અંતઃપ્રેરણાના રહસ્યમય ઝબકારાઓ આવે છે. પણ મુશ્કેલી એ થાય છે કે તે રહસ્યમય ઝબકારાઓને શબ્દદેહ કેમ કરીને આપવો? આવું ત્યારે જ થઈ શકે જ્યારે અંતઃપ્રેરણા અને ક્રિયાકેન્દ્રનું મન એકબીજાના સંવાદમાં આવે. કેમ કે જે સત્યને ઉચ્ચ મન જુએ એ જ રીતે નિમ્ન મન શબ્દો દ્વારા વ્યક્ત કરી શકે. તે માટે પહેલાં સત્યને સમજવું પડે. ઘણા વ્યક્તિઓને સમજણ ઊંડી હોય પણ તેમણે મુશ્કેલી એ થાય કે જે સમજણ છે તેને રોજબરોજના જીવાતા જીવનના સ્તરે લઈ આવવી અને પોતાની સમજણને શબ્દોમાં મૂકવી. કોમ્પ્યુટરમાં ફાઈલ ડાઉનલોડ કરવા મૉડેમ હોય પણ એ જ્યારે સ્ક્રીન પર દેખાય ત્યારે જ તેને સમજી શકાય. વ્યાસજી એ ઉચ્ચતર મન-મૉડેમ છે અને આપણું તાર્કિક મન કે ગણેશજી એ સ્ક્રીન છે. જે ઉચ્ચતર મનમાં આવેલું ઝીલીને માનવજાતના ભલા માટે શબ્દોમાં મૂકી આપે છે. વ્યાસજી અને ગણેશજીની આ અદ્‌ભુત વાર્તા ઉચ્ચતર વિચારકેન્દ્ર અને ક્રિયાકેન્દ્રનું સુંદર સંમિલન દર્શાવે છે.

## (૪) સર્પયજ્ઞ

આપણી શ્રદ્ધા અને મૂલ્યોની જાળવણી માટે પૂરાણ ગ્રંથોને આપણે માપદંડ તરીકે જોઈએ છીએ. આ એવી વાર્તાઓ છે જે પાત્રોની વિપુલતા અને વાર્તાની જટિલ

ગૂંથણી ઉપરાંત ધર્મ, નૈતિકતા અને તત્ત્વજ્ઞાનના આધારભૂત એવા ગ્રંથો પણ છે, જે સંસ્કૃત સમાજના આધાર સ્તંભો બની રહે છે. આના આધારે આપણે મહાભારતનું પરિક્ષણ અને અનુભવ કરીને તેમાં રહેલા ઊંડા અર્થોને ઊજાગર કરવા જોઈએ.

મહાભારતની શરૂઆત જન્મેજયના સર્પયજ્ઞથી થાય છે. પૃથ્વી પરના તમામ સર્પોની આહુતિ આપવાના અંતિમ લક્ષ્ય સાથે યજ્ઞનો આરંભ કરાય છે. આવું અંતિમવાદી કાર્ય જન્મેજય શા માટે કરે છે? વર્ષો પહેલા જન્મેજયના પિતા પરીક્ષિત રાજા જંગલમાં શિકાર માટે જાય છે. થાકેલા, તરસ્યા એ, ધ્યાનમાં બેઠેલા ઋષિ પાસે વારંવાર પાણી માંગે છે પણ ઋષિ ઊંડા ધ્યાનમાં બેઠેલા ઋષિના ગળામાં નાખે છે. એટલામાં ઋષિનો પુત્ર આવે છે. આખું દશ્ય જોઈને એ રાજાને શ્રાપ આપે છે કે, આજથી દસમા દિવસે સર્પદંશથી તારું મૃત્યુ થશે. દસમા દિવસે તક્ષકનાગ પરીક્ષિતને દંશ આપે છે અને તે મૃત્યુ પામે છે. એ વખતે કિશોરઅવસ્થાનો જન્મેજય યુવા અવસ્થામાં આવતા જ પોતાના પિતાના મૃત્યુનો બદલો લેવા માટે સર્પયજ્ઞની પ્રતિજ્ઞા કરે છે.

જેમજેમ યજ્ઞ આગળ વધતો જાય છે તેમ પૃથ્વી પરના દરેક સર્પ યજ્ઞવેદીની આગમાં હોમાતા જાય છે. એ દરમિયાન આસ્તિક નામના ઋષિ ત્યાં આવે છે અને જન્મેજયને આ યજ્ઞ અટકાવવાનું કહે છે. જન્મેજય યજ્ઞ અટકાવી દે છે. પરંતુ તેનો ક્રોધ શાંત થતો નથી. આ વખતે વેદવ્યાસના શિષ્ય વૈશંપાયન પોતાના શિષ્યગણ સાથે ત્યાં પધારે છે અને જન્મેજયને મહાભારતની વાત કહે છે કે તારા પૂર્વજો હોઈને કંઈ જવાબ આપતાં નથી. પોતાનું અપમાન થયેલું સમજી એક મરેલો સાપ લઈ પરિક્ષિત-એ કેવા પ્રકારના પરાક્રમો કરેલા તેની વાત તું સાંભળ. આ સાંભળવાથી જીવનના સમગ્રલક્ષી ઉદ્દેશ્ય પ્રત્યે તારી સભાનતા વધતી જશે અને જીવનના ઊંડા અર્થો ખૂલતા જશે. મહાભારત સાંભળ્યા પછી જન્મેજયને સત્ય સમજાય છે. તેનો ક્રોધ શાંત પડે છે અને યજ્ઞ બંધ કરે છે.

આ ઘટના સાથે મહાભારતનો આરંભ થાય છે. આ રહસ્યમય છતાં મોહક વાર્તાગુચ્છની પાછળ રહેલા અર્થના પડો ઉઘાડવામાં આનંદ આવે છે. જન્મેજય નામનો અર્થ થાય છે જન્મવત્તા અજય. જે યુદ્ધમાં હંમેશાં વિજયી થાય છે. અર્થાત્ જેણે જન્મ અને મૃત્યુની પ્રક્રિયા ઉપર વિજય મેળવી લીધો છે. અથવા જેણે 'સ્વ' ઉપર વિજય મેળવ્યો છે. સર્પ એટલે જે સમાતર કે આડી લીટીમાં ગતિ કરે છે. હિંદુ સંસ્કૃતિમાં સર્પ એ સમયનું પ્રતિક છે, જે સરી રહ્યો છે. આમ સર્પયજ્ઞ એવો યજ્ઞ છે જે સમયનું ભક્ષણ કરે છે.

બાહ્યજગત સાથે આપણે પાંચ ઈન્દ્રિયોના માધ્યમથી જોડાઈએ છીએ. એટલે કે, પાંચ ઈન્દ્રિયો દ્વારા એક ક્ષણનો ફોટો લઈએ છીએ એ વર્તમાન ક્ષણ છે. આપણી સ્મૃતિમાં ઈન્દ્રિયો દ્વારા લેવાયેલ ફોટોગ્રાફ ક્રમમાં સચવાય છે અને સમયનો જન્મ થાય છે. આપણને લેવાયેલા ફોટોગ્રાફોની સીરીઝને કારણે સમય સતત છે એવી ભ્રમણા ઊભી થાય છે, એટલે કે ઇન્દ્રિયો તો 'હીઅર અને નાઉ'માં ફોટોગ્રાફ લે છે. પરંતુ મુવી કેમેરાની જેમ આભાસી ગતિનો અનુભવ થવાથી એ ચિત્રો ગઈકાલ અને આવતીકાલના સંયોજનો છે એવી અનુભૂતિ થાય છે. આ પ્રથમ ભ્રમણા છે.

આપણે વર્તમાનમાં રહીએ છીએ પરંતુ આપણી ચેતના, આપણો આંતરિક 'સ્વ' ભાગ્યે જ એના સંપર્કમાં આવે છે. આપણા રોજિંદા જીવનમાં કાં તો આપણને થતાં સંવેદનાની સરખામણી, ચાલ્યા ગયેલા સંવેદનો સાથે કરવામાં હોઈએ છીએ અથવા તો આવનાર સંવેદનો માટે આપણી જાતને તૈયાર કરતા રહીએ છીએ. આપણા મિત્ર સાથે ઉમળકાભેર વાતો કરતા હોઈએ છીએ એ જ વખતે તેણે નવી ખરીદેલી કારની ઈર્ષ્યા પણ કરતા હોઈએ છીએ. જમતા-જમતા આપણે આવતીકાલના પ્લાનિંગમાં ગૂંચવાયેલા હોઈએ છીએ. આ કલ્પના અને સ્મૃતિનો ખેલ છે. ક્યારેક કોઈ વખત કશુંક ખરેખર આપણને 'સ્પર્શી' જાય છે. સુંદર સૂર્યાસ્ત, બાળકની નિર્દોષ રમૂજ, પ્રિયજનની આંખમાં જોવાતો પ્રેમ, બધી કલ્પના અને તમામ સ્મૃતિ આવે વખતે અટકી જાય છે અને આપણી ચેતનાનું વર્તમાન ક્ષણ સાથે અનુસંધાન થઈ જાય છે.

આવી ક્ષણોની સંવેદના શાશ્વત વર્તમાન- 'ઇટર્નલ નાઉ'ને અતિક્રમી ગરૂડની માફક ઊંચી ઊડાન લે છે. (ગરૂડ એ સમયના બીજા આયામનું પ્રતિક છે.) દુ:ખદ એ છે કે આ ક્ષણિક મળેલું 'વર્તમાન ક્ષણ' 'પહેલા' અને 'પછી' વચ્ચે પીસાય જાય છે. ધ્યાનથી વર્તમાન ક્ષણ અને વાસ્તવિકતામાં આપણી જાગૃતિ ઊંચકાય છે. કાલ્પનિક ટપકાંઓથી બનેલી સમયની આ રેખા, ઊંચકાયેલી જાગૃતિથી તૂટી જાય છે અને આપણા મનોપ્રદેશમાં સમયના બીજા આયામમાં આપણે પ્રવેશીએ છીએ.

આપણા સમય દ્વારા આપણે એટલાં સંમોહિત થયેલાં છીએ કે સમયના બીજા આયામ વિશે પણ આપણે વિચારી નથી શકતા. વર્તમાનની વેદી પર આપણાં ભૂતકાળ અને ભવિષ્યનું હવિષ્ય આપીને આ સંમોહન આપણે તોડી શકીએ અને બનતી ઘટનાઓના ભૂતકાળ સાથે નહીં પરંતુ નૂતન વર્તમાન સાથે જોડાઈ શકીએ. ગઈકાલે આપણું અપમાન કરેલી વ્યક્તિ આજે મળે છે તો એ જ જૂની લાગણી ઉભરી આવે છે તો પછી સાપ આપણને સૂંઘી ગયો છે. વર્તમાનની જાગૃતિમાં આ સાપનો નાશ કરી દો.

આ ઘટના સાથે મહાભારતનો આરંભ એ (ઋષિનું) આપણા મનની આંતર સફર તેમજ ચૈતન્યના ઉચ્ચતર આયામોની સંવેદના માટે અત્યારથી શાશ્વતિની સફરનું દિશાસૂચન છે. આનાથી આપણી અંદર એક નવું દર્શન ખીલશે જેના પ્રકાશમાં આ મહાકાવ્યની ઘટનાઓ આપણે જુદી જ દષ્ટિથી જોઈશું.

## (૫) અધ્યાત્મપથ

મહાભારત એવી વાર્તાઓથી ભરાયેલું છે જે સૃષ્ટિના રહસ્યમય નિયમોનો ઉઘાડ અને અધ્યાત્મમાર્ગનો નિર્દેશ જ નથી કરતી પરંતુ એવી ટેક્નિકો અને મંત્રો પણ

આપે છે જે આપણી બૉડી-બ્રેઇન સિસ્ટમમાં સુષુપ્ત પડેલી ઊર્જાઓને જગાડે છે. ગુરુ આપોદધોમ્ય અને તેના ત્રણ શિષ્યો અનુક્રમે આરૂણી, ઉપમન્યુ અને વેદના પ્રસંગની વાર્તાઓ અલગ રીતે ઊકેલીએ.

ધુમ શબ્દ બે અલગ મૂળમાંથી આવે છે. એક, ધુમાડો અથવા ધુમ્મસ અને બીજો અર્થ થાય હચમચાવવું અથવા પોતાનામાંથી મુક્ત કરવું. શિષ્ય આંખો બંધ કરી ધ્યાનમાં બેસી અંદરના અંધકારને જુએ છે. ધીમેધીમે ધૂમાડાના પરદા જેવું દેખાય છે, જેને એથેરીક બૉડી કહે છે. મારા ગુરુ તેને 'માઇનોર રીંગ પાસ નોટ' કહેતા એટલે કે એવા પરદો જે આપણી દૃષ્ટિને આગળ જવા દેતો નથી. મનની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે આપણે દૃષ્ટિ અંદર ઉતારવી જ જોઈએ. ગુરુનું લક્ષ્ય એ છે કે શિષ્યને અંદરથી હચમચાવી મોહનિદ્રામાંથી જગાડવો, જેથી પોતાની જાતમાંથી મુક્ત થઈ શકે.

એક દિવસ ગુરુએ આરૂણીને આજ્ઞા કરી કે, 'ક્યારડામાં જઈ પાળા બાંધ'. આરૂણીએ આખો દિવસ મહેનત કરી પણ પાળ બાંધી ન શક્યો એટલે પાણી રોકવા પાળ આડો પોતે જ સૂઈ ગયો. ઘણો સમય ગયો, પછી ગુરુ તેને શોધતા આવ્યા અને હાંક મારી તો ક્યારડાને ભેદીને તે ઊભો થયો. ગુરુને વંદન કરી આખી વાત કરી. ગુરુએ કહ્યું કે તું ક્યારડાને ઉપરથી ભેદીને આવ્યો છે તેથી તારું નામ હવે ઉદ્દાલક રહેશે. ગુરુનું વચન પૂરેપૂરું પાળ્યું એટલે ગુરુએ તેને 'સર્વ વેદોનો અને સર્વ ધર્મશાસ્ત્રોનો' પ્રકાશ મળશે.' એવા આશીર્વાદ આપ્યા. ઉદ્દાલકનો અર્થ થાય જે પ્રચંડ જળરાશિને પાર કરી ગયો છે.

આ નાનકડી મજાની વાર્તા જીવનનો ગહન આયામ ખોલી બતાવે છે. અધ્યાત્મમાર્ગના મુમુક્ષને માટે પહેલું ડગલું કયું ઉપાડવું જોઈએ એ દર્શાવે છે. આપણી અંદર ઊર્જાના જે લીકેજ છે તેને બંધ કરવા જોઈએ. આપણે ભૂતકાળ વાગોળવામાં, દિવાસ્વપ્નોમાં અને અંદર બકબક તેમજ નકારાત્મક લાગણીઓમાં આપણી ભાવઊર્જા વેડફી નાખીએ છીએ. આ માટે આખી જિંદગી દાવ પર લગાવી પડે છે. આરૂણી ક્યારડામાં જાતે સૂઈને આડશ બનાવી પાણી રોકે છે. પાણી ભાવઊર્જાનું પ્રતિક છે. આમ એ પોતાના લીકેજ બંધ કરવામાં સફળ થાય છે. ભાવઊર્જાના લીકેજ આપણે સફળતાપૂર્વક રોકી દઈએ છીએ. તો પછી ઉદ્દાલક-પ્રચંડ જળરાશિ પાર કરી લઈએ છીએ. સ્વામી વિવેકાનંદ કહે છે કે આ કરવામાં આખી જિંદગી લગાવવી પડે અને જિંદગીને અંતે એ મળી જાય તો પણ એ સોદો સસ્તો છે. દિવ્યજ્ઞાન ભાવઊર્જાના લીકેજને કારણે બૉડી-બ્રેઇન સિસ્ટમમાં સચવાતું નથી. પરિણામે ચૈતન્યનો પ્રકાશ પણ નથી અવતરતો. એટલે ગુરુ, આરૂણીને આશીર્વાદ આપે છે કે વેદો અને શાસ્ત્રોનો પ્રકાશ, નહીં કે જ્ઞાન, તને પ્રાપ્ત થશે. જ્ઞાન આચરણમૂલક બને ત્યારે પ્રકાશમાં રૂપાંતરીત થાય છે.

ગુરુ બીજા શિષ્ય ઉપમન્યુને ગાયોનું રખવાળું કરવાની આજ્ઞા આપે છે. આખો દિવસ ગાયો ચારી તે સાંજે પાછો આવતો અને ગુરુને નમસ્કાર કરી ઊભો તો ગુરુએ પૂછ્યું કે, તું શું ખાય છે જેથી આટલો હૃષ્ટપુષ્ટ છે? તેણે જવાબ આપ્યો કે, 'હું ભિક્ષા ખાઉં છું.' ગુરુ કહે કે, 'મને અર્પણ કર્યા વગર ભિક્ષા ન ખવાય.' આમ કહ્યું એટલે એ ભિક્ષા ગુરુને અર્પણ કરતો. આમ છતાં પણ થોડા દિવસ પછી તે પહેલાના જેવો જ જાડો થયો એટલે ગુરુએ કારણ પૂછતા તેણે કહ્યું કે, 'તમને ભિક્ષા અર્પણ કરી હું ફરી ભિક્ષા માગી લાવું છે.' ઉપાધ્યાય કહે, 'ગુરુકુળમાં રહેનારને આ ન છાજે.' બીજીવારની ભિક્ષાથી તું લોભિયો ઠરે.' થોડા દિવસો પછી વળી ગુરુએ જોયું કે તે હજીય એવોને એવો જાડો છે, તેથી પૂછ્યું તો તેણે જણાવ્યું કે, 'આ ગાયોનુ દૂધ પીને ચલાવું છું.' ઉપાધ્યાય કહે કે, મારી આજ્ઞા વિના તું આ કરે તે ઊચિત નથી. થોડા દિવસ પછી ગુરુએ પૂછ્યું કે તું જીવનનિર્વાહ કેમ ચલાવે છે? તેના જવાબમાં ઉપમન્યુ કહે કે આ વાછરડાં તેની માતાને ધાવીને જે ફીણ બહાર કાઢે છે તે પીવું છું. ગુરુ તેની પણ મનાઈ ફરમાવે છે.

આ વાત શું કહેવા માગે છે તે સમજવાનો પ્રયત્ન કરીએ. ગાયો પાંચ ઇન્દ્રિયો તથા તેમાંથી વહેતી સંવેદનાશક્તિનું પ્રતિક છે. આપણે એ પણ જોયું કે પહેલું ડગલું છે લીકેજ બંધ કરવા. બીજું પગલું છે કે સંકલ્પશક્તિ જગાડીને ઊર્જાની ગુણવત્તા વધારવી. એટલે ઊર્જાને પ્રતિક્રિયામાં વેડફવાના વલણમાંથી મુક્ત કરવી. સંકલ્પશક્તિ પાંચ તબક્કામાં સર્જાય છે અને છેલ્લે વ્યક્તિગત સંકલ્પ, દિવ્યસંકલ્પને શરણે ચાલ્યો જાય છે.

આ સંકલ્પો શું છે? આપણે કયા સંકલ્પને આધારે જીવીએ છીએ? આપણી ઊર્જાની ગુણવત્તા આપણે કઈ રીતે વધારી શકીએ? આપણે આના જવાબો ઉપમન્યુની વાર્તાના ઉત્તરાર્ધમાં જોઈશું.

## (૬) દ્વૈતની પારનું દ્વૈત

ઇન્દ્રિયોના સંપર્કમાં આવતું જગત એ અસરોનું જગત છે. આ અસરોના કારણો સામાન્ય રીતે દેખાતા નથી. દેશ અને કાલના સંદર્ભમાં જોઈએ તો કારણ હંમેશાં બીજા આયામમા એટલે કે, અસરથી ઉચ્ચત્તર આયામમાં કારણો પડેલા હોય છે. સાદી ભાષામાં કહીએ તો વિચારને કારણ ગણીએ તો વિચારને અનુરૂપ કામગીરી એ તેની અસર થઈ ગણાય. વિચારણા અને ઇન્દ્રિયો બેઉ માટે 'કામગીરી' દેખીતી વસ્તુ બને છે, પરંતુ વિચાર અદશ્ય અને મોટે ભાગે વણદેખ્યો બને છે, તેમ છતાં વિચાર જેમાંથી ઉદ્ભવે છે તે 'હેતુ' અથવા તો 'મોટીવ' તેના મૂળમાં હોય છે.

આ સંકલ્પનાને ઉદાહરણથી સમજીએ. એક સ્વીમિંગ પૂલ બનાવવો હોય તો પહેલા મનમાં તેના આકાર ઊંડાઈ, પહોળાઈને લગતા આયામો નક્કી કરીએ. આ વિચાર મૂળ કારણ બને છે અને બંધાય તો સ્વીમિંગ પુલ એ અસર બને છે. કારણની પાછળ હેતુ કે ઉદ્દેશ્ય, કારણનું બીજ રહેલ છે જે વ્યક્તિએ વ્યક્તિએ અલગ કે બદલાતું હોઈ શકે છે. કોઈને મોજમજા માટે, કોઈ મિત્રો પર અસર જમાવવા અથવા તો કોઈ અલગ જ ઉદ્દેશ્યથી સ્વીમિંગપુલ બનાવે. આ ઉદ્દેશ્ય કે મોટીવ અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે, વિચાર દેખાય તેની પહેલા પણ, રહેલ છે. આ સૂક્ષ્મ અદશ્ય સ્તરે

આપણામાં ઉદ્દેશ્ય અને કારણની જોડી પડેલી છે. ઉદ્દેશ્ય કારણમાં પ્રવેશી જતું હોવા છતાં કારણ પોતે પણ ઉદ્દેશ્ય હોઈ શકે છે. શાસ્ત્રો ઉદ્દેશ્ય અને કારણની જોડીને જોડિયાદેવ અશ્વિનીકુમારો તરીકે ઓળખે છે.

ત્રણ પ્રકારના સંકલ્પબળ (વીલ) હોય છે. અક્રિય (ન્યુટ્રલ), બૌદ્ધિક (ઇન્ટલેકચ્યુઅલ) અને આત્મબળ (સ્પિરીચ્યુઅલ). આનું નિર્માણ પાંચ તબક્કે થાય છે. આપણી પાસે અત્યારે જે સંકલ્પ બળ છે તે ઇચ્છાઓ એકબીજા સામે ટકરાય પછી બચતું બળ છે. એટલે કે પરિણામી અક્રિય સંકલ્પ. દા.ત. આપણે વહેલા ઊઠીને અમુક પ્રેક્ટિસ કરવાની ઇચ્છા હોય અને સાથે રાત્રે ટીવી પર મોડે સુધી ફિલ્મો જોવાની પણ ઇચ્છા હોય, વળી સાંજે નહીં જમીને ખાલી પેટ રાખવાની ઇચ્છા હોય જેથી રાત્રે માળા કરી શકીએ પરંતુ રાત્રિ ફિલ્મ જોતાં જોતાં ચટપટો નાસ્તો ખાવની પણ ઇચ્છા હોય. આ અને બીજી ઘણી બધી ઇચ્છાઓ એકબીજાને 'ન્યૂટ્રલાઇઝ'- ક્રિયાહીન કરી નાખે છે. (આપણને મનોબળ જેવું કશું નથી.) અને છેલ્લે જે વધે તે પ્રમાણે આપણે કામગીરી કરીએ. આપણે અસંખ્ય ઇચ્છાઓથી ભરેલા છીએ અને દરેકને પોતાનું નાનકડું બળ છે જેનાથી આપણું હોવાપણું અને હાજરી અસંખ્ય વિખરાયેલ સંકલ્પોમાં ખંડિત થઈ જાય છે.

આગળની વાતને હવે જોઈએ. ગુરુ ઉપમન્યુને વાછરડાના ફીણ ખાવાની મનાઈ ફરમાવી શિષ્યમાં અખંડ સંકલ્પબળ જગાડવા માગે છે. તેથી એવી સ્થિતિનું નિર્માણ કરે છે જેમાં તે અસહ્ય વેદનામાંથી પસાર થાય. શિષ્ય વેદનાને સ્વેચ્છિક બનાવીને તેના અગ્નિમાં ઇચ્છાઓની આહુતિ આપી તાપને તપમાં ફેરવી શકે, તો પછી તેની વિખરાયેલી ઇચ્છાશક્તિ એકત્ર થઈ સંકલ્પબળ બને.

ગુરુના આદેશ અનુસાર કશું ન ખાવાથી ભૂખથી વ્યાકુળ ઉપમન્યુ ઝેરી વેલાના પાંદડાં ખાઈ જતાં ઝેરથી દૃષ્ટિ ગુમાવી બેસે છે અને એક ઊંડા કૂવામાં પડી જાય છે. સૂર્યાસ્ત થતાં ગુરુ શોધવા આવતા તેને આખી વાત વર્ણવે છે. ગુરુ તેને સાંત્વના આપી દેવાનો વૈદ્ય અશ્વિનીકુમારોની સ્તુતિ કરવાનું કહે છે, જેથી તેમની મદદ મળે.

આ અત્યંત પ્રતિકાત્મક હોવાથી બાહ્ય અંધાપાની વાત આવતી નથી. ઊંડા કૂવાનો અર્થ ઉપમન્યુ પોતાના અચેતનમાં ઊંડે ઊતરે છે તેમજ તેનો અંધાપો દર્શાવે છે કે બાહ્ય ઇન્દ્રિયોમાંથી ચેતન ખેંચી લેવાયું હોય જ્યારે મનના ઊંડાણમાં જવું હોય. સૂર્યાસ્ત કે અંધારું દર્શાવે છે કે, ગુરુ પણ એ અંધકારમાં પ્રવેશ છે જ્યાં ઉપમન્યુ છે. અચેતનના આટલા ઊંડાણમાં પણ મદદ અને માર્ગદર્શન હાજર હોય છે, પણ નિયમ એ છે કે, શિષ્યને એ માગવાનું યાદ રહેવું જોઈએ. આનો અર્થ એવો જરાય નથી થતો કે બાહ્ય ગુરુ અચેતનમાં પ્રવેશી શકે પરંતુ શિષ્યના આત્મકેન્દ્રમાંથી ગુરુરૂપે માર્ગદર્શન આવતું હોય છે. ઉપમન્યુએ શું કરવું જોઈએ તે કહી ગુરુ બહાર આવી જાય છે. આ સૂક્ષ્મ હરકત દર્શાવે છે કે ગુરુ માત્ર માર્ગ બતાવી શકે, પ્રકાશ ફેંકી શકે, શિષ્યે ખુદે જ ચાલવું પડે, ગુરુ ન ચાલી શકે શિષ્યને માટે.

મહાભારત સંપૂર્ણ ગ્રંથ છે. એ માત્ર પરમ સત્યને જ ઊજાગર નથી કરતો. પરંતુ જુદી જુદી વાર્તાઓના માધ્યમથી પ્રકૃતિના ગહન રહસ્યોને પામવાના નિયમો, ટેક્નીક્સ અને મંત્રો પણ આપે છે. અશ્વિનીકુમારો પ્રસન્ન થઈ આવે છે અને ઉપમન્યુને માલપૂડો આપી ખાવાનું કહે છે. તો ઉપમન્યુ પહેલા પોતાના ગુરુને તે મીઠાઈ ધરે છે અને ગુરુની આજ્ઞા પછી તેને ખાતા સાથે જ તેની દૃષ્ટિ પાછી આવે છે. ગુરુ તેને આશીર્વાદ આપતા કહે છે કે તારો આંતરપ્રકાશ જાગી ગયો છે હવે તને સર્વ વેદો અને તમામ ધર્મશાસ્ત્રોનો પ્રકાશ મળશે. ગુરુ માટે શ્રેષ્ઠ આનંદની ક્ષણો એ હોય છે જ્યારે શિષ્ય જાતે જ માર્ગ પર ચાલવાનું શીખવા લાગે છે.

અચેતનમાં પ્રવેશીને ગહેરાઈમાં રહેલા સંસ્કારોની પેટર્નમાંથી આપણી જાતને મુક્ત કરીએ છીએ ત્યારે આપણો ખરો પ્રકાશ જાગે છે. આ પ્રકાશમય દૃષ્ટિ મળે છે તો પછી આપણે ઉદ્દેશ્ય અને તેની કારણના રહસ્યમય ખેલને જોઈ શકીએ છીએ. જેમાં આપણી જિંદગીમાં ઘટતી તમામ ઘટનાઓના મૂળ રહેલાં છે.

## (૭) કેન્દ્રોમાં સંતુલન

અગાઉની વાર્તાને આગળ વધારતા અપોદધોમ્યના ત્રીજા શિષ્ય વેદની વાતને જોઈએ. ગુરુ વેદને ટાઢ, તડકો, વરસાદ, ભૂખ, તરસમાં પણ ખૂબ કામ કરાવતા. વેદ બળદની જેમ ગુરુ ચીંધ્યું કામ કરતો, છતાં તેનામાં એકપણ પ્રકારનો અણગમો આવતો નહોતો. એક દિવસ સત્યનું અવતરણ થાય છે અને ગુરુ તેને તેના માર્ગે જવાની રજા આપે છે. વેદ અને તેના શિષ્ય ઉત્તંકની વાર્તા જોઈએ.

વેદ યજ્ઞકાર્ય માટે બહાર જતી વખતે શિષ્ય ઉત્તંકને આશ્રમનું તમામ સંચાલન સોંપી આશ્રમની બધી જવાબદારી પૂરી પાડવાનું કહે છે. થોડા સમય પછી ગુરુપત્ની ઋતુગામી બને છે. આશ્રમની બીજી સ્ત્રીઓ ઉત્તંકને ગુરુપત્ની ઇચ્છા પૂરી કરવાનું કહેતા ઉત્તંક જવાબ આપે છે કે, એ સંબંધમાં ગુરુએ તેને કશી આજ્ઞા કે સૂચના આપી નથી. પરત ફરતા ગુરુ આ ઘટના સાંભળીને ઉત્તંકને આશીર્વાદ આપતા કહે છે કે, તારી અંદરનો પ્રકાશ જાગી ગયો છે, એ પ્રકાશ તને માર્ગદર્શન આપશે એટલે તે પોતાને માર્ગે જઈ શકે છે. ઉત્તંક ગુરુદક્ષિણા આપવા માગે છે, તેનો જવાબ આપતા ગુરુ તેને ગુરુપત્ની જે કહે તે કરવાનું કહે છે. ગુરુપત્ની તેને રાણીના કુંડળ લઈ આવવાનું કહે છે જેથી ઉત્સવમાં તે પહેરી શકે.

ઉત્તંક રાજા પાસે જઈને રાણીના કુંડળની યાચના કરે છે. રાજા કહે કે, એ તો રાણી જ નક્કી કરી શકે કે, કુંડળ આપવા માટે તું યોગ્ય છો કે કેમ? ઉત્તંક રાણીવાસમાં જાય છે, પરંતુ તેને ક્યાંય રાણી દેખાતા નથી એટલે રાજાને પૂછતા તે કહે છે કે, જરૂર તારા મનમાં કોઈ અશુદ્ધ વિચાર હોવો જોઈએ અને રાણી શુદ્ધતાની મૂર્તિ હોવાથી એવા વ્યક્તિઓ તેને જોઈ શકતા નથી. ઉત્તંક ધ્યાનમાં બેસી પોતાની મનોભૂમિને જોવે છે અને રાજાની વાતની સત્યતા સ્વીકારે છે. ઊંડા સ્વ- નીરિક્ષણથી વિચાર સાથેની એકરૂપતા તૂટી

જતાં ઉત્તંક રાણીને જુએ છે અને કુંડળની યાચના કરતા રાણી તેને કુંડળ માટે યોગ્ય વ્યક્તિ ગણીને કુંડળ આપતા ચેતવણી આપે છે કે, શક્તિશાળી તક્ષક આ કુંડળની કામના કરે છે તેથી સાવચેતીથી લઈ જજો. ઉત્તંક રાણીને ખાતરી આપતા કહે છે કે, તક્ષક મારું કશું બગાડી શકે તેમ નથી. પછી ગુરુપત્નીને ઝડપથી કુંડળ પહોંચાડવાના હોવાથી જલદીથી રજા લઈને નીકળી પડે છે.

અહીં સુધીની વાર્તાનો ઉઘાડ કરીએ. ઉત્તંકના ગુરુ તેને એવી આજ્ઞા આપીને ગયા હતા કે આશ્રમની બધી જરૂરિયાત પૂરી કરજે તેમ છતાં ગુરુપત્ની સાથે સંબંધ ઉતરવાની ઉત્તંક ના પાડે છે. શિષ્યના જીવનમાં સૌથી અગત્યનો એવો મુકામ આવે છે જ્યાંથી તે પોતાની મેળે ચાલવાની શરૂઆત કરે છે. યોગમાં આંતરપ્રકાશને 'વિવેક', સારાનરસાની પરખશક્તિ, એટલે શું કરવું અને શું ન કરવું તે પારખવાની ક્ષમતા જે પરિણામે સત્કર્મના માર્ગે લઈ જાય છે. ગુરુ વેદ અને ઉત્તંક બ્રાહ્મણ છે, જેનો અર્થ થાય વિસ્તરેલી ચેતના. જેમાં ઉચ્ચતર ગુણવત્તાઓ રહેલી છે એવાં બૌદ્ધિક કેન્દ્રનું  તેઓ પ્રતિક છે. રાજા અને રાણી ક્ષત્રિય છે. જે આપણી અંદરના ભાવકેન્દ્રનું પ્રતિક છે. ભાવકેન્દ્રના ઊચ્ચતર ગુણો પ્રેમ અને શ્રદ્ધા રાણીના બે કુંડળોના સ્વરૂપે છે જે વેદના પત્ની ઇચ્છા કરે છે.

ઉત્તંક એ કુંડળ લેવા જાય છે. ઉત્તનો અર્થ થાય પાણી જે લાગણીઓનું પ્રતિક છે અને અંકનો અર્થ થાય અંકોડો કે હુક. ઉત્તંકનો અર્થ થાય જેણે ઉચ્ચતર ભાવો ધારણ કર્યા છે. ઉત્તંક એ શિષ્યનું પ્રતિક છે જે આ ગુણોની શોધમાં નીકળે છે જેથી ભાવ અને બૌદ્ધિક કેન્દ્રને સમતોલ કરી શકે. ઉત્તંક પહેલીવાર મહેલમાં જાય છે તો રાણીને જોઈ શકતો નથી. આ ઘટના દર્શાવે છે કે, જીવનના ઉચ્ચત્તમ ગુણોના સાક્ષી થવા માટે ચોક્કસ દૃષ્ટિ અને નિષ્પક્ષ કે તટસ્થ સ્વનીરિક્ષણની જરૂર પડે. આપણું સ્વ-નીરિક્ષણ, કામનાઓ, પૂર્વગ્રહો, વલણો અને અસંતોષોથી રંગાયેલું છે. જ્યાં ઉચ્ચત્તર ગુણો પડ્યા છે તે હૃદયના ઉચ્ચત્તર આયામોમાં પ્રવેશવા માટે આપણે સૌ પહેલાં તટસ્થ કે નિષ્પક્ષભાવે અંદર જોતા શીખવું પડે છે.

વળી, વાર્તા, આગળ કહે છે કે આંતરદૃષ્ટિ ખૂલી ગયા પછી પણ શુદ્ધિકરણની પ્રક્રિયા તો ચાલુ જ રહે છે. સત્યની અનુભૂતિ અને અહંકારનું ઓગળવું એ બેઉ અલગ ઘટનાઓ છે. સત્યની અનુભૂતિ ક્ષણવારમાં થાય છે જ્યારે અહંકાર ઓગાળવામાં સમય લાગે છે. સત્યની અનુભૂતિ થવી એ વાદળ ઢાંક્યા પર્વતના શિખરને જોવાના પ્રયત્ન જેવું છે. થોડી ક્ષણો માટે વાદળા વિખરાય, બરફ આચ્છાદિત શીખર સૂર્યપ્રકાશની સોનેરી ચમક પરાવર્તિત કરે અને વળી વાદળા આવી જાય. આ ઝલક સાથે જન્મારાની ખોજ પૂરી થાય છે. સત્યની ઝલકથી અહંકાર ઓગળતો નથી. નોર્મલ સદ્‌ગૃહસ્થની જિંદગી જીવતા જીવતા જ્યારે અહંકાર દેખા દે છે ત્યારે તેને તેના સ્રોતમાં પાછો મોકલવો પડે છે એટલે કે ઉત્ક્રાંતિની પ્રક્રિયાને ઉલટા ક્રમમાં ફેરવવી પડે. મનુષ્ય પહેલા અહંકારનું અસ્તિત્વ પ્રાણીસૃષ્ટિમાં હતું. અહંકારને સ્રોતમાં પાછો મોકલવાની પ્રક્રિયાને પતંજલીમૂનિ 'પ્રતિપ્રસવ' કહે છે.

તક્ષક એટલે જે કરે છે, કર્તાભાવ, કરનાર અથવા તો આપણી અંદરનો અહંકાર. રાણી ઉત્તંકને ચેતવે છે કે તક્ષક કુંડળોની કામના કરે છે તેનો અર્થ એ છે કે અહંકાર હંમેશાં પ્રેમનો નાશ કરવા તત્પર રહે છે. અરે, આપણા સાંસારિક લાગણીજન્ય પ્રેમનો પણ. અહંકાર પ્રેમ પાછળ છુપાઈને સામેની વ્યક્તિને ઝડપથી હડપવા માગે છે અને આ કામગીરીમાં આપણે પ્રેમની શુદ્ધ અને શક્તિશાળી ઊર્જા હંમેશને માટે ગુમાવી દઈએ છીએ. અહીં ઉત્તંક કહે છે કે, 'તક્ષક તેનું કશું બગાડી શકે તેમ નથી.' આ વાક્ય જ અહંકારનું છે. આગળ ઉપર આપણે જોઈશું કે ઉત્તંક કેવી રીતે તક્ષકનો શિકાર થઈ જાય છે.

## ૮. અચેતન મનનું ઊંડાણ

અગાઉના અનુસંધાને આપણે ઉત્તંકની વાત આગળ વધાવીએ. રાણીને આપવાના કાનના બે કુંડળ મેળવી રાજાનો આભાર માની તે પોતાની સફરથી પાછો આવતા માર્ગમાં એક નગ્ન સાધુને પોતાની તરફ આવતો જુએ છે. આ સાધુ ક્યારેક દેખાતો હતો તો ક્યારેક અદશ્ય થઈ જતો હતો. ભોજન લેતાં પહેલાં ઉત્તંકને નદીમાં નહાવાનો વિચાર આવતા તેની પાસે રહેલા કાનનાં કુંડળ તથા અન્ય ચીજો નદી કિનારે રાખીને નહાવા પડ્યો. તે નગ્ન સાધુ ફરીથી દેખાયો અને કાનના બે કુંડળ લઈને નાસી ગયો. ઉત્તંકે તેનો પીછો કર્યો પણ બધું વ્યર્થ ગયું, કેમ તે નગ્ન સાધુએ તેની નજર સામે જ એક નાગનું રૂપ ધારણ કરી ધરતીમાં દર કરી અંદર ઊતરી અદશ્ય થઈ ગયો. ઉત્તંકને પછી તો રાણીમાના શબ્દો યાદ આવ્યા અને ખ્યાલ આવ્યો કે આ કાનની કુંડળ ઉપાડી જનારા નાગ બીજું કોઈ નહિ પણ તક્ષક જ છે અને ધરતીની નીચે આવેલ નાગલોકમાં ઊતરી ગયો છે.

ધરતીમાં તક્ષકે કરેલ દરને લાકડી વડે ખોતરી અંદર જવાનો વ્યર્થ પ્રયત્ન ઉત્તંકે કર્યો પણ કંઈ જ ન થયું. તેના પર કરૂણા કરીને આ સમયે રાજા ઇન્દ્ર તેની લાકડીમાં આકાશી વીજળીના સ્વરૂપે પ્રવેશતા મોટો ધડાકો થાય છે. અને એને સુરંગ જેવો રસ્તો ઉત્તંકને છેક નાગલોક સુધી લઈ જાય છે. જ્યાં તે તક્ષક નાગને પ્રાર્થના કરે છે પણ કોઈ પ્રતિભાવ મળતો નથી.

ત્યાં તે બે સ્ત્રીઓને જુએ છે. જેઓ હાથશાળ પર કાળા અને સફેદ દોરાનો ઉપયોગ કરીને સરસ મજાનું કાપડ વણતી હોય છે. આ હાથશાળને બાર આરા હતા જે છ છોકરાઓ ધક્કો મારીને ચલાવતા હતા. વળી ત્યાં એક પુરુષ સુંદર મજાના ઘોડાને લઈને ઊભો હતો. ઉત્તંકે બે સ્ત્રીઓ, હાથશાળ, છોકરાઓ વગેરેના શું મતલબ થાય છે તેનું વર્ણન કરતી વાત પ્રાર્થનાપૂર્વક પેલા પુરુષને કહી. તે કહે તે ચોવીસ પખવાડિયા પેલા સફેદ અને કાળા દોરાથી વ્યક્ત થાય છે. આ સફેદ અને કાળા ધાગા જે બાર આરાવાળા પૈડામાં વીંટળાઈ રહ્યા છે. તે બાર આરા ચંદ્રકળાઓના પ્રતિક છે અને વળી છ છોકરાઓ વરસની છ ઋતુઓને વર્ણવે છે. (હેમંત, શિશિર, વસંત, શરદ,

ગ્રીષ્મ, વર્ષા) બે સ્ત્રીઓ આ સુંદર કાપડ વણી રહી છે તે આ અખિલ બ્રહ્માંડની પ્રતિભા કે જે સ્વરૂપ કે આકાર અને શક્તિ રૂપે વ્યક્ત થઈ રહી છે તેનું આ રૂપક છે અને ઘોડો એ સમય (કાળ)નું પ્રતિક છે તથા તેનો માલિક (પુરૂષ) એ દિવ્યતા, જે સમયની પાર છે તેનું પ્રતિક છે. આ દિવ્યતાને લીધે જ રૂપ અને અરૂપ (કાલાતીત) છે. ઉત્તંકે કરેલ અર્થસભર પ્રાર્થનાથી ઘોડાનો માલિક ખુશ થાય છે અને વરદાન માગવા કહે છે કે ઘોડાનો પાછળના ભાગે (મળ દ્વારે) જો ફૂંક મારે તો તે ઇચ્છે છે તેમ થાય. આમ કરવાથી ઘોડાના મોં પર રહેલી પાંચેય ઇન્દ્રિયોમાંથી (આંખ, કાન, નાક, મોં, ત્વચા) વિચિત્ર પ્રકારનો ધૂમાડો નીકળે છે. જેને કારણે આખું નાગલોક આ ધૂમાડાથી ભરાઈ જાય છે. તક્ષક પણ આ ધૂમાડામાં શ્વાસ ન લઈ શકવાથી પોતાના રાજમહેલમાંથી બહાર નીકળીને કાનનાં બે કુંડળ ઉત્તંકને પર સોંપી દે છે.

હવે ઉત્તંકને અચાનક ઝબકારો થાય છે કે પોતાના ગુરુનાં પત્ની એક કલાક પછી જે ઉત્સવ સમારોહમાં ભાગ લેવાના છે તે જગ્યા સુધી પહોંચતા તો બે દિવસ લાગી જાય તેમ છે. આ વાત જાણીને ઘોડાનો માલિક ઉત્તંકને ઘોડા પર સવારી કરવા જણાવે છે. જેવો ઉત્તંક ઘોડા પર બેસે છે કે કે પલકવારમાં તે ત્યાં પહોંચી જાય છે અને ગુરુજીના પત્નીને કાની બે કુંડળ આપી દે છે.

મહાભારતની આ સુંદર વાર્તા, શિષ્યને, અચેતન મનમાં કઈ રીતે પ્રવેશવું અને સમય કે કાળનું રહસ્ય શું છે તે વાત સમજાવે છે. નાગ જે નાગાબાવાના છદ્મવેશે આવી ક્યારેક દેખાય, ક્યારેક ન દેખાય તે અંદર અચેતનમાં ઊંડે છૂપાયેલી ઇચ્છા છે, જે કોક અનુકૂળ સમયે જ બહાર આવે છે. ખાસ તો જ્યારે આપણે સભાન નથી હોતા અને લાગણીમાં ડુબી જઈએ છીએ. (ઉત્તંકનું નહાવા માટે નદીમાં ડૂબકી મારવું) ત્યારે આ ઊંડે અચેતનમાં વાસ કરતી ઇચ્છા કે જે અહંકારનું સ્વરૂપ લઈ તક્ષક નાગની જેમ બહાર આવી આપણી ઉચ્ચભાવશક્તિ કે જે આપણને સાધનાથી મળી હોય છે તે ચોરી જાય છે.

આ ઇચ્છાના મૂળિયા સુધી પહોંચવા માટે આપણે આપણી સંવેદનાની શક્તિનો ઉપયોગ કરી જાગ્રકતાપૂર્વક અચેતન મનમાં જવાનું છે. દેવરાજ ઈન્દ્ર (ઇન્દ્ર એટલે ઇન્દ્રિયોનો અધિપતિ) કે જે સંવેદનાની શક્તિના અધિષ્ઠાતા છે, તે ઉત્તંકની લાકડીમાં આકાશી વીજળીના ચમકારા રૂપે પ્રવેશે છે. તે સંવેદના શક્તિનો ઉપયોગ કરી અચેતનમાં વસતી ઊંડી ઈચ્છા સુધી પહોંચી શકાય તે દર્શાવે છે. આપણે એક દૃષ્ટાંત લઈએ કે, કોઈથી આપણને ખોટુ કે માઠું લાગે છે તો તે વખતે આપણી અંદર જે પીડા ઊઠે છે તે પીડામાં સ્થિર થવાથી, તે પીડાને જ પકડી રાખવાથી તે પીઠા આપણને ત્યાં સુધી લઈ જાય છે કે તે જ્યાંથી પેદા થાય છે અને આ જગ્યા આપણા અચેતનમાં છૂપાયેલ છે. પીડાને પકડી રાખવાની શક્તિને યોગી શ્રી પતંજલી 'ધારણા' કહે છે. પીડા કઈ વાતને લીધે ઊભી થાય છે તે વાતને જોવાની શક્તિને 'ધ્યાન' કહે છે અને તે વાતને જોતા જોતા પીડાને ઊભી કરનાર વાત ઓગળી જતાં બંધન છૂટી જાય છે, જીવ મુક્ત થાય છે અને મુક્તિના આનંદને 'સમાધિ' કહે છે.

ઉત્તંક અચેતન મનના ઉંડાણમાં જઈને સમય શું છે તે સમજે છે. અહીં તેને જેમ ઘોડાના માલિકમાં દિવ્યતા દેખાઈ તેમ પોતાનામાં પણ તે જ દિવ્યતાના દર્શન થાય છે. ('અશ્વ'નો સંસ્કૃતમાં અર્થ સમય થાય છે.) સમય (કાળ) ને સમજતા તે ઇચ્છાઓથી મુક્ત થાય છે. હવે તેના આંતરગુરુ (આત્મતત્વ) તેને સાધનામાં આગળ લઈ જાય છે અને ઘોડાના મળદ્વારમાં ફૂંક મારવા કહે છે. આહારના પાચનની ક્રિયાની ગતિ મોં થી મળદ્વાર સુધી ચાલે છે પણ મળદ્વારમાં ફૂંક મારવાની વાત આ ક્રિયાને ઊલટાવવાની અથવા તો સમયના ઊલટા વહેણમાં જવાની વાત છે. જેને તાઓમાં બેકવર્ડ ફ્લો મેથડ અને પતંજલી ઋષી પ્રતિપ્રસવની સાધના કહે છે. આ સાધનામાં એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે કે જેમાં છૂપાયેલ અહંકાર બહાર આવે છે. ધુમાડો આનું રૂપક છે જે તક્ષકને મહેલમાંથી બહાર કાઢવા મજબૂર કરે છે. જ્યારે અમુક પરિસ્થિતિમાંથી ભાગી જવા કરતા જે થાય તે થવા દેવું ઇચ્છનીય છે. જીવને ક્યારેય માઠું લાગતું નથી, માઠું તો અહંકારને લાગે છે. જેવું માઠું લાગવાની સંવેદના આપણને આવે છે કે તરત જ ખ્યાલ આવે છે કે કે આ તો સેલ્ફ લવને કારણે જ આમ થાય છે. સેલ્ફ ઓગળી જતા ફક્ત પ્રેમ બાકી રહે છે અથવા તો કહીએ કે કાનના બે કુંડળ, એક પ્રેમ અને બીજી શ્રદ્ધા. આનાથી મોટી કૃપા બીજી કોઈ નથી. ઉત્તંક ઘોડેસવારી કરી ઘરે પહોંચે છે તેનાથી ખ્યાલ આવે છે કે માત્ર કાળને સમજ્યો નથી, પરંતુ, તેની આંટીઘૂંટીઓનો પણ સ્વામી થઈ ગયો છે.

## ૯. જ્ઞાન, સમજણ અને હોવાપણું

મારા સદ્‌નસીબે શ્રી રામદુલારે બાપુ સાથે ૧૯૭૫થી ૧૯૮૨ સુધી સતત રહેવાનું થયું. તેમાં સમયે સમયે સાધનાકીય માર્ગદર્શન મળતું રહ્યું. ન તો તેમને ધ્યાનની કોઈ વિધિ શિખવાડી છે કે ન તો કોઈ ભાષણ આપેલ, પણ નાના-નાના વાક્યો કહીને ડહાપણભરી વાતો શીખવી. એમનું એક જાણીતું વાક્ય હતું કે, 'જાણવું એક વાત છે, સમજવું બીજી વાત છે. પરંતુ જીવવું એ તદ્દન ત્રીજી જ વાત છે.' આગળ વધીએ તો પહેલા જરા સમજીએ કે જાણવું અને સમજવું એ બે વચ્ચે શું ફર્ક છે. જેમણે રીફાઈનિંગ શીખવી એ ગુરુ તાવરિયાજી પુછતા કે પ્રેક્ટિસ કરવી એ સારી વાત છે એવું તું જાણે છે કે સમજે છે? તેઓ એ પણ કહેતા કે જો તું સમજી ગયો હોઈશ તો એક પણ દિવસ ચૂકીશ નહીં.

જાણવું મનની કામગીરી છે. સમજણમાં હૃદયની અનુભૂતિ રહેલી છે. સમજણમાં પ્રેમની ઊર્જાની છાંટ કે ગુણ છે. આખો દિવસ કામ કરી થાકેલો વ્યક્તિ સાંજે ઘરે આવે અને પત્ની ફિલ્મમાં જવાનો પ્રેમપૂર્વક પ્રસ્તાવ મૂકે તો પ્રેમની ઊર્જા થાક ભૂલીને ફિલ્મ જોવા લઈ જશે. તાવરિયાજી કહેતા કે પ્રેક્ટિસના પ્રેમમાં પડી ગયા પછી ગમે તેવી વ્યસ્તતા કે અતિશય થાક હોય, લગ્ન કે મરણ હોય તો પણ પ્રેક્ટિસ નહી ચૂકાય, કેમ કે હવે પ્રેમ છે.

સમજણ સાથે પ્રેમની ઊર્જાની સંવેદના આવે છે. આપણે માહિતી વિસ્ફોટના જમાનામાં જીવી રહ્યાં છીએ. એવું લાગે કે બધા બધું જાણે છે. આપણે માહિતી ભેગી કરતા જઈએ છીએ, પણ સમજણના અભાવ સાથે. આનાથી પ્રેમની ઊર્જાની અછત દેખાવા લાગી. આપણે માહિતીથી લદાઈ ગયા પણ હૃદય સૂકાઈ ગયા.

સમજણ પછીની અવસ્થા છે હોવાપણાની - આપણે જે સમજ્યા છીએ તેને જીવવાની કલા. એક સાદી સમજ લઈએ કે આપણે જૂઠું ન બોલવું જોઈએ. આપણામાંથી કેટલા આ સત્યને જીવી શકે? જૂઠાણાના ઘણાં બધાં સ્વરૂપો છે. આપણને એવું લાગે કે આપણે ખોટું નથી બોલતા પણ સામેની વ્યક્તિ સહમત નહી થાય. દા.ત. આપણી સિદ્ધિઓની કે આપણી વાત કરતા હોઈએ તો વાતમાં મસાલો છાંટી આપણી જાતને વધુ ચમકથી રજૂ કરીએ છીએ. આને અનુરૂપ વાત લઈએ. પર્વતની ટોચે પહોંચતાં પોતાનું સમગ્ર હોવાપણું પ્રકાશિત થઈ જાય. સાચી કલા હવે આવે છે. વ્યક્તિ ટોચેથી નીચે આવે છે તો પ્રકાશ ત્યાં જ મૂકવાને બદલે દરેક પ્રકારના સંબંધમાં વહેંચે છે. ટોચે પ્રકાશ જોઈ પોતાની સમજણનો દિપક પ્રગટાવે છે. પછી જીવનની પ્રત્યેક નાની કામગીરીમાં આ પ્રકાશનો ઝબકારો તેના હોવાપણામાં દેખાય છે. સત્યની સમજણ પછી જીવનમાં સત્ય જીવવું એ નાનકડું પણ ક્રાંતિકારી ડગલું બની રહે છે.

મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી દ્વારકા પાછા ફરતા શ્રીકૃષ્ણ પોતાના મિત્ર ઉત્તંકની કુટિરની મુલાકાત લે છે. પંદર વર્ષથી બેઉ નથી મળ્યા. આ સમય દરમિયાન ઉત્તંક ગહેરા ધ્યાનમાં ઊતરી ગયો હોવાથી સાંસારિક ઘટનાઓથી અજાણ હોય છે. એકબીજાના ક્ષેમકુશળ પૂછી ઉત્તંક કૌરવો અને પાંડવોના હાલ પૂછે છે. તેના જવાબમાં શ્રીકૃષ્ણ મહાભારતનું યુદ્ધ અને કૌરવોના મૃત્યુના સમાચાર આપે છે. ઉત્તંક આઘાતથી શ્રીકૃષ્ણને ઠપકો આપવા લાગે છે કે તેની હાજરી હોવા છતાં તેના જ કુંટુંબમાં આવું મહાયુદ્ધ ન રોકી શકાયું! આવે વખતે શ્રીકૃષ્ણ ઉત્તંકને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવે છે. ઉત્તંક શ્રીકૃષ્ણના ચરણોમાં પડી આશીષવર્ષા લે છે. કૃષ્ણ સમજાવે છે કે યુદ્ધ રોકવાના તેમણે બનતા પ્રયત્નો કર્યા પણ કૌરવો સત્તાના મદમાં છકી ગયા હતા. શ્રીકૃષ્ણ ઉત્તંકને યાદ કરાવે છે કે પંદર વર્ષની સાધના પછી જે બનવાકાળ હતું તેના સમાચારે વિચલિત ન થવું જોઈએ. વધુમાં એ પણ કહે છે કે તને સત્યનો અનુભવ થઈ ગયો છે, હવે સમય છે જઈને જીવવાનો. વાત સમજાતા ઉત્તંક શ્રીકૃષ્ણના આશિષ માગે છે. કૃષ્ણ ઉત્તંકને વરદાન માંગવાનું કહેતા પહેલા ના પાડે છે પણ કૃષ્ણના આગ્રહથી એવું માગે છે કે, જ્યારે તેને તરસ લાગે ત્યારે પાણી મળે.

એક દિવસ ઉત્તંક એવા રણમાંથી પસાર થતો હોય છે જ્યાં ક્યાંય પાણી નથી હોતું. તેને તરસ લાગતા પાણી માટે કૃષ્ણનું ધ્યાન ધરે છે. આંખ ખોલતા તેની સામે નીચલી કોમનો, મેલાંઘેલાં લૂંગડાં પહેરેલ, પાંચ કૂતરાથી ઘેરાયેલ વ્યક્તિ પાણીના ઘડા સાથે ઉત્તંકને પાણી આપવા લાગે છે, પણ બ્રાહ્મણ થઈને ઊતરતી વ્યક્તિના હાથનું પાણી કેમ પીવાય? એ વિચારે ઉત્તંક તેનો અસ્વીકાર કરી નીચું જોઈ જાય છે. ઉપર જોતા જ તેની સામે શ્રીકૃષ્ણ દિવ્યસ્વરૂપે ઊભા છે. શ્રીકૃષ્ણ તેને અહીં એક બોધપાઠ આપે છે કે સાધકે દરેકમાં દિવ્યતત્ત્વને જોતાં શીખવું પડે છે.

આપણું હોવાપણું સીડી જેવું છે. જીવનની પ્રત્યેક ક્ષણ આપણને સીડીમાં ઉપર ચડવાની કે નીચે ઊતરવાની પસંદગી આપે છે. આપણે, 'એય, પાણી ભરતો આવજે' તેવું કર્કશ અવાજે પણ કહી શકીએ અને 'મને પાણી આપશો?' એવું કોમળ અને પ્રેમાળ વિનંતીના સ્વરે પણ કહી શકીએ. પ્રસંગ એક જ હોઈ શકે પરંતુ એકમાં હોવાપણાની સીડીમાં નીચે ઊતરીએ, બીજામાં હોવાપણાની સીડીમાં ઉપર ચડીએ. આપણને પ્રત્યેક વખતે ઉપર ચડવાની પસંદગીની સજાગતા હોય તો પછી જીવન મુલાયમતા અને સત્યના આનંદથી ભરાઈ જતા બીજા સાથેના સંબંધમાં પ્રેમની સંવેદનાથી ઊતરી શકીએ છીએ.

## (૧૦) દુષ્યંત અને આધ્યાત્મિક અભિપ્સા

મહાભારતની દુષ્યંત અને શકુંતલાની વાર્તા પણ રહસ્યમય ગૂઢાર્થોથી ભરેલી છે. હવે પછીના લેખાંકોમાં તે વિશે વિગતે જોઈએ.

મહાભારત યુદ્ધના સૈકાઓ પૂર્વે પરમ ચક્રવર્તી દુષ્યંત રાજા થઈ ગયો. તેના રાજ્યના સીમાડા પૃથ્વીના ચાર છેડા સુધી હતા. તેના શાસનકાળમાં ધરતી અને સમુદ્ર રત્નો તથા ખનિજોથી છલકાતાં હતાં, પ્રજા શાંતિપ્રિય અને આસ્થાવાન હતી. ચોરી, હિંસા કે કોઈ પણ પ્રકારનો ભય ન હતો. વર્ષા યોગ્ય સમયે થતી અને બધું વિપુલ માત્રામાં હતું. દુષ્યંત શક્તિશાળી અને યુદ્ધકૌશલ્યમાં નિપૂણ હતો.

એક દિવસ વિશાળ લશ્કર સાથે દુષ્યંત શિકારે નીકળે છે. જંગલમાં શંખનાદ અને રણભેરી વગાડતા તેઓ ઊંડે સુધી જાય છે. એ દિવસે દુષ્યંત કેટલા સિંહ, વાઘ, હરણો અને પક્ષીઓનો શિકાર કરે છે. એક હરણનો પીછો કરતા થોડાંક સૈનિકો સાથે દુષ્યંત બીજા એક ગાઢ જંગલમાં પ્રવેશે છે. આ જંગલમાં તદ્દન શાંતિ હતી અને કોઈ પશુ કે પક્ષી ત્યાં ન હતા. વૃક્ષોમાંથી પસાર થતી હવાના સૂસવાટા સંભળાય તેવા શાંત વનમાં દુષ્યંત પોતાના હોવાપણામાં પણ એક પ્રકારના એકાંતનો અનુભવ કરવા લાગ્યો. તેની તમામ ઊર્જાઓ સ્વયંભૂ કેન્દ્રિત થવા લાગી. એ શૂન્યતાના પ્રદેશમાં આવી ગયો હતો.

આ જંગલમાંથી એ વધુ ઊંડા અને ગાઢ જંગલમાં પ્રવેશે છે. ગાઢ વૃક્ષોથી ઘેરાયેલો એક આશ્રમ જુએ છે. આખું વાતાવરણ મનોરમ્ય અને હકારાત્મક ઊર્જાસભર હતું. વૈદિક મંત્રો અને શ્રુતિઓના ગાનથી વાતાવરણ ભરાયેલું હતું. તેની આંખો અને મન આનંદથી ભરાઈ જાય છે. હરિયાળા જંગલોમાંથી દિવ્યફૂલોની સુગંધ હવાની લહેરો પર સવાર થઈને આવતી હતી.

દરેક વૃક્ષ ફૂલો અને ફળોથી આચ્છાદિત હતાં. પક્ષીઓનાં કલરવ અને ભ્રમરનાં ગુંજારવથી વાતાવરણમાં એક સંવાદપૂર્ણ નાદ ઊઠતો હતો. આખા જંગલમાં એકેય કાંટાળો છોડ કે વૃક્ષ ન હતું. વાઘ, સિંહ અને હરણા નિર્ભયતાથી પરસ્પર રમતા હતા.

માલિની નદીના કાંઠે આવેલો આશ્રમ તેણે જોયો. વૃક્ષો અને લતામંડપોથી ઘેરાયેલો, પક્ષીઓના મધુર અવાજો અને નદીના પ્રવાહના નૃત્યથી આખું વાતાવરણ ધુમીલ અને મનમોહક બની રહ્યું હતું. આશ્રમમાં અનેક યજ્ઞવેદીમાં પવિત્ર અગ્નિ પ્રજવલિત હતા. હવિષ્યના હોમથી વાતાવરણ, દિવ્ય ધૂપની સુંગધથી ભરાઈ ગયું હતું. અસહ્ય નીરવતા અને શાંતિથી દુષ્યંતનું મસ્તક નમી જાય છે.

આ કણ્વ ઋષિનો આશ્રમ હતો. દુષ્યંત પોતાના લશ્કરને આશ્રમની બહાર રહેવાનું કહીને ઋષિના દર્શન કરવા અંદર એકલો જાય છે. આ વાર્તાનો મર્મ સમજતા પહેલા આને અનુરૂપ મારા ગુરુએ કહેલી બીજી એક વાર્તા જોઈએ.

એક રાજયમાં રાજાના મૃત્યુ પછી હાથી જેને વરમાળા પહેરાવે તે રાજા બને તેવો રિવાજ હતો. એક વખત રાજાના મૃત્યુ પછી હાથી પસાર થતા સાધુને વરમાળા પહેરાવે છે. સાધુ ના પાડે છે પણ પરાણે તેને રાજા બનાવાય છે. સાધુ તો ઓરડામાં બેસી આખો વખત ધ્યાનમાં જ મગ્ન રહે છે. સાત વર્ષમાં રાજય ખૂબ સમૃદ્ધ અને લોકો સુખી થાય છે. બાજુના રાજયના રાજાને ઈર્ષ્યા આવતા તેણે આ રાજય પર ચડાઈ કરવાની તૈયારી કરી. મંત્રીઓએ સાધુને વાત કરી કે બાજુનો રાજા યુદ્ધ કરવા આવી રહ્યો છે. સાધુએ મંત્રીઓને કહ્યું કે રાજાને સંદેશો મોકલો કે મારે તેને મળવું છે. રાજા સાધુને મળવા આવે છે અને સાધુ તેને પોતાનું રાજય પણ ચલાવવા સોંપીને જંગલ તરફ ચાલી નીકળે છે. રાજાને ખ્યાલ આવે છે કે આ સમૃદ્ધિ, સુખ બધું સાધુના ઉચ્ચ કક્ષાના હોવાપણાને આભારી છે. રાજા સાધુ પાછળ દોડે છે અને પોતાનું રાજય પણ ચલાવવાની આજીજી કરે છે. દુષ્યંત પણ હોવાપણાની એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી ગયો છે જ્યાંથી વિના પ્રયાસે સમૃદ્ધિ અને સુખ-શાંતિ તેને આવીને મળે. દુષ્યંતની હાજરી માત્રથી સમૃદ્ધિ દોડી આવે છે.

દુષ્યંતનો અર્થ થાય છે જેને શાંત કરવો મુશ્કેલ છે, પરંતુ હકારાત્મક દિશામાં એટલે કે પરમતત્ત્વને પામવાની અભિપ્સા જેની શાંત કરવી મુશ્કેલ એવો શિષ્ય. જેની ઊર્જાઓ ત્વરાથી ઉપર ચડવા લાગી છે. આવી અવસ્થાથી માત્ર વ્યક્તિના હોવાપણામાં જ રૂપાંતરણ નથી આવતું પરંતુ તેને મળવા આવતા જીવનના પ્રસંગો અને વ્યક્તિઓ પણ બદલાઈ જાય છે. કરોડરજ્જુમાં ઊર્જાઓ ચડે છે તો સૌથી પહેલા આખી પ્રાણીસૃષ્ટિના વલણોનાં દર્શન થાય છે.

આ વલણો ઊર્જાને ફરીથી નીચે ખેંચે છે જેને ઓળંગવા પડે છે. દુષ્યંત જંગલમાં ઘણાં પ્રાણીઓનો શિકાર કરે છે, તેના દ્વારા એ વ્યક્ત થાય છે. પછી એ શાંતવનમાં પ્રવેશે છે જે બતાવે છે ઊર્જાઓ હવે પ્રાણીજન્ય વલણો અને માન્યતાઓથી મુક્ત થઈ પોતાના મૂળ સ્રોતમાં જવા તૈયાર થઈ ગઈ છે. આ એવો સમય છે જેમાં શિષ્યને પોતાના કેન્દ્રની અનુભૂતિ થાય છે. જ્યાં કોઈપણ સ્વરૂપે વલણો દ્વારા ઊર્જા વેડફાતી કે ખંડિત થતી નથી. પછી શિષ્ય મનોહર જંગલમાં પ્રવેશે છે જ્યાં વિપુલ સૌંદર્ય છે જે દર્શાવે છે કે પોતાના દિવ્યસ્રોતની નજીક ઊર્જાઓ આવી પહોંચી છે. અહીં માલિની નદી છે જેનો અર્થ થાય શુદ્ધને પકડી રાખવું. કણ્વઋષિના આશ્રમમાં દુષ્યંતનો પ્રવેશ શિષ્યનું પોતાના દિવ્યસ્રોતમા સમાઈ જવાનું ઇંગીત છે. કણ્વ એટલે નાદ, રવ. એ પોતાના દિવ્ય ગ્રૃહે પહોંચી ગયો છે અને નાદ કરે છે કે 'ઘરે આવી ગયો છું'. દરેક શિષ્યનું આ લક્ષ્ય છે. આગળ ઉપર જોઈશું કે, દિવ્ય અનુભૂતિને નોર્મલ જીવનમાં કેમ લઈ આવવી.

## (૧૧) દુષ્યંત અને શકુંતલા

દુષ્યંત આશ્રમમાં પ્રવેશે છે પણ કણ્વ ઋષિને જોતો નથી. 'કોઈ છે'ની બૂમ પાડે છે તો એ નાદથી આખું જંગલ ગૂંજી ઊઠે છે. આશ્રમની અંદરથી તાપસીનાં વસ્ત્રો પહેરેલી એક સુંદર કન્યા વેદની ઋચાથી દુષ્યંતને આવકારી તેના આગમનનું કારણ પૂછે છે.

ઋષિ કણ્વના દર્શન કરવા આવેલો હોઈ ઋષિ ક્યાં છે તેની પૃચ્છા કરતા તેઓ ફળફૂલ આદિ લેવા ગયા છે તેવો જવાબ મળે છે. આ ક્ષણે દુષ્યંતને ખ્યાલ આવે છે કે આ કન્યા પ્રત્યે કેમ તે આકર્ષાયો છે અને એક નજરમાં તેને ખ્યાલ આવે છે કે તેનું હોવાપણું ઊચ્ચકક્ષાનું છે. તેની આંખો અને ચહેરા પર ગહેરી યૌગિક ક્રિયાઓની ચમક જોવા મળે છે. પોતાની ઇન્દ્રિયો પર તેણે વિજય મેળવ્યો છે એ તેના હાસ્યમાં પ્રગટ થાય છે જે દુષ્યંતને અગાઉ ક્યારેય સંભળાયું નથી. 'એ કોણ છે.' એવી દુષ્યંતની પૃચ્છાના જવાબમાં તે કણ્વઋષિની પુત્રી છે એવું સાંભળતા દુષ્યંત ગૂંચવાય છે, કેમ કે ઉર્ધ્વરેતસ્ નામની પ્રક્રિયાથી ઋષિએ કામઊર્જાનું તત્વાંતરણ કર્યું હોવાથી તેમને સંતાન હોવાનો સંભવ નથી.

દુષ્યંતને કણ્વઋષિ પાસેથી સાંભળેલી પોતાના જન્મની કથા શકુંતલા કહે છે. રાજર્ષિ વિશ્વામિત્ર ઉધ્વરેતૃસ નામની પ્રક્રિયાથી પોતાની કામઊર્જાનું તત્વાંતરણ કરી રહ્યાં હોય છે. એ વખતે દેવરાજ ઇન્દ્ર અકળાઈ ઊઠતા અપ્સરા મેનકાને પોતાના રૂપ, યૌવન અને વાણી દ્વારા ઋષિના તપોભંગ કરવાનું કહે છે. આદેશ સાંભળતા મેનકા વિચલિત થઈ જાય છે, કેમ કે ઋષિ સિદ્ધિવાન હોવાથી શાપ આપી દે તો! વિશ્વામિત્રના ક્રોધ સામે રક્ષણ આપવા તે પવનદેવ અને કામદેવની મદદનું ઇન્દ્રને કહે છે.

ઊંડા ધ્યાનમાં બેઠેલા વિશ્વામિત્ર ઋષિના આશ્રમમાં મેનકા જાય છે. મેનકા તેમની સમક્ષ નૃત્ય કરે છે. એક ક્ષણે પવન તેનું વસ્ત્ર ઊડાડી મૂકે છે. વસ્ત્ર પકડવા મથતી નિર્વસ્ત્રા મેનકાને ઋષિ જુએ છે એ વખતે કામદેવ (ઇચ્છા) ઋષિના હૃદયમાં પ્રવેશે છે. અહીં જાગૃતિની સ્થિતિ ગુમાવતા કામસક્ત થયેલા ઋષિ મેનકાના સંગની માંગણી કરે છે. (વન સુગંધીત થઈ જાય છે) સંતાનના જન્મ સુધી બેઉ સાથે રહે છે. મેનકા પુત્રીને જન્મ આપે છે. ઊર્જાને ઉર્ધ્વગતિ આપવાનું પોતાનું લક્ષ્ય ચૂકાઈ ગયું છે એવો ઋષિને ખ્યાલ આવતા તેઓ તપ કરવા ચાલ્યા જાય છે અને મેનકા માલિની નદીને કાંઠે બાળક મૂકીને સ્વર્ગમાં ચાલી જાય છે. વન્ય જીવોથી નવજાત શીશુનું પક્ષીઓ રક્ષણ કરે છે એવે વખતે સ્નાન માટે જતા કણ્વઋષિ આ જોઈએ બાળકને

આશ્રમે લાવી ઉછેર છે. પક્ષીઓએ તેનું રક્ષણ કર્યું હોવાથી 'શકુન્તલા' નામ પાડે છે.

આ વાર્તા અને પાત્રોના ગહેરા અર્થોમાં ઊતરીએ. કણ્વનો અર્થ થાય 'નાદ' કે રવ. કામઊર્જા યોગિની કરોડરજ્જુમાં ચડીને મગજના ઉચ્ચતર પ્રદેશોમાં પહોંચીને દિવ્યનાદો કે આકાશ તત્વના પ્રદેશમાં પહોંચે છે. દુષ્યંતનું આશ્રમમાં પહોંચવું આ દર્શાવે છે. અહીં એ શકુંતલાને જેનો પક્ષી પણ અર્થ થાય તેને મળે છે. આકાશમાં ઊડતા પક્ષીના પદચિન્હો હોતા નથી. મનુષ્યના પ્રત્યેક કર્મ પછી કશુંક તો શેષ રહી જ જાય છે જે નવા કર્મના બીજ બને છે. દા.ત. કોઈ મળે અને અને ઝઘડો થાય પછી તે ચાલ્યો જાય તો પણ આપણી અંદર બચી રહેલો ગુસ્સો ભવિષ્યમાં ફરી વ્યક્ત થવા રૂપે સંગ્રહાય છે. સંપૂર્ણ રૂપાંતરણના પ્રદેશમાં કામઊર્જા પહોંચે તે પહેલા શિષ્યએ કશું બાકી ન વધે તે રીતે કર્મ કરતા શીખવું પડે છે એટલે કે શકુંતલા બનતા શીખવું પડે છે, પક્ષીની જેમ ઊડતા.

કોઈ ઘટના પ્રત્યે આપણે હસીએ છીએ તો અર્ધચેતનમાંથી તો આપણે દમિત લાગણીઓ જ ફેંકીએ છીએ. આ એક પ્રકારનું કેથાર્સીસ- રેચન છે. હકીકતે આપણે હસતા નથી પણ રડીએ છીએ. કર્મના નિયમમાંથી મુક્ત થયા પછી આપણને ખ્યાલ આવે છે કે સાચું હાસ્ય તણાવોની ઊલટી નહીં પણ દિવ્યઊર્જાઓનો થનગનાટ છે. દુષ્યંત શકુંતલાના દિવ્ય હાસ્ય પ્રત્યે આકર્ષાય છે, શકુંતલાનું હોવાપણું દિવ્ય ઊર્જાઓથી ઊભરાય છે તેનું દિવ્ય હાસ્ય પ્રતિક છે.

દેવરાજ ઇન્દ્ર પાંચેય ઈન્દ્રિયોમાંથી વહેતી સંવેદનાની ઊર્જાનો અધિપતિ છે. વિશ્વામિત્ર એટલે વિશ્વનો મિત્ર અથવા વૈશ્વિક ચેતના છે. યોગી પાંચેય ઇન્દ્રિયોની તમામ પ્રકારની ઉત્તેજનામાંથી મુક્ત થાય છે ત્યારે તે ઇન્દ્રિયોનો અધિપતિ બને છે. પછી તેની ચેતના સ્થિર થઈ વૈશ્વિક ચેતનામાં ભળે છે, તો ઇન્દ્ર તેનું આસન ગુમાવી બેસે છે. એટલે એ મેનકાને મોકલે છે. મેનકા એ મનના પ્રયત્નો દર્શાવે છે. મન અને વૈશ્વિક ચેતનાના સંયોગથી શકુંતલા જન્મે છે. આમ શકુંતલાનો ગહેરો અર્થ થાય શક્યતાઓ કે વિકસવાની સંભાવનાઓની ક્ષમતા.

યોગમાર્ગના વિદ્યાર્થીઓ મન અને ચેતના વચ્ચેનો તફાવત સમજી શકે તો બીજરૂપ તેમનામાં પડેલી વિકસવાની સંભાવનાઓની ક્ષમતાઓ એક દિવસ ખીલીને હકીકતોમાં બદલી શકે એટલે કે દિવ્યચેતનાનો ઉઘાડ થઈ જાય.

## (૧૨) શકુંતલાનો આંતરવિકાસ

દુષ્યંત શકુંતલા પ્રત્યે કેવી રીતે આકર્ષાય છે તે આપણે જોયું. એ શકુંતલાને ઘડિયાં લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. શકુંતલા પોતાના પિતા આવે ત્યાં સુધી રાહ જોવાનું કહે છે પરંતુ 'એ પોતે જ પોતાના ભાગ્યને નક્કી કરનારી હોઈ તે નિર્ણય લઈ શકે છે.' એવું દુષ્યંતના કહેવાથી પોતે નિર્ણય કરતા કહે છે કે, 'હે રાજા! મારી કુખે જન્મેલું બાળક તારા રાજ્યનું ઉત્તરાધિકારી થશે. આ રીતે શરત જો તું સ્વીકારે તો હું તારી સાથે લગ્ન કરું.' દુષ્યંતે શરત સ્વીકારતા બેઉ ગાંધર્વ વિવાહથી જોડાય છે પછી પોતે ચતુરંગીણી સેના મોકલી શકુંતલાને રાજધાની તેડાવી લેશે તેવું વચન આપી દુષ્યંત વિદાય લે છે.

ચૈતન્યના અત્યંત ઊચ્ચતર આયામોની અનુભૂતિ લીધા પછી દુષ્યંત નોર્મલ સંસારનું નાટક-લીલા ભજવવાનું સ્વીકારે છે અને આમ શકુંતલાના ગહેરા પ્રેમમાં પડી તેની સાથે લગ્ન કરે છે. યોગ્ય રીત તો એ છે કે દુષ્યંત ઋષિની રાહ જોવી જોઈએ પરંતુ તેને બદલે એ શકુંતલાને તત્કાલ નિર્ણય લેવાનું કહે છે. દુષ્યંત જુએ છે કે બચપણથી ઋષિના માર્ગદર્શનમાં શકુંતલા સાધના કરતી હોવાથી તેમની અસરમાં છે, તે અસરમાંથી મુક્ત કરાવી પોતે જ પોતાનો દિપક બને તેવું કરવામાં દુષ્યંત સફળ થાય છે.

આશ્રમે પરત ફરતા કણ્વઋષિ શકુંતલામાં આવેલા ફેરફારો નોંધી પોતાની યોગશક્તિ વડે આખી ઘટના જાણી લે છે. શકુંતલાને આશિર્વાદ આપતા કહે છે કે દુષ્યંત ચક્રવર્તી સમ્રાટ છે અને તમારો પુત્રી પૃથ્વી પર રાજ્ય કરશે.

ત્રણ વર્ષ પછી શકુંતલા કાંતિવાન અને ગુણસંપન્ન પુત્રને જન્મ આપે છે. એ ઝડપથી મોટો થવા લાગે છે. છ વર્ષનો થતા તે સિંહ, વાઘ, વરાહ, ભેંસ અને હાથીઓને પકડીને આશ્રમ પાસેના ઝાડ સાથે બાંધી દેતો અને તેના પર સવારી કરતો તેથી તેનું નામ સર્વદમન પાડ્યું. જે સર્વનું દમન કરે છે તથા વિક્રમ, ઓજસ અને બળથી સંપન્ન થયો છે. સેક્સ એનર્જીના ત્રણ ભાગ છે. સ્થૂળભાગ શુક્ર કહેવાય, સાઈકીકી કે માનસિક ભાગ વીર્ય કહેવાય અને અધ્યાત્મીક ભાગ ઓજસ કહેવાય છે.

શકુંતલાના ઘણા અર્થોમાંથી એક અર્થ થાય શક્યતાઓ કે સંભાવનાની શક્તિ, તે લગ્ન કરે છે, દુષ્યંત સાથે એટલે કે તીવ્ર અભિપ્સા સાથે સંભાવનાની શક્તિ જોડાય છે. અધ્યાત્મના દરેક શિષ્યમાં આંતરવિકાસની સંભાવનાઓ પડેલી હોય છે જે અથાક પરિશ્રમ દ્વારા હકીકતમાં પરિણમે છે. બેઉના મિલનથી ત્રણ વર્ષે જન્મેલો સર્વદમન દર્શાવે છે કે સંભાવનાઓને હકીકત બનતા ત્રણ વર્ષનો સમયગાળો લાગે છે. બધાં પ્રાણીઓ પરનું સર્વદમનનું નિયંત્રણ એ દર્શાવે છે કે તેણે પ્રાણીજન્ય સ્વભાવ અને વલણો પર વિજય મેળવી લીધો છે. પોતાની સેક્સ એનર્જીને તેણે ઉત્તેજનામાંથી મુક્ત કરીને તેમાંથી ઓજસ છૂટું પાડી લીધું છે.

યુવરાજ પદ માટેનો યોગ્ય સમય છે તેવું જાણીને ઋષિ તેમને મોકલવાનું નક્કી કરે છે. શકુંતલાને તેડી જવાનું વચન આપ્યાને નવ વર્ષ થયા છતાં દુષ્યંત તેડવા આવ્યો નથી. પુત્રને શકુંતલા સાથે રાજધાની જવા ઋષિ મોકલે છે જેથી રાજા તેની સંભાળ લઈ શકે. દુષ્યંતના દરબારમાં પુત્ર સાથે જઈ શકુંતલા વિધિપૂર્વક પૂજા કરીને દુષ્યંતને કહે છે કે, 'કણ્વના આશ્રમે મારી સાથેના તમારા લગ્નથી મારામાં આ તમારો પુત્ર થયો છે. હવે પ્રતિજ્ઞા પ્રમાણે તેનો રાજ્યાભિષેક કરો!'

શકુંતલાના શબ્દો સાંભળી બધું જાણતો હોવા છતાં કહે છે કે, 'મને યાદ નથી, હે, દુષ્ટ તાપસી!' તું કોની સ્ત્રી

છે? તારી સાથે મારો સંબંધ થયેલો મને યાદ નથી, તો તું ચાલી જા!'

આવું સાંભળતા ભોંઠી પડી જઈ દુઃખી થઈ બેભાન જેવી જડ પથ્થર જેમ તે ઊભી રહી ગઈ. આંખો લાલ થઈ અને હોઠ થરથરવા લાગ્યા. ગુસ્સાથી કાંપતી હોવા છતાં તપસ્યાના તેજથી ભાવને દબાવી રાખ્યા. રાજા તરફ કટાક્ષ નેત્રએ જોઈને તેણે કહ્યું, 'હે રાજા, તમારા હૃદય અને આત્મામાં જાણતા હોવા છતાં અજાણ બની રહ્યા છો, અંદરનો આત્મા જે સર્વજ્ઞ અને સર્વદૃષ્ટા છે તેનાથી કશું જ છૂપું રહી શકતું નથી. એ અંતર્યામી પુરાણમુનિથી કશું છુપાવી શકાતું નથી. તમે તેને જાણતા નથી પણ તમે તેની હાજરીમાં જુઠું બોલો છો.' પાપ કરી કેટલાક માને છે કે કોઈ જાણતું નથી પરંતુ ધર્મપરાયણ ઋષિપુત્રી એવી હું કહું છું કે, સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, આકાશ, ભૂમિ, પાણી, હૃદય, યમ, દિવસ, રાત્રી, બેઉ સંધ્યા અને ધર્મ એ સર્વ દેવો માનવના વર્તનને જાણે છે.'

દુષ્યંત અજાણ હોવાના ડોળ કરે છે કારણ કે, શકુંતલાના અર્ધચેતનમાં છુપાયેલા રહેલા બે પાસાને ચેતનમાં ઊજાગર કરી શકે એવી સ્થિતિનું નિર્માણ કરવા માગે છે જેમાં આ ઊર્જાઓ ખૂલીને વ્યક્ત થાય. શકુંતલામાં છુપાયેલા ગુસ્સામાંથી તેને મુક્ત કરાવવા તેમજ તેનામાં રહેલા શાણપણને ગુસ્સાના સ્વરૂપ દ્વારા વ્યક્ત કરાવવા માટે દુષ્યંત અજાણ્યા હોવાનો ડોળ કરે છે.

અહીં શકુંતલા જૂઠ્ઠાંણાના ગહેરા નિયમો વ્યક્ત કરે છે. તે કહે છે કે જુઠું બોલવું એટલે માત્ર અસત્યનું ઊચ્ચારણ નહીં પણ એવું ચિત્ર રજૂ કરવું જેનું ખરેખર અસ્તિત્વ જ નથી. એ એવી ઊર્જાઓની વાત કરે છે જે જૂઠ્ઠાણાને કારણે બૉડી-બ્રેઈન સિસ્ટમના દૂષિત થાય છે. આ બધી ઊર્જાઓ આપણી તમામ કામગીરીઓથી માહિતગાર (અસર પામે છે). વધુમાં આ ઊર્જાઓ જ આપણા ભાગ્યનું નિર્માણ કરે છે અને જૂઠ્ઠું બોલીને આપણે માત્ર દુઃખને જ આમંત્રણ આપીએ છીએ કેમ કે ઊર્જાઓ દૂષિત થાય છે.

આપણે જોયું કે સત્ય અને જૂઠ બંનેથી દુષ્યંત ઊઠી ગયો છે તેથી શકુંતલાના વિકાસ માટે જૂઠનો એ સાધન તરીકે ઉપયોગ કરે છે. આગળ ઉપર આપણે જોઈશું કે પત્નીની જુદી જુદી ભૂમિકાની જવાબદારીઓની વાત શકુંતલા કહે છે અને આપણે તેના ગહેરા અર્થો જોવાનો પ્રયાસ કરશું.

## (૧૩) પત્નીની જુદી જુદી ભૂમિકા

શકુંતલા અત્યંત ગુસ્સે થયેલા હોવા છતાં તેના મુખમાંથી ગહેરા શાણપણ ભરેલા શબ્દો નીકળે છે. દુષ્યંત અજાણ હોવાનો ડોળ કરે છે જેથી છૂપું જ્ઞાન બહાર આવી શકે. આપણે જોઈએ કે શકુંતલા શું કહે છે.

શકુંતલા કહે છે, 'હે રાજા, આ હું તમારી પત્ની અહીં ઊભી છું, મને પૂજાપાત્રને તમે કેમ સત્કારવાને બદલે હલકટ સ્ત્રીની જેમ કેમ જુઓ છો? શું હું વેરાનમાં રહું છું? તમે મારા વચન નહીં સાંભળો તો તમારા મસ્તકના હમણાં સેંકડો ટુકડા થઈ જશે.'

દુષ્યંત અજાણ્યા હોવાના અભિનય કરે છે તેનાથી શકુંતલા અજાણ છે. શકુંતલાના અચેતનમાં પડેલા ગુસ્સામાંથી તેને મુક્ત કરવા આ કરે છે. જે તેના શબ્દોમાં દેખાઈ આવે છે. દુષ્યંતની શક્તિથી અજાણ એવી તે પોતાના અધ્યાત્મબળથી દુષ્યંતને ધમકી આપે છે.

શકુંતલા કહે છે, 'પ્રાચીન ઋષિઓ જાણે છે કે, પતિ પત્નીમાં પ્રવેશીને ફરી પુત્રરૂપે જન્મ લે છે એ જ જાયાનું જાયત્વ (પત્નીત્વ) છે. જ્ઞાનીપુરુષને જે પુત્ર જન્મે છે, તે પુત્ર પોતાની સંતતી કરીને પરલોકવાસી પિતામહોને તારે છે.' શકુંતલા અહીં ગહેરાં વિજ્ઞાનનો ઉઘાડ કરે છે જેમાં પતિનું સ્વરૂપ પુત્રરૂપે ફરી આવે છે. જાયા શબ્દ સંસ્કૃતમાં 'જન' મૂળમાંથી આવે, જે જેનો અર્થ થાય જન્મ દેવો. સ્ત્રી જ્યારે લગ્ન કરે છે તો પત્ની તરીકે ઓળખાય છે, પણ ગર્ભવતી થાય છે તો જાયા તરીકે ઓળખાય છે. પુત્ર શબ્દ પુ અને ત્ર થી બને છે. પુ એટલે પીડાદાયી કે વેદના અને ત્ર એટલે ઓળંગી જવું. પુત્રને જન્મ આપી પિતા પીડા કે વેદનાને ઓળંગી જાય છે. એવું શકુંતલા કહે છે.

વળી, શકુંતલા કહે છે કે, પત્ની એ છે જે ગૃહસ્થી ચલાવી જાણવામાં હોશિયાર અને સંતાનોને જન્મ આપવા ઈચ્છુક છે. તેનું જીવનબળ હંમેશાં પતિમાં કેન્દ્રિત હોય છે! પત્ની 'પા' ધાતુમાંથી આવે છે જેના બે અર્થ છે કે, પાણી પાવું અને બીજું રક્ષણ કરવું, એટલે કે પાલનપોષણ કરવું. શકુંતલા અહીં કહે છે કે, પ્રેમનું પીણું પાઈને પતિના જીવનને પત્ની પોષણ આપે છે.

શકુંતલા ભાર્યાની ભૂમિકાની પણ અહીં વાત કરે છે. ભાર્યા શબ્દ આવે છે 'ભ્રૂ' મૂળમાંથી, જેનો અર્થ થાય ભરવું અને ભર્તુના અર્થ થાય નાયક કે ટેકેદાર. શકુંતલા કહે છે કે, માત્ર સ્ત્રી જ સર્જનના રહસ્યને જાણે છે એટલા માટે કે માત્ર તે એક જ જન્મ આપી શકે છે. ઋષિ કહે છે કે તમામ મૂર્ત સર્જન પાછળ ત્રણ બળોનું સંયોજન હોય છે. આમ, દરેકના જીવનના તમામ પ્રસંગોનું સંચાલન ત્રણ બળો દ્વારા થાય છે અને સ્ત્રી એનું રહસ્ય જાણે છે તેથી એ આનંદ, લક્ષ્મી અને ધર્મને પતિના જીવનમાં લાવે છે. પત્ની આ ભૂમિકા પૂર્ણતાથી ભજવે છે ત્યારે પતિને ઉચ્ચત્તમ કૃપાનો અનુભવ થાય છે અને સમૃદ્ધિની મોજ લે છે. પત્ની આ ભૂમિકા ભજવે છે તો લોકો તેના પતિને વિશ્વાસુ વ્યક્તિ તરીકે સન્માન આપે છે.

પત્ની દ્વારા ભજવાતી પ્રિયંવદાની ભૂમિકાની શકુંતલા વાત કરે છે. પ્રિયમ એટલે ગમતું, શાંતિ આપે તેવું અને વદા એટલે બોલવું, 'પ્રિય શબ્દો બોલનારી', પતિના હૃદયના એકાંતને મિત્રતાના અમૃતવચનોથી જે ભરી દે છે તે પ્રિયંવદા છે.

મુશ્કેલીના કપરા સમયમાં માતાની જેમ પતિની કાળજી લે છે તથા ધર્મકાર્યોમાં પિતારૂપ નીવડી તેની ઊર્જાને યોગ્ય દિશા આપે છે. વ્યાધિમાંથી દુઃખી થયેલા અને તાપથી અકળાયેલા ઠંડા છાયામાં આનંદ પામે છે તેમ તેઓ પત્નીમાં આનંદ પામે છે.

છેલ્લે તે 'કાંતા'ની ભૂમિકાની વાત કરે છે જે કામ શબ્દમાંથી આવે છે. તેનો અર્થ થાય ઈચ્છા, એટલે કે પતિની

અંતરતમ ઇચ્છાની પૂર્તિરૂપે પત્ની છે. શકુંતલા કહે છે કે, હે રાજા! તમામ મનુષ્યની સૌથી ગહેરી ઇચ્છા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની છે, અને એ ઇચ્છા પત્નિ બાળકનો જન્મ આપી પૂરી કરે છે. મહાન ઋષિઓ પણ તેની સિદ્ધિઓ અને શક્તિઓ હોવા છતાં અસ્તિત્વ ટકાવવાની ઇચ્છાએ લગ્ન કરતા.

પતિની ગહેરી ઇચ્છા પૂરી કરનાર તરીકે કાન્તાની ભૂમિકામાં પત્ની છે. તે રતિ (સંતોષ), પ્રીતિ-પ્રેમ અને ધર્મ-પ્રકૃતિના નિયમોની વાહક-ધારક છે, તેથી અત્યંત ક્રોધમાં પણ પુરુષ ધ્રૂજતો હોય તો પણ તેને સ્ત્રીનું અપમાન કે તિરસ્કાર ન કરવો કારણ કે આવું કરીને એ માત્ર પોતાના નસીબને જ ધુત્કારતો નથી પરંતુ આ ત્રણેય (રતિ, પ્રિતિ અને ધર્મ)થી દૂર  થઈ જતાં મોક્ષને દૂર ઠેલે છે.

દુષ્યંત જવાબ આપે છે કે, ‘કામવાસનામાંથી જન્મેલી, તું નીચ જાતિની વેશ્યાની જેમ બોલે છે. હું તને કે તારા પુત્રને જાણતો નથી. એવું લાગે છે કે તું હંમેશા અસત્ય જ બોલે છે તેથી તારો કોણ વિશ્વાસ કરે, તું અહીંથી ચાલી જા.’

આ સાંભળી શકુંતલા કહે છે કે, ‘હું તો ચાલી જઈશ પણ તમારા પુત્રનો સ્વીકાર કરી લો. તમે નહીં સ્વીકારો તો  પણ તેનું ભાગ્ય તો પૃથ્વીપતિ બનવાનું છે, તેથી હું આ ચાલી.’

શકુંતલા જાય છે, આકાશવાણી થાય છે કે, હે દુષ્યંત, આ તારી પત્ની છે અને તેમાં તારાથી થયેલો આ પુત્ર છે તેનું  ભરણ કર અને શકુંતલાનો અનાદર ન કર. તેનું નામ ભરત થશે. આ મહાનભૂમિ જેને ઋષિઓના આશીર્વાદ મળેલા છે તે તેના નામથી ભારત તરીકે પ્રસિદ્ધ થશે.

દુષ્યંત શકુંતલાને સમજાવે છે કે તે એટલા માટે આવી રીતે વર્તન કરતો હતો, જેથી પોતાના મોહક ચિત્રના રૂપમાં રહેલા અહ્મનો છેલ્લો અંશ પણ નાશ પામે તો શકુંતલા પોતાની વર્ષોની સાધનાનાં ફળ ચાખી શકે. અહંકારના ઓગળવા સાથે જ આંતરપ્રકાશ ખૂલી ગયો અને આકાશવાણીના સ્વરૂપે તે સંભળાયો. આપણે આગળ ઉપર કારણ-અસર, સાધન અને હેતુ વિશે જોયું. શકુંતલાના શબ્દોમાં જ્યારે પિતા-પુત્ર, પિતામહો અને પ્રપૌત્રોની વાત આવે છે, તો તેને કારણ અને અસરના ખેલ તરીકે સમજવાનો પ્રયાસ કરવાનું નિવેદન કરું છું.

**(૧૪) કચ અને દેવયાનીઃ ઊર્જાઓનો આંતરખેલ**

મૂળ વાર્તા સાથે દેખીતો સીધો સંબંધ ન ધરાવતી ઘણી બધી વાર્તાઓ મહાભારતમાં હોવા છતાં તે દરેક ગહેરો અર્થ ધરાવતી હોવાથી ગ્રંથના સમગ્રલક્ષી સત્વને આકારીત કરે છે. આવી જ એક વાર્તા કચ અને દેવયાની તથા ત્રણેય લોકના અધિપત્ય માટેના પ્રલંબ દૈવાસુર સંગ્રામની પણ છે.

દેવો એટલે હકારાત્મક ભાવો તથા ચેતનાની ઘણી ઊંચી અવસ્થા ધરાવતી હસ્તીઓ. અસૂરો એટલે દાનવો, બૃહસ્પતિ દેવોના ગુરુ છે. શુક્રાચાર્ય દાનવોના ગુરુ છે. યુદ્ધમાં દાનવો મરાય છે, ત્યારે શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી તેમણે ફરી સજીવન કરી. છેવટે અસૂરો સામેના યુદ્ધમાં દેવો અસહાય થઈ જાય છે.

આના ઉકેલ માટે દેવો તેના ગુરુ બૃહસ્પતિના પુત્ર કચ પાસે જઈ તેને શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા જવાની વિનંતી કરે છે. તેઓ કહે છે કે શુક્રાચાર્ય સીધેસીધી વિદ્યા તો નહીં શીખવે તેથી તેની દીકરી દેવયાનીનું મન જીતવું પડશે, જેથી શુક્રાચાર્ય દીકરીને ખૂબ પ્રેમ કરતા હોવાથી નાછૂટકે વિદ્યા શીખવશે.

કચ શુક્રાચાર્ય પાસે જઈને શિષ્ય તરીકે સ્વીકારવા પ્રાર્થના કરે છે અને તેમના ઘરે રહીને ગુરુ માટેના તમામ કાર્યો કરે છે. દેવયાનું હૃદય જીતવાનાં લક્ષ્ય સાથે આવેલો કચ, સંગીત, નૃત્ય અને ગાન દ્વારા દેવયાનીને રીઝવવાનો પ્રયાસ કરે છે. જંગલમાં જઈ એ ફળો લઈ આવે છે. ફૂલો દ્વારા તેને મોહિત કરવાનો પ્રયત્ન કરે છે. સમય જતા દેવયાની કચ પર વારી જાય છે.

અસૂરોને ખ્યાલ છે કે કચ સંજીવની વિદ્યા શીખવા આવ્યો છે તે સફળ થશે તો પછી દૈવાસુર સંગ્રામમાં અસૂરો બળશાળી પુરવાર નહીં થાય, તેથી કચને મારી નાખવાનું નક્કી કરે છે. એક દિવસ એકાંતવનમાં કચ ગાયો ચરાવતો હોય છે ત્યાં અસૂરો આવી કચને મારી, કટકા કરી વરૂ અને શિયાળોને ખવરાવી દે છે.

સાંજ પડતા કચ પાછો ન આવતા દેવયાની પિતાને કચને શોધવાનું કહે છે. યોગબળથી શુક્રાચાર્ય જાણે છે કે કચને અસૂરોએ મારી નાખી પ્રાણીઓને ખવરાવી દીધો છે. કચ વગર પોતે નહીં જીવી શકે એવું દેવયાનીના કહેવાથી સંજીવની વિદ્યાથી કચને શુક્રાચાર્ય ફરી સજીવન કરતા, વરૂ અને શિયાળના પેટ ફાડી કચ જીવતો થાય છે.

વળી એક વખત કચને અસૂરો મારી, દરિયામાં નાખી દે છે અને શુક્રાચાર્ય તેને જીવીત કરે છે. ત્રીજી વખત અસુરો તેને મારી, કટકા કરી બાળીને તેની રાખ શુક્રાચાર્યને મદિરામાં પીવડાવી દે છે, જેથી શુક્રચાર્ય તેને ફરી સજીવન ન કરી શકે.

પેટમાં રહેલા કચને પૂછતા આખી વાત જાણી શુક્રાચાર્ય દેવયાનીને કહે છે કે પોતાના મૃત્યુ વગર આ વખતે કચને જીવતો કરવો શક્ય નથી. દેવયાની જવાબ આપે છે કે તમારા બેઉમાંથી કોઈપણ મરે તેવું હું ઇચ્છતી નથી અને જો એવું થશે તો હું પણ પ્રાણત્યાગ કરીશ. કચને સંજીવની શીખવી ને જીવતો કરતા તે શુક્રચાર્યનું પેટ ફાડીને બહાર આવે છે અને એ જ વિદ્યાથી શુક્રાચાર્યને જીવીત કરે છે.

આમ, અસૂરોની મૂર્ખામીને લીધે કચ સંજીવની વિદ્યા શીખવાનું લક્ષ્ય પૂરું કરે છે. નવા જ્ઞાન સાથે દેવલોકમાં પાછા ફરવાનું કચ નક્કી કરે છે ત્યારે દેવયાનીએ મૂકેલા લગ્નના પ્રસ્તાવને એમ કહીને ના પાડે છે કે આપણે બેઉ શુક્રાચાર્યના પેટથી જન્મ્યા હોવાથી સહોદરો વચ્ચે લગ્ન સંભવ નથી. આ સાંભળી દેવયાની કચને શાપ આપે છે કે, તે વિદ્યાનો ઉપયોગ કરી શકશે નહીં. કચ યોગ્ય શિષ્યોને વિદ્યા શીખવે છે જેથી તેનો ઉપયોગ કરી શકાય.

આ વાતના ગહેરા અર્થમાં જઈએ. આપણી અંદર રહેલા સેક્સ સેન્ટરનું શુક્રાચાર્ય પ્રતિક છે. શુક્ર એટલે સેક્સ. સેક્સ એનર્જીની ત્રણ કામગીરી છેઃ (૧) પછીની પેઢીને

જન્મ આપીને પ્રકૃતિમાં અખંડિતતા અને સાતત્ય લાવે છે. (૨) અમર્યાદિત અને અમાપ હોવાથી બીજા કેન્દ્રો સાથે જોડાઈને સેક્સએનર્જી તેને ઊર્જા આપે છે. (૩) પોતાના મૂળસ્રોત તરફ પાછા ફરવાની સંભાવનાશક્તિ પડેલી છે, એટલે કે સેક્સ સેલ દિવ્ય બની શકે છે. સેક્સએનર્જીની આ ઊર્ધ્વગામી યાત્રાને 'દેવઅયન' કહે છે અને તે શુક્રાચાર્યની દીકરી દેવયાની છે.

દાનવો કે અસુરો આપણી અંદરની નકારાત્મક લાગણીઓ છે. એ ક્યારેય મરતી નથી. જેટલીવાર અભિવ્યક્ત કરીએ, પછી એ ગુસ્સામાં, ઈર્ષ્યા, ધૃણા, સેલ્ફ લવમાં કે ચીડમાં હોય, બગાડ સેક્સ એનર્જીનો થાય છે અને નકારાત્મક લાગણીઓ ફરી સજીવન થાય છે, શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી અસૂરોને ફરી સજીવન કરે છે તે પ્રતિકમાં રહેલ છે. બૃહસ્પતિ ઉચ્ચતર શક્તિનું પ્રતિક છે. કચ (ચમકવું)એ ઉચ્ચતર વિચારકેન્દ્ર દ્વારા મેળવાતું જ્ઞાન છે. ઉચ્ચતર વિચારકેન્દ્ર પોતાની કામગીરી અસરકારક રીતે કરી શકે તે માટે સેક્સ સેન્ટર સાથે તેનું જોડાણ થવું જોઈએ. એટલે કે, સંજીવની વિદ્યા (ઊર્જાનો અસીમ પુરવઠો મેળવવાની ટેકૂનિક) જે નકારાત્મક લાગણીઓ પાસેથી ચોરી લેવાની છે. શરૂઆતમાં બે વખત કચ નિષ્ફળ જાય છે પરંતુ ત્રીજી વખત નકારાત્મક લાગણીઓની મૂર્ખામીને કારણે વિદ્યા મેળવે છે.

નકારાત્મક લાગણીઓ પુનર્જિવીત કેવી રીતે થાય છે? નકારાત્મક લાગણીઓ ઉત્પન્ન કરતી પરિસ્થિતિ પસાર થઈ ગયા પછી શેષ રહી ગયેલ નકારાત્મકતા સેક્સ કેન્દ્ર સાથે જોડાતા તેમાંથી ઊર્જા ચૂસવાનું શરૂ કરે છે અને નકારાત્મકતાને ફરી વ્યક્ત થવા માટેનો રસ્તો તૈયાર કરે છે. બની ગયેલી નકારાત્મકતાની પુનર્વૃત્તિ યાંત્રિક રીતે જ થયા કરે છે. જ્યારે તેને યાદ કરવા માટે સભાન પ્રયત્નોથી જરૂર પડે છે. બની ગયેલી નકારાત્મકતા જનક ઘટનાઓને યાદ કરવા સંજીવનીનો ઉપયોગ કરવો એ સભાન પ્રયાસ છે. આમ આપણે હકારત્મકતા રીતે યાદ કરીએ તો નકારાત્મક લાગણીઓનું પુનવૃત્તિનું ચક્ર તૂટે છે. નકારાત્મકતાને 'પોઝ' આપીને અટકાવવાથી આ થઈ શકે છે તો પછી સેક્સ એનર્જીને ઉપરની તરફ દિશા આપી શકાય છે જેને દેવઅયન કહેવામાં આવે છે. એ શુક્રાચાર્યની પુત્રી છે.

## (૧૫) દેવયાની અને શર્મિષ્ઠાની વાર્તામાં સેક્સ એનર્જીનો દિવ્ય ઉપયોગ

અસૂરોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાની અને અસુરરાજ વૃષપર્વાની દીકરી શર્મિષ્ઠા પોતાની દાસીઓ સાથે નદીમાં સ્નાન કરતી'તી, ત્યાંથી પસાર થતાં ઈન્દ્રએ આ જોયું અને વાયુનું રૂપ લઈ તેમનાં વસ્ત્રો ઉડાડી મૂક્યા. નાહીને બહાર આવતા ઉતાવળે બેઉએ એકબીજાનાં વસ્ત્રો પહેરી લીધાં. આ જોઈ દેવયાની એ ગુસ્સે થઈ કીધું કે, ''રાક્ષસ પુત્રી થઈને મારાં વસ્ત્રો પહેરવાની તારી હિંમત કેમ ચાલી?' આ સાંભળી શર્મિષ્ઠાએ જવાબ આપ્યો કે, 'તારા પિતાની મંત્રસાધનાનું ફળ મારા પિતા ભોગવે છે તેમ છતાં મારા પિતાના દાન પર તારા પિતા ભિખારીની જેમ જીવે છે. 'દેવયાની જ્યારે શર્મિષ્ઠા પાસેથી પોતાના વસ્ત્રો ખેંચવા લાગી ત્યારે શર્મિઠાએ તેને ધક્કો મારી ઊંડા કૂવામાં ધકેલી દીધી. તેને મૃત્યુ પામેલી માની બધા ઘરે ચાલ્યા આવ્યા.

યયાતી રાજા ત્યાંથી પસાર થતાં તેને દેવયાનીનો અવાજ સંભળાયો. બ્રાહ્મણ પુત્રી કૂવામાં પડી ગઈ છે તે જાણી તેને બહાર કાઢી તે પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો. દેવયાનીએ પોતાની ધાત્રીને વાત કરી કે, 'તું જઈને મારા પિતાને આ વાત કર.' શુક્રાચાર્ય ત્યાં આવીને તેની દીકરી દેવયાનીને સાંત્વના આપીને કહ્યું, કે, 'જીવનમાં આવતી કોઈ પણ વેદના આપણા આમંત્રણ વગર નથી આવતી.' તેમણે કહ્યું કે, 'જીવનમાં પોતાની મેળે વેદના ક્યારેય આવતી નથી. વ્યક્તિ એના બીજ વાવે અને સમયાંતરે તેના ફળ ચાખે.' તેમણે પછી દેવયાનીને કહ્યું કે, 'તેં જરૂર કશુંક કર્યું હશે, જેથી તને આવી ઘટના આવીને મળી.' દેવયાનીએ વ્યંગમાં કહ્યું કે, 'મારે પસ્તાવો કરવો પડે તો ભલે કરવો પડે પણ શર્મિષ્ઠાએ એવું કહ્યું કે, 'તારા પિતા ભિખારીની જેમ મારા પિતા માટે મંત્રોચ્ચાર કરે છે, છતાં મારા પિતાના ધન પર તારા પિતા જીવે છે.''

આ સાંભળીને શુક્રાચાર્યને ગુસ્સો આવ્યો, તેમણે કહ્યું કે, 'દેવો, અસૂરો અને મનુષ્ય એમ ત્રણેય લોકમાં હું પૂજાઉં છું. લોકોની સુખાકારી માટે હું જળ આપું છું અને વનસ્પતિઓ અને ઔષધિઓ મારી ઊર્જાથી પાંગરે છે.' તેઓએ વૃષપર્વા પાસે જઈને કહ્યું કે, 'તેઓ અસૂરોનું રાજ્ય છોડીને ચાલ્યા જાય છે.' તેમણે વૃષપર્વાને યાદ દેવરાવ્યું કે, 'અગાઉ તેમના પુત્ર સમાન શિષ્ય કચને પણ મારવાનો પ્રયાસ કરેલો અને હવે પોતાની પુત્રી દેવયાનીને શર્મિષ્ઠાએ મારવાનો પ્રયત્ન કર્યો છે.' વૃષપર્વાએ શુક્રાચાર્યની સ્તુતિ કરી પોતાનાથી કંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા માંગી તેમને રોકવાનો પ્રયત્ન કર્યો. શુક્રાચાર્યએ કહ્યું કે, 'મારી દીકરી જો રાજી થાય તો હું રોકાવ.' વૃષપર્વાએ દેવયાનીને પૂછ્યું કે, 'તારી શું ઇચ્છા છે?' તેના જવાબમાં દેવયાનીએ કહ્યું કે શર્મિષ્ઠા મારી દાસી બને.

ફરી એકવાર દેવયાની અને તેની દાસીઓ વનમાં વિહરતા હોય છે ત્યારે યયાતિ ત્યાંથી પસાર થાય છે. તેઓ એકબીજાને મળે છે અને દેવયાની તેની સાથે પરણવાનો પ્રસ્તાવ મૂકે છે. યયાતિ શુક્રચાર્ય પાસે જઈને તેમની મંજૂરી માંગે છે. શુક્રાચાર્ય સહમત થાય છે અને યયાતિને કહે છે કે, 'શર્મિષ્ઠા દેવયાનીની દાસી છે તેથી તેની સાથે આવશે પણ તારે શર્મિષ્ઠાનો ખ્યાલ રાખવાનો છે પણ તેની સાથે કોઈ સંબંધ બાંધવાનો નથી.'

દેવયાનીથી યયાતિને યદુ અને તુર્વસુ નામના બે દીકરા થાય છે. એક દિવસ યયાતિ બગીચામાં શર્મિષ્ઠાને જોઈ જાય છે. શર્મિષ્ઠા યયાતિના મોહમાં પડે છે. બંને એકબીજા પ્રત્યે આકર્ષાય છે. શર્મિષ્ઠા યયાતિને ત્રણ સંતાનો પુરૂ, અનુ અને દ્રુહ્યુ થાય છે. આ વાત જાણીને દેવયાની ગુસ્સે થઈ તેના પિતાની પાસે ચાલી જાય છે. શુક્રાચાર્ય યયાતિને વૃદ્ધાવસ્થાનો શ્રાપ આપે છે. શ્રાપ પાછો લેવાની

વિનવણીના જવાબમાં શુક્રાચાર્ય કહે છે કે, 'તારો કોઈ પુત્ર તને તેની યુવાની આપે અને તારી વૃદ્ધાવસ્થા લઈ લે તો બને.' પાંચમાંથી માત્ર પુરૂ જ આ માટે સહમત થાય છે. એક હજાર વર્ષ સુધી યયાતિ જીવનના સુખોપભોગમાં રચ્યોપચ્યો રહે છે. પછી તેને તેની નિરર્થકતા સમજાતા પુરૂને તેની યુવાની પાછી આપે છે અને સ્વર્ગમાં જાય છે.

હવે આ વાર્તાનો ઉઘાડ કરીએ. દેવયાની શબ્દદેવ + અયનથી બને છે, એટલે કે દેવો કે દેવત્વ તરફ ગતિ કરવી. એ શુક્રાચાર્ય, સેક્સ એનર્જીની પુત્રી છે. રાક્ષસ જે સેક્સ એનર્જીનો દુરુપયોગ કરે છે અને તેના રાજાની પુત્રીનો અર્થ થાય બધાંય ઇન્દ્રિયજન્ય સુખોપભોગ અથવા તો સાંસારીક આકર્ષણો. મનુષ્ય પાસે બે પસંદગી છે. કાં. તો પોતાની સેક્સ એનર્જીને ઈન્દ્રિયજન્ય સુખોની ઉત્તેજનાના માર્ગે લઈ જાય અથવા તો દેવો કે દેવત્વ તરફની દિશામાં લઈ જાય (શર્મિષ્ઠા) દેવયાની એટલે કે સેક્સએનર્જીનું રૂપાંતરણ કરી તેની ઉર્ધ્વગતિ કરાવી તત્વાંતરણ કરાવવું. એ બંનેને યયાતિ સાથે સંબંધ છે. યયાતિ શબ્દ યત્ન કે પ્રયત્નમાંથી આવે છે. સેક્સએનર્જીના રૂપાંતરણ માટે મનુષ્યએ પ્રયત્ન કરવો જ પડે છે. એટલે દેવયાની તેને પરણે છે. પતંજલીમુનિ યત્ન શબ્દ પર ખાસ ભાર મૂકે છે અને કહે છે કે 'તત્ર સ્થિતો યત્ન અભ્યાસ' - યોગની અવસ્થા પ્રાપ્ત કરવા માટે મનુષ્યએ અભ્યાસ કે પ્રેકટીસ કરવા જ જોઈએ. પછી તેઓ અભ્યાસ શબ્દને સમજાવતા કહે છે કે યત્ન એટલે નિરંતર પ્રયાસ.

જેવા આપણે અભ્યાસ કે પ્રેકટીસ શરૂ કરીએ તો ઘણી વખત આપણી સેક્સ એનર્જી સંસાર સુખોમાં ખેંચાઈ જાય છે જે શર્મિષ્ઠાથી થયેલા યયાતિના પુત્રો દર્શાવે છે. આ સુખોપભોગમાં આપણા શરીર યુવાન દેખાતા હોવા છતાં આપણે ઊર્જા ગુમાવીને વૃદ્ધ થઈ જઈએ છીએ જે શુક્રાચાર્યએ યયાતિને આપેલા શ્રાપમાં દેખાય છે. યયાતિ પુત્ર પાસેથી સુખોપભોગ માટે યુવાની મેળવે છે એ દર્શાવે છે કે સેક્સ એનર્જીને દબાવી શકાતી નથી, એટલે કે સંસારના બધા જ સુખોપભોગમાંથી પસાર થઈને સમજણની એવી અવસ્થાએ આવવું પડે કે જ્યાં સ્વેચ્છા તેનો ત્યાગ કરે એટલે પુત્રને યુવાની પાછી આપી દે છે. અનુભવ સમૃદ્ધિમાંથી જે વ્યક્તિ પસાર થયો છે કે તે જ સેક્સ એનર્જીનું રૂપાંતરણ કરી શકે છે.

યદુમાંથી યાદવ વંશ થયો. જેમાં શ્રીકૃષ્ણ જન્મ્યા. આમ, સેક્સએનર્જીના રૂપાંતરણથી ચૈતન્યનું તત્ત્વ મેળવી શકાય છે. શર્મિષ્ઠાના પુત્ર પુરૂમાંથી પાંડવો અને કૌરવો થયા. જેમની વચ્ચે મહાભારતનું યુદ્ધ થયું. આ દર્શાવે છે કે સાંસારીક સુખોપભોગનું પરિણામ અરાજકતા અને બંધન છે. અધ્યાત્મપથના દરેક મુમુક્ષુ પાસે પોતાની સેક્સએનર્જીને કઈ દિશામાં લઈ જવી તેની પસંદગી હોય છે અને આ પસંદગી માટે તે મુક્ત હોય છે.

## (૧૬) સમુદ્રમંથન :

આંતરનિરીક્ષણની યાત્રામાં સૌથી મોટી અડચણ નકારાત્મક લાગણીઓ છે. એ આપણને સંમોહિત કરી સંસાર પ્રત્યેની નિદ્રામા ઊંઘાડી દે છે અને ચેતના કે જાગૃતિની અવસ્થાને ખલેલ પહોંચાડી નીચે લાવી દે છે. આ નકારાત્મક લાગણીઓને દબાવી ન શકાય પણ તેની સાથે સાથે ચતુરાઈથી કામ લેવું પડે. કારણ કે સત્ય પૂર્ણ છે એટલે નેગેટીવ અને પોઝીટીવ બેઉ ભાગ એ સત્યના અડધિયા છે. નકારાત્મક લાગણીઓનો સભાનપણે ઉપયોગ કરી અંદરની દિવ્યતા સાથે સંવાદ રચવા માટે તેમાંથી અમૃત (ચૈતન્યના સત્વની ઊર્જા) કાઢવું પડે.

નકારાત્મક લાગણીઓ ચાર પ્રકારની હોય છે.

**(૧) અસુરઃ** આ શબ્દ 'અસ' અને 'ઉન'માંથી આવે છે અને અર્થ થાય છે ઘડતર કે ઘડવું. આ એ નકારાત્મક ઊર્જાઓ છે જે આપણી એકત્ર થયેલી ઊર્જાને વેરવિખેર કરી નાખે છે.

**(૨) દૈત્યઃ** જે 'દુ' અને 'તિન' શબ્દોમાંથી બને છે. જેનો અર્થ કાપવું, વહેંચવું, ભાગ પાડી દેવા તેવો થાય છે. આ એવી નકારાત્મકતાઓ છે જે આપણા એન્ટેન્શનને વહેંચીને વેરવિખરે કરી એકાગ્ર થવા દેતી નથી.

**(૩) રાક્ષસઃ** 'રક્ષ' ધાતુમાંથી આ શબ્દ બન્યો. જેનો અર્થ રક્ષાયેલ તેવો થાય છે. આપણું રક્ષણ આપણા બૉડી-બ્રેઈન સિસ્ટમમાં રહેલ પ્રાણઊર્જા દ્વારા થયેલું હોય છે. જેનાથી આપણી સમગ્રલક્ષી તંદુરસ્તી રહે છે. રાક્ષસ એવી નકારાત્મકતાઓ છે જે આ પ્રાણઊર્જાને ચૂસી લે છે. સેક્સસેન્ટર પર આઘાત કરી આ નકારાત્મકતાઓ આપણા અવધાનને ખેંચી લે છે, એટલે કે સેક્સ વિશેના દિવાસ્વપ્નોમાં જ આપણું અવધાન અને ઊર્જા ખેંચાઈ જાય છે.

**(૪) દાનવ :** 'દનુ' અથવા તો 'દાન' ધાતુમાંથી આવેલ. આ શબ્દોના અર્થ થાય છે વહેંચવું એટલે કે બળપૂર્વક છુટું પાડવું. આ નકારાત્મતાઓને કારણે વ્યક્તિ જીવનના તથ્યોથી અલગ પડી જાય છે અને એવા મૂડ્ઝ કે (મનોસ્થિતિ)માં ચાલ્યો જાય છે જે ભ્રમણાઓ ઊભી કરે છે, જેમ કે નિરાશા કે એકલતા.

મહાભારતમાં સમુદ્રમંથનની વાત આવે છે જેમાં એક તરફ દેવો (જાગૃતિની ઊર્જા) છે અને બીજી બાજુ અસૂર, દૈત્ય, રાક્ષસ, અને દાનવો છે. સમુદ્રમંથન અમૃત મેળવવા માટે કરે છે. અમૃત શાશ્વતજીવન આપે છે. શાશ્વતજીવન એટલે હંમેશાં જીવતું રહેવું તેમ નહીં પણ જીવન અને મરણના ફેરામાંથી મુક્ત થવું.

સમુદ્રમંથનમાં મેરૂ પર્વતને રવૈયા તરીકે અને વાસૂકી નાગનો વલોણાના દોરડા તરીકે ઉપયોગ કરે છે. દેવો ચતુરાઈથી પૂંછડાની બાજુ પકડે છે અને દાનવો નાગના મોઢા તરફથી વલોવે છે. જેવું મંથન શરૂ થાય છે કે થોડી વારમાં સર્પના મોઢામાંથી નીકળતા ઝેર ઊચ્છ્વાસને કારણે અસૂરો ગૂંગળાવા મંડે છે. કશુંક કરે તે પહેલા સમુદ્રમાં મેરૂ પર્વત ડૂબવા લાગે છે. દેવો અને દાવનો મૂંઝવણમાં પડી ગયા કે શું કરવું અને તેઓ ભગવાન વિષ્ણુ પાસે મદદ માટે ગયા. ભગવાન વિષ્ણુ કુર્મનું સ્વરૂપ લઈને મેરૂ પર્વતને ઉપર ઊંચકે છે અને મંથન શરૂ થાય છે. ઘણીબધી અમૂલ્ય ચીજો અને છેલ્લે અમૃત નીકળે છે.

યોગની અતિ રહસ્યમય પ્રેક્ટિસ 'ગોલ્ડનગેટ' સમુદ્રમંથનની વાર્તા દ્વારા ઋષિઓ આપણને આપે છે. સમુદ્રનું તળિયું એ આપણું પેરીનિયમ - શિવની છે. મેરૂ પર્વત એટલે કરોડરજ્જુની મધ્યમાંથી પસાર થતી સુષુમ્ણા નાડી. કુર્મ- કાચબો એટલે આપણું ઉદરપટલ. દેવો આપણી અંદરની પોઝીટીવ બાજુ છે અને દાનવો આપણી અંદરની નેગેટીવ બાજુનુ પ્રતિક છે. શ્વાસનો બાહ્ય કુંભક (બહાર કાઢી રોકી રાખવો) કરીને ઉદરપટલ અંદર ખેંચતા સહજ શિવની ઉપર આવે છે અને એ બંને વચ્ચે અસહ્ય દબાણ ઊભું થાય છે જેને પરિણામે શિવની અને મગજના સાયલન્ટ એરિયા વચ્ચે એક સરકિટનું નિર્માણ થાય છે. આ પછી આ સ્થિતિને પકડી રાખવી ને બંને નસકોરાં દ્વારા છીછરા શ્વાસ લેવામાં આવે છે. એટલે કે મંથન શરૂ થાય છે જેમાં ઈડા અને પીંગળા વાસુકીનાગના બે છેડા છે. આ ક્રિયાથી શરૂઆતમાં ઘણીબધી નેગેટિવીટી બહાર આવે છે, પણ નિયમિતતાપૂર્વક થાય છે ત્યારે અમુક સમય પછી સાયલન્ટ એરીયા સક્રિય બને છે. પરિણામે ટીપે ટીપે ઝરતી અધ્યાત્મક ઊર્જા પ્રવાહ બનીને વહેવા લાગે છે.

અધ્યાત્મકપથના સાધક માટે બીજી રોજિંદી યોગિક ક્રિયાઓ ઉપરાંત પણ જીવનમાં સમુદ્રમંથનની પ્રેક્ટિસ ઘણું મહત્ત્વ ધરાવે છે. પ્રશ્ન એ થાય કે નેગેટિવીટી આવે અને આપણો કબજો જમાવી લે એવી સ્થિતિમાં કામ કે કરવું? આપણે ક્રોધ કે ગુસ્સાના દાખલો લઈએ. ક્રોધ કે ગુસ્સો આવે એવી પરિસ્થિતિમાં આપણે પોઝ મૂકી તેને વ્યક્ત ન થવા દેવો જોઈએ. જે ક્ષણે આ થશે, ક્રોધ એટેન્શનને ખેંચીને વ્યક્તિને ઘટના સાથે (જેને લીધે ક્રોધ આવે છે તે) સંમોહિત કરવાનો પ્રયત્ન કરશે. પણ ચેતના વ્યક્તિને ક્રોધની નકારાત્મક ઊર્જામાંથી બહાર કાઢવાની કામગીરી કરે છે. બંને (ક્રોધ અને ચેતના) એકબીજાની વિરૂદ્ધ દિશામાં કામ કરે છે એટલે કે એ આપણા મનના સાગરનું મંથન કરે છે. જેમાં એક બાજુ ચેતના (દેવો) છે બીજી બાજુ દાનવો છે. જો આ સાંમજસ્યપૂર્વક (રીધમ ઍન્ડ બેલેન્સમાં) થાય તો એક બિંદુએ નકારાત્મકતા અને તેને નિયંત્રણ કરનારી ચેતના બેઉ અદશ્ય થઈ જાય છે અને નિયંત્રણ કરવાના વલણ વગરની મુક્ત ચેતના બૉડી-બ્રેઈન સિસ્ટમના સમતોલન અને જાગૃતિ લઈ આવે છે, જે અમૃત છે.

એક દિવસ ગુરુ લેહ તઝુ પહેલીવાર માછલી પકડવા જાય છે. પાણીમાં ગલ નાખે છે તો એક માછલી એ ગલમાંનું અળસિયું ખાવા આવે છે તો લેહ તઝુ તે તે તરત જ ગઈ ખેંચી લે છે. તો માછલી અડધું અળસિયું ખાઈને ભાગી જાય છે. પછી બીજી વાર ગલ નાખે છે અને વિચારે છે કે પહેલી વાર ઉતાવળ થઈ ગયેલી એટલે હવે ધીરજથી કામ લેવું છે. ફરી માછલી અળસિયું ખાવા આવે છે અને લેહ-તઝુ ધીમે ધીમે ગલ ખેંચે છે, તો માછલી આખું અળસિયું ખાઈને જતી રહે છે. પછી એ જુદી જ રીતે કામ કરવાનું નક્કી કરે છે. જેમાં જેટલું માછલી ખેંચે એટલું જ લેહ-તઝુ ખેંચે છે. નહીં ઓછું કે નહીં વધારે અને છેવટે માછલી ફસાઈ જાય છે. એ દિવસે લેહ-તઝુ તેના શિષ્યોને પોતે નવો નિયમ શીખ્યાની વાત કરે છે. જ્યારે કોઈપણ નેગેટિવીટી તમને ખેંચે ત્યારે તમારી ચેતનાથી એટલી જ માત્રામાં સામું ખેંચવું જેટલી માત્રામાં નેગેટિવીટી તમને ખેંચતી હોય. જો ચેતના ક્રોધ પર હાવી થઈ જાય તો ક્રોધ દબાઈ જશે, તો ક્રોધમાંથી મુક્ત નહીં થવાય અને ક્રોધ હાવી થઈ જતા ઘટના સાથે ફરી સંમોહિત થઈ જવાશે.

## (૧૭) મનની ઉત્ક્રાંતિ અને કામગીરીઓ

મહાભારત ટૂંકી વાર્તાઓ, કથાઓ અને દાખલાઓથી ભરપૂર છે જેમાંથી જીવનના ગહેરા રહસ્યોનો તાગ મળી આવે છે. મહાભારતમાં ઘણા વંશોની ઉત્પતિનો ઇતિહાસ છે, જે માત્ર સર્જન કે બ્રહ્માંડની ઉત્પતિના રહસ્યો જ નથી આપતો પણ મન, આત્મા, દેહ અને પદાર્થના મૂળ વિશે પણ ખ્યાલ આપે છે. આજે આપણી આવી જ એક વંશાવળી જોઈએ જે મન અને નિમ્નતર લાગણીજન્ય સ્વભાવની ઉત્ક્રાંતિની વાત કરે છે.

દક્ષ મુનિ એક મહાન ઋષિ હતા જે પ્રચેતસ તરીકે પણ જાણીતા હતા. તેની પત્ની વૃણી દ્વારા હજાર પુત્રો થયા જેને નારદમુનિએ સાંખ્યના જ્ઞાન દ્વારા મોક્ષ કેમ મેળવવો એ શીખવ્યું તેથી તેઓએ તત્કાલ મોક્ષ કે મુક્તિ મેળવ્યો.

દક્ષ મુનિનો અર્થ થાય 'કુશળતા સાથે વિકસવું' પ્રચેતસ શબ્દ પ્ર અને ચેતસ થી બને છે. પ્ર એટલે આગળ વધવું અને ચેતસ એટલે ચેતના. ચેતસ શબ્દ ચિત્ત મૂળમાંથી આવે છે. જેનો અર્થ થાય જોવું, અનુભવવું અને જાણવું. આમ પરમ ચૈતન્યને જાણવા, જોવા અને અનુભવ લેવાની ઇચ્છા થઈ તે માટે તેણે મન નામના યંત્રનું સર્જન કર્યું. જેના દ્વારા તે અનુભવ લઈ શકે અને જેની કુશળતા મનનો ઉપયોગ કરી આગળ જવામાં હોય.

વૃણી શબ્દ વૃ ધાતુમાંથી આવે છે, જેનો અર્થ થાય પસંદ કરવું. આમ, પરમ ચૈતન્યને વ્યક્ત થઈ જગતનો અનુભવ લેવા માટે તથા દક્ષમુનિની સંતાન ઉત્પતિ દ્વારા નિરંતર ટકી રહેવાની ઇચ્છાની અભિવ્યક્તિ માટે તેની પસંદગી થઈ છે. અથવા તો સ્થિતિશક્તિને ગતિશક્તિમાં રૂપાંતરીત કરવા માટે. વૃણી પહેલા હજાર પુત્રોને જન્મ આપે છે પણ એ એટલા ઉચ્ચ વાઈબ્રેશનવાળા હોય છે જે આ ત્રણે લોકમાં ટકી શકે નહીં. નારદ મુનિ એ સૌને મોક્ષપ્રાપ્તિનો માર્ગ દેખાડે છે. નાર શબ્દનો અર્થ થાય પાણી અથવા લાગણીઓ. એટલે કે લાગણીઓ અત્યંત શક્તિશાળી હોવાથી સાચી દિશામાં વળી જાય તો મોક્ષપ્રાપ્તિ તરફ લઈ જાય છે.

દક્ષમુનિને પચાસ દીકરીઓ થાય છે. જેમાંથી તેર કશ્યઋષિને તથા બાકીની સત્યાવીશ ચંદ્રને પરણાવે છે. કશ્યપ ઋષિને વરાવેલી તેર દીકરીઓમાં અદિતિ સૌથી મોટી છે જે ઇન્દ્ર, વિવસ્વાન અને બાર આદિત્યોને જન્મ આપે છે. વિવસ્વાનનો પુત્ર મૃત્યુનો દેવ યમ અને અત્યંત બુદ્ધિશાળી અને મહાશક્તિશાળી વિવસ્મતુ સાથે.

મનુના વંશજો બ્રાહ્મણ અને ક્ષત્રિયો રૂપે મનુષ્યો કહેવાયા. વિવસ્મતુને નવ પુત્રો અને એક પુત્રી થયા. તેના નામ વિણા, દ્રુષ્નુ, નરીષ્યતા, નભાગા, ઈશ્વાકુ, કારૂષ, શર્યતી, પ્રૃષધ્રા, નભાગારીષ્ટ અને ઈલા. મનુ શબ્દ મન

પરથી આવે છે. આમ વિવસ્મૃતમાંથી મન જન્મ છે. મનની દસ કામગીરીઓ નવ પુત્રો અને દસમી પુત્રી રૂપે છે.

**૧. વિણા :** બહાર જવાનું વલણ, કશાકની ઝંખના કરવી, અથવા કાળજી રાખવી, એ દર્શાવે છે કે પરમ ચૈતન્ય મનનો ઉપયોગ બહાર જવા, વસ્તુઓ અને વિષયોની ઇચ્છા કે ઝંખના માટે કરે છે.

**૨. દ્રુષ્ણુ :** જેનો અર્થ થાય સામર્થ્ય, આતુરતા અને જીદ. મનને એકવાર કશું મેળવવાની ઇચ્છા થાય છે કે તે જીદ લઈને બેસી જાય છે.

**૩. નરીષ્યતા :** જેનો અર્થ થાય ભાંગે કે તૂટે નહીં તેવું અથવા જે શત્રુ નથી. કેટલાક વિચારો અને ઇચ્છાઓ મનમાં ઘર કરી જાય પછી આપણા ધ્યાનને લલચાવતા રહે છે એટલે કે તેને તોડી શકાતા નથી, શત્રુ નથી છતાં પણ.

**૪. નભાગા :** 'નભ' શબ્દમાંથી આવે છે. જેનો અર્થ થાય નીચેનું ઉચ્ચતર સાથે જોડાય છે. મન, અર્ધચેતન મન તથા અચેતન મન જે સ્મૃતિને સાચવે છે તેનું નિર્માણ કરે છે. જુદી જુદી ઇચ્છાઓ ચેતન મનમાં પ્રવેશે છે અને અચેતન કે અર્ધચેતન સાથે જોડાઈ જાય છે.

**૫. ઈશ્વાકુ :** ઈશ અને ઈક્ષ મૂળમાંથી આવે છે જેનો અર્થ થાય, પ્રયાસ કે કોશીશ કરવી અને શેરડીનો સાંઠો. 'કું' એટલે કે પરિણામે મીઠાશ લાવે તેવું. આ હકારાત્મક અને નકારાત્મક બન્ને છે.

**૬. કારૂષ :** કૃ ધાતુમાંથી આવે છે જેનો અર્થ થાય રસ સાથે કરવું.

**૭. શર્યાતિ :** શ્રી મૂળમાંથી આવે છે. જેનો અર્થ થાય ભાગલા કરવા, ચીરવું, ધ્વંસ કરવો કે મારવું. શર્ય શબ્દનો અર્થ તીર પણ થાય છે. મન શબ્દો એવી રીતે ફેંકે જેનાથી તીરની જેમ સામેની વ્યક્તિ ખૂંચીને ઘાયલ કરી દે.

**૮. પ્રૃષધા :** 'પ્રષદ' શબ્દમાંથી આવે છે. જેનો અર્થ થાય પકડવું કે બાંધવું. મન એક આઇડિયાને પકડી રાખી શકે છે અને ઘણા આઇડિયાને ભેગા કરી સમસ્યાનું નિવારણ પણ લાવી શકે છે.

**૯. નભગરિષ્ટ:** આને બે વિરુદ્ધ અર્થો છે. એટલે કે સદ્‌ભાગ્ય અને દુર્ભાગ્ય ને એકસાથે લાવવું અર્થાત્ મન સારું અને નરસું બંને તારવી શકે છે.

**૧૦. ઈલા :** ઈલાનો અર્થ થાય પૃથ્વી, સ્થિર રહેવું, શાંત રહેવું, સુખ અને સમૃદ્ધિ લાવવી. મન સ્થિર અને શાંત હોય તો પ્રત્યેક સ્થિતિમાં સુખ અને સમૃદ્ધિ આવે. બુધ સાથેના મનુપુત્રી ઈલાના લગ્નથી પુરૂરવા નામનો પ્રસિદ્ધ અને બળવાન પુત્ર જન્મે છે. પુરૂરવા તેર ખંડોને જીતે છે અને મનુષ્ય હોવા છતાં મનુષ્ય રૂપે પ્રાણીઓથી ઘેરાયેલો રહે છે. બ્રાહ્મણો સાથે યુદ્ધ કરી તેમને બંદી બનાવી તેમના પર ઘણા અત્યાચારો કરે છે. એ ગાંધર્વ લોકમાં જાય છે. ત્યાં ઉર્વશી નામની અપ્સરાના પ્રેમમાં પડે છે અને ત્રણ પ્રકારના અગ્નિ સાથે તેને પૃથ્વી પર લાવે છે. મનની કામગીરીઓમાંથી નિમ્નત્તર લાગણીજન્ય સ્વભાવ (લૉઅર સાઇકીક નેચર) જન્મે છે, જેનું પુરૂરવા પ્રતિક છે. તેનો અર્થ મોટા અવાજે ખૂબ રડવું એવો થાય. મનુષ્ય પોતાના નિમ્નતર લાગણીજન્ય સ્વભાવ સાથે બંધાયેલો હોવાથી આખી જિંદગી મોટેથી રડ્યા જ કરે છે. પુરૂરવા મહત્ત્વકાંક્ષા પણ સૂચવે છે. જેને પૂરી કરવા મનુષ્ય પ્રાણી પણ બની શકે છે. આ બતાવે છે કે મન નિમ્ન વાસનાઓ અને ઇચ્છાઓનું શિકાર બનેલું છે, જે પુરૂરવા ઉર્વશી તરફ ખેંચાય છે. તે દ્વારા દર્શાવાયું છે. ઉરૂ એટલે પહોળું, વિશાળ અને અરૂ એટલે પ્રવેશીને ફેલાવું. આમ, વાસનામાં મન દરેક પ્રકારની દુન્યવી અને વિષયજન્ય ઇચ્છાઓમાં પેસીને ફેલાય છે.

## (૧૮) સંજય : જાગૃતિની શરૂઆત

મહાભારતના યુદ્ધમાં ભિષ્મ કૌરવોના પક્ષે લડતા હોવાથી ધૃતરાષ્ટ્રને ભ્રમણા હોય છે કે, તેનો પુત્ર દુર્યોધન યુદ્ધ જીતી જશે. મહર્ષિ વ્યાસ ધૃતરાષ્ટ્રને યુદ્ધની તમામ ઘટના જોવા માટે દિવ્યદૃષ્ટિનું વરદાન આપવાનું કહે છે. જેનો એ અસ્વીકાર કરે છે પરંતુ સંજયને તે દિવ્યદૃષ્ટિ પ્રદાન કરવાનું કહે છે. સંજયને દિવ્યદૃષ્ટિ હોવા છતાં યુદ્ધ દરમિયાન ધૃતરાષ્ટ્ર તેને કશું પુછતા નથી. દસમા દિવસે ભિષ્મ પડ્યાના સમાચાર આવતા ધૃતરાષ્ટ્રને આંચકો લાગે છે કે જેને ઈચ્છા મૃત્યુનું વરદાન છે તે યુદ્ધભૂમિમાં પડ્યા છે! સંજયને પહેલા દિવસથી યુદ્ધનો સવિસ્તર વર્ણન સંભળાવવાનું કહેતા સંજય શરૂઆતથી ધૃતરાષ્ટ્રને વાત કરે છે. દસ દિવસ વિતી ગયા હોવાથી જે કંઈ કહેવાય છે તે ભૂતકાળમાં વર્ણવાતું હોવાથી શ્રીમદ્ ભગવદ્‌ગીતા ભૂતકાળમાં લખાયેલ છે.

સંજય રાજાનો સારથી, મિત્ર અને મંત્રી છે. રાજાનો માણસ હોવા છતાં રાજાને સત્ય કહેવામાં એક શબ્દ પણ ચોરતો નથી. સંજય એવો સાચો મિત્ર છે જે ધૃતરાષ્ટ્રની બિનજરૂરી પ્રસંશા કરતો નથી. ધૃતરાષ્ટ્રને ઘણીવાર એવું લાગે કે યુદ્ધ વર્ણનમાં સંજય પક્ષપાતી વલણ અપનાવી કૌરવ સેનાની સારપને બદલે નુકસાન અને પીડાની વાત કરે છે તેથી ઠપકો આપે છે. યુદ્ધમાં ધૃતરાષ્ટ્રના દસ પુત્રો હણાય છે તે દિવસે સંજય કહે છે કે, તમારા લોભને કારણે એ દસ મૃત્યુને ભેટ્યા છે. સંજયને ખ્યાલ છે કે, શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષે હોવાથી વિજય હંમેશાં પાંડવોનો જ થશે તેવું ધૃતરાષ્ટ્રને વારંવાર કહે છે.

આપણી અંતરયાત્રામાં પહેલું ડગલું આપણી અંદર સંજયને જન્મ આપવાનું છે. ગુર્જિએફ કહે છે કે નિદ્રામાંથી મનુષ્યએ જાગવા માટે પહેલા એ સ્વીકારવું પડે કે પોતે એક પ્રકારની માનસિક નિદ્રામાં જીવે છે. આખું જીવન જેમાં પસાર કરી દઈએ છીએ તે એવી પ્રાથમિક જાગૃતિ છે જેમાં એકમાંથી બીજી ઘટના પ્રત્યે સંમોહિત થઈ એવી ઇચ્છા સાથે એકરૂપ થઈ જઈએ છીએ કે, 'આવતીકાલ વધારે સારી હશે.' શરૂઆતમાં આપણી જાતને જોવી તથા પ્રત્યેક વિચાર અને લાગણી આપણો કબજો લઈ લે છે, એ સંમોહનમાંથી મુક્ત થવાની આંતરપ્યાસ આપણી અંદર સંજયને જન્મ આપે છે.

શ્રીમદ્‌ભગવદ્ ગીતામાં ચાર પાત્રો છે. આપણે નિદ્રાંમાં જીવીએ છીએ તેના પ્રતિક રૂપે પહેલો અંધરાજા ધૃતરાષ્ટ્ર છે. બીજો સંજય છે જે સત્ય જોઈ શકે છે અને આપણને જગાડવા પ્રયત્નશીલ છે. એટલે કે એવી જાગૃતિ જેમાં આપણને ખ્યાલ આવે કે આપણે નિદ્રામાં છીએ અને

તેમાંથી જાગવાના પ્રયાસો કરવાનો ઇરાદો રાખીએ છીએ. જાગરૂક થવાના ખરેખર પ્રયાસો શરૂ કરીએ છીએ તો આપણામાં અર્જુનનો જન્મ થાય છે અને છેવટે આપણી નિદ્રામાંથી પૂરેપૂરા જાગી જઈએ છીએ તો આપણી અંદર શ્રીકૃષ્ણને જોઈ શકીએ છીએ.

સંજય એ ઘટના ઘટી ગયા પછી તેને ફરી જોવાની જાગૃતિ છે જે આપણે ધીમે ધીમે કેળવવી પડે છે. દસમા દિવસે યુદ્ધના આરંભથી બધું જણાવવાનું ધૃતરાષ્ટ્ર તેને કહે છે એ રીતે આપણે પણ ઘટના ઘટી ગયા પછી જ આપણી ઊંઘમાંથી જાગીએ છીએ. દા.ત. ક્રોધના આવેશમાં આપણે વર્તન કરીએ પરંતુ પાછળથી આપણને ખ્યાલ આવે કે ગુસ્સામાં આપણે કેવા હિપ્નોટાઇઝ થઈ તેના ગુલામ થઈ ગયેલા અને ત્યાર પછી આપણે આ ગુલામીમાંથી મુક્ત થઈ શકીએ, આ સંજય છે. જીવનને નવા દૃષ્ટિકોણથી જોવાનો માર્ગ. મોટેભાગે દરેક વ્યક્તિ પોતાના ગુસ્સાને વાજબી ઠેરવવા પ્રયત્નશીલ હોય છે કે એ સમયે ગુસ્સે થવું જરૂરી હતું. આવા લોકો એટલા આળસુ હોય છે કે આ લાગણીના સંમોહન અને ગુલામીમાંથી જાગી પણ નથી શકતા.

લૉઅર સાઈકીક નેચરનું નિરીક્ષણ કરી જે કંઈ આપણી અંદર જોઈએ તેને પ્રામાણિકપણે સ્વીકારવાથી જાગરણની પ્રક્રિયાની શરૂઆત થાય છે. અચાનક એક અલગ પ્રકાશમાં આપણી જાતને આપણે જોઈશું. અત્યાર સુધી આપણને આપણી જાત વિશેનું માયાળુ, બીજાની કાળજી રાખે તેવા, ઉદાર વ્યક્તિનું ગુલાબી ચિત્ર હતું. જેવું આંતરનીરિક્ષણ શરૂ કરીએ છીએ તો આ બધું બદલાવા લાગે છે. આપણી જાતના ચિત્રો વિશે આપણે નીચે પ્રમાણેની માનસિક નોંધ રાખવાનું શરૂ કરીએ છીએ :

૧. બીજાની ટીકા કે નિંદા કરીએ છીએ તો અંદર મોટપ કે ગુરૂતાગ્રંથિની લાગણી અનુભવીએ છીએ.

૨. વ્યક્તિ કે પરિસ્થિતિ બદલાઈ ગઈ હોય તો પણ આપણે એ જ ફરિયાદો કરવાનું ચાલુ રાખીએ છીએ.

૩. આપણે નોંધીએ કે જ્યારે આપણે ઉદાસ, નિરાશા કે ચીડના મૂડમાં હોઈએ તો આપણે જીવનને સંપૂર્ણપણે નેગેટિવલી જ લઈએ છીએ. રજાને દિવસે સુંદર મજાના દરિયા કાંઠે હોઈએ પણ આપણો 'મૂડ બગડી ગયો' હોય તો સુંદરતમ વસ્તુઓ પણ આપણે નકારાત્મક દૃષ્ટિથી જોઈશું.

૪. આપણા વર્તનનું નીરિક્ષણ કરતા ખ્યાલ આવશે કે, આબરૂ જવાની બીકથી બાહ્ય જગતમાં આપણે કેટલા વિવેકથી વર્તન કરીએ છીએ અને હવે આપણે અંદર ખરેખર કેવા છીએ તે જોઈએ છીએ. આપણે આપણી જાતને જ રસ્તા પર સામા મળી જઈએ તો તેની સાથે ક્યારેય દોસ્તી નહીં કરીએ. આપણા સફેદ ચહેરાની પાછળ કાળું આંતરજગત રહેલું છે.

૫. વર્તમાન ક્ષણમાં આપણે ક્યારેય આપણી હાજરીની લાવી શકતા નથી. ઊલટાનું સતત દિવાસ્વપ્નોમાં અને ભૂતકાળ વાગોળવામાં રમમાણ રહેવાથી ઊર્જાનું નિરંતર લીકેજ થાય છે.

૬. જીવનની સ્થિતિ- પરિસ્થિતિઓ પ્રત્યે આપણા બધા રીએક્શનો તદ્દન ફિક્સ અને યંત્રવત્ત હોય છે પણ હવે આ યાંત્રિક અસ્તિત્વમાંથી આપણે છૂટવું છે.

જોવાનો આ નવો દૃષ્ટિકોણ આપણી સમક્ષ જીવનનો તદ્દ્ન નવો આયામ ખોલી આપે છે. આપણે ચીજવસ્તુઓને પ્રમાણમાપથી કે સ્કેલમાં મૂકીશું. આપણે ચિંતન કરીશું કે તેના બાળકો માટે એ સારો પિતા છે, પોતાના મા-બાપની સંભાળ રાખે છે, પોતાના કામમાં હોશિયાર છે - તો આ બધાં સારાં પાસાઓ સામે નાનકડા અપમાનને કેટલી જગ્યા છે અને અચાનક આપણે જોશું કે તે અપમાન કે ટીકા તદ્દન નગણ્ય બની જાય છે.

ધીમે ધીમે આપણી ઊર્જાના લીકેજ બંધ થશે અને એ જ જુની ઘરેડમાં રિએક્શન નહીં આપીએ જેને પરિણામે આપણી અંદર મેગ્નેટીક પોઈન્ટ બનવા લાગશે. કેમ કે હવે ટેવવશ પ્રતિક્રિયા આપવાનું બંધ કર્યું છે. તેથી તદ્દન જુદા જ પ્રકારની ઘટનાઓ મળવા આવશે. જેને પરિણામે આપણા જીવનમાં શાણપણ અને પરિપક્વતા આવવા લાગશે. શરૂઆતમાં આપણે બનાવ બની ગયા પછી જાગશું પણ હવે, ચીડ કે ગુસ્સો આવી ગયા પછી જાગવાને બદલે જેવા તે આવવાના હશે તે પહેલા જાગી જઈશું. આપણી અંદરના અર્જુનનની આ શરૂઆત છે. આપણી જાગૃતિ હવે સંજયના સ્તરેથી અર્જુન સુધી ઊંચકાઈ છે અને એક દિવસ આપણી અંદર બેઠેલા શ્રીકૃષ્ણની ઝલક આવવા લાગશે.

## (૧૯) ભિષ્મ : અહંકારનું અવતરણ

કુરૂક્ષેત્ર એટલે એવું ક્ષેત્ર કે પ્રદેશ જ્યાં આપણે સ્થુળથી સૂક્ષ્મ દરેક પ્રકારની કામગીરી કરીએ છીએ આપણી અંદરનો કર્તાભાવ આપણો અહંકાર છે. (અહ્મ્ કરોતી અહંકારમ્). મહાભારતમાં ભિષ્મ અને અર્જુન એ બે મહત્ત્વના યોદ્ધાઓ છે. ભીષ્મ આપણી અંદરના અહંકારનું પ્રતિક છે અને અર્જુન આપણી અંદરનો શિષ્ય છે જે અહંકારને ઓગાળવા માટે સાધના કરે છે.

મહાભારત યુદ્ધના નવમાં દિવસે ભીષ્મ પાંડવા સેનાનો સોથ વાળી રહ્યા છે. શ્રેષ્ઠ ધનુર્ધર અર્જુન પોતે પણ તેમને રોકી શકતા નથી. શ્રીકૃષ્ણ અહીં યુધિષ્ઠિરને ચેતવણી આપે છે કે જો ભિષ્મ નહીં પડે તો યુદ્ધમાં પરાજય નિશ્ચિત છે. યુધિષ્ઠિરનો પ્રતિપ્રશ્ન એ છે કે જેને ઈચ્છામૃત્યુનું વરદાન છે તેને કેવી રીતે મારી શકાય. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને યુદ્ધ પહેલા ભિષ્મએ આપેલા વિજયી થવાના આશિર્વાદ તેને પરત કરવાની સલાહ આપે છે, યુધિષ્ઠિર ભિષ્મને મળે છે અને વાત કરે છે તો ભીષ્મ કહે છે કે યુદ્ધમાં સામે સ્ત્રી લડવા આવશે તો હું શસ્ત્રો નીચે મુકી દઈશ. યુધિષ્ઠિર મુંઝવણમાં મુકાઈ જાય છે કે યુદ્ધ વખતે સ્ત્રી પ્રવેશ નિષેધ હોય છે.

દીવસાંતે શ્રીકૃષ્ણ પાંડવોને શિખંડીની વાત કરે છે. જે સ્ત્રી તરીકે જન્મ્યા છે પણ પુરૂષ તરીકે જીવે છે. દસમે દિવસે યુદ્ધમાં શીખંડીને અર્જુન પોતાના રથમાં રાખે છે. શિખંડીને જોઈને ભીષ્મ પોતાના હથીયાર નીચે મુકી દે છે. અર્જુન તીરો ચલાવીને ભીષ્મને બાણશય્યા પર પોઢાડી દે છે. આ સુંદર ઘટનાક્રમના પ્રતિકોનો આપણે ઉઘાડ કરીએ તો આપણી અધ્યાત્મયાત્રાના ઘણા રહસ્યોનો તાળો

આપણને મળી શકે છે. ભીષ્મ શબ્દ આવે છે 'ભી' ધાતુમાંથી જેનો અર્થ થાય ભયભીત કરે તેવું. ભય પમાડે તે. આપણો જીવ અમર હોવા છતાં પણ આપણને સૌને મૃત્યુનો ભય છે. આપણા દેહ અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આપણું અટેન્શન-ધ્યાન સંમોહિત થયેલું છે. જીવને જે ભયભીત કરી, તેની અમરતા ભુલાવીને દેહ અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સંમોહિત કરી બાંધી દે છે તે ભીષ્મ છે, અહંકાર છે. આપણા સાઈકીક નેચર પર તે રાજ કરે છે અને ખરા રાજવી, આપણા જીવને મોહનિદ્રામાં નાખી દે છે. અહીં પડ્યા છે માનવીની પીડાના બીજ, પિતાની કામના સંતોષવા ભીષ્મ લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લે છે. આ પ્રતિજ્ઞા મહાભારતના યુદ્ધનું બીજ છે. અધ્યાત્મનું લક્ષ્ય છે અહંકારને ઓગાળીને સંમોહિત જીવને પોતાના દિવ્ય સ્વભાવ પ્રત્યે જગાડવો.

આપણને શરીરો ભલે પુરુષ કે સ્ત્રીના મળ્યા હોય પરંતુ માનસિક રીતે આપણે સ્ત્રીશક્તિ અને પુરુષશક્તિ એમ બેઉ છીએ. જે કરે છે તે પુરુષશક્તિ અને જે ગ્રહણ કરે છે તે સ્ત્રીશક્તિ. યુધિષ્ઠિર પોતે પણ મૂંઝવણમાં પડી જાય છે કે કર્તાભાવના ક્ષેત્રમાં સ્ત્રીશક્તિનું અવતરણ કેમ કરાવવું? આપણો અહંકાર પુરુષશક્તિનું પ્રતિક છે. અહંકારને પોતાને જ એમ થાય કે ખુબ કરી લીધું છે અને હવે નક્કી કરે કે જવું છે તો આ સમય છે સ્ત્રીશક્તિના અવતરણનો આને ઈચ્છા મૃત્યુ એટલે કે શરણાગતિ કહેવાય.

પુરુષદેહમાં સ્ત્રીશક્તિમાં અવતરણનું પ્રતિક શીખંડી છે. ભીષ્મનું આખું જીવન પુરુષશક્તિનું ખેલ છે. યુદ્ધના દસમે દિવસે ભીષ્મ શીખડીને મેદાનમાં જુએ છે અને તેને ખ્યાલ આવે છે કે અહંકાર હવે થાક્યો છે અને શરણાગતિ (ઈચ્છામૃત્યુ)નો સમય હવે આવી ગયો છે. ભીષ્મને ગીતાકાર અહીં 'કુરૂવૃદ્ધ પિતામહ' તરીકે વર્ણવે છે. કર્તાભાવ હવે થાકીને વૃદ્ધ થયો છે.

આપણી અધ્યાત્મયાત્રાનું સત્વ શરણાગતિમાં પડેલું છે. સમયના આયામના એક બિંદુએ આપણો અહંકાર કર્તાભાવથી થાકે છે અને ચૈતન્ય તત્ત્વને શરણેજવાનું નક્કી કરે છે. શરૂઆતમાં આપણે બાહ્યગુરુ શોધીએ છીએ. હકીકતે સંસારમાં શરણાગતિની આ તો માત્ર શરૂઆત છે જેમાં સંસારના વ્યક્તિઓ, ઘટનાઓમાં રહેલા આપણી અંદરના ભીષ્મને ઓળખવો પડે છે, આપણે જ્યારે આગ્રહી કે જક્કી બની જઈએ છીએ ત્યારે ભીષ્મ પ્રગટ થાય છે. પત્ની, બાળકો અને મિત્રો સૌના વ્યવહારમાં આપણો આગ્રહ કે જક્કીપણું પ્રગટ થાય છે. આની સંવેદના જો આપણને આવે તો પુરૂષશક્તિના આગ્રહમાંથી સ્ત્રીશક્તિની શરણાગતિમાં આપણે બદલી શકીએ. આ એ બિંદુ છે જ્યાં ભીષ્મ શસ્ત્રવિહિન છે અને પ્રચંડ અહંકારને બાણ મારવાની અંદરના અર્જુનને તક આપે છે. જીવનભર ચાલતી આ લાંબી કામગીરી છે. સમયના કોઈ બિંદુએ આપણને અહંકાર ઓગળવાની અનુભૂતિ થાય છે અને લાંબા સમયથી અહંકારના કબજામાં રહેલી મુક્તિ અને આનંદની ઝલકના આપણે સાક્ષી બનીએ છીએ. એક વખત અહંકારની પારનો આનંદ અનુભવાય છે ત્યારે જે સુખોપભોગોની આપણને ઝંખના રહેતી હતી તે હવે નિરર્થક અને તુચ્છ લાગવા માંડે છે.

ભિષ્મનું મૃત્યુ મહાભારતમાં સુંદર રીતે ચિત્રીત થયેલ છે. યુદ્ધ પુરૂ થયું છે. અહંકારને જવાનો સમય આવી ગયો છે. અંદરનો જીવ જાગી ગયો છે અને શ્રીકૃષ્ણ સ્વરૂપે એ ચૈતન્ય તત્વ હાજર છે. અત્યાર સુધી આપણને હોવાપણાની સંવેદના અહંકારની જ હતી. હવે જીવ, અસલી હોવાપણું જાગી ગયું છે અને અહંકાર પોતાનું નકલી હોવાપણું જીવમાં ઓગાળી નાખે છે. શિષ્યની યાત્રામાં આવતી આ મહાન ક્ષણ છે. જ્યાં બાણશય્યા પર પડેલા ભીષ્મના કપાળે કર્તાભાવ ક્ષેત્રની માટી શ્રીકૃષ્ણ લગાવી રહ્યા છે. શિષ્ય હવે તમામ બંધનોથી મુક્ત થાય છે તેની ચેતના ચૈતન્યના ઉચ્ચત્તર આયામો તરફ ગરુડ ગતિ કરવા તૈયાર છે.

## (૨૦) મૂર્તના સર્જન પાછળની અમૂર્ત શક્તિઓ

જીવનની નદીના બે પ્રવાહો હોય છે. એક જે પાંચ ઈન્દ્રિયોના વ્યવહારમાં આવે છે અને એવા કારણોની રચના કરે છે, જે આપણની સામાન્ય બુદ્ધિથી કે વિચારણાથી સમજી શકાય. બીજું અદશ્ય એવા કારણો જે આપણી ઈન્દ્રિયો અને વિચારણાની પેલે પાર છે. આપણી જિંદગીમાં બનતી પ્રત્યેક ઘટનાને દેખીતા તેમજ છુપા કારણો હોય છે.

દશ્યમાન જગતની દેખીતી સપાટી પાછળ અદશ્ય નિયમો કામ કરતા હોય છે. આ નિયમોનો અભ્યાસ ઘટનાઓના પૃથ્થકરણ કે પરિક્ષણથી નથી થતો આપણા વિચારોને 'ઓબ્ઝર્વ' - જોવાની શરૂઆત કરવાથી થાય છે. આપણા વિચારો પાછળની શક્તિનો આપણે અભ્યાસ કરી શકીએ તો આપણા જીવનમાં બનતી ઘટનાઓની સાંકળને ચલાવતા નિયમો જાણી શકીએ. પ્રત્યેક વિચારનું દેખીતું કારણ આપણો અહંકાર છે. પરંતુ અહંકાર પાછળ સાત કારણો છુપાયેલા છે. આ સર્જનના સાત કિરણો તરીકે ઓળખાય છે.

વશિષ્ટ મુનિ મેરૂ પર્વત પર આશ્રમ બાંધી રહેતા હતા. વશિષ્ટના અર્થ છે જે કંઈ ઈચ્છવાયોગ્ય છે તે તેના વશમાં છે. તેમની ગાય નંદિની નજીકના જંગલોમાં વિચરતી અને તેમની તમામ ઈચ્છાઓ પુરી કરતી. એક દિવસ આઠ વસુઓ તેમની પત્નીઓ સાથે ત્યાં ભ્રમણ કરવા આવ્યા. ઘ્યુ નામના વસુની પત્નીએ નંદિનીને જોઈ મેળવવાની માંગ કરી. ઘ્યુ જાણતો હતો કે ગાય ઋષિની છે પણ પત્નીની ઈચ્છા પાસે તે જુકી ગયો. અને સાત વસુઓ સાથે તે ગાયને ઉપાડી ગયો. શું બન્યું છે તેનો વશિષ્ટ ઋષિને ખ્યાલ આવી ગયો અને તેમણે શાપ આપ્યો કે પૃથ્વી પર જઈને મનુષ્યોનો જન્મ લો. વસુઓ શાપ સાંભળી કરગરવા લાગ્યા. ઋષિએ કહ્યું કે, શાપ તો પાછો ન ખેંચી શકાય પરંતુ જે સાત વસુઓ એ ઘ્યુ ને મદદ કરી છે તેઓએ પૃથ્વી પર વધુ વખત નહીં રહેવું પડે પણ ઘ્યુ, જેણે ગાયની ચોરી કરી છે તેને મૃત્યુલોકની પીડા ભોગવવી પડશે પણ તે મહાન યોદ્ધા થશે અને તેને એકેય સંતાન નહીં હોય.

એ જાણીતી વાત છે કે ગંગા પૃથ્વી પર શાંતુનની

પત્ની તરીકે, વસુઓને જનમ આપી ગંગામાં તરત જ ડુબાડી દેશે જેથી મર્ત્યલોકની પીડા તેમણે લાંબો સમય ભોગવવી ન પડે અને ઋષિનો શાપ પણ મિથ્યા ન જાય. દ્યુ- આઠમો વસુ દેવવ્રત તરીકે જન્મે છે. દેવવ્રત, દેવોનું વ્રત, દિવ્યનો સંકલ્પ છે. પણ પ્રતિજ્ઞા લેતા હવે તે વ્યક્તિગત સંકલ્પ બની જાય છે અને તે ભિષ્મ કહેવાય છે. ભિષ્મ એ અહંકારનું પ્રથમ મુર્તસ્વરૂપ છે.

હવે રસપ્રદ વાર્તાના પ્રતિકોનો ઉઘાડ કરીએ. સંસ્કૃત શબ્દ 'ગૌ'નો અર્થ થાય પાંચ ઈન્દ્રિયો. મેરૂપર્વતની ટોચનો અર્થ છે કરોડરજ્જુની ઉપર આવેલ તાલુકા. યોગ કહે છે અહીં વિચારોનું સર્જન થાય છે. આઠ વસુઓ આપણી અંદરની જુદી જુદી શક્તિઓ છે. આ શક્તિઓથી ઘણું બધું થઈ શકે પરંતુ પાંચ ઈન્દ્રિયોને નિયંત્રિત ન કરી શકાય. પાંચ ઈન્દ્રિયો દ્વારા પ્રાણસ્પંદન અંદર આવે છે કે તરત જ આ શક્તિઓ વિચારની રચનાની પ્રક્રિયાનો કબજો લઈ લે છે. આજના યુગમાં આપણે વિચારોને ખુબ જ મહત્ત્વ આપી દીધું છે. પરિણામે માહિતીનો વિસ્ફોટ થયો છે. ઋષિઓ આપણી જેમ વિચારોને મહત્ત્વ નહોતા આપતા પણ વિચાર રચનાની પ્રક્રિયાની પાછળ રહેલી શક્તિઓને વિકસાવતા હતા. દરેક વસુના સંસ્કૃત નામનો અર્થ આપણે લેતા જઈએ જે એ નામ પાછળ રહેલી શક્તિ તરફ અંગલીનિર્દેશ કરે છે. આમ આપણી અંદર રહેલી સુશુપ્ત શક્તિઓને જગાડી શકીએ અને આવું કરીને મનના એવા પ્રદેશમાં દાખલ થઈ શકીએ જે મોર્ડન સાયકોલોજીની મર્યાદા બહારનો છે.

**(૧) ધરા એટલે પૃથ્વી :** જે ટેકો આપે છે. પકડી રાખે છે. કોઈપણ સમસ્યા કે વિચારને પકડી રાખવાની શક્તિ. વિઝ્યુલાઈઝેશનની પ્રેકટીસથી આ શક્તિ જગાડીને વધારી શકાય છે. (આપણી અંદર રહેલ પૃથ્વી તત્ત્વ વધતા અને તેના પર નિયંત્રણ આવતા આ શક્તિ વિકસે છે.)

**(૨) અનલ એટલે અગ્નિ :** વિચારોને જે શક્તિથી આકરણી મળે છે અને ઓળખી શકાય છે. શિષ્ય આ શક્તિને વિકસાવે છે. જેથી એક દિવસ એને ખ્યાલ આવે કે જેની શોધ તે કરતો હતો એ તેની પાસે જ છે. (પ્રકૃતિના નિયમો તેને દેખાવા લાગે છે)

**(૩) અનીલ અથવા પવન :** ભટકતું મન સ્થિર થાય છે. પવન-વાયુ- આવ-જા કરે છે. ભીના કપડાં સહેલાઈથી સુકવી નાખે છે. યોગ્ય સમયે યોગ્ય ચીજને લાવી મુકે છે. આ એ શક્તિ છે જે ખરે સમયે યાદ અપાવે છે. યુદ્ધની મધ્યમાં ગુરુએ શીખવેલા મંત્રો કર્ણને યાદ નથી આવતા. (નિયમો વ્યવહારમાં વાપરવાનું જ્ઞાન નથી આવતું) જ્યારે આપણે ગુસ્સામાં કે નેગેટીવીટીમાં હિપ્નોટાઈઝ હોઈએ છીએ તો તે સમયે શું કરવું તે યાદ કરી શકતા નથી.

**(૪) અહા એટલે વાતાવરણ:** વાતાવરણ તૈયાર થાય છે. વાતાવરણ વગર સૂર્યના કિરણો પ્રકાશમાં ન બદલી શકે. પ્રત્યેક વિચાર, દરેક શબ્દ જે આપણે સાંભળીએ કે બોલીએ છીએ તે એક ચોક્કસ પ્રકારનું વાતાવરણ પોતાની સાથે લઈને આવતો હોય છે. ધિક્કાર કે ધૃણાથી ભરેલો વ્યક્તિ પોતાની સાથે એક ભારે વાતાવરણ લઈને ફરતો હોય છે અને જ્યારે કોઈ પ્રેમથી તરબતર હોય છે તો એ પ્રમાણેનું વાતાવરણ લઈને ફરતો હોય છે. શિષ્ય પોતાનામાં આ શક્તિ વિકસાવીને પોતાની અંદર રહેલા આવા મૂડથી અલગ થાય છે અને તેને ઓબ્ઝર્વ કરી શકે છે.

**(૫) પ્રત્યુષ અથવા સૂર્યોદય પૂર્વેનો પ્રકાશ- ઊષા-સંધિકાળ :-** આ એ જગા છે જ્યાં રાત્રિનો અંત અને દિવસની શરૂઆત વચ્ચેનો અવકાશ છે. આ એ શક્તિ છે જે ગેપમાં આપણા અટેન્શનને જાળવી રાખે છે .બે વિચારો વચ્ચેના ગેપ, શ્વાસ લેવાતા અને છોડતા વચ્ચેનો ગૅપ, મુડઝ બદલાય છે તો તેમની વચ્ચેનો અવકાશ. જેમ જેમ આ શક્તિ ખીલતી જાય છે અને તેની ઊંચાઈએ પહોંચે છે તો સાધક મૃત્યુ અને નવા જન્મ વચ્ચેના ગેપમાં પણ અટેન્શન પકડી રાખવા માટે શક્તિશાળી બને છે.

**(૬) દ્યુ- એટલે સંધિકાળને જોવો કે અગ્રેસર થવું :-**

ભિષ્મ એ દેખીતું કારણ છે. જે કંઈ મૂર્તિમંત થાય છે, કશુંક નક્કર સ્વરૂપ લે છે, કશુંક સર્જન કરવાની શક્તિ આવે છે. અમૂર્ત તત્વોને ઘનીભૂત કરી મૂર્તરૂપ આપવામાં આવે છે.

**(૭) સોમ - ચંદ્ર :-** ચંદ્ર જેમ સૂર્યના પ્રકાશને પરાવર્તીત કરે છે તેમ મન જીવના પ્રકાશને પરાવર્તીત કરે છે. આ શક્તિ નથી ખીલતી ત્યાં સુધી મન પોતાના ચિત્રો જ બનાવે છે. જીવના પ્રકાશને પરાવર્તીત નથી કરતું અથવા તો તર્કશક્તિનો નેગેટીવ ઉપયોગ થયાં કરે છે. આ શક્તિથી તર્ક અને વિશેષ તર્ક-વિતર્ક કરવાની ક્ષમતા વિકસે છે. વિજ્ઞાનની ઘણી થિયરીઓની શોધ આ શક્તિનું ઉદાહરણ છે. (તર્કશક્તિ તથા પોતાની ઈચ્છા પ્રમાણે વિચાર કરવાની કે વિચારને રોકી શકવાની ક્ષમતા પ્રગટે છે.)

**(૮) ધ્રુવ-કેન્દ્ર :-** પ્રત્યેક વિચારને તેનું કેન્દ્ર હોય છે જેની આસપાસ ઊર્જાઓ ફરે છે. સ્થુળ શરીરના કોષમાં રહેલ કેન્દ્રનો આ સાયકોલોજીકલ ભાગ છે. આ શક્તિના વિકસવાથી કેન્દ્રમાં રહેવાની ક્ષમતા આવે છે. એટલે કે પરિઘિ પરનું તમામ એક સાથે જોઈ શકવાની, કોઈપણ બાબતના બે છેડા એક સાથે જોઈ શકવાની ક્ષમતા પ્રગટે છે. ઉત્પન્ન થતાં વિચારની અસર જોઈ શકવાની ક્ષમતા.

આ આઠ વસુઓ એટલે કે દરેક મૂર્ત સ્વરૂપની પાછળ રહેલી ઊર્જાઓ છે. પછી તે વસ્તુ હોય, વ્યક્તિ હોય, ઘટના, વિચાર કે ભાવ હોય. આ બધું આપણી અંદરના કે પછી બાહ્યજગતમાં સર્જાય છે.

પોતાના વિચાર-યંત્રનું સતત ઑબ્ઝર્વેશન કરીને શિષ્ય આ પ્રચંડ શક્તિઓને નિયંત્રિત કરવાનું શીખે છે.

## (૨૧) વિવેક કે સત્યની સંવેદના

સાધકને સત્યની અનુભૂતિ બે તબક્કે થાય છે. પહેલું સત્યની સંવેદના આવે છે અને પછીથી સત્ય દેખાય છે. પતંજલીમૂનિ સત્યને જોવાની અવસ્થાને 'પ્રજ્ઞા' કહે છે, અને તે સાત તબક્કામાં ખુલે છે જેનું યોગસૂત્રમાં વિવરણ છે. સત્યની સંવેદનાને તેઓ વિવેક કહે છે, તથા વિવેકના જુદા જુદા પાસા ચાર સૂત્રોમાં વર્ણવેલ છે.

ગંગા અને શાંતુનની વાર્તામાં જોઈએ કે ગંગા કઈ રીતે સત્યની સંવેદનાને રજુ કરતું પ્રતિક બને છે અને

શાંતનું , આપણું તાર્કિક મન, બેઉના લગ્ન થયાં હોવા છતાં શાંતનું એ નથી સમજી શકતા કે ગંગા શા માટે પુત્રોને જન્મતા જ ડુબાડી દે છે.

મહાન પ્રતિપરાજા ગંગાને કાંઠે પુત્રની ઈચ્છાથી તપ કરતો હોય છે. ગંગાનદી યુવતીના વેશમાં તેની સામે આવે છે અને જમણી જાંઘ ઉપર બેસી જાય છે. આંખે ખોલી પ્રતિપ તેને પૂછે છે કે, 'હે, સદ્ભાગ્ય લાવનારી તું ખુશ થાય એવું હું શું કરું?' ગંગા જવાબ આપે છે કે, તમને જોતા તમારી કામના કરનારી મારો સ્વીકાર કરો! રાજા કહે છે કે, 'જમણા સાથળ પર માત્ર પુત્રીઓ કે પુત્રવધુઓને બેસવાનો અધિકાર છે અને ડાબા સાથળ પર પત્નિ બેસે આથી હજી જન્મ લીધો નથી એવા મારા પુત્રની વધુ તરીકે સ્વીકાર શકું.' ગંગા વાત સ્વીકારીને પ્રતિના પુત્રના જન્મની રાહ જોતી જળમાં પાછી ચાલી જાય છે.

શાંતનુનો પ્રતિપને ત્યાં જન્મ થાય છે અને વયમાં આવતા તેનો રાજ્યાભિષેક થાય છે. ફરજો પૂરી થયેલ જાણી પ્રતિપ વનમાં તપ માટે જવા નીકળે છે ત્યારે ગંગાને પોતે આપેલા વચનની શાંતનુને વાત કહે છે. શાંતનું ગંગાતટે ધ્યાનમાં પોતના સમય વિતાવે છે. એક દિવસ સુંદર અને અપ્સરા જેવી ગંગા તેની સામે આવે છે તો શાંતનું તેના પ્રેમમાં પડે છે. ગંગા અને શરતે લગ્ન કરવા તૈયાર થાય છે કે તે જે કંઈ કરે તેમાં રાજાએ એક પણ બાબતનો ઈન્કાર કે પુછપરછ કરવી નહીં.

શાંતનુના સાતપુત્રોને જન્મતા સાથે જ ગંગા જળમાં પધરાવી દે છે. આઠમો પુત્ર જન્મે છે તો શાંતનું ગંગાને રોકે છે અને વચનભંગ થયો જાણીને પુત્રને લઈ ગંગા ચાલી જાય છે. સોળવર્ષનો પુત્ર ગંગા શાંતનુને સોંપવા આવે છે ત્યારે ખુલાસો કરે છે કે, તેઓ આઠેય શાપિત વસુઓ હતાં જેને ગંગાએ વચન આપેલું કે તેમને જન્મતા મૃત્યુલોકમાં વધુ વખત નહીં રહેવું પડે.

આ એ બિંદુ છે જ્યાંથી મહાભારતની ખરી વાત શરૂ થાય છે. જાણે કે એકાએક ડહાપણ ચાલી ગયું હોય અને આફતોના પહાડ કુરૂવંશ ઉપર તુટી પડ્યા હોય. છેક મહાભારતના યુદ્ધ પછી જેમાં, બધા રાજાઓનો નાશ થાય છે તે ત્રણ પેઢી સુધી સુખ અને સમૃદ્ધિ પાછી આવતી નથી.

ગંગા શબ્દ જવુ પરથી આવે છે અને જ્ઞાન જે ધાતુમાંથી બને છે તે ધાતુ પણ ગંગાના મૂળમાં છે. આ એ નદી છે જે ઉચ્ચતર આયામોમાંથી નીચેની તરફ વહે છે. આજની ભાષામાં આને આપણે અંતઃપ્રેરણાનો પ્રવાહ કરી શકીએ. સાધનામાર્ગનો સાધક અંતઃપ્રેરણા કે ઈન્ટ્યૂટીવ ઈન્ટેલીજન્સ કે વિવકેના જન્મ તરીકે આ પ્રવાહની અનુભૂતિ લઈ શકે છે. સાધકના હૃદયમાં પ્રગટીને પ્રવાહીત થતા સત્યના આ પ્રવાહનો ઉપયોગ કરી શકાય તે માટે તેના લગ્ન તાર્કિક મન સાથે થવા જરૂરી છે. વચ્ચે પ્રતિક્ષાનો લાંબો ગાળો આવે છે જ્યાં સાધક પહેલા સ્થિર થઈ અનુભૂત સત્યને પચાવે છે. એટલે કે થયેલી અનુભૂતિ વિશે તાત્કાલીક વાતો ન થઈ શકે, જે ગંગા જઈને પ્રતિપના જમણા સાથળ પર બેસી જાય છે, તેમાં દર્શાવે છે. સત્યનો પ્રવાહ તાર્કિક મન દ્વારા અભિવ્યક્ત પામી શકે અને શરૂઆતમાં તેમાં ગરબડ પણ સર્જાય કારણ કે અતાર્કિક મન કે ખોટાયંત્ર દ્વારા સત્ય સાચી રીતે પ્રગટ ન થઈ શકે. એટલે અતાર્કિકને રાહ જોવી પડે છે તાર્કિક મનના જન્મની. સત્યની અનુભૂતિ ક્ષણવારમાં સંભવે છે પણ સાધકે તેને ધારણ કરી રાખવું પડે છે કારણ કે અનુભુતિને અક્ષરદેહ કે શબ્દદેહ આપવા માટે, તાર્કિક મનની ગતિ અત્યંત ધીમી પડે છે, જેને માટે એક પેઢીની રાહ જોવી પડે છે.

સાધકમાં એકવાર અંદરનો વિવેક ખૂલીને ખીલી જઈ ગંગાની જેમ વહેતો થાય છે તો વ્યક્તિએ કોમળ ફૂલની જેમ તેને સાચવવો પડે છે. ત્યારપછી વ્યક્તિને સત્યનો અનુભવ થાય છે. તાર્કિક મન માત્ર તથ્યોને જ જુએ છે, નહીં કે સત્યને, તાર્કિક મન તરીકે શાંતનુને એવું લાગે છે કે ગંગા પુત્રોને ડુબાડીને મારી રહી છે જ્યારે તથ્યની પારનું સત્ય એ છે કે ગંગા શાપિત વસુઓને શાપમુક્ત કરી રહી છે. તાર્કિક મનની દોરવણી નીચે ચાલીએ છીએ ત્યાં સુધી આપણે તથ્યોને જ સત્યો માનવાની ગેરસમજણ કરી બેસીએ છીએ.

પોતાના તાર્કિક મન સાથે સાધક ખૂલેલા વિવેકને શંકાની નજરે જોઈને પ્રશ્નો પૂછવા લાગે તો પછી તે ભટકી પડે છે અને પછી દર્દ અને વેદનાના લાંબા સાયકલો તેને મૂળ અવસ્થામાં પાછા લાવતા લાગે છે. સાધકે વિવેકને વહેવા દેવો જોઈએ અને તેની દોરવણી પ્રમાણે ચાલવું જોઈએ. જે ક્ષણે શાંતનું ગંગાને પ્રશ્ન કરે છે કે ગંગા ચાલી જાય છે.

આપણે યાદ રાખવું જોઈએ કે સત્ય કોમળ છે અને જેવું એક વખત પ્રગટ થાય તો પ્રેમ અને કાળજી સાથે આપણે તેને આપણી બૉડી-બ્રેઈન સિસ્ટમમાં સાચવવું પડે છે.

## (૨૨). ગૌરવ કે સ્વાભિમાન અને મિથ્યાભિમાન કે આડંબર

અધ્યાત્મ યાત્રાનાં પથિક માટે આ બે પ્રચંડ લાગણીઓનો અભ્યાસ અને નિરિક્ષણ કરવું લાંબા સમય માટે જરૂરી બને છે. સ્વાભિમાનને અંગ્રેજીમાં પ્રાઈડ અને મિથ્યાભિમાનને વેનિટી કહેવાય છે. વ્યક્તિ જીવનમાં આગળ વધતો હોય તો પોતાની લક્ષ્યપ્રાપ્તિ માટે અદકા પ્રયત્નો કરવામાં સ્વાભિમાન મદદરૂપ બને છે. મિથ્યાભિમાન તદ્દન જુદી જ બાબત છે. જેમાં પહેલા તો હું મારુ માનસિક ચિત્ર બનાવું છું. અને પછી એ ચિત્રના પ્રેમમાં પડી જાઉં છું. મિથ્યાભિમાન સાથે દેખાડા કે ભભકાનો વિચાર પણ જોડાયેલો છે. એટલે કે, સામેની વ્યક્તિ પર છાપ પાડવી અને શ્રોતાઓને રીઝવવા.

તબીબી શાખામાં અભ્યાસ કરીને ડૉક્ટર બનીએ અને માનીએ કે સારો ડૉક્ટર છું તો એ ગૌરવ છે. ડૉક્ટરનું ચિત્ર છે પરંતુ કોઈ આવીને ડૉક્તર તરીકે મારી આલોચના કરે અને ચિત્ર ઉપર પથરા ફેંકે અને એ ચિત્ર બચાવવા હું દોટ મુકૂં, સામેનાને 'હું સારો ડૉક્ટર છુ.' એવી ખાતરી કરાવવા મરણીયો થઈ જાઉ અને એવું લાગવા માંડે કે ચિત્રને રક્ષણની જરૂર છે તો પછી હું ચિત્રના પ્રેમમાં પડી ગયો આ થયું મિથ્યાભિમાન. સ્વાભિમાન અને મિથ્યાભિમાન વચ્ચે

બહુ પાતળી ભેદરેખા છે.

જીવનભર આપણી જાત વિશેના અસંખ્ય ચિત્રો આપણે ચિતરતા હોઈએ છીએ અને આપણી ચેતના આ ચિત્રોમાં કેદ થઈ જાય છે. આ બધા ચિત્રો છે તો સાવ કાલ્પનિક પરંતુ આપણને બાંધી રાખે છે અને તેમાંથી છુટવા માટે સાધના કરવી પડે છે. જેમ કે, 'હું ઉદાર, મદદકર્તા અને હંમેશા સત્ય બોલનાર વ્યક્તિ છું.' - એવું ચિત્ર હોય તો જીવનના નાના-નાના વ્યવહારમાં આ ચિત્ર પ્રગટ થતું જોઈ શકાય છે. ધારો કે એક વ્યક્તિને પોતાનું એવું ચિત્ર હોય કે તે બહું મહત્ત્વનો વ્યક્તિ છે તો આ ચિત્ર તેની હાલચાલમાં, લોકોને તે જે રીતે મળે છે, હાથ મેળવે છે. તેમાં, તેનાં ડોક-માથાના ડોલાવવામાં કે પછી દૂધવાળા સાથે વાત કરવામાં દેખાઈ જતું હોય છે. આપણને માત્ર આપની જાત વિશે જ ચિત્રો નથી હોતા આપણે બીજાના ચિત્રો પણ આપણા માનસપટ પર દોરતા દોરતા હોઈએ છીએ. જ્યારે આપણે કહીએ કે, 'પેલો તો સ્વાર્થી છે કે લોભી છે કે પછી પાકો રાજકારણી છે.' તો આ બધા ચિત્રો છે અને સત્ય એ છે કે ચિત્રોમાંથી મુક્ત થવું, આપણા અને બીજાના, વળી આપણે જ્યારે કહીએ કે, પેલો સ્વાર્થી છે તો એ જ વખતે આપણે બે ચિત્રોના કબ્જામાં છીએ. આનો અર્થ એ થાય કે, હું તેના જેવો નથી એટલે કે, ઉદાર છું. આપણા ચિત્રોને જ આપણે પ્રેમ કરીએ છીએ. એ એટલા તો મીઠા લાગે છે કે કોઈ તેના વખાણ કરે તો એવું લાગે કે જાણે ભાવતી વાનગી પીરસી દીધી હોય.

ગ્રીક પુરાણોમાં નાર્સિસીસની વાર્તા છે. 'નાર્ક' શબ્દનો અર્થ થાય સૂઈ જવું. નાર્સિસીસ એક વખત પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈ જાય છે અને એના પ્રેમમાં પડી જાય છે. નર્સિસીસ મિથ્યાભિમાનથી ભરાઈ જાય છે. આપણા ચિત્રો પણ આપણને મોહનિદ્રામાં નાખી દે છે. નર્સિસીસ આખું જીવન પોતાના ચિત્રના પ્રેમમાં વેડફી દે છે. આપણે પણ એક યા બીજા ચિત્રમાં આખું આખુંય વેડફી નાખીએ છીએ.

મહાભારતમાં શાંતનું રાજા માછીકન્યા સત્યવતીને પરણી પોતાની રાણી બનાવે છે અને તેમને બે પુત્રો થાય છે. ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. તેઓ પુખ્તવયે પહોંચે તે પહેલા શાંતનું મૃત્યુ પામતા ભીષ્મ બેઉને મોટા કરે છે અને યુવાનીમાં આવતા જ ચિત્રાંગદનો રાજ્યાભિષેક કરે છે. ચિત્રાંગદને તમામ અસ્ત્રશસ્ત્ર વિદ્યાઓમાં પારંગત કરાય છે તેથી એ પોતાની જાતને એવી બળવાન માનવા લાગે છે કે હવે તેને કોઈપણ હરાવી શકે તેમ નથી. એક વખત જંગલમાં મૃગયા કરવા જતા ચિત્રાંગદને તેનો જ નામેરી ગાંધર્વ મળી જાય છે. તે ચિત્રાંગદ પર હુમલો કરે છે અને ત્રણ વર્ષ સુધી બેઉ વચ્ચે કુરૂક્ષેત્રના મેદાનમાં યુદ્ધ થાય છે. ગાંધર્વ માયાવી યુદ્ધ શરૂ કરે છે અને છેવટે યુવા શાંતનુંપુત્ર ચિત્રાંગદ હણાય છે. આ વાર્તા નર્સિસીસને મળતી આવે છે.

અંગદ એટલે બાજુબંધ અને ચિત્ર, એવું ચિત્ર જે આપણે બાજુબંધ-ઘરેણાની જેમ બીજાને બતાવવા પહેરીએ છીએ - આ છે ચિત્રાંગદનો અર્થ. આમ આપણી બધી જ કામગીરીઓનું સંચાલન ચિત્રો દ્વારા થાય છે. બીજી રીતે, આપણે હંમેશા એક યા બીજા, આપણે માની લીધેલા - દોરેલા, ચિત્રની અસર નીચે જ કામગીરી કરતા હોઈએ છીએ. ગંધર્વના મુળમાં 'ગંધ' શબ્દ રહેલો છે. જેમ કે, માદક સુગંધ આવે અને આપણા મનોજગતમાં સુંદર સ્ત્રીનું ચિત્ર આવી જાય. ગંધર્વો પ્રતિનિધિત્વ કરે છે. કશુંક પારલૌકીક - જે ભૌતિક જગતમાં નથી - માત્ર મનોજગતમાં છે તેનું, એટલે કે કલ્પના અથવા દિવાસ્વપ્નો. વાર્તા દર્શાવે છે કે, આપણી ચેતના કલ્પના કે દિવાસ્વપ્નોના સકંજામાં છે. કલ્પના કે દિવાસ્વપ્ન એ આપણી ઊર્જાનું નિરંતર 'લીકેજ' છે. જે યુવા અવસ્થામાં શરૂ થાય છે અને મૃત્યુપર્યત ચાલુ રહે છે. આ ગાંધર્વ દ્વારા રાજા પરાજીત થાય છે તે દ્વારા દર્શાવ્યું છે. રાજ એટલે ચેતના.

કુરુક્ષેત્ર એ મેદાન છે જ્યાં ભાવિમાં કૌરવ-પાંડવ યુદ્ધ થવાનું છે. ત્યાં ચિત્રાંગદ અને ગાંધર્વ લડાઈ કરે છે. 'કુરુ' એટલે કરવું. યુવા કે કિશોર અવસ્થામાં 'સેક્સ કોન્શ્યસનેસ' - કામ સંબંધિત ચેતનાનું બંધારણ આકાર લઈ રહ્યું છે ત્યારે આપણી કામગીરીઓ, સભાન કે અભાન - તમામનું સંચાલન દિવાસ્વપ્નો કે કલ્પના દ્વારા થતું હોય છે.

આપણે 'જ્યાં છીએ, જેવા છીએ' ત્યાંથી નહીં પરંતુ 'ક્યાં હોવા જોઈએ અને કેવા હોવા જોઈએ' તેની મનોકલ્પનાઓ કે દિવાસ્વપ્નોમાં જ હંમેશા આખો વખત રાચતા હોઈએ છીએ. કલ્પના કે દિવાસ્વપ્નો આપણને વર્તમાન ક્ષણમાં રહેવા નથી દેતા. પરંતુ ભવિષ્યમાં અથવા તો ભૂતકાળમાં ભ્રમણ કરાવે છે. કોઈની સાથે પ્રેમમાં હોઈએ છીએ તો એ ઘટના માત્ર બે કલ્પનાજન્ય મનોચિત્રોનું મિલનસ્થાન બની રહે છે. ધીમે ધીમે કલ્પના હકીકતમાં પલટાય છે અને ચિત્રો તુટે છે તો પરિણામ આવે છે દુઃખ અને પીડામાં. ક્યારેક લોકોને ફિલ્મસ્ટાર કે પ્રખ્યાત વ્યક્તિઓ વાતો કરતા સાંભળીએ તો ખ્યાલ આવે છે કે લોકો ગુલામ છે પોતાની કલ્પનાના - ઉદાસ, ઈર્ષ્યાળુ, સુખની કે પીડાની કલ્પનાઓ.

કલ્પના અને દિવાસ્વપ્નોમાં આપણે સતત જે ઊર્જા વેડફી છીએ તે આપણી અતિ મુલ્યવાન સેક્સએનર્જી છે. આપણા બૉડી-બ્રેઈન સિસ્ટમમાં ઉત્પન્ન થતી ઉચ્ચતમ ઊર્જા. ચિત્રાંગદના મૃત્યુ પછી તેનો નાનો ભાઈ વિચિત્રવીર્ય હસ્તિનાપુરની ગાદી પર આવે છે. વીર્યનો અર્થ કામઊર્જા- સેક્સએનર્જી. વિચિત્ર પ્રકારની કામઊર્જા. વ્યાસમૂની અહીં એવા સંકેત કરે છે કે, બેફામ દિવાસ્વપ્નો અને કલ્પનાઓથી આપણી સેક્સએનર્જીની ગુણવત્તાને અસર પહોંચે છે. પરિણામે હસ્તિનાપુરમાં - બૉડીબ્રેઈન સિસ્ટમમાં વિચિત્રવીર્ય ગાદીએ આવે છે. આજના યુગમાં વંધત્વ અને 'સેક્સ્યુઅલ પ્રોબ્લેમ'ના અસંખ્ય કિસ્સાઓ જોઈએ છીએ જે દિન પ્રતિદિન વધતા જાય છે. કેમ કે સેક્સને જીવનની એક નાનકડી હકીકત તરીકે લેવાને બદલે લોકો, તેના વિશેના સ્વપ્નોમાં રમમાણ રહે છે. પાછલી ઉંમર આવતા આપણી સેક્સએનર્જી ક્ષીણ થતાં એવાં ઘણાં સ્વપ્નો આપણાથી સહન પણ નથી થતા. જીવન અને સંસાર વિશેની આપણી કેટલીય ભ્રમણાઓ હવે નબળી પડી જતા નિયતિ સાથે આપણે

મજબુરીથી પરાણે 'એડજેસ્ટમેન્ટ' કરી લઈએ છીએ.

અધ્યાત્મ યાત્રાના યાત્રિકે પોતાની ચેતનાને કલ્પના અને દિવાસ્વપ્નોના કબજામાંથી છોડાવવાનાં પ્રયાસો કરવા જોઈએ નહિતર આપણું પોતાનું જ નામ ચિત્રના સ્વરૂપમાં જ, દુન્યવી મૃત્ય આવે તે પહેલા, આપણી હત્યા કરી નાખશે.

## (૨૩) ધૃતરાષ્ટ્ર: આંધળો રાજા

આપણી આસપાસનાં જગત સાથે આપણે બે રીતે જોડાયેલા છીએ. સંસારનો આપણે દ્વૈત તરીકે અનુભવ કરીએ છીએ. એક છે આપણી શારીરિક ક્ષમતાથી એટલે કે, પાંચ ઇન્દ્રિયો દ્વારા જે કંઈ આપણા અનુભવમાં આવે છે.તે અને બીજું છે પાંચ ઇન્દ્રિયોને બદલે ચીજોના માનસિક આયામોની સીધી અનુભૂતિ લેવી. બધી આધ્યાત્મિક સાધનાનું કે ધ્યાનનું લક્ષ્ય એ છે કે, આ માનસિક આયામો પ્રત્યે જાગી જવું, તેના સાક્ષી બનવું અને પછી તેની કામગીરી ઉપર 'માસ્ટરી' મેળવવી. આ માટે આપણે આપણી સામાન્ય ઇન્દ્રિયજન્ય વિચારવાની ઢબથી જુદી જ રીતે વિચારતા શીખવું પડે.

મહાભારત વિશ્વનાં મહાન ધર્મગ્રંથોમાનો એક છે. જેના લખાણો જુદા-જુદા સ્તરે ઊંડા અને ગહન આધ્યાત્મિક અર્થોથી ભરપુર છે. શબ્દોના માધ્યમ દ્વારા ધર્મગ્રંથો એવું કશુંક દર્શાવવા માંગે છે જે શબ્દોની પાર છે અને જે કંઈ આપણી વાંચીએ છીએ તેનું શબ્દશઃ ભાષાંતર શક્ય નથી. આનું મુખ્ય ઉદાહરણ છે કૌરવોનો પિતા રાજા ધૃતરાષ્ટ્ર.

મહાભારતમાં ધૃતરાષ્ટ્ર અંધ છે. આપણને ટેવવશ અને ઈન્દ્રિયજન્ય વિચારણાને આધારે એવું જ લાગશે કે તે જોઈ શકતો નથી. એટલે કે, તેને આંખો નથી. અહીં ટેલિવીઝનની સિરીયલ આપણને મદદ નહીં કરી શકે. તે તો એમજ બતાવશે કે ધૃતરાષ્ટ્ર વાસ્તવમાં કશું જોઈ શકતો નથી. એ તો દેખીતું છે કે મહાભારત જેવો ઉચ્ચ કક્ષાનો ગહન ધર્મગ્રંથ માત્ર આટલું જ દર્શાવવા ન લખાયો હોય. આપણે માત્ર સ્થૂળઅર્થો જ ગણતરીમાં લઈએ અને સૂક્ષ્મને નજરઅંદાજ કરી દઈએ એ તો શક્ય નથી? ઈસુ પણ તેનો ઉપદેશ બોધકથાઓ દ્વારા આપે છે. એ બોધકથાઓનો શબ્દશઃ અર્થ તો સાવ સામાન્ય લાગે છે, પણ આપણી મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ ખોલીએ તો એ બોધકથાના હાર્દ સુધી પહોંચીને ગહન રહસ્યોનો ઉઘાડ કરી શકીએ. આવું કરવા માટે આપણે સામાન્ય ઈન્દ્રિયજન્ય વિચારવાની ટેવને બદલે નવા મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારવાથી શબ્દોના અર્થને બદલે ધ્વનીના અર્થની સંવેદના આવવા લાગે છે.

મહાભારતમાં દરેક પાત્રને સમજવાની ચાવી જે તે નામનો અર્થ અને તે સંસ્કૃતમાં કયા મૂળમાંથી આવ્યું તેને ખોલાવાથી મળી આવે છે. ધૃતરાષ્ટ્ર આવે છે 'ધૃત'માંથી. જેનો અર્થ છે પકડી કે જકડી રાખવું, અને 'રાષ્ટ્ર'નો અર્થ છે રાજ્ય. આમ જેણે રાજયને પકડી કે જકડી રાખ્યું છે - એવો ધૃતરાષ્ટ્રનો સાદો અર્થ નીકળે છે. અચાનક બધું સ્પષ્ટ થાય છે. પોતાની આજુબાજુની દુનિયામાં માત્ર ઇન્દ્રિયોના અનુભવમાં જ જેટલું આવે છે તેને સાચું માનીને પકડી બેસે છે તે ધૃતરાષ્ટ્ર. ઇન્દ્રિયોની પાર એક મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છે, પોતાની અંદર, બહાર કરતા વિશાળ, મનોજગત પથરાયેલું છે તેને જે જોઈ- પકડી નથી શકતો ને ધૃતરાષ્ટ્ર છે.

આપણા જીવનમાં કિંમતીમાં કિંમતી સૂક્ષ્મ તત્ત્વ આપણું અટેન્શન-ધ્યાન કે અવધાન છે. એટેન્શન આપણી અંદરથી આવે છે. જે સ્ત્રોતમાંથી અટૅન્શન આવે તેને સમજીને તેની સાથે કામ કરવું અને જીવનના ગહેરા રહસ્યોની અનુભુતિને મહેસુસ કરવા જેવું છે. અટેન્શન આપણો દિવ્ય પ્રકાશ છે, તેનાથી આપણી ઈન્દ્રિયો ચાલતી હોવા છતાંય તે ઘણું ગહેરું છે. અટેન્શન આપણી અંદર અને બહાર બંને દિશામાં જઈ શકે છે. બહાર જાય છે ત્યારે તે આકર્ષણ અને અપાકર્ષણના નિયમથી બંધાઈ જાય છે. આધ્યાત્મિક યાત્રાનું સત્વ આપણા અટેન્શનને આ નિયમની બેડીમાંથી મુક્ત કરવામાં રહેલું છે. અટેન્શનને આપણી અંદર પાછું મોકલીને જ આ બેડી તોડી શકાય છે.

આપણું અટેન્શન ઇચ્છાઓ દ્વારા આપણામાંથી બહાર ખેંચાય છે. વસ્તુઓ માટેની ઈચ્છા, લોકો સાથે લગાવ, ભૌતિક ચીજો પ્રત્યે અનુરાગ - એક અંતહિન પ્રક્રિયા જે બનાવકાળે આપણે ઘસડી જ જાય છે. તીવ્ર આસક્તિની ક્ષણે આપણે ખરેખર અંધ છીએ. આપણી માલિકીની ચીજો અને વ્યક્તિઓ પર પકડ જમાવીએ છીએ અને આપણો આખો મનોપ્રદેશ અંધકારથી ભરાઈ જાય છે. પતંજલીઋષિ આ અવસ્થાને 'અવિદ્યા' કહે છે. વિદ્ એટલે પ્રકાશ. અવિદ્યા- પ્રકાશનો અભાવ છે. હવે આપણે અંદરથી આંધળા છીએ અને આપણી સ્થિતિ ધૃતરાષ્ટ્રની સ્થિતિ છે.

ધૃતરાષ્ટ્રને સૌ પુત્રો છે. આ એવા સો વલણો છે જે તેને (આપણને) ઈન્દ્રિજન્ય વાસ્તવિકતા સાથે બાંધી રાખે છે, અને આપણાં અટેન્શનને આપણી ચોપાસના હજારો આકર્ષણમાં સંમોહિત કરી નાખે છે. અંદરનો અંધાપો એ છે જેમાં આપણાં પ્રાણીજન્ય સ્વભાવની કામગીરી આપણે જોઈ શકતા નથી. અંદર જોવું તો શું જોવું જોઈએ?

આપણી અંદર ડોકીયું કરીએ તો શું જોવું તેના થોડા ફોટોગ્રાફ નીચે આપું છું.

- આપણી અંદર ઘમંડ અને મિથ્યાભિમાનના રાક્ષસો નાચી રહ્યાં છે.
- આપણી જાત સાથે અને ચોતરફના જગત સાથેનું આપણું જુદ્દાણું. 'જુઓ કેટલો સારો માણસ છું હું!'
- અંદરની એક ભૂખ કે, હું હંમેશાં સાચો જ પડું.
- આપણી અંદરના રોજમેળના એ પાના જેમાં લોકો આપણાં પ્રત્યે સારુ વર્તન અને વ્યવહાર કરવામાં ઊણા ઊતર્યા હોય તેનું શબ્દશઃ વર્ણન અને તેના કારણો.
- આપણી વિશે બીજા કંઈક કહે તેનાથી આપણને કેવી અસર થાય છે? આપણે મરણીયા થઈ અરાજકતામાં આવી જઈએ છીએ.
- આપણે ક્રોધમાં કેવા બેભાન થઈ જઈએ છીએ.
- બીજા લોકો માટેના આપણા ચુકાદાઓ અને આરોપોની અંતહિન યાદી જે રોજ વધે છે અને છતાંય આપણને પોતાને લાગુ પડે ત્યાં આપણી જરાય જવાબદારી ન સ્વીકારવાનું

વલણ.
- બદલો લેવાનો ઉન્માદક નશો, વળી અંદર બનાવાતા આપણા પ્લાન અને બહાર દેખાડાતો આપણો સદ્‌ગુણોથી ભરપુર માસુમ ચહેરો.
- અપમાન સામે આપણો તીવ્ર આક્રોશ, મારુ માન ન જળવાયુ અને સામેનાને કંઈ સમજણ જ નથી.
- આપણા મગજના બધા ઘોંઘાટો- અંદરનો બકવાસ અને અંધાધુંધી જે આપણા પ્રત્યેક વિચાર અને લાગણી સાથે આપણને સંમોહિત કરી બેહોશ બનાવી દે છે.
- બીજામાં જે ભૂલો આપણે જોઈએ છીએ તે ખરેખર આપણી અંદર જ છે. ઈસુ કહે છે કે, 'તારા ભાઈની આંખમાં તને જે ગુસ્સો દેખાય છે તે ખરેખર તો તારી પોતાની આંખમાં રહેલો છે.'

આ આપણી અંદરનો ધૃતરાષ્ટ્ર છે. આ જ્યારે રોગની પરાકાષ્ઠાએ પહોંચે છે તો આપણા કાર્યોમાં દુર્યોધન અને દુઃશાસન દેખા દે છે. સૌથી મોટી નબળાઈઓ, અંદરના અંધાપાના ફળો.

અધ્યાત્મયાત્રાનું પહેલું ડગલું આપણા આંધળા મન (ધૃતરાષ્ટ્ર) પ્રત્યેની જાગૃતિ લાવવાનું છે. ચૈતન્યના પ્રથમ કિરણને આપણી અંદર લાવવાનું અને ચેતનાના પહેલા કિરણની મદદથી (આંધળા મનની) કામગીરીના, 'દૃષ્ટા' બનવાનું છે, જેને શાસ્ત્રો 'સાક્ષી' કહે છે.

## (૨૪) દુર્યોધનઃ નકારાત્મકતાની જીવંતમૂર્તિ

શાસ્ત્રો કહે છે કે પૃથ્વી ગ્રહ પરનું આપણું આગમન એક ચોક્કસ પાત્ર ભજવવા માટે, આપણા ભાગે આવતી ભૂમિકા ભજવવા માટે થયું છે. પરંતુ આપણે આપણી ભૂમિકા ભજવવાને બદલે તેની સાથે એકરૂપ થઈને એજ બની જઈએ છીએ. આનું મુખ્ય લક્ષણ એ છે કે જીવનના પ્રત્યેક પ્રસંગની આપણે પ્રતિક્રિયા આપીએ છીએ અને આ પ્રતિક્રિયા આપણને સંસાર સાથે સંમોહિત કરી દે છે, તેથી આપણે અર્ધનિદ્રાંની સ્થિતિમાં જ આખી જિંદગી કાઢી નાખીએ છીએ. સ્વામી રામદુલારે બાપુ તેના શિષ્યોને કહેતા કે થીયેટરમાં જઈને પરદા પર ફિલ્મ જોવાને બદલે સિનેમાં જોતા લોકોના ચહેરા જોવાથી ખ્યાલ આવશે કે દરેક સંમોહનમાં જ જીવે છે.

આવા સંમોહનમાંથી જાગી જવાનું નામ અધ્યાત્મ છે. આ માટે આખી જિંદગી સતત પુરૂષાર્થ કરવો પડે છે. આનો અર્થ એ થયો કે, જીવનની પ્રત્યેક ઘટનામાં સતત જાગ્રત રહેવાનો પ્રયાસ કરવો. આપણી અંદર બે કેન્દ્રો કામગીરી કરે છે. એક આસક્તિકેન્દ્ર છે જે હંમેશાં કામગીરીમાં જ હોવાથી જીવનના પ્રસંગો કે બનાવોમાં સંમોહિત થઈએ છીએ કે આસક્તિકેન્દ્ર ઊર્જા મેળવે છે અને વધૂ ને વધુ મોહનિદ્રામાં આપણે લઈ જાય છે. બીજું કેન્દ્ર જન્મે છે જ્યારે આપણે મોહનિદ્રામાંથી જાગી જવાનું નક્કી કરીએ છીએ, એ વૈરાગ્યકેન્દ્ર, જેને જીવનના પ્રસંગોમાં મજબુત કરવાનુ ંછે. આપણે 'નિષ્પક્ષભાવે આંતર-નીરિક્ષણ' કરીશું તો આપણે જોઈશું કે જીવન આપણને સૌથી ગહેરા સંમોહનમાં ત્યારે નાખી દે છે જ્યારે આપણે આપણી નકારાત્મક લાગણીઓ કે યાંત્રિક પ્રતિક્રિયાઓમાં સંડોવાયેલા હોઈશું. ઑટોમેટીક નકારાત્મક પ્રતિક્રિયા આવતાં પહેલાં આપણે 'પોઝ' આપીને ચેતનાના અવતરણની જગા બનાવીએ તો વૈરાગ્યકેન્દ્ર મજબૂત થવાની શરૂઆત થાય છે.

આપણી અંદરની નકારાત્મકતાનું જીવંત પ્રતિક દુર્યોધન છે. આ નકારાત્મકતા અને જીવન પ્રત્યેની આપણી મોહિત આસક્તિ એટલી તો બળવાન છે કે શાસ્ત્રોમાં પણ દુર્યોધનને જીતવો મુશ્કેલ હોય તેવો યોદ્ધા કહેવાયો છે.

આપણે આંતર-નીરિક્ષણ કરીએ તો દુર્યોધન અંદર હાજર છે.
- તેના ઉપર કોઈ હસે તેનો તેને અણગમો છે અને આપણને પણ આપણી જાત પ્રત્યે હસતા રોકે છે.
- ખૂણામાં બે વ્યક્તિ ગૂસપુસ કરતા હોય તો તેને લાગે કે તેની જ વાતો કરે છે.
- થોડાં મિત્રો એકઠાં થયાં હોય તો તેને એમ જ થાય કે મારી જ વાતો કરવા જોઈએ. એ જ રીતે જે કોઈ પ્રસંગની વાત હોય તેમાં એ પોતે તો હોવો જોઈએ. (સોયની અણી જેટલી પણ જમીન એ પાંડવોને આપવા તૈયાર નથી)
- એને એવું લાગે કે લોકોએ પોતાના વખાણ કરવા જોઈએ. ઊંડે ઊંડે તે ઇચ્છે કે લોકોએ તેની આજ્ઞા પાળવી જોઈએ.
- એને સતત માઠું લાગ્યાં કરે, જ્યારે તેની પ્રશંસા ન થતી હોય. તેની કોઈ થોડી પણ નિંદા કરે કે મજાક ઊડાવે તો તેને તે વ્યક્તિ પોતાનો વિરોધી લાગે અને વિશેષ તો લોકોની હાજરીમાં (મયસભામાં તે જમીન સમજી પાણીમાં પડે છે અને દ્રૌપદી મેણું મારે છે કે, 'આંધળાના આંધળા જ હોય.)'
- અપમાન કે ઘાવ સહન કરી શકતો નથી. કોઈને સાચો પાડીને એ છેતરામણો સંતોષ લે છે.
- તે ઘવાયો હોય તો સખત ક્રોધમાં બળ્યા કરે છે જે સહેલાઈથી ધિક્કાર અને હિંસામાં બદલાઈ જાય છે.
- બદલો લેવા કોઈપણ હદે જાય છે અને તેમાંથી પાશવી આનંદ મેળવે છે.
- પોતે સ્વાર્થી કે ઘમંડી છે એવું તો ક્યારેય નહી સ્વીકારે.
- બીજી બાજુ જે લોકો તેના વખાણ કરે તેને માટે તો તે નમ્રતાની મૂર્તિ છે. પોતાના સ્વાર્થ અને પ્રસિદ્ધિ માટે તે સ્કૂલ અને હૉસ્પિટલોમાં દાન કરી મહાન દાનીનો દેખાવ કરશે.
- સન્માનનીય થવા માટે તે સાચું બોલશે અને સારુ વર્તન કરશે.
- હંમેશા બીજા કોઈનું નહીં સાંભળી પોતાની મનમાની જ કરશે.
- પોતાના મિથ્યાભિમાનથી દોરવાઈ અંદર રહીને આપણને બધાને એ ચલાવે છે. આપણી અંદરનો એ એવો વ્યક્તિ છે જેને નજીવી બાબતે માઠું કે ખરાબ લાગી જાય છે.

ઘોડિયામાં હિંચકતું બાળક આખા ઘરના ધ્યાનનું કેન્દ્ર હોય છે. ભૂખ્યું થાય કે મા દોડીને તેને ખવરાવે, કપડાં ભીનાં થાય તો બદલાવી આપે, આમ આખું ઘર તેની નાનકડી જરૂરિયાત માટે પણ ઉપર નીચે થઈ જાય. બાળક એવું માનવાનું શરૂ કરે છે કે પોતે જગતનું કેન્દ્ર-રાજા છે

અને બાકીના પ્રજાજનો. દુર્યોધન આપણામાં અત્યંત વહેલો જન્મી જાય છે અને આપણને ખ્યાલ જ નથી આવતો કે આખું જીવન તેની ગુલામીમાં કાઢી નાખીએ છીએ. અહ્મ ચેતનાનું આ અત્યંત નિમ્નત્તર સ્વરૂપ છે. અધ્યાત્મ માર્ગ પર ચાલનારે આ દુર્યોધન સાથે કામ પાર પાડવું પડે છે. પારણામાંથી બંધાઈ ગયેલાં વલણો, ટેવો અને પૂર્વગ્રહો પ્રત્યે પરિપક્વ થવું પડે છે. દુર્યોધન જન્મ્યો ત્યારે ગધેડા, શિયાળ, કાગડા અને ઘુવડ બોલ્યાં હતાં. આ દર્શાવે છે કે આપણો લાગણીજન્ય સ્વભાવ (સાઈકીક નેચર) પશુ છે, તેને શુદ્ધ કરી પરિશુદ્ધ કરીએ તો ઊર્જાઓ ઊચ્ચતર અધ્યાત્મ કેન્દ્રોમાં ચડીને પ્રસરે. મારા ગુરુ રીફાઈનિંગ એક્સસાઈઝ શીખવતા જેનાથી આપણી પ્રાકૃત ઊર્જાઓ શુદ્ધ થઈ શકે. જેની ઊર્જાઓ રિફાઈન-પરિશુદ્ધ થયા વગર પ્રાણીજન્ય વર્તનને આધિન રહી માનવીય નથી બની શકી એવા વ્યક્તિનું દુર્યોધન પ્રતિક છે. આ ઊર્જાઓથી એવા વલણો બને જે આપણા લાગણીજન્ય સ્વભાવને પ્રાણીજન્ય વર્તન સાથે બાંધી દે છે.

નકારાત્મક લાગણીઓના શિકાર જ્યારે જ્યારે બની જઈએ છીએ તો આપણે પાશવી વર્તનને મજબૂત કરીએ છીએ. અંદરના દુર્યોધન પ્રત્યે સજાગ થઈ આંતર-નીરિક્ષણનો પ્રકાશ તેની કામગીરીઓ પર ફેંકીએ તો ધીમે ધીમે તે સંપૂર્ણપણે મૃત્યુ પામે છે, તો ચેતનાના જાગરણ માટે આપણે મોટું પગલું ભર્યું ગણાશે અને લાગણીજન્ય સ્વભાવની ગુલામમાંથી મુક્ત થઈશું.

## (૨૫) દુઃશાસન અંધાધૂંધી અને અશિસ્તનું પ્રતિક

દુઃશાસન દુર્યોધનનો નાનો ભાઈ છે. એ દુર્યોધનના પગલે પગલે ચાલે છે. દુઃશાસન એ દુર્યોધનના દુષ્ટ ઇરાદાઓને પાર પાડવાનું સાધન છે. ભીમને ઝેર આપીને પાણીમાં ડુબાડી દેવાનો હોય કે લાક્ષાગૃહમાં પાંડવોને બાળી મૂકવાનું કાવતરું કરવાનું હોય કે પછી વસ્ત્રાહરણ માટે દ્રૌપદીને ભરસભામાં ખેંચી લાવવાની હોય. દુર્યોધનની ઇચ્છાઓને મૂર્તસ્વરૂપે આપવા તત્પર રહેનાર તરીકે દુઃશાસનનું મહાભારતમાં ચિત્રણ થયેલું છે.

પતંજલી મુનિ યોગસૂત્રની શરૂઆત ‘અથઃ યોગ અનુશાસનમ્’થી કરે છે. ‘શાસ’ એટલે શિસ્ત અને અનુશાસ એટલે ‘શિસ્તને અનુસરવું.’ શિષ્ય એ છે જે અનુશાસનમાં રહે છે, એટલે કે નિયંત્રિત નિંદ્રા, યોગ્ય આહાર, અભ્યાસ કે પ્રેક્ટિસની નિયમિતતા અને આમ તેનું જીવન શિસ્તબદ્ધ બને છે. દુઃશનો અર્થ થાય ભ્રષ્ટ થયેલું કે અશુદ્ધ થયેલું. દુઃશાસન એટલે જેની શિસ્ત ભ્રષ્ટ કે અશુદ્ધ થયેલી છે. બીજી રીતે જોઈએ તો દુઃશાસન એ અનુશાસનના વિરૂદ્ધ છેડાની અવસ્થા છે. એટલે કે, આપણી અંદર જો અનુશાસનને બદલે દુઃશાસન હોય તો તેનો અર્થ એવો થાય કે, આપણી અંદરની ઊર્જાઓ અને આપણું મનોવિશ્વ તથા મનોવ્યાપારમાં અંધાધૂંધી છે. આ ચાવી છે આપણી અંદરના દુઃશાસન કેવી રીતે કામ કરે છે તેની. આ કામગીરી ઘણી સૂક્ષ્મ રીતે ચાલતી હોવા છતાં આપણા અંદરના તંત્રને ગહેરાઈથી અસર કરે છે.

આપણે જોઈએ તો દિવસ દરમ્યિાન આપણી ઘણી ખરી કામગીરીઓ અભાનપણે જ ચાલતી હોવા છતાં આ કામગીરીઓ આપણી અંદરની અવસ્થાનું પ્રતિબિંબ અને પડઘાઓ પાડે છે. આપણું શ્વસન એ આનું તાદશ્ય ઉદાહરણ છે. આપણી માનસિક અંધાધૂંધીનું આપણો શ્વાસ સુપેરે પ્રતિબિંબ પાડે છે. દરેક વિચાર અને પ્રત્યેક ભાવ સાથે આપણા શ્વાસ બદલાતો રહે છે. જો આપણે લયબદ્ધ શ્વસન(3SRB)નો અભ્યાસ કરી ચોવીસ કલાક માટે આ લયબદ્ધ શ્વસન બેસાડી દઈએ તો દુઃશાસનમાંથી યોગાનુશાસન તરફનું મોટું પરિવર્તનીય ડગલું આપણે ભર્યું ગણાશે.

જો આપણું શ્વસન લયમાં આવશે તો આપણો ‘જીવનપ્રવાહ’ પ્રાણ પણ લયબદ્ધ બનશે, મન સ્થિર થઈ શાંતિ અનુભવશે, આપણે સાહજિકતાપૂર્વક રિલેક્સ રહીશું અને આપણા મૂળભૂત સ્વભાવ સાથે સંવાદિતામાં રહીશું. મનને સ્થિર કરી શાંત પાડવા માટે તેમજ આપણી ઊર્જાનું લેવલ વધારવા માટે જે કંઈ પણ કરીશું તે અનુશાસન હશે અને આપણી ઊર્જાઓ અંધાધુંધ થાય તે માટે જે કંઈ કરાય તે દુઃશાસન.

દુઃશાસન આપણી ઉપર નિરંતર હાવી થયેલો હોય છે. બિનજરૂરી લાગણીઓ જેવી કે ક્રોધ અને ચીડથી હતાષા સર્જાય છે. તીવ્ર નિરાશા આપણને સતત અંજપામાં રાખે છે. આપણી ધારણા પ્રમાણે કશું નથી બનતું તો આપણે અશાંત થઈ જઈએ છીએ. આપણે કોઈ પણ બાબતને લઈ ચિંતા કરવાનું શરૂ કરી દઈએ છીએ અને આપણા મનોપ્રદેશમાં આપણું સતત બકબક ચાલું છે. આ બધું આપણી ઊર્જા અને પ્રાણને ચૂસી લે છે.

દુર્યોધન જો મિથ્યાભિમાન કે અહંકાર છે તો દુઃશાસન એવી અશિસ્ત કામગીરીઓ છે, જેનાથી દુર્યોધનને એવું પોષણ મળે છે કે, તે હંમેશાં સાચું જ કરે છે અને બાકીના ખોટું. મહાભારતમાં દુઃશાસન હંમેશાં દુર્યોધનને ટેકો આપે છે. તેની પ્રશંસા કરીને તેના અહંકારને કે મિથ્યાભિમાનને પોષે છે, એવી જ રીતે આપણી જાત વિશેની આપણી માની લીધેલી કલ્પનાઓથી આપણા અહંકારને પોષણ મળે છે.

આપણી બેફામ કલ્પનાઓથી આપણા ચિત્તમાં આપણી વિશે આપણી પોતાની જે છબીઓ બને છે તે કદાચ, આપણે જે છીએ તેનાથી તદ્દન ઊલટા ચિત્રો છે, છતાંય આપણું મિથ્યાભિમાન માની બેસે છે કે તે છબીઓ જ સાચી છે.

આપણી જાત વિશે આપણને એવી માન્યતા હોય કે આપણે દયાળુ, પ્રેમાળ અને ઉદાર છીએ. પરંતુ વાસ્તવિકતામાં આપણું તદ્દન ઊલટું હોય છે. જીવનમાંથી આપણે થોડી સફળતા સાથે પસાર થઈને પ્રતિભાપૂર્વક થોડા આત્મવિશ્વાસ સાથે અમુક ઉપલબ્ધિએ આવી પહોંચ્યા હોઈએ, પણ આ કદાચ ઉપરછલ્લુંય હોઈ શકે છે. આપણી નકલી કે ભ્રામક ઉપલબ્ધિઓ આપણને સંમોહનમાં નાખી દે છે. આપણી જાત વિશેના આપણા બનાવેલા ચિત્રની વિરુદ્ધમાં થોડું પણ જો કોઈ બોલે છે તો આપણે તરત જ તેની વિરુદ્ધ આવી જઈએ છીએ. મોટાભાગે હિંસાનું, અસુખનું અને સંઘર્ષનું આ મૂળ કારણ છે. અધ્યાત્મનો

અર્થ એ પણ થાય છે કે આપણો સાચો સ્વભાવ આપણે જોઈ શકીએ. જ્યાં સુધી આપણી પાસે આપણા પોતાના કાલ્પનિક ચિત્રો છે ત્યાં સુધી આવું ક્યારેય શક્ય નથી.

મહાભારતની સૌથી નાટ્યાત્મક ઘટના દ્રૌપદી વસ્ત્રાહરણની છે. આ ઘટનામાં દ્રૌપદીના વસ્ત્રનો એક છેડો દુઃશાસનના હાથમાં જાય છે જ્યારે બીજો છેડો કૃષ્ણના હાથમાં છે. દુઃશાસન વસ્ત્રો ખેંચતો જાય છે. શ્રીકૃષ્ણ વસ્ત્ર પૂરતા જાય છે.

દ્રૌપદી આપણી અંદરની સેક્સએનર્જીનું પ્રતિક છે. માનવીની સૌથી સૂક્ષ્મ અને અતિમૂલ્યવાન ઊર્જા, વસ્ત્રાહરણનો પ્રસંગ આ રીતે આપણી સામે સ્પષ્ટ થાય છે. આ અતિમૂલ્યવાન કામઊર્જાનો એક છેડો દિવ્ય ઈશ્વર, કૃષ્ણના હાથમાં છે. બીજી બાજુ આપણી જ અશિસ્ત, ઉત્તેજનાપૂર્ણ જીવનશૈલીમાં એ વેડફાઈ જાય છે, જેનું પ્રતિક દુઃશાસન છે.

અહીં આપણી સામે જીવનમાં પ્રાથમિક પસંદગી આવીને ઊભી રહી જાય છે કે, આપણી અંદર રહેલી કામઊર્જા-મૂળભૂત સર્જનશક્તિ આપણે કેમ અને કેવી રીતે વાપરીએ છીએ. આપણે એ ઊર્જા વેડફી દઈએ છીએ તો દુઃશાસન. આ ઊર્જા ઉપર કામ કરીને તેને તેના મૂળસ્રોત શ્રીકૃષ્ણમાં પાછી મોકલી શકીએ છીએ તો પછી આપણે આપણા દિવ્યસ્રોતમાં પાછા ભળી જઈએ છીએ.

દ્રૌપદી અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલી છે. અગ્નિ આપણને બે પસંદગી આપે છે. એક, કાં તો કામનાના અગ્નિની જ્વાળાના ગુલામ બનીને રહીએ અથવા તો એ અગ્નિને અંદર ઊર્ધ્વરેતસ બનાવીને, એ સર્જન ઊર્જાના પ્રભાવને આપણી અંદર જાળવી લઈએ. આપણી જાતને ઉત્તેજનાના ગુલામ બનતી તેમજ સતત નવીનતાની ઝંખનાને રોકવી જોઈએ. આના બદલે આપણા જગતને આપણે સંવેદનાની આંખોથી જોવું જોઈએ. સંવેદનામાં આનંદ છે. સંવેદનાથી આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે. ખ્યાલ આવે છે કે શું ટકશે અને શું નહીં. સંવેદનાથી આપણી આંતરીક ઊર્જાઓ સમતોલનમાં આવીને રૂપાંતરણ પામીને પોતાના મૂળ સ્રોતમાં પાછી વળે છે. અંદરના દુઃશાસનને મારી શકીએ તો આપણું સંમોહન તૂટી જશે અને આપણને અનંતકૃપાનો અનુભવ થશે તેમજ એ સ્વપ્નમાંથી જાગી જઈશું જેને આપણે સંસાર કહીએ છીએ.

## (૨૬) દ્રોણાચાર્ય : આપણી ટેવોને ઘડનાર મિકેનિઝમ

અધ્યાત્મનું એકમાત્ર લક્ષ્ય હોય છે કે સંસારના ગહેરા સંમોહનમાંથી આપણાં બંધાયેલા જીવને જગાડવાનું. જીવ ઘણી બધી દોરીઓથી બંધાયેલો હોય છે. જેમાની સૌથી જાડી દોરી આપણી ટેવો દ્વારા બનાવાય છે. ટેવો ઘણા પ્રકારની હોય છે  બૌદ્ધિક,લાગણીજન્ય અને શરીરની આપણા વર્તનની રીતભાત તેમજ આપણી વિચારવાની ઘરેડને જે મગજમાં ઘાટ આપે છે તે બધુ જ ટેવોમાં સમાવિષ્ટ થાય છે. જે આપણને સંમોહિત કે ઊંઘમાં જ રાખે છે. આપણે આપણી મરજી પ્રમાણે નહીં પરંતુ આપણી ટેવોને વશ થઈને જીવી રહ્યા છીએ. કરૂણતા તો એ છે કે આ વાતનું આપણને ભાન તો નથી જ પણ જ્યારે પ્રશ્ન ઊભો થાય છે તો આપણે એવો ખુલાસો આપીએ છીએ કે, હું જ્યારે ઇચ્છું ત્યારે બદલાવ લાવી શકું તેમ છું. આ કલ્પના છે, આ એ 'માયા' છે જેની જાળમાં આપણી જીવીએ છીએ.

ટેવો બને છે આચરણ દ્વારા. એક ચોક્કસ વ્યવહારનું એટલું પુનરાવર્તન કે જ્યાં સુધી આપણા અર્ધ-જાગૃત મનમાં તેની ઘરેડ-ઘીસી પડી જાય. આ પ્રક્રિયાને આપણે ઘડતર-કન્ડિશનિંગ કહીએ છીએ. દ્રોણાચાર્ય પાંડવો અને કૌરવો બંનેના ગુરુ છે. શિક્ષક એ છે જે આપણી અંદર એક શિક્ષિત, વિકસિત હોવાપણાનું ઘડતર કરે છે. આ પ્રતિકોનો અભ્યાસ કરીને એ આપણી અંદરનું શું દર્શાવે છે તે જોઈએ. દ્રોણાચાર્ય શબ્દ સંસ્કૃતમાં 'દ્રુ' વિભક્તિ પરથી આવે છે. જેનો અર્થ થાય ઓગળેલું અથવા પીગળેલી અવસ્થા. બાળક કેટલીય શક્યતાઓ લઈને જન્મ લે છે. આ શક્યતાઓ તેનામાં ઓગળેલી અવસ્થામાં હોય છે એટલે કે શક્યતાઓએ હજી નક્કર સ્વરૂપ ધારણ નથી કર્યું. તેના વિકાસ સાથે, કેળવણીથી અને પુનરાવૃત્તિથી એટલે કે આચરણથી કેટલીક શક્યતાઓ હવે નક્કર સ્વરૂપ લઈને વ્યક્ત થાય છે. અવ્યક્ત શક્યતાઓ વ્યક્ત થયા વગર વ્યક્તિના અજાગૃત મનમાં નિષ્ક્રિય કે પ્રસુપ્ત થઈને પડી રહે છે. આથી જ આપણે કહીએ છીએ કે વ્યક્તિ પ્રારબ્ધ કે નિયતિમાં તો ઘણુંબધું લઈને આવે છે પણ જીવનકાળ દરમ્યિાન તેનો થોડોક ભાગ પોતાના સદ્‌ભાગ્ય તરીકે ફેરવી શકે છે. આપણામાં જે પીગળેલી અવસ્થામાં રહેલું છે તેને જે આચરણમાં તબદિલ કરે છે તે આચાર્ય છે.

બે પ્રકારની ટેવો હોય છેઃ સારી અને ખરાબ. છતાં પણ આમાંની એકેયને નિત્તિમતા કે નૈતિકતા સાથે જરાપણ લેવાદેવા નથી. ખરાબ ટેવો એ છે જે સંસારના સંમોહનને, ઊંઘને વધારે છે. સારી ટેવોથી એવી સ્થિતિનું નિર્માણ કરી શકાય છે જેમાં આપણે સંસારની નિંદ્રામાંથી જાગી શકીએ. દ્રોણાચાર્ય એ મિકેનીઝમ છે જે ટેવોને ઘડીને ઘાટ આપે છે. ટેવો એટલે કે પાંડવો અને કૌરવોનું કેળવણી આપી ઘડતર કરે છે. આપણા માટે, ટેવો એટલે એવી કામગીરી કે વિચાર-સ્વરૂપ જે આપમેળે- સ્વયંસંચાલિત રીતે થતું હોવા છતાં એક બેહોશ લીસોટો છે. અને એટલા માટે જ એનું હંમેશાં નેગેટીવ ફોર્સની બાજુએથી પાલન થાય છે અને તેના તરફથી જ એ લડે છે.

દ્રોણાચાર્યના જન્મી વાત રસપ્રદ છે. ભારદ્વાજ ઋષિ ગંગામાં સ્નાન કરતી ધૃતાચી નામની અપ્સરાને જુએ છે અને કામવશ થતાં તેમનું વીર્ય યજ્ઞની સમિધ રાખવાના પાત્ર (દ્રોણ)માં પડે છે, દ્રોણાચાર્યનો જન્મ થાય છે. દ્રોણ અયોનિ છે. કામનામાંથી જન્મ થયો છે. અહીં એક પદાર્થપાઠ આપણા માટે છે. આપણે જોઈ લેવું પડે કે આપણાં સંતાનો આપણી કામવાસનાના અકસ્માતની આડ પેદાશ છે કે પછી તેમને આમંત્રણ આપવા માટે આપણે સભાનપણે સેક્સમાં ઉતરેલા? પાત્રમાં જન્મ થયો છે તે દર્શાવે છે. એ કન્ડિશન્ડ છે - ઘડાયેલું  છે, અકુદરતી, કુદરતના ક્રમમાં નથી. કામનામાંથી જન્મ થયો છે એ દર્શાવે છે કે પ્રત્યેક ટેવના

મૂળમાં કામના રહેલી છે. એટલે કે આપણી દરેક ટેવ આપણા ઊંડાણમાં રહેલી ઈચ્છાઓમાંથી જન્મે છે. દ્રોણાચાર્ય કૃપીને પરણે છે, હસ્તિનાપુરના કુલગુરુ કૃપાચાર્યની બહેન. એ બેઉના જન્મ પણ દ્રોણની જેમ જ થયેલ છે. કૃપા એટલે દયા અને કૃપાની બહેન કૃપિ, આત્મદયા. સામેની વ્યક્તિમાં દયા ઉત્પન્ન કરીને તેની પાસેથી કશુંક મેળવી લેવાની ઊંડી કામનામાંથી આપણામાં આત્મદયા જન્મે છે. આ ટેવ આપણો બીજો સ્વભાવ બની જાય છે.

દ્રોણાચાર્ય અને કપિના પુત્ર અશ્વત્થામાં છે. 'શ્વ' એટલે આવતી કાલ કે ગઈ કાલ. 'અશ્વ' એટલે ન આવતી કાલ કે નથી ગઈ કાલ. 'સ્થામા' એટલે સ્થાઈ કે સતત. આપણી અંદર એવું શું છે જે આજે છે, બદલાય છે અને આવતીકાલે બીજું છે છતાં તે સતત સ્થાઈ છે, આ કામના છે. આજે આપણને કારની કામના છે. આવતીકાલે ઘરની, પછી બીજા કશાની કામના, વિષયો બદલાયા કરે છે, નિરંતર બદલાયા કરે છે, પરંતુ કામના નિરંતર છે. અધ્યાત્મયોગનાં પ્રત્યેક યાત્રિ માટે ટેવ અને કામનાનો આ પિતા-પુત્રનો સંબંધ તોડવો અત્યંત મુશ્કેલ છે. આપણે પ્રત્યેક ક્ષણે કામના કરતા રહીએ છીએ. આ આપણી ગહેરામાં ગહેરી ટેવ છે. બાળકો જેવા ઘરની બહાર નીકળે છે કે તીવ્ર ઈચ્છા થઈ ઊઠે છે કે, રસ્તામાં તેઓને કશું થવું ન જોઈએ. આ લખવા પાછળ પણ એ કામના રહેલી છે કે, લોકો તેના વખાણ કરે. આપણી પ્રત્યેક કામગીરીનો નિચોડ હંમેશાં સુખદ જ હોય એ અત્યંત ગહેરી ટેવ છે. એક વખત આ ટેવમાંથી મુક્ત થવાય છે તો સંસારના સંમોહનમાંથી જાગીને પ્રબુદ્ધ થવાય છે.

દ્રોણાચાર્ય છેતરપિંડીથી મરાય છે. આ દર્શાવે છે કે, આપણી અંદર રહેલ આ ટેવ-કામનાનું મિકેનિઝમ માત્ર ચતુરાઈથી જ તોડી શકાય છે. આ અત્યંત અગત્યનું છે. આ આઇડિયા અંદરના ચૈતન્ય શ્રીકૃષ્ણમાંથી આવે છે. જેમાં યુધિષ્ઠિર એટલે કે, અંદરની બૌદ્ધિક ઊર્જાનો સહયોગ લેવામાં આવે છે. દ્રોણાચાર્યને કહેવાય છે કે અશ્વત્થામાં મરાયો છે.આ સાંભળીને એ પોતાના શસ્ત્રો છોડી દે છે અને પલાંઠી મારી યુદ્ધના મેદાનમાં ધ્યાનમાં બેસી જાય છે. ધૃષ્ટધુમ્ન તેમનું માથું કાપી નાખે છે. ધૃષ્ટધુમ્ન યજ્ઞની અગ્નિમાંથી જન્મેલો છે, અગ્નિ ચેતનાનું પ્રતિક છે. જે અગ્નિમાંથી જન્મે છે અને એ જ આ ઊંડાણની ટેવોના મિકેનીઝમને મારી શકે છે.

ટેવ-કામનાના આ મિકેનીઝમને ઓબ્ઝર્વ કરવાનો પુરુષાર્થ આપણે કરવો જ જોઈએ અને નિરંતર પ્રેક્ટિસથી તેમાંથી મુક્ત થવું જોઈએ.

## (૨૭) દ્રોણ અને દ્રુપદની વાર્તા

આપણામાં એવી કઈ બે બાબતો છે જે નાનપણમાં સાથે હોય અને જેમ મોટાં થતા જઈએ તેમ જુદી પડતી જાય અને છેવટે એકબીજાની વિરુદ્ધમાં ઊભી રહી જાય? બાળક પોતાનું સારું અને ગમતું વચ્ચેનો ભેદ જાણતું નથી. જેવી બહારથી કોઈ ઉત્તેજના આવે છે કે પોતાના વિકાસમાં સાચું ખોટું કે લાભ હાનિ જોયા વગર તેની પાછળ દોડે છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ શ્રેય અને પ્રેય એવા બે શબ્દ વાપરે છે. પ્રેય એ છે જે આપણને ગમે છે - શ્રેય એ છે જે આપણને ઉચ્ચસ્તરની સમજણ અને પરિપક્વતા તરફ લઈ જાય છે. શ્રીકૃષ્ણને અર્જુનને સારું લગાડવામાં રસ નથી પણ જેમાં તેનું શ્રેય હોય એ કરવામાં રસ છે.

દ્રોણ અને દ્રુપદની વાર્તામાં આ બંને માર્ગ ખૂબ સુંદર રીતે વ્યક્ત થાય છે. દ્રોણનો જન્મ કામવાસનામાંથી થયેલો છે. એટલે કે ઉત્તેજનામાંથી થયેલો છે. અપ્સરાને જોતા ભારદ્વાજ ઋષિનું વીર્ય હવિષ્ય રાખવાનું પાત્ર (દ્રોણ)માં પડે છે અને દ્રોણનો જન્મ થાય છે. આપણે જોઈ ગયા કે દ્રોણ આપણી અંદરની ટેવોના મિકેનીઝમનું પ્રતિક છે જે પુર્નવૃત્તિથી વર્તનમાં બદલાય જાય છે. ઓછી તકલીફે વધુ મળે એ માર્ગે જ આપણી ટેવો બને છે એટલે કે બહારની ઉત્તેજના અને સુખોપભોગો.

પાંચાળનો રાજા પૃષત (દ્રુપદનો પિતા) એ ભારદ્વાજ ઋષિનો મિત્ર. અગ્નિવેશ ઋષિના આશ્રમમા દ્રુપદ અને દ્રોણ સાથે અભ્યાસ કરે છે. બેઉ વચ્ચે ગાઢ મૈત્રી હોવાથી દ્રોણને દ્રુપદ વચન આપે છે કે જ્યારે એ રાજા બનશે ત્યારે દ્રોણને અડધું રાજ્ય આપશે. આશ્રમજીવન પૂરું કર્યા બાદ દ્રોણ પરશુરામ પાસે ધર્નુવેદ શીખે છે. કૃપાચાર્યની બહેન કૃપીને પરણે છે અને અશ્વત્થામા નામનો પુત્ર થાય છે. બીજી બાજુ પિતા પૃષતનું મૃત્યુ થતાં દ્રુપદ પાંચાલનો રાજા બને છે. દ્રોણ પુત્ર જન્મથી રાજી છે પણ કારમી ગરીબીને કારણે, બીજા બાળકોને ગાયનું દૂધ પિતા જોઈ દૂધ માંગતા અશ્વત્થામાને દૂધ પાઈ શકતા નથી. રાજ્ય રાજ્ય ફરીને ગાયનું દૂધ માગવા દ્રોણ જાય છે પણ ક્યાંયથી દાન મળતું નથી. તેની પત્ની પાણીમાં લોટને ડોઈને પુત્રને દૂધ તરીકે પિવડાવતા અશ્વત્થામા પણ પોતે દૂધ પીધું છે. તેમ સમજી નાચી ઊઠે છે. આમ જોઈ બીજા બાળકો તેની મશ્કરી કરે છે. આનાથી દ્રોણ દ્રવી ઊઠે છે અને દ્રુપદ પાસે એક ગાય લેવા માટે જાય છે.

પાંચાલ જઈ દ્રોણ દ્રુપદને આશ્રમજીવનની મૈત્રી યાદ દેવરાવે છે પણ આવકારવાને બદલે દ્રુપદ દ્રોણની મશ્કરી કરતા કહે છે કે ગરીબ અને તવંગર વચ્ચે મૈત્રી ક્યારેય થઈ ન શકે અને સમય જતા બાકી વસ્તુઓ નાશ પામે છે એમ આપણી મિત્રતા પણ નાશ પામી છે. આ સાંભળીને દ્રોણ અત્યંત ગુસ્સે ભરાયા અને મનોમન પ્રતિજ્ઞા કરી કે યુદ્ધકલામાં એવા શિષ્યો તૈયાર કરીશ કે જે મારા અપમાનનો બદલો લઈ શકે.

એ દ્રોણ પછી હસ્તિનાપુર આવી કૌરવો અને પાંડવોને શસ્ત્રવિદ્યા શીખવે છે. એ તેમને એ પણ કહે છે કે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા તેઓને શસ્ત્રવિદ્યા શીખવી રહ્યા છે. જેમાંથી અર્જુન તેઓની પ્રતિજ્ઞા પૂરી કરવાનું વચન આપે છે. શિક્ષણ પૂરું થયા પછી દ્રુપદને બાંધી લાવી ગુરૂદક્ષિણા આપવાની દ્રોણ આજ્ઞા કરે છે. પહેલા કૌરવો જઈને આક્રમણ કરે છે. પણ પોતાની પ્રચંડ સેનાના બળથી કૌરવોને દ્રુપદ હાંકી કાઢે છે. પછી પાંડવો જાય છે અને અર્જુન દ્રુપદને હાથી પરથી પછાડીને બાંધીને ગુરૂદક્ષિણામાં દ્રોણ સામે હાજર કરે છે. દ્રોણ કહે છે તે મારું અપમાન

કરેલું પણ આપણી મૈત્રીના સન્માન માટે હું તને હવે અડધું રાજ્ય આપું છું અને પછી ઉમેરે છે કે ગંગાનાં દક્ષિણ પ્રદેશનું રાજ્ય તારું અને ગંગાના ઉત્તર પ્રદેશનું રાજ્ય મારું.

આપણે જોયું કે ઉત્તેજના અને સંવેદના વચ્ચેનો ભેદ બાળક પારખી શકતું નથી. ઉત્તેજના ઊભું કરે તેવું કંઈ પણ બાળકનું ધ્યાન ખેંચી જાય છે. સમજણ ખીલતા તે સાચાખોટાના ભેદની પરખ કરતો થાય છે. બાળપણમાં ઉત્તેજના અને સંવેદના મિત્રો છે પણ જેમ મોટા થાય છે તેમ બંનેનાં રસ્તાઓ અલગ થાય છે. એ દ્રોણ અને દ્રુપદના આશ્રમમાંથી છૂટા પડ્યા પછીની સ્થિતિના ઉદાહરણમાં જોવા મળે છે. એટલે કે દ્રોણ ગરીબ થઈ જાય છે અને દ્રુપદને રાજ્ય મળે છે. પુખ્તતામાં પ્રવેશતાની સાથે જ બાળકનું સેક્સકેન્દ્ર સક્રિય થાય છે અને બાળકની ઊર્જાઓ (પાંચ પાંડવો) ઉત્તેજના (દ્રોણ)નો માર્ગ પકડી અને સંવેદનાની શક્તિ (દ્રુપદ) પર વિજય મેળવે છે. સેક્સસેન્ટર દેહના દક્ષિણ ભાગમાં છે, દ્રોણ આ ભાગ દ્રુપદને એટલા માટે પાછો આપે છે કે જેથી સંવેદનાની શક્તિક્યારેય ખૂલીને ખીલી ન શકે. દ્રુપદ શબ્દ 'દ્રુ' ધાતુમાંથી આવે છે. 'દ્રુ' એટલે ઝડપ અને 'પાદ' એટલે પગના સંયોજનથી બને છે એટલે કે જે ઝડપી પગે ચાલે છે. આધ્યાત્મપથનો સાધક જેને ઉત્તેજનામાંથી સવેદનામાં જવા માટે એટલે કે પ્રેયમાંથી શ્રેયમાં જવા માટે સખત મહેનત કરવી પડે છે, કારણ કે નજીવી બાબત પણ સેક્સકેન્દ્રને ઉત્તેજીત કરી શકે છે. અડધું રાજ્ય ગુમાવ્યા પછી દ્રુપદ તપ કરે છે અને તપની અગ્નિમાંથી ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર પ્રાપ્ત થાય છે જે મહાભારતના યુદ્ધમાં દ્રોણનું મસ્તક છેદે છે. યજ્ઞમાંથી દ્રૌપદી નામની એક કન્યા જન્મે છે જે પાંચ પાંડવોને પરણે છે. આ એ દર્શાવે છે કે પાંડવો ઉત્તેજનાથી દૂર થઈને સંવેદના સુધી પહોંચીને પરિપક્વતાનું એક ચક્કર પૂરું કરે છે.

આપણે જોયું કે દ્રોણનો જન્મ ઉત્તેજનામાંથી થયો છે અને દ્રુપદ સંવેદનાની અગ્નિ પ્રગટાવે છે. આપણે આખી જિંદગી રોજ કશુંક નવું શોધવાની ઉત્તેજનામાં વેડફી દઈએ છીએ. અધ્યાત્મપથ પર આપણે આપણી અંદર તપની અગ્નિ કશુંક નવું કરીને નહીં પણ રોજ એની એ ચીજ કરીને ઉત્પન્ન કરીએ છીએ, જે ઊંડી સંવેદના સાથે કરવાનું છે. જો આ અગ્નિ આપણી અંદર બરાબર નિર્માણ પામે તો તેમાંથી વિવેક નામની એક શક્તિનો જન્મ થાય છે જે આપણને આપણી ટેવોમાંથી મુક્ત કરાવે છે.

આપણો સાઈકીક નેચર કે લાગણીજન્ય સ્વભાવ ઘણીબધી ટેવોથી બંધાયેલો છે. એટલે કે એક સાદા હાવભાવથી લઈને લાગણીજન્ય આસક્તિથી વિચારો સુધીનું બધું જ ટેવોને આધીન છે. ટેવોમાંથી છૂટવા માટે એક ચોક્કસ આંતરપ્રકાશ કે ઈન્ટેલિજન્સની જરૂર પડે છે, જે માત્ર ઊંડા તપથી આવે છે. સંવેદનામાં જેવા આપણે ઊંડા ઊતરીએ છીએ કે આપણી સેક્સએનર્જી બહાર જવાને બદલે અંદર વળી પાંચ ચક્રોમાં ઉપર ચડે છે. જે પાંચ પાંડવો સાથે દ્રૌપદીના લગ્નથી દર્શાવાય છે. આપણા જીવનમાં જો આમ બની શકે તો બ્રહ્માંડના સર્જનમાં જતી સેક્સ-એનર્જી પોતાના સ્રોતમાં પાછી વળે છે અને જન્મ અને મૃત્યુનો ઉદ્દેશ્ય પૂરો કરે છે.

## (૨૮) કર્ણઃ આપણો ઉમદા અહંકાર

મહાભારતમાં કર્ણની યોદ્ધા તરીકેની સમગ્ર જીવનકથા વેદના અને દુર્ભાગ્યથી ભરેલી છે. આપણી અધ્યાત્મયાત્રાને સંબંધ છે ત્યાં સુધી આપણે આપણા સાઈકીક નેચરમાં કર્ણના પાત્રને ઓળખી આ બહુઆયામી પાત્રનું આપણી અંદર નીરિક્ષણ તથા અભ્યાસ કરી ધીમે ધીમે તેની પકડમાંથી મુક્તિ મેળવી શકીએ. કર્ણનું જીવન ઘટનાઓ અને બનાવોથી એટલું ભરપૂર છે કે, આપણા લૉઅર સાઈકીક નેચરમાં તેનો અભ્યાસ કરવા માટે પૂરતું ભાથુ મળી શકે છે.

કુંતિના કુતૂહલમાંથી કર્ણનો જન્મ થયો છે. જન્મ પછી તરત જ ગંગા નદીમાં તેને વહાવી દેવામાં આવે છે. જીવનમાં ઘણુંબધું આપણે કુતૂહલવશ શરૂ કરતા હોઈએ છીએ અને પછી અધરસ્તે છોડીને બીજી પ્રવૃત્તિઓમાં લાગી જતાં હોઈએ છીએ. ઘણા લોકો આજે અમુક પ્રકારની યોગ પ્રેક્ટિસ કરે અને આવતી કાલે એ છોડી બીજા પ્રકારની યોગ પ્રેક્ટિસ શરૂ કરી દે છે. આવું કરવાથી તેને એવું લાગે છે કે, તેમણે ઘણુંબધું કરી લીધું છે, પણ ખરેખર કશું જ કર્યું હોતું નથી. (મેં ચલા તો ખૂબ લેકિન પહોંચતાં કહીં નહીં, યાની ચલે હી નહીં.) જિજ્ઞાસા કે કુતૂહલવશ જે કંઈ થાય છે તેમાં સૂર્યશક્તિનો બગાડ થાય છે. સાચા અભ્યાસનો મતલબ એની એ જ પ્રેક્ટિસ રોજ કરીએ પણ રોજ નવી છે એવા વલણથી કરીએ તો જ આપણું લક્ષ્ય આપણે મેળવી શકીએ.

કર્ણ એટલે કાન. આપણા વિશે કોઈ કશુંક બોલેલું એવું આપણે જયારે સાંભળીએ છીએ તો આપણા કાન લાગલા જ ઊંચા થઈ જાય છે. આપણી અંદરનો અહંકાર તરત જ બેઠો થઈ જાય છે. ખૂણામાં ઊભેલી બે વ્યક્તિઓ વાતો કરીને હસતી હશે તો આપણને હંમેશાં અંદર એમ જ થશે કે તેઓ આપણી વાત કરે છે. વળી આપણું મોટાભાગનું જ્ઞાન એ માત્ર એકઠી કરેલી માહિતી કે સાંભળેલું જ્ઞાન છે. જેનો આપણે તાર્કિક દલીલો તરીકે ખુલાસાઓમાં દુરુપયોગ કરીએ છીએ અને તેને વળી બૌદ્ધિક ચિંતન એવું નામ દઈએ છીએ. આપણી અંદર એવું કશુંક છે જેને પુસ્તકો અને મેગેઝિનોમાંથી મેળવેલાં ઉછીનાં જ્ઞાનને આધારે દલીલો કરવી ગમે છે,એટલે જ એ જ્ઞાન અણીના સમય કામ આવતું નથી. કર્ણ પણ યુદ્ધમાં ખરા સમયે, દિવ્યઅસ્ત્રોનાં મંત્રો ભૂલી જાય છે.

કર્ણ સૂર્યપુત્ર છે છતાં તેનો ઉછેર સારથીને ત્યાં થાય છે. આ દર્શાવે છે કે, ઉચ્ચતર આયામોમાંથી ઊર્જા આવે છે પરંતુ તે નિમ્ન કામગીરીમાં વપરાય છે. (માહિતીઓ અને જ્ઞાનમાં કશુંક ઉચ્ચત્તર આયામનું પડેલું હોય છે. પરંતુ હસ્તી-હોવાપણાનો વિકાસ કરવામાં વાપરવાને બદલે નકલી વ્યક્તિત્વના વિકાસમાં એ માહિતીઓ વપરાઈ જાય છે. પરિણામે અંદર કશું જ બદલાતું નથી) સૂર્યની શક્તિ, આપણા દેહમાં પાંચ ઇન્દ્રિયો જે ઊર્જાથી કામ કરે છે તે સ્વરૂપ વહે છે. જીસસ આ ઊર્જાને

લાઈટ ઑફ બૉડી કહે છે. આ ઊર્જા બે માર્ગે જઈ શકે છે.

પહેલો માર્ગ ઉત્તેજનાનો છે જે વધુ ને વધુ આસક્તિ તરફ ખેંચે છે. આસક્તિથી ઇન્દ્રિયોની આનંદ મેળવવાની ક્ષમતા નાશ પામતી જાય છે અને જીવનમાં કશીક ઉત્તેજના માટે આપણે રોજ કશુંક નવીન શોધીએ છીએ. પ્રત્યેક કામગીરીમાંથી ઇન્દ્રિયજન્ય સુખ મેળવવાની ભૂખ આપણી ઘણીબધી ટેવોમાં ઊંડામાં ઊંડી ટેવ છે જે આપણને ઇન્દ્રિયોના સંપર્કમાં આવતા વિશ્વ સાથે બાંધે છે. જ્યાં આપણે દૈહિકસુખોની ઇચ્છાના ગુલામ બનીએ છીએ. એટલે કે, અંગરાજ બની જઈએ છીએ. (રાજ એટલે ચેતના, આપણી ચેતના હવે દેહ પૂરતી સીમિત થઈ ગઈ છે.) અંગરાજ કર્ણનું બીજું નામ છે. સૂર્યમાંથી આવતી ઉચ્ચતમ ઊર્જાને આપણે દેહધ્યાસ-દૈહિકસુખો મેળવવાની નિમ્નતર પ્રાણીજન્ય કામગીરીમાં વાપરી નાખીએ છીએ.

બીજો માર્ગ સંવેદનાનો છે. અહીં આપણે ઇન્દ્રિયોને ઉત્તેજનાની ગુલામીમાંથી મુક્ત કરીને આપણે જે કંઈ કરીએ છીએ તેની સંવેદનામાં ઊંડા ઊતરીને ઇન્દ્રિયો દ્વારા રસ લઈએ છીએ. આપણે એની એ જ જૂની કામગીરી કરતા હોવા છતાં કંટાળતા નથી. કારણ કે, દરેક વખતે ઉત્તેજનાથી અલગ એવી નવી સંવેદના હોય છે જેમાંથી રસ આવે છે. ઉત્તેજનામાં એના એ સાથીદારને રોજ જોઈને આપણે કંટાળી જઈએ છીએ. સંવેદનામાં એના એ જ સાથીદારને રોજ જોવા છતાં દરરોજ કશુંક નવું તેનામાં દેખાય છે.

કર્ણનું એક નામ વૈકર્તન પણ છે, જેનો અર્થ થાય સૂચન-સંમોહન. આપણે સૌ એક યા બીજી રીતે સૂચન-સંમોહનના શિકાર બની જઈએ છીએ. સુખ કે સગવડ આપતું ગમે તે હોઈ શકે. જેમ કે પૈસો, સત્તા કે પછી સૌથી મહત્ત્વની એવી પ્રસિદ્ધ. કર્ણ દાનેશ્વરી તરીકે પ્રસિદ્ધ છે. દાની તરીકેની પોતાની પ્રસિદ્ધિમાં જ કર્ણ સંમોહિત છે અને આ સંમોહન હેઠળ જ એ પોતાને જન્મથી મળેલા કવચ અને કુંડળ જ દાનમાં આપી બેસે છે. સંસાર વહેવારમાં આવા વ્યક્તિના આપણે વખાણ કરી સન્માન આપીએ છીએ. પરંતુ અધ્યાત્મપથ પર આ બાબત માત્ર દાનીનાં અહંકારને જ મજબૂત કરે છે અને આપણી અંદર એટલી સૂક્ષ્મતામાં ઉમદા રીતે બેઠેલો છે કે તેને ઓગાળવો અત્યંત અઘરો છે.

કર્ણનું મૃત્યુ પણ બહુ પ્રતિકાત્મક છે. યુદ્ધભૂમિમાં તેના રથનું પૈડું ભીની જમીનમાં ફસાઈ જાય છે અને તે રથમાંથી ઉતરીને પૈડું બહાર કાઢવા મથે છે. આ એ ક્ષણ છે જ્યાં તે શસ્ત્રવિહીન છે. શ્રીકૃષ્ણ અર્જુનને તેને મારવાનું કહે છે. આપણી અંદરનો સૂક્ષ્મ અહંકાર પોતાના ક્ષેત્રમાં (રથ) હોય ત્યારે મારી ન શકાય. પહેલા તેમાંથી બહાર કાઢવો પડે. જે વ્યક્તિ તાર્કિક દલીલો કરે છે તેને હરાવી ન શકાય. પહેલા તેને શસ્ત્રવિહીન કરાવો પડે. ભીની જમીન લાગણીનું પ્રતિક છે. એટલે તાર્કિક મનને પહેલાં તર્કના રથમાંથી નીચે ઊતારી લાગણીઓ તરફ લઈ જવું પડે. અહીં એની પાસે શસ્ત્રો નથી અને સહેલાઈથી મારી શકાય છે.

કર્ણ અને દુર્યોધનની મૈત્રી જગજાહેર છે. જે આપણો અહમ્ભાવ-સેલ્ફ લવ દર્શાવે છે, એટલે કે જેને પોતાનું જ નામ સાંભળવું ગમે છે અને પોતાના જ ગીતો ગાવાં ગમે છે. પોતે કેટલો સારો છે તે વિશે દલીલો કરવા જેટલું સુખ બીજે ક્યાંય દલીલો, તર્કો અને ખુલાસાઓથી મુક્ત કરવી પડે છે. ત્યાર પછી જ છેવટે અહમ્ભાવને આપણી અંદર આપણે મારી શકીએ છીએ, એટલે જ દુર્યોધન પહેલા કર્ણ મરે છે. એક વખત આપણા ભાવને અહમ્થી મુક્ત કરવો પડે પછી જે બચે છે તે ભાવની, પ્રેમની શુદ્ધ ઊર્જા જ છે, પ્રેમ એ જ પરમાત્મા છે.

## (૨૯) જયદ્રથઃ મૃત્યુનો ભય

સિંધુ દેશનો રાજા જયદ્રથ દુર્યોધનની બહેન દુઃશલાનો પતિ છે. વનવાસ દરમિયાન કામ્યક વનમાં દ્રૌપદીનું બળજબરીથી અપહરણ કરવાનો જયદ્રથ પ્રયત્ન કરે છે ત્યારે પાંડવો તેને મૃત્યુદંડ આપવા માંગતા હોય છે પણ યુધિષ્ઠિરના કહેવાથી તેનું મુંડન કરી છોડી દે છે.

આ અપમાનનો બદલો લેવા જયદ્રથ મહાદેવનું તપ કરે છે અને વરદાન મેળવે છે કે, મહાભારતના યુદ્ધમાં અર્જુન સિવાયના પાંડવો પર એક દિવસ માટે વિજયી થશે. દ્રોણાચાર્ય ચક્રવ્યૂહનું આયોજન કરે છે અને અર્જુન ત્રિગર્તો સાથે યુદ્ધમાં રોકાયેલો હોય છે ત્યારે ચક્રવ્યૂહમાં અભિમન્યુ પાછળ પ્રવેશતા બાકીના પાંડવોને જયદ્રથ રોકી રાખે છે. અભિમન્યુ ચક્રવ્યૂહમાં એકલો જ પ્રવેશે છે અને મૃત્યુ પામે છે.

અર્જુન આખો ઘટનાક્રમ સાંભળીને જયદ્રથને બીજા દિવસના સૂર્યાસ્ત પહેલાં મારવાની પ્રતિજ્ઞા કરે છે. કૌરવો પોતાના સમગ્ર લશ્કર સાથે જયદ્રથનું રક્ષણ કરવા તૈયાર છે. કારણ કે અસફળ રહેતા અર્જુન આત્મવિલોપન કરી લેવાનો છે. અર્જુન આખા લશ્કરને ભેદીને જયદ્રથ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે પરંતુ જયદ્રથ હજી દૂર છે. એ વખતે શ્રીકૃષ્ણ વાદળો દ્વારા સૂર્યને ઢાંકીને સૂર્યાસ્ત થયાનો ભ્રમ ઊભો કરતા, સૂર્યાસ્ત સાચે જ થયો છે એવું માનીને જયદ્રથ રક્ષાકવચમાંથી બહાર નીકળે છે. શ્રીકૃષ્ણ વાદળા હટાવી દે છે. જયદ્રથ અર્જુનની સામે આવી જતાં અર્જુન બાણથી જયદ્રથનું મસ્તક કાપી નાખે છે.

જયદ્રથનું મસ્તક કાપતાં પહેલાં શ્રીકૃષ્ણ અર્જુનને ચેતવે છે કે, જયદ્રથનું મસ્તક ધરતી પર પડશે તો તેને મારનારના મસ્તકના હજાર ટુકડા થઈ જશે એવું જયદ્રથના પિતાએ મહાદેવ પાસે વરદાન માંગેલુ છે તેથી જયદ્રથનું કપાયેલું મસ્તક તેના પિતાના ખોળામાં પડે એ રીતે અર્જુન બાણ મારે છે. ખોળામાં પડેલું પુત્રનું મસ્તક જોતા જયદ્રથના પિતા આઘાતથી તેને જમીન પર ફેંકે છે અને તેના મસ્તકના પણ શતશત ટુકડા થઈ જાય છે.

જયદ્રથ શબ્દ જયત્ અને રથ્ શબ્દોથી બને છે એટલે કે વિજયી અને રથ. આમ જે વિજયી બને એવા રથવાળો છે. રથ એટલે આપણી બૉડી-બ્રેઇન સિસ્ટમ. જયદ્રથ દર્શાવે છે કે, ઇન્દ્રિયજન્ય સુખોપભોગની વસ્તુ, વ્યક્તિ કે ઘટનાઓમાં ફસાયેલી ધ્યાનની શક્તિ ઉપર બૉડી-બ્રેઇન સિસ્ટમનું નિયંત્રણ. આમ આપણા શરીર સાથેનું આપણું ગહેરું સંમોહન કે દેહ પ્રત્યેની ઊંડી આસક્તિ એટલે

જયદ્રથ. દેહ સાથેની ગહેરી આસક્તિને પતંજલીમુનિ 'અભિનિવેશ' કે અસ્તિત્વ ટકાવી રાખવાની તૃષ્ણા જે મૃત્યુના ભય સ્વરૂપે વ્યક્ત થાય છે. જગતનો સૌથી મોટો ઉદ્યોગ શરીરને કેન્દ્રમાં રાખીને વિકસેલો છે. પછી તે દવાના રૂપે હોય, વિટામીન, ટૉનિક, કપડાં, સ્પ્રે કે પછી એવું કોઈ પણ ઉત્પાદન જે શરીરને ઇન્દ્રિયજન્ય સુખ આપતું હોય.

જયદ્રથ આપણી એવી અવસ્થા છે જેમાં ઇન્દ્રિયોનાં વિષયોમાં અટેન્શન પૂરેપૂરું પરોવાયેલું છે. અટેન્શન ઇન્દ્રિયોના વિષયોમાં તદ્દન મુક્ત થાય છે એ અર્જુનની સ્થિતિ છે. આ બેઉ સ્થિતિમાં અટેન્શન એકાગ્ર છે. જયદ્રથમાં અવધાન બહારની દિશામાં છે, જેનું પરિણામ સંમોહન છે. અર્જુનની સ્થિતિમાં અવધાન અંદર એકાગ્ર છે પરિણામે સંમોહનમુક્ત દશા છે.

આપણે આગળ જોયું કે દ્રૌપદી સેક્સએનર્જી છે જે ચક્રોમાં ઉપર ચડતા કુંડલિની શક્તિ બને છે. એ કામ્યક વન એટલે કે કામનાઓનાં જંગલમાં છે. આપણે જોયું કે, ઇન્દ્રિયજન્ય ઇચ્છાઓની પૂર્તિ માટે દેહની શક્તિ ખેંચવાની ક્ષમતાનું જયદ્રથ પ્રતિક છે. આ ઇચ્છાઓ આપણા અચેતનમાં 'વાઇબ્રેટ' થયા કરે છે અને કામ્યક વનમાં પ્રગટે છે. સુંદર વસ્તુઓ કે વ્યક્તિઓના સતત વિચારોમાં મગ્ન રહેવાથી આપણી કામઊર્જા વેડફાય છે.

ચક્રવ્યૂહમાં અભિમન્યુ પ્રવેશે પછી જયદ્રથ વ્યૂહ બંધ કરી દે છે તે દર્શાવે છે કે, જ્યારે પણ અહંકારના દોરવાયા સંસારની મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાઈએ છીએ ત્યારે આપણો અજ્ઞાત ભય અથવા તો દુન્યવી અસ્તિત્વની ઇચ્છાઓના વાદળો આપણી દૃષ્ટિને ઝાંખી કરીને સ્થિતિની આરપાર જોવા દેતા નથી. આપણે સ્થિતિથી અલગ થઈ શકીએ તો ઉપાય જોઈ શકીએ.

પ્રત્યેક સમયે આપણું અટેન્શન પાંચ ઇન્દ્રિયો દ્વારા સો જુદા-જુદા પ્રલોભનમાં ફસાય છે તેનું કૌરવો પ્રતિક છે. આપણા અચેતન અને અર્ધચેતન મનમાં પડેલી ઇચ્છાઓ આ રીતે આકારિત થાય છે. આપણી અંદરના જન્મજાત ભયની સંવેદનાને આ ઇચ્છાઓ રોકી દે છે. અચાનક મૃત્યુ આવી જશે તો બધી ઇચ્છાઓ અધૂરી રહી જશે એવા માનસિક ભયના આવરણને લીધે આપણને, પ્રાણીઓને આવતી જન્મજાત ભયની સંવેદના આવતી નથી.

યોગ પ્રમાણે જમણા નસકોરામાં રહેલી સૂર્યનાડી તેમાંથી વહેતા પ્રાણને પોઝિટિવ ચાર્જ આપીને ગરમ કરે છે. ડાબા નસકોરામાં રહેલી ચંદ્રનાડી તેમાંથી વહેતા પ્રાણને નેગેટિવ ચાર્જ આપીને ઠંડો કરે છે. બધી નકારાત્મક લાગણીઓ અને મુખ્યત્વે ક્રોધ અને ભયને આપણું અવધાન લલચાવી ઊર્જા ખેંચી જવા સૂર્ય નાડીના ટેકાની જરૂર છે. યોગી નકારાત્મક લાગણીઓ અને મુખ્યત્વે મૃત્યુના ભયથી મુક્ત થવા માટે સૂર્ય નાડી કે જમણું નસકોરું કૃત્રિમ ઉપાયથી બંધ કરે છે. જે શ્રીકૃષ્ણ વાદળોથી સૂર્યને ઢાંકી દે છે તે દ્વારા દર્શાવાયું છે. આવે વખતે વ્યક્ત થતી કોઈ પણ નકારાત્મક લાગણીઓને મજબૂત ટેકો મળતો નથી એટલે કે, સૂર્યનાડી દ્વારા ગરમ પ્રાણ ન મળવાથી નકારાત્મકતાઓ નબળી પડી જતા યોગીના અટેન્શનને લલચાવી નથી શકતી. આ બંને પછી જ અચેતન કે અર્ધચેતન મનમાંથી બહાર નીકળતી નકારાત્મકતાને પોતાના અટેન્શનના તીરથી એટલે કે, સ્વ-નીરિક્ષણ કે સેલ્ફ-ઑબ્ઝર્વેશનથી યોગી મારી શકે, જે અર્જુન જયદ્રથનને તીર મારે છે તેનાથી દર્શાવાયું છે.

જયદ્રથ મૃત્યુનો ભય છે અને તેના પિતા એ જાત સચવાઈ રહે તેવી જન્મજાત ઇચ્છાનું પ્રતિક છે. યોગી, જાત સચવાઈ રહેવાની જન્મજાત ઇચ્છામાંથી જ્યાં સુધી મુક્ત નથી થતો ત્યાં સુધી મૃત્યુનો ભય વારંવાર પ્રગટ થતો રહે છે. દિવ્યને સમર્પિત થવાથી જાત સાચવવાની પ્રકૃતિગત ઇચ્છાની જરૂર રહેતી નથી કારણ કે, તેનું જીવન હવે કૃષ્ણના હાથ હોવાથી પ્રકૃતિના રક્ષણની જરૂર નથી. આ વાત અર્જુન શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે જયદ્રથનું માથું તેના પિતાના ખોળામાં પડે તે રીતે તીર મારે છે તેમાં દર્શાવાય છે.

## (૩૦) ક્રોધના ગહેરા આયામો

મહાભારતમાં ક્રોધની ઉત્ક્રાંતિની વાત આવે છે. મનુષ્યએ આ પૃથ્વી પર જન્મ લીધો તે પહેલા પણ ક્રોધ કરવાની શક્તિ હતી. એક ડાલામથ્થો પોતાના વિસ્તારમાં જો કોઈ બીજો સિંહ જાય તો ગુસ્સે જ થાય. આ અહમ્ અને ક્રોધના પ્રાથમિક તબક્કાઓ છે, જે મનુષ્યમાં પાછળથી અહંકાર અને માનસિક ક્રોધરૂપે દેખાય છે. પહેલાં તો એ જાણીએ કે ક્રોધ શું છે અને તે કેવી રીતે કામ કરે છે. મારા ગુરુ કહેતા કે, 'ક્યારેય ક્રોધ ન કરવા કેમ કે તે ખૂબ કિમતી છે.' નકારાત્મક લાગણીઓની અભિવ્યક્તિઓમાં ક્રોધ સૌથી ઉપર બિરાજમાન છે. એ ઉચ્ચ વાઇબ્રેશને વ્યકત થતી શક્તિ છે અને આ ક્રોધની શક્તિ હંમેશા ધનધ્રુવથી ઋણધ્રુવ તરફ ગતિ કરવા તત્પર રહે છે. સાદી રીતે કહીએ તો ક્રોધના આવવાથી કદી શક્તિનો સંચય નહી પણ વ્યય જ થાય છે.

આપણને તો એમ જ લાગે છે કે વાંક તો સંજોગોનો કે સામેની વ્યક્તિનો જ છે. ઘડીભર માટે પણ આપણે એ જોવા નથી થોભતા કે ક્રોધ આપણા અચેતન મનમાંથી આવે છે. સંજોગો કે વ્યક્તિમાં દેખાતો વાંક એ તો ક્રોધને અચેતનમાંથી ચેતન મનની સપાટી પર લઈ આવવાનું નિમિત્ત કારણ માત્ર છે અને આપણે બોલી ઊઠીએ છીએ કે, 'ફલાણાએ મને ક્રોધ કરાવ્યો!' આપણે બહારના ઋણધ્રુવથી અંદર ધનધ્રુવ તરફ ગુસ્સાને વાળી લેવાની કલા શીખી લઈએ તો બૉડી-બ્રેઇન સિસ્ટમમાં આ શક્તિશાળી ઊર્જા પાછી વળે.

પણ આ બદલાવ લાવવો કેમ? આ માટે અધ્યાત્મનો પાયાનો નિયમ સમજવો જ પડે કે, 'જો હું ગુસ્સે થાઉં છું તો વાંક મારી અંદર જ છે.' બીજે ક્યાંય નથી. અધ્યાત્મનો સાધક જ્યાં સુધી આ નિયમ જીવી શકવાની આંતર-અવસ્થાએ નથી પહોંચતો તો આ કરવું અઘરું પડે છે. ક્રોધની અવસ્થામાં સામાન્ય રીતે આપણે સંજોગો સાથે જો થોડુંક 'પૉઝ' આપીને જાગી જવાની કલા નથી શીખતા તો પછી પૂરેપૂરા સંમોહિત થઈ જઈએ છીએ અને આગળ વધી શકતા નથી. બીજી બાબત જાણવી જરૂરી એ છે કે, આપણે ક્રોધમાં હોઈએ છીએ તેનું કારણ કોઈ ઘટના, વ્યક્તિ

કે સંજોગો પ્રત્યેનો તીવ્ર અણગમો. એકવાર એવું સમજાય કે વાંક આપણી અંદર જ છે તો પછી કોઈપણ બાબત માટે અણગમો લાંબો સમય ટકી શકતો નથી, પછી અણગમો એ થાય કે, હજી કેમ ગુસ્સે થાઉં છું, બહારથી અંદર તરફનું આ અણગમાનું સ્થાનાંતર છે.

પ્રચંડ શક્તિશાળી અને ઊંચી ફ્રિકવન્સીવાળો ક્રોધ, જે અત્યાર સુધી નકારાત્મક છેડા પર હતો, તે હવે પોઝિટીવ-હકારાત્મક બને છે. ક્રોધની ઊર્જા બહારથી અંદર તરફ વળે છે તો તે પાછી વળતા પોતાની સાથે પ્રકૃતિએ આપેલ કોઈક વધારાની ઊર્જા લઈને અંદર આવે છે. આ ઊર્જાને મારા ગુરુ 'ચૈતન્યના સત્વની ઊર્જા' (એનર્જી ઑફ ઍસેન્સ ઑફ કૉન્શિયસનેસ) કહે છે. આ એ ઊર્જા છે જેનાથી જાગૃતિના અનુભવની સભાન અવસ્થાને લાંબો સમય પકડી રાખી શકાય છે.

આપણે ક્રોધ કરીએ તેમા પ્રકૃતિને રસ છે. આ અતિ જ્વલનશીલ ઊર્જાનો એ ચોક્કસ હેતુ માટે ઉપયોગ કરે છે. આ ઊર્જા માત્ર મનુષ્યમાં જ સર્જન પામે છે અને જેટલી વાર આપણે ક્રોધ કરીએ આપણે પ્રકૃતિના હેતુને સિદ્ધ કરીએ છીએ. ગુસ્સે થવાનો આવેગ અને ગુસ્સાની અભિવ્યક્તિ વચ્ચે સૂક્ષ્મ અવકાશ કે વિરામ હોય છે. આ અવકાશ પુરવા માટે ખાસ પ્રકારની ઊર્જાની જરૂર પડે છે. જે મનુષ્ય પાસે નથી એટલે પ્રકૃતિ તે પૂરી પાડે છે.

યોગી વર્ષોની સાધના પછી થોડી માત્રામાં આ પ્રકારની ઊર્જા એકઠી કરી શકે છે. સાંસારિક પરિસ્થિતિઓમાં ઉચ્ચસ્તરીય ચેતનાની અવસ્થાને જાળવી રાખવા માટે જાગૃતિની આટલી માત્રા ઓછી પડે છે. ધારો કે, એક કલાકનું 'મેડીટેશન' કરી સુંદર માનસિક સ્થિતિ સાથે ઑફિસે જવા માટે બસ સ્ટોપ આવીએ અને બસ મોડી આવવાની છે એ વાતમા પ્રકૃતિ ઊર્જા ઉમેરે કે તરત જ ગુસ્સો, ચીડ સ્વરૂપે પ્રગટ થઈને તંત્રની અરાજકતા ઉપરની ભડાશ સ્વરૂપે બહાર કાઢી નાખે છે. મૂળ કારણ બહાર નહીં પણ અંદર છે એ વાત યોગ્ય સમયે યાદ નથી આવતી. એ બતાવે છે કે અંદર પૂરતી માત્રામાં ચૈતન્યના સત્વની ઊર્જા યોગ્ય સમયે જાગૃતિને પકડી રાખવા માટે નથી. દિવ્ય સાથે જોડતી સીડી એ આ ઊર્જા છે.

સાધના પથનો શિષ્ય આ ઊર્જા વિપુલ માત્રામાં એકઠી કરવા ઇચ્છે છે અને જાણે છે કે નોર્મલ ટેકનિક દ્વારા આવું શક્ય નથી, એટલે પ્રકૃતિ પાસે આ ઊર્જા કેમ છીનવી લેવી તે ગુરુ શીખવે છે. વર્ષોની પ્રેક્ટિસ પછી આ ઉચ્ચ ટેકનિક સાધ્ય થાય છે. કેમ કે શિષ્ય ગુસ્સાને એ ક્ષણ સુધી લઈ આવે છે જ્યાં તે હવે પ્રગટ થવાની અણી ઉપર છે, છતાં ક્રોધ સાથે તે એકરૂપ થતો નથી.(ગુર્જિએફ આને દ્વિતીય સભાન આઘાત (સેકન્ડ કૉન્શિયસ શોક) કહે છે) આ બિંદુએ પ્રકૃતિ ચૈતન્યના સત્વની ઊર્જા ગુસ્સાને વ્યક્ત થવા માટે રેડે છે. શિષ્ય આ ક્ષણે ગુસ્સાને વ્યક્ત કરવાને બદલે 'પૉઝ' મૂકી ગુસ્સાની અભિવ્યક્તિ રોકે છે પણ તેના ધ્રુવ બદલી બહારથી અંદર કરી નાખે છે અને ગુસ્સાની ઊર્જા વત્તા ચૈતન્યના સત્વની ઊર્જા બૉડી- બ્રેઇન સિસ્ટમમાં આવી જાય છે. ફિનીશ પ્રોડક્ટ બનાવવા માટે અહીં કાચા માલ તરીકે ગુસ્સો વપરાય છે. અર્ધચેતન મનમાં જેટલી વધુ માત્રામાં ગુસ્સો એટલી ઝડપી પ્રગતિ થઈ શકે, જો આ ટેક્નિકનો ઉપયોગ કરાય તો! કેટલાંક અધ્યાત્મક ગુરુ ગુસ્સામાંથી મુક્તિ માટે 'કેથોર્સીસ'ની વિધિ શિષ્યો પાસે કરાવે છે. જેમાં ભાગ્યે જ ખ્યાલ આવે છે કે કાચા માલના રૂપે કિંમતી ઊર્જા ચાલી ગઈ છે.

ક્રોધની જુદી જુદી નવ પ્રકારની અભિવ્યક્તિની મહાભારત વાત કરે છે. શિષ્ય તરીકે આ પ્રકારોને ઓળખીને તેનો અભ્યાસ કરીને ઓ ક્રોધ સાથે કામ કરવું સરળ બને છે. ક્રોધ નવ પ્રકારે વ્યક્ત થાય છે તો આપણને સંસાર લીલાનો ખ્યાલ આવે છે, પછી અધ્યાત્મ યાત્રામાં સુંદર નાટકના દર્શક હોઈએ તેવી મોજ અને આનંદ આવે છે.

## (૩૧) ક્રોધ અને તેની અભિવ્યક્તિના સ્વરૂપો

યોગ પ્રમાણે દૃશ્યમાન જગતનું સંચાલન ત્રણ બળોના આંતરખેલથી થાય છે. તે આ પ્રમાણે છે, સક્રિય (એક્ટિવ), નિષ્ક્રિય (પેસિવ)અને અક્રિય (ન્યુટ્રલાઈઝિંગ). કશુંક કરવાની ઇચ્છા એ સક્રિય બળ ગણાય. કરવાના માર્ગમાં આવતી અડચણો એ નિષ્ક્રિય બળ ગણાય. અક્રિય બળ નક્કી કરે છે કે સક્રિય નિષ્ક્રિયને ઓળંગી જશે કે નહીં. શાસ્ત્રો આને અનુક્રમે રજસ્, તમસ્ અને સત્વ કહે છે.

આ ત્રણ બળોને સમજવા માટે મકાન બાંધવાનું ઉદાહરણ લઈએ. મકાન બાંધવાનો વિચાર એ સક્રિય બળ બને છે, પણ જેવું બાંધવાનું નક્કી કરીએ છીએ એ ક્ષણથી આપણી અડચણોને જોઈએ છીએ - મકાનના માલસામાનના ભાવોમાં વધારો, મકાનની મંજૂરી મેળવવામાં પડતી અડચણો, પસંદગીના માલસામાનની અછત, આ અને બીજું ઘણું એ નિષ્ક્રિય બળનો ભાગ થયું ગણાય, જે સક્રિય બળને રોકે છે. હવે, અક્રિય બળ નક્કી કરે છે કે કયું બળ વ્યક્ત થઈ આગળ વધશે, સક્રિય કે નિષ્ક્રિય.

પૃથ્વી પર જીવનની શરૂઆત સાથે જ તેને અડચણરૂપ બને તેવા પરિબળોની હાજરી હતી, તેથી સક્રિય બળમાં એક વધારાનું સ્પંદન મૂકવામાં આવ્યું. આ વધારાનું સ્પંદન તેમાં ક્રોધ સ્વરૂપે, નિષ્ક્રિય બળ કે અડચણોને ઓળંગવા માટે અંદરથી વધારાનું બળ આપે છે.

માણસના અસ્તિત્વ પહેલાં પણ ક્રોધ હતો. ઉત્ક્રાંતિના ક્રમમાં ક્રોધ ચોક્કસ લાક્ષણિકતાઓ અને ખાસિયતો સ્વરૂપે વ્યક્ત થયો છે. અડચણ કે અવરોધોને ઓળંગવાના વધારાના સ્પંદનની અભિવ્યક્તિ, દાંત, કચકચાવવા,ઘૂરકિયાં કરવા, પંજા ઘસવા કે ઘૂરકાટનાં અવાજો દ્વારા થાય છે. કેટલાંક પ્રાણીઓ તેના સંવનન કાળમાં અત્યંત ઉશ્કેરાટમાં જોવા મળતા હોવાથી કોઈ દખલ કરનાર પર હુમલો કરી બેસે છે.

મહાભારત ક્રોધ અને તેની નવ પુત્રીઓ (અભિવ્યક્તિઓ)ની વાત કરે છે. મહાભારત ગુસ્સાને અલગ પરિપ્રેક્ષ્યમાં જુએ છે. ક્રોધને ખરાબ ગણવા કે નિયંત્રિત કરવાની બદલે પ્રત્યેક અભિવ્યક્તિમાં છુપાયેલ ચૈતન્યના સત્વની મૂલ્યવાન ઊર્જાની વાત કરે છે. ગ્રંથો ક્રોધમાંથી મુક્ત થઈને આ મૂલ્યવાન ઊર્જા બચાવવા પર

ભાર મૂકી ક્રોધનું રૂપાંતરણ કરી ચૈતન્યના સત્વની ઊર્જાની આપણા જીવનમાં થતી અસરોની પણ વાત કરે છે. આપણે આ નવ અભિવ્યક્તિ અને તેના રૂપાંતરણની અગત્ય સમજીએ.

**૧. મૃગઃ કે હરણ :** ક્રોધ અહીં ભયથી ભાગવાના સ્વરૂપે રહેલો છે. મૃગ શબ્દની ગહેરાઈમાં જતા 'પ્રયત્નોથી મેળવવું' કે શોધખોળ કરવી તેવો અર્થ નીકળે છે, તેથી પીડા કે દુઃખથી ભાગી છૂટવાના ભયના રૂપાંતરણથી જીવનના રહસ્યો કે વિષયોમાં ઊંડા ઉતરવાની ક્ષમતા આવે છે.

**૨. મંદ કે ધીમું :** અલિપ્ત કે મંથર પણ આનો અર્થ થાય છે. રીંછ અને સુવર આજુબાજુ બનતી ઘટનાઓ પ્રત્યે કાં તો અલિપ્ત હોય અથવા ઉદાસીન હોય. મંદ કે મંથરની ઊંડાઈએ જતા મોજ લેવી તેવો અર્થ પણ નીકળી આવે છે. એટલે કે ક્રોધની આ પ્રકારની અભિવ્યક્તિને રૂપાંતરિત કરવાથી જીવનની નાની નાની બાબતોમાંથી મોજ લેવાની ક્ષમતા પ્રગટે છે.

૩. હરી (આંચકી લેવું, હરી લેવું) :

વાનરમાં ક્રોધની અભિવ્યક્તિ કોઈ ચીજ આંચકી લેવાના સ્વરૂપે પ્રગટ થાય છે. ક્રોધ આંચકી લેવાના સ્વરૂપે વ્યક્ત થાય ત્યારે પોઝ આપીને અંદર નીરિક્ષણ કરવાથી રૂપાંતરણ થતાં આપણું હોવાપણું આકર્ષક અને મોહક બની જાય છે. શારીરિક આયામથી પણ ઊચ્ચત્તર આયામની આ મોહકતા હોય છે.

**૪. ભદ્રમનઃ**હાથીઓમાં જોવા મળતી ક્રોધની અભિવ્યક્તિ ઘોંઘાટ કે કોલાહલ સ્વરૂપે દેખાય છે. આ પ્રકારની અભિવ્યક્તિ રૂપાંતરણ પામતા એવી શક્તિ વિકસે છે જેનાથી સુખ અને સમૃદ્ધિ લાવનાર ઘટનાઓ આકર્ષાય છે.

**૫. માતંગી :** માતંગ એટલે ગાંડો હાથી જે અત્યંત ભય ઉત્પન્ન કરે છે. ક્રોધ, ગાંડપણ સ્વરૂપે વ્યક્ત થાય છે, તેનું રૂપાંતરણ કરતાં પ્રચંડ શક્તિ આવે છે. જેનાથી કુટુંબ કે કબીલાના વડા થઈ શકાય છે.

**૬. શાર્દૂલી :** ગુસ્સાનું આ સ્વરૂપ સિંહ, વાઘ, ચિત્તા જેવાં પ્રાણીઓમાં હુમલો કરી ઈજા પહોંચાડવાના રૂપમાં જોવા મળે છે. આ પ્રકારના ક્રોધનું ચિંતન કરી રૂપાંતરણ કરતા દૃશ્યજગતની ચીજોની આરપાર કારણ શરીર સુધી જોઈ શકવાની ક્ષમતા આવે છે.

**૭. શ્વેત કે સફેદ :** કૂદકા મારતાં પ્રાણીઓ જેવાં કે સસલું, હરણ, વાંદરામાં ક્રોધની અભિવ્યક્તિ અધિરાઈ કે આવેશના સ્વરૂપે જોવા મળે છે. અધિરાઈ પર કામ કરવું મુશ્કેલ છે. કોઈ પ્રશ્ન કે સમસ્યા પર ઊર્જાને ટકાવી રાખવી તેને યોગમાં ધારણાશક્તિ કહે છે. પ્રશ્ન કે સમસ્યાને ધારણ કરી રાખવાથી આપણે તેમાંથી મુક્ત થઈએ છીએ. કેટલીય વાર એવું બોલી બેસીએ છીએ જેના પર પાછળથી પસ્તાવો કરવો પડે તો પછી, આપણે દિલગીરી વ્યક્ત કરવાથી પણ રોકાઈ શકતા નથી. આપણામાં ધારણાશક્તિ હોય તો તરત જ 'સૉરી' નહીં કહીને પીડાને ધરી શકીએ તો તે એવા વરદાનમાં રૂપાંતરીત થાય છે, જેમાં શક્તિની અલગ ગુણવત્તા અને આંતરપરિપક્વતા હાજર હોય.

**૮. સુરભી (કામધેનુ ગાય):** બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરતી કામધેનુ ગાય સુરભી છે. અજાણતા કોઈને ખરાબ લગાડવું કે માનભંગ  કરવો એ ક્રોધની સૂક્ષ્મ અભિવ્યક્તિ છે. આપણા આંતર-નીરિક્ષણની સતત પ્રેક્ટિસથી કોઈને અજાણતા પીડા પહોંચાડવાની નબળાઈમાંથી મુક્તિ મળતા સદ્‌ભાગ્ય અને સદ્‌નસીબને આવકારવાની ક્ષમતા આવે છે.

**૯. સુરસ :** ક્રોધની આ પ્રકારની અભિવ્યક્તિ સર્પ જેવા પ્રાણીઓમાં સુસવાટા કે ફૂત્કારના સ્વરૂપે જોવા મળે છે. સુ એટલે સારું અને રસ એટલે મોજ. આપણા ઓહમ્, આહ જેવા ઉદ્‌ગારો સ્વરૂપે ક્રોધ પ્રગટ થતો હોય છે તેનું રૂપાંતરણ થતા પાકેલાં ફળની જેમ જીવન રસમય બની જાય છે અને આ રસિકતા ચોક્કસ પ્રકારનું શાણપણ અને પરિપક્વતા લાવે છે.

## (૩૨) સ્વર્ગ લોકની છ અપ્સરાઓ

મહાભારતમાં ઘણી અપ્સરાઓની વાતો આવે છે તેમાંની છ સ્વર્ગલોકની અપ્સરાઓ છે. આપણે એ સમજવાનો પ્રયત્ન કરીએ કે આપણાં મનોપ્રદેશમાં એ શું દર્શાવવા માંગે છે. 'અપ' એટલે અપસ કે જલ અને 'સરા' એટલી સરી જવું કે સરકવું. અપ્સરા એટલે કે જે પાણી પર સરતી જાય છે. નાગ માટે જે સર્પ શબ્દ વપરાય છે તેનો અર્થ પણ સરકવું થાય પણ તે જમીન પર સરકે છે. આ સ્વર્ગલોકની અપ્સરાઓ પાણી પર સરે છે. પાણી આપણા લાગણીતંત્રનું પ્રતિક છે જેને થિયોસૉફીમાં 'એસ્ટ્રલબૉડી' કહે છે એટલે કે આપણા ભાવકેન્દ્રમાં જે ઊર્જાઓ કામગીરી કરી અસર પહોંચાડે છે એ અપ્સરા છે. શાસ્ત્રોમાં એવા ઘણા પ્રસંગો છે જેમા ઋષિઓ અને તપસ્વીઓ અપ્સરાઓથી મોહિત થાય છે અથવા તો તેના પ્રેમમાં પડે છે, એ બતાવે છે કે, ઉચ્ચતર વિકસિત ભાવકેન્દ્રોને પણ આ ઊર્જાઓ અસરગ્રસ્ત કરી મૂકે છે. આપણે પૃથ્વીનો દાખલો લઈએ તો પૃથ્વીનું સ્થૂળ શરીર એ ખંડો અને જમીનો છે જ્યારે પાણી કે સમુદ્રો એ તેનું લાગણી કે ભાવનું શરીર-'ઍસ્ટ્રલબૉડી' છે.

છ અપ્સરાઓ આ પ્રમાણે છે. ઊર્વશી, પૂર્વચિત્તિ, સહજન્યા, મેનકા, વિશ્વાચી, ધૃતાચી. આજે મૉર્ડન સાઈકોલૉજિસ્ટ ઈમોશનલ ઈન્ટેલિજન્સની વાત કરે છે એટલે કે આપણી ભાવઊર્જાની ક્ષમતાની વાત કરે છે. અપ્સરાઓની કામગીરી અને તેની સાથે સંકળાયેલી ઘટનાઓમાં આપણા ઋષિઓએ ભાવતંત્રના ગહેરા રહસ્યો છૂપાવી દીધાં છે.

**ઊર્વશી :** 'ઉરૂ' એટલે પહોળું, વિશાળ, પ્રભુત્વ મેળવવું, છવાઈ જવું અને 'વશ' એટલે વશમાં કરી લેવું, નિયંત્રિત કરી લેવું. આપણી ભાવઊર્જાની આ એ ક્ષમતા છે જેમાં પ્રેમાળ, મીઠાં અને માયાળુ શબ્દો કે કામગીરી વડે સામેની વ્યક્તિ પર અસર પાડી તેને વશમાં કરી શકાય છે. ભાવકેન્દ્રની મીઠાશ સામેની વ્યક્તિના હૃદય અને મન સુધી પહોંચીને ફેલાઈ જાય છે અને તેને એમ લાગે છે કે તેઓ પ્રેમમાં છે.

**પૂર્વચિત્તિ :** 'પૂર્વ' એટલે અગાઉનું કે પહેલું અને

'ચિત્ત' એટલે સંકલ્પના એટલે કે વિચાર વગર સંકલ્પના આકારિત કરવાની ક્ષમતા (વિઝ્યુલાઈઝેશન). જ્યારે કોઈ વ્યક્તિને જોઈએ કે મળીએ છીએ ત્યારે આપણી સ્મૃતિમાં સંગ્રહાયેલ માહિતીને આધારે તે વ્યક્તિ વિશે આપણા મનમાં વિચારો આવે છે. મારા ગુરુ કહેતા કે સામેની વ્યક્તિ વિશે વિચારો બંધાય તે પહેલા તેની ઊર્જાની હૃદયથી સંવેદના લેવી જોઈએ. સામેની વ્યક્તિની લાગણીની ઊર્જાની તમને આવતી આ સંવેદના એ પૂર્વચિત્તિ છે એટલે કે સ્મૃતિના હસ્તક્ષેપ વગર પણ વ્યક્તિને આપણે અનુભવી શકીએ છીએ.

**સહજન્યા :** 'સહ' એટલે સાથે, 'જન્ય' એટલે જન્મવું,એટલે કે જ સાથે જન્મેલું છે. દા.ત. બાળક માટેનો પ્રેમ આપણા અર્ધચેતનમાં પડેલો છે એ ચેતન મનમાં ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે આપણું પોતાનું સંતાન જન્મે છે. આમ બાળકના જન્મ સાથે પ્રેમનુ પ્રાગટ્ય થાય છે. આ એવી કામગીરી છે, જેમાં આ પહેલી કામગીરી કરવાની એવી કલા છે જેને પરિણામે બીજી કામગીરી જન્મે છે. ઘણા લોકોના ભાગ્યમાં એવું હોય કે પૈસા કમાવવાની ઈચ્છાથી કંઈ કામ કરે તો તેમાં કદાચ સફળ ન પણ જાય, પરંતુ માત્ર ને માત્ર આનંદ મેળવવા માટે કંઈ કરે તો કદાચ એને પરિણામ મળે. દા.ત. ચિત્રકલા, ગાર્ડનિંગ કે બીજી કોઈપણ સર્જનાત્મક કામગીરીઓ જેમાં આર્થિક અપેક્ષાઓ તદ્દન નહિવત્ હોવાને કારણે વ્યક્તિના જીવનમાં પણ પૈસા આવી શકે. આમ એકમાંથી બીજી કામગીરી જન્મે છે તે 'સહજન્યા'નું ઉદાહરણ છે.

**મેનકા :** 'મનન કરોતિ ઈતિ મેનકા' એટલે કે મનને કશાક પર એકાગ્ર કરવું પડે. આપણે અસંખ્ય સમૃદ્ધ શક્યતાઓ સાથે જન્મ લઈએ છીએ. ગુર્જિએફ આને ઍસેન્સ-સત્વ કહે છે. આ અસંખ્યમાંની થોડી જ શક્યતાઓ હકીકતમાં વ્યકત થાય છે જેને તે પર્સનાલિટી કે વ્યક્તિત્વ (વ્યક્ત ઈતિ તત્ત્વ) કહે છે. દા.ત એક વ્યક્તિ સારા કલાકાર થવાની શક્યતા લઈને જન્મે છે પણ કોઈ કારણોસર એ સર્જન બને છે તો તેની સર્જરીમાં સત્વમાં પડેલી કલા ઊતરી આવે છે. જે તેને બીજાં કરતાં વધુ કુશળ સર્જન બનાવે છે અને તેની સર્જરીમાં કલાની ઝલક જોવા મળે છે. જીવનમાં આપણે એક સાથે ઘણુંબધું ન પણ કરી શકીએ અને એક જ માર્ગ પર ચાલવું પડે. મેનકા એ દર્શાવે છે કે જે પણ માર્ગે ચાલીએ ત્યાં આપણા સત્વમાં છુપાયેલ ગુણવત્તાઓ સાથે ચાલવાનો આનંદ લઈ શકીએ.

**વિશ્વાચી :** વિશ્વનો અર્થ થાય બ્રહ્મ અને 'અચ' એટલે પૂછવું - એટલે કે બ્રહ્મની ચેતના કે મનને પૂછવું. મંદિરમાં જઈને આપણે પ્રાર્થના કરી કંઈ માગીએ છીએ, ત્યારે આપણે આપણા વ્યક્તિગત મનમાંથી માગીએ છીએ નહી કે વૈશ્વિક મનમાંથી. વૈશ્વિક મન આપણી બધી ઈચ્છાઓ જાણે છે. જીવનમાં આપણે જે કંઈ મેળવીએ છીએ, પછી એ ભૌતિકજગતમાં ચીજવસ્તુઓ કે પછી સૂક્ષ્મજગતમાં કુંટુંબ, મિત્રો, શુભેચ્છકો હોય, આ બધું જ આપણી પાસે આવતાં પહેલાં વૈશ્વિક મનની અંદર ખૂબ જ સૂક્ષ્મસ્વરૂપે આકારિત થયેલ હોય છે. આપણા બધામાં વૈશ્વિક મનને સાચી રીતે પૂછવાની ક્ષમતા રહેલી છે જેથી આપણી જરૂરિયાતો અને સુખ સગવડો સંતોષી શકાય - આ શક્તિને વિશ્વાચી કહેવાય છે.

**ઘૃતાચી :** સહેલાઈથી જોડાવું આનો અર્થ થાય. જીવનસંસારના નાટકમાં રમવા માટે ભાવકેન્દ્રએ સંબંધોમાં જોડાવું જ પડે છે. આપણે જો તમામ સત્યો જોઈ લઈએ તો પછી જોડાવું ખૂબ અઘરું પડે. દા.ત. મારું સંતાન મારું છે. એ તથ્ય છે પણ સત્ય તદ્દન જૂદું છે કે એ એવો જીવ છે જેનું મારા દ્વારા અવતરણ થયું છે. આમ એક આયામમાં તે મારો પુત્ર છે પણ સત્ય કંઈક જૂદું છે. સંતાન પ્રત્યે પ્રેમ અને કાળજી માટે પણ આસક્તિનો ગુણ જોઈએ. આ ગુણ ઘૃતાચી નામની અપ્સરા દ્વારા વ્યક્ત થાય છે.

કોણાર્કના સૂર્યમંદિરમાં અપ્સરાઓની શિલ્પકૃતિઓ છે. આપણે એ પ્રતિકોને ખોલવાનો પ્રયત્ન કરીએ. તેમની ઘાટીલી, કમનીય દેહાકૃતિ આપણને મોહિત (ઉર્વશી) કરી જાય છે. તેને જોતાં જ આપણે અંદર સ્મૃતિ કે વિચાર વગર સંવેદના લઈએ તો પ્રેમની એક કોમળ સુંદર લાગણી (પૂર્વચીત્તિ) ઊભરી આવશે. એ ગહેરા પ્રેમથી પોતાના બાળકને નિહાળી રહી છે. (સહજન્યા). આ એ પ્રેમ છે જે સંતાનના જન્મ સાથે ઉદ્‌ભવે છે. આ પ્રેમ પોતાના પગમાં નૃત્યના ઝાંઝર બાંધીને દર્શાવી રહી છે. એ ઊંડા આત્મનિરીક્ષણ દ્વારા પોતાની સર્જનાત્મકતા પોતાના નૃત્યમાં પ્રદર્શિત કરી રહી છે (મેનકા). એ ક્ષણે એ જ્યારે નૃત્ય કરતી હોય ત્યારે વૈશ્વિકમનને પોતાના બાળકનું ધ્યાન રાખવા કહી રહી છે (વિશ્વાચી). એ પોતાના બાળક સાથે અને બાળકના તોફાની સ્મિતમાં આસક્ત છે અને બાળક તેના ધ્યાનને ખેંચવાનો પ્રયત્ન કરે છે (ઘૃતાચી).

.........................................

## (૩૩) અક્ષયપાત્રઃ અખુટ ઊર્જાનો સ્રોત

પાંચ પાંડવો વનવાસમાં જાય છે એ વખતની વાત લઈએ. આખું હસ્તિનાપુર પાંડવોને વિદાય દેવા માટે શેરીમાં ઉતરી આવ્યું છે. વનવાસમાં પાંડવો સાથે હસ્તિનાપુરના બ્રાહ્મણો પણ કામ્યક વનમાં આવે છે અને પ્રમાણવટ નામના સ્થળે રાતવાસો કરે છે. બીજી સવારે યુધિષ્ઠિર બ્રાહ્મણોને હસ્તિનાપુર પાછા જઈ પોતાનું રોજિંદું જીવન જીવવાની વિનંતી કરે છે. તેના જવાબમાં બ્રાહ્મણો ના પાડે છે. યુધિષ્ઠિરની મૂંઝવણ એ છે કે આ બધાને ભોજન કઈ રીતે આપવું.

મહર્ષિ શૌનક અહીં યુધિષ્ઠિરની મદદે આવે છે અને ધૌમ્યઋષિને તેના પુરોહિતપદે સ્થાપી તેની સલાહ અનુસાર જે કંઈ જરૂરી હોય તે કરવાનું સૂચન કરે છે. યુધિષ્ઠિર ધૌમ્યને પોતાની મૂંઝવણ જણાવતા ધૌમ્ય તેમને સૂર્યની ઉપાસના, પવિત્ર સ્રોત દ્વારા સૂર્યની આરાધના કરવાનું કહે છે અને સૂર્યદેવ પ્રસન્ન થઈને સન્મુખ આવીને તાંબાનું અક્ષયપાત્ર આપી કહે છે કે, જ્યાં સુધી દ્રૌપદી નહી જમે ત્યાં સુધી આ પાત્ર અન્નથી ભરાયેલું રહેશે અને આ રીતે તે સૌનું ભરણપોષણ કરી શકશે.

સુર્યદેવ કહે છે કે, 'પૃથ્વી પરનું જીવન મારી

ઊર્જાને કારણે શ્વસે છે. જે સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને જલના સંમિલનથી બને છે. જલ પર પડતાં મારા કિરણોથી બાષ્પ બને છે અને વાદળ બંધાતાં ફરી વરસાદ રૂપે જળ પડે છે અને વનસ્પતિ જગતનું પોષણ કરે છે. જે બદલામાં પૃથ્વીપરના તમામ જીવોને પોષે છે.' સૂર્યદેવ આગળ કહે છે કે, ચંદ્ર મારા કિરણોને પોતાનામાં શોષી લઈને પૃથ્વી પરના તમામ વૃક્ષો અને છોડવાંઓમાં ઔષધિતત્ત્વ રૂપે આપે છે. તમામ પ્રાણીઓમાં જે શક્તિ રહેલી છે તે ચંદ્ર દ્વારા મારી ઊર્જા લઈને પૃથ્વી પર મોકલાય છે. મારી ઊર્જા અત્યંત જ્વલનશીલ હોવાથી ચંદ્ર તેમાંથી પ્રતિઊર્જા ઉત્પન્ન કરીને પૃથ્વી પર મારી ઊર્જાને સમતોલન કરે છે.

બાર વર્ષના સમગ્ર વનવાસ દરમિયાન અક્ષયપાત્ર દ્વારા યુધિષ્ઠિર સૌને ભોજન પુરું પાડે છે. કોઈ જમવામાં બાકી ન રહે પછી દ્રૌપદી જમે તેનું પાંડવો ધ્યાન રાખે છે. આપણી અંદરના બૌદ્ધિક, ભાવ, કામ, ક્રિયા અને જન્મજાત આ પાંચ કેન્દ્રોનું પાંડવો પ્રતિક છે. યુધિષ્ઠિર બૌદ્ધિક કેન્દ્ર છે. જ્યારે બ્રાહ્મણો એ બૌદ્ધિક કેન્દ્રની ઉચ્ચતર ખાસિયતો કે ગુણવત્તાઓ છે. ઉચ્ચતર ગુણવત્તાઓ કે ખાસિયતો કામગીરીમાં આવે તે માટે આપણી બૉડી-બ્રેઈન સિસ્ટમમાં કેટલીક ચોક્કસ સૂક્ષ્મ ઊર્જાઓ ઉત્પન્ન થવી જરૂરી છે. છ મહિના પૃથ્વી સૂર્યમાંથી તાજી ઊર્જા (પ્રાણ) લે છે. જેને પૃથ્વીનો શ્વાસ લેવો અથવા ઉત્તરાયણ કહેવાય છે.પૃથ્વી શ્વાસ (ઊર્જા) છોડે છે તે છ મહિના દક્ષિણાયન કહેવાય છે. પૃથ્વી શ્વાસ રૂપે ઊર્જા લે છે ત્યારે વાતાવરણમાં સૂર્યનું પ્રાણ તદ્દન નવું અને એવા ચોક્કસ તત્ત્વોથી સભર હોય જેનાથી બૌદ્ધિક કેન્દ્રની ઉચ્ચતર ખાસિયતો કે ગુણવતાઓ કામગીરીમાં આવી શકે. દક્ષિણયાન દરમિયાન પૃથ્વી તાજું પ્રાણ મેળવતી નથી અને જૂનું પ્રાણ વાતાવરણમાં છોડે છે. બૌદ્ધિક કેન્દ્રની ઉચ્ચત્તર ખાસિયતો કે ગુણવતાઓ હંમેશાં જળવાઈ રહે તે માટે પૃથ્વીની મદદ વગર સૂર્યમાંથી તેનું પ્રાણ સીધું કઈ રીતે લઈ શકાય તે આપણા મહાન ઋષિઓ જાણતા હતા.

જીઝસ પોતાના શિષ્યોને આ ટેકનિક શીખવવા ઈચ્છતા હતા. તેઓ ગેથસ્મેનના બગીચામાં જઈ પ્રાર્થના કરે છે કે આ ઊર્જા પોતાનામાંથી વહીને તેના શિષ્યોમાં જાય. પણ પાછા આવે છે તો શિષ્યો નિદ્રામાં હોય છે આનો અર્થ એ કે શિષ્યો હજી ઊર્જા લઈને સાચવી શકે એવી અવસ્થામાં નથી અને એટલે જીઝસ તેમને સૂર્યનું પ્રાણ આપી શકતા નથી.

પાંડવો કામ્યક વનમાં જાય છે એ દર્શાવે છે કે, અચેતન મનનો આ વિસ્તાર કામનાઓથી ભરાયેલો છે. ધોમ્યને યુધિષ્ઠિર પોતાના પુરોહિત પદે સ્થાપે છે. ધોમ્ય એટલે ધૂમાડો કે ધૂમ્મસ. સ્થૂળ શરીરમાંથી અચેતન મનમાં પોતાના અટેન્શનને શિષ્ય લઈ જાય છે ત્યારે તેને ધૂમ્મસ કે ધૂમાડાનો પરદો દેખાય છે, જેની પાર તે પોતાના ધ્યાનને લઈ જઈ શકતો નથી. મનના અતલ ઊંડાણોમાં જવા માટે આ ધૂમ્રપટલને તેણે ભેદવો પડે છે. કેટલીય સિસ્ટમમાં તેને ઍથરિક બૉડી કહેવામાં આવે છે. અહીં યુધિષ્ઠિર સૂર્યની આરાધના કરી ઊર્જા માંગે છે જે દર્શાવે છે કે એવી ટેકનિકથી બૌદ્ધિક કેન્દ્રને સીધી સૂર્યઊર્જા આપી તેની ઉચ્ચતર ક્ષમતાઓને કામગીરીમાં લાવી શકાય છે. ચેતનાની ઉચ્ચતર અવસ્થાને અંદર ટકાવી રાખવા માટે દરેક શિષ્યને આ ઊર્જાની જરૂર પડે છે.

પાંચ ઇન્દ્રિયો દ્વારા આપણે બાહ્ય જગતના સંપર્કમાં આવીએ છીએ. પાંચ ઇન્દ્રિયોમાંથી જે અંદર આવે છે તે પાંચ કેન્દ્રો દ્વારા 'ઈન્ટરપ્રિટ' - અનુદિત થાય છે. પરિણામે સર્જાય છે લાગણીઓ, વિચારો અને આપણે તે પ્રમાણે કામગીરી કરી શકીએ છીએ. પાંચ કેન્દ્રો દ્વારા અંદર આવતા ઈમ્પલ્સને ડીકોડ - અનુદિત કરવા માટે જે ઊર્જાની જરૂર પડે છે તે સાઈકીક એનર્જી તરીકે ઓળખાય છે. જીવનની તમામ કામગીરીઓ કરવા માટે આપણે જે ઊર્જાની જરૂર પડે છે તે સાઈકીક એનર્જી છે. ઘણી વખત એવું બને કે અમુક સમયે કશુંક દૃશ્ય જોતી વખતે એવું લાગે કે આપણી અંદર કોઈ નવી ઈમ્પ્રેશન આવતી નથી અને બધું એક સમાન જ લાગે. આનો અર્થ એ કે સાઈકીક એનર્જીનો અભાવ છે. એ જ રીતે પુસ્તક વાંચતી વખતે સમયના એક બિંદુએ એવું થાય કે જે કંઈ વંચાય છે તે અંદર 'રજિસ્ટર' થતું નથી અને વાંચવુ એ માત્ર યાંત્રિક ક્રિયા જ બની જાય છે.

શરીરના દરેક કેન્દ્રને ઊર્જા પૂરી પાડવા માટે તે કેન્દ્રની બાજુમાં બે નાના એક્યુમ્યુલેટર (બેટરી) હોય છે જેમાંથી તે કેન્દ્ર કામગીરી કરવા માટે સાઈકીક ઊર્જા મેળવતું હોય છે. સામાન્ય રીતે પિસ્તાલીસ મિનિટ એક બેટરીને ખાલી થતાં લાગે અને આ કારણે જ શાળાઓમાં એક પીરિયડ પિસ્તાલીસ મિનિટનો હોય છે. એક નાનકડો અવકાશ મળે તો બૌદ્ધિક કેન્દ્ર પોતાની બીજી બેટરી સાથે જોડાઈ ઊર્જા મેળવવા લાગે છે તે દરમિયાન પહેલી બેટરી ભરાવા લાગે છે. પરંતુ એક સમય એવો પણ આવે જ્યાં બન્ને બેટરીઓ ખાલી થઈ જાય અને આપણે નિર્ધારીત કામ ન કરી શકીએ. આપણા સૌમાં એક ઉચ્ચતર અખૂટ ઊર્જાનો સ્રોત - સૂર્ય - પડેલો છે. જેને આ વાર્તામાં અક્ષયપાત્ર દ્વારા દર્શાવવામાં આવ્યું છે. ગુરુ શિષ્યને ઊર્જાના અખૂટ સ્રોત સાથે કઈ રીતે જોડાવું તે શીખવે છે જેથી અધ્યાત્મપથ પર શિષ્ય ઊર્જા સભર ચાલી શકે.

## (૩૪) વૃષ્ણિવંશનો લેખ મોકલવાનું બાકી છે.

## (૩૫) શ્રીકૃષ્ણ : પરમ ચૈતન્ય

અધ્યાત્મના શિષ્ય તરીકે આપણા પ્રયત્નો અંદરના ગુરુ શ્રીકૃષ્ણમાં સમાઈ જવાના હોવો જોઈએ. એ ચૈતન્યનાં પ્રતિક સમાન છે તેમજ જેમાં જીવનનું ગહેરું રહસ્ય છુપાયેલું છે એવા પ્રતિકાત્મક પ્રસંગોથી કૃષ્ણનું જીવન ભરપૂર છે. તેના જીવનનાં થોડાં આયામને સમજવાનો પ્રયત્ન કરીએ અને તેની પાછળનાં સત્યને ઉજાગર કરીએ.

દેવકીનો ભાઈ કંસ પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરીને મથુરાની રાજગાદી પર બેસી ગયો છે.દેવકીના લગ્ન સમયે થયેલી આકાશવાણી અનુસાર દેવકીનો આઠમો પુત્ર કંસના મૃત્યુનું કારણ બનશે એ સાંભળીને વસુદેવ તથા

દેવકીને કંસ કારાગારમાં પૂરી દે છે. એક પછી એક એમ સાત બાળકોને કંસ મારી નાખે છે. કૃષ્ણ આઠમાં પૂત્ર છે. કંસના ઘાતકી હાથ તેના સુધી પહોંચે તે પહેલાં કારગારના દરવાજા ખૂલી જાય છે અને વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળમાં નંદને ત્યાં જન્મેલી દીકરી સાથે બદલાવી લે છે.

દેવકી પોતાનાં સાત બાળકોને કંસના હાથે મરવા આપી દે છે એ પ્રતિકાત્મક છે કે શિષ્યએ બૉડી - બ્રેઇન સિસ્ટમમાં ચેતનાને જગાડવા માટે સ્વૈચ્છિક વેદનામાંથી પસાર થવું પડે છે. કારાગારના દરવાજાનું ખૂલી જવું એવું સુચવે છે કે, ચેતનાને બાંધી શકાતી નથી. આપણા સંસ્કારોના બંધનમાંથી એ આપણને મુક્તિ અપાવે છે. યમુના દિવ્યપ્રેમ કે ભક્તિની નદી છે. યમુનાને ઓળગવું એ આપણા અહંકારને ઓગાળવાની પ્રક્રિયા છે. નદીને એક કાંઠે મથુરાનું કારાગાર છે અને બીજા કાંઠે નંદગામ ગોકુળ છે - આનંદનું ગામ. આનો અર્થ એ કે સાચા આનંદનો માર્ગ અહંકારને ઓગાળવામાં છે.

નંદ જ્યારે નદી ઓળંગે છે ત્યારે જળ કૃષ્ણના પગને સ્પર્શ કરે છે એ એવું દર્શાવે છે કે, જેનો જીવ આત્મામાં ભળી જાય છે પ્રકૃતિ તેને શરણે આવી જાય છે. બાલકૃષ્ણ પોતાના પગનો અંગૂઠો ચૂસે છે અને આમ એક વર્તુળ પુરું કરે છે. આ દર્શાવે છે કે બહાર જે કંઈ બની રહ્યું છે તેનાથી અલિપ્ત થઈને તે પોતાનામાંથી જ આનંદ મેળવે છે. આપણો આનંદ હંમેશાં બહારની કોઈ ને કોઈ બાબતો પર આધારીત હોય છે. કૃષ્ણના મુખનું શેષનાગ પોતાની ફેણથી રક્ષણ કરે છે. નાગ એ સમયનું પ્રતિક છે. એટલે કે, સમય પણ ચૈતન્યને શરણે થાય છે. આપણા જીવનમાં સમય એવો ક્રૂર છે જે આપણને બંધનમાં જકડી રાખે છે.

નંદગાંવ ગોકુળ એવી આદર્શ જગ્યા છે જ્યાં કૃષ્ણનું બાળપણ વીતે છે. અહીં ગોપ અને ગોપિકાઓ સાથે રમવામાં આનંદ આવે છે. આ એકદમ પ્રતિકાત્મક છે.ગોપ એટલે આપણ ઇન્દ્રિયો અને ગોપી એટલે કે ઇન્દ્રિયો દ્વારા પીવું. આપણી ઇન્દ્રિયો સંવેદનાની શક્તિ દ્વારા કામગીરી કરે છે. જેને આપણે ઉત્તેજના વેડફી નાખીએ છીએ. આપણે જો ઇન્દ્રિયોને ઉત્તેજનામાંથી મુકત કરીએ અને સંવેદનાની શક્તિને એટલી વિકસાવીએ કે જીવનના દરેક પ્રસંગમાં આપણે આનંદ પી શકીએ, તો જીવન જીવવાની સાચી કલા આપણે હસ્તગત કરી એમ કહેવાય. એ પ્રતિકાત્મક નૃત્ય કૃષ્ણ ગોપી સાથે કરે છે અને પાંચ ઇન્દ્રિયો દ્વારા જીવનના પ્રત્યેક પ્રસંગ પીને તેમાંથી માખણ તારવી લે છે તેને રાસ કહેવાય છે. માખણ તારવે છે તે રસ છે, જીવનનું અમૃત. એટલે જ કૃષ્ણને માખણચોર કહેવાય છે. જે રસને ચોરી લે છે. કૃષ્ણનું બાળપણ એવી વાર્તાઓથી ભરેલું છે જેમાં તે ઘણા રાક્ષસોને મારે છે તે એ દર્શાવે છે કે, શિષ્યએ પોતાની અંદર રહેલી જુદી - જુદી નેગેટિવીટી મારવી પડે છે.

કૃષ્ણને મારવા માટે કંસ પૂતનાને મોકલે છે. પોતાના સ્તન પર વિષ લગવાને તે કૃષ્ણને ધવરાવે છે.પૂ નો અર્થ છે શુદ્ધિકરણ. કૃષ્ણ દૂધ સાથે એ વિષને પણ પી જાય છે અને પૂતના મૃત્યુ પામે છે. જીવનની નેગેટિવીટી કે નેગેટિવ પ્રસંગોને હકારાત્મકતામાં ફેરવવાની આ કલા છે અને જાગૃતિ વગર એ શક્ય નથી. કૃષ્ણ સ્વયં ચૈતન્ય કે જાગૃતિ છે.

અગિયાર વર્ષના કૃષ્ણ થાય છે અને સમય આવે છે, મથુરા જઈને કંસ મામાને મારવાનો. કંસનો અર્થ થાય છે પીવાનું પાત્ર કે પ્યાલો. આ શબ્દ કામ શબ્દમાંથી આવે છે જેનો અર્થ છે ઇચ્છા. આમ કંસ જગતનો સૌથી બળવાન વ્યક્તિ થવા માટે ઇચ્છાઓનો દારૂ પીએ છે. આ બધી ઇચ્છાઓ આપણામાં પડેલી છે અને યોગના ઉચ્ચત્તર આયામોમાં જતા પહેલા આપણે તેને મારવી જ પડે છે. કાલનેમી રાક્ષસનો અવતાર કંસ છે એનો અર્થ છે સમયની પરિધિ અથવા સમયમાં બંધાયેલો. આપણી ઇચ્છાઓને આપણે ઓછામાં ઓછા સમયમાં પૂરી કરવાની નેમ રાખીએ છીએ. કરૂણતા એ છે કે, આપણે જાણીએ છીએ કે, કોઈ પોતાની બધી જ ઇચ્છા પૂરી નથી કરી શકયું છતાં આપણને સૌને એવું લાગે છે કે આ જિંદગીમાં આપણે તમામ ઇચ્છાઓ પૂરી કરી શકીશું - આ વલણમાંથી જ્યાં સુધી મુકત નથી થવાતું ત્યાં સુધી સંસારના સ્વપ્નમાંથી આપણે જાગી શકતા નથી. કંસને કૃષ્ણ દ્વંદ્વયુદ્ધમાં મારે છે જે દર્શાવે છે કે, ઇચ્છા શૂન્યતાની અવસ્થાએ પહોંચવા માટે આપણે સખત સંઘર્ષ કરવો પડે છે.

કૃષ્ણનું બાળપણ લીલાસ્વરૂપે છે જે પાછળથી વિશાળ ફલક પર મહાભારતમાં જોવા મળે છે. પાંડવોના જીવનમાં જે જે પ્રસંગો બને છે તેનું સત્ત્વ ક્યાંય ને ક્યાંય બાળલીલામાં દૃષ્ટિગોચર થાય છે. જીવનના અનુભવોનું પૂર્ણ વર્તુળ એણે જીવી લીધું છે અને જ્યારે મહાભારતના તખ્તા પર કૃષ્ણનો પ્રવેશ થાય છે ત્યારે યુવાન હોવા છતાં તે અનુભવ સમૃદ્ધિ ધરાવે છે. આમ એ સલૂકાઈથી અર્જુનના રથની લગામો હાથમાં લે છે અને અઢાર દિવસના યુદ્ધના ચઢાવ-ઉતારમાંથી પાર કરે છે.

આપણે બધા અર્જુન હોવા છતાં રાહ જોઈએ છીએ અને આપણે આપણી જાત પર એ ક્ષણ સુધી કામગીરી કરવી જ પડશે જ્યાં સુધી આપણી અંદરનો ગુરૂ-શ્રીકૃષ્ણ આપણા જીવનની લગામ પોતાના હાથમાં ન લઈ લે-જય શ્રીકૃષ્ણ

## (૩૬) કુંતિ : આવાહનની શક્તિ - પ્રાર્થનાની શક્તિ

કુંતિ પાંડુની પત્ની અને પાંચમાનાં પહેલા ત્રણની માતા છે. એ વાસુદેવના પિતા અને કૃષ્ણના દાદાની દીકરી છે. જન્મ સમયે તેનું નામ પૃથા પાડવામાં આવ્યું જેનો અર્થ થાય પૃથ્વી. પોતાના પિતરાઈ કુંતિભોજને પોતાનું પ્રથમ સંતાન આપવાનું સુરસેને વચન આપેલું. યુવાન વયે જ કુંતિ સ્વેચ્છાએ સુરસેનનું ઘર ત્યાગીને પિતાનું વચનપાલન કરવા કુંતિભોજને ત્યાં દીકરી તરીકે જાય છે. આમ પોતાનાં હોવાપણામાં જ બલિદાનનો ગુણ લઈને કુંતિ જન્મી છે.

ઋષિ દુર્વાસા પોતાના ક્રોધ માટે સર્વત્ર જાણીતા છે. યજમાનની નાનકડી ભૂલનો કે અણગમાના ભાવનો પણ તેઓ મોટો શાપ આપી દે છે. કુંતિ પૂરા એક વર્ષ માટે અતિથી બનેલા દુર્વાસા ઋષિની સેવાચાકરી કરે છે અને

તેમની મુશ્કેલમાં મુશ્કેલ માંગણી પણ પૂરી કરે છે. અડધી રાત્રે ઋષિ તેને ઉઠાડીને બત્રીસ જાતનાં ભોજન બનાવવાનું કહે અને જેવી થાળી ખૂબ ગરમ હોવાની ફરીયાદ કરે છે, તો કુંતિ નમીને ઉભી રહી જાય છે અને ગરમ થાળી દુર્વાસા તેની પીઠ પર મૂકી દે છે. કુંતિની પીઠ પર ફરફોલા ઊઠી આવે છે છતાં સ્વેચ્છાએ આ વેદના સ્વિકારી લે છે. ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થવા છતાં તેના મોં પર અણગમાની રેખા પણ આવતી નથી.

એક વર્ષ પછી દુર્વાસા ઋષિ પ્રસન્ન થઈને આવાહન શક્તિના મંત્રો આપે છે. એ મંત્રથી જે દેવનું આવાહન કરે તે દેવ હાજર થાય. દેવ એટલે બ્રહ્માંડની દિવ્યશક્તિઓ. કુંતિ નામમાં કું એટલે બોલાવવું. એટલે કે જેની પાસે ઉચ્ચત્તર અદશ્ય આયામમાંથી કશું દશ્ય આયામમાં બોલાવીને ઊતારવાની શક્તિ અને ક્ષમતા છે.

આ પ્રસંગ વખતે કુંતિ હજી યુવાનીમાં પ્રવેશી હોય છે અને માત્ર કુતૂહલ ખાતર એક મંત્રનો પ્રયોગ કરે છે તો સૂર્યનારાયણ હાજર થાય છે. સૂર્યથી કુંતિને, જન્મથી જ કવચ અને કુંડળ પહેરેલો એક પુત્ર પ્રાપ્ત થાય છે. અપરિણીત હોવાથી તેને ટોપલીમાં મૂકી ગંગામાં વહાવી દેવામાં આવે છે, જે હસ્તિનાપુરના સારથીને મળે છે અને પાછળથી મહાભારતમાં કર્ણ તરીકે ઓળખાય છે.

ઋષિ વેદવ્યાસે મહાભારતમાં સરળ કથાઓ મૂકી છે. પરંતુ એક એક લીટી સઘન અર્થો અને પ્રતિકોના પડોથી લથબથ છે. આપણે આ અર્થો અને પ્રતિકોને ખોલવાનો પ્રયત્ન કરીએ.

જે શિષ્ય ઉપર કામ કરવાનો મર્યાદિત સમય મળ્યો છે એવા ગુરું, શિષ્યથી અલગ થતા પહેલા એ ચકાસી લેવા માંગે છે કે શિષ્યનો અહમ્ સંપૂર્ણપણે ઓગળી ગયો છે કે કેમ? જો આવું ન બને તો આખી જિંદગી દરમ્યાન શિષ્યએ કરેલા સાધનાકીય પ્રયાસો નિષ્ફળ જાય છે. શિષ્યને અહમમુકત બનાવવા માટે ગુરુ એવું સ્વરૂપ લે છે જેની સાથે કામ કરવું મુશ્કેલ બને છે. ગુરુ શિષ્યની કસોટી કરવા અને અહમમુક્ત કરવા જે રૂપ લે છે તે દુર્વાસા ઋષિનું છે.

શિષ્ય સ્વૈચ્છિક રીતે આ વેદના અને કસોટીના ગાળામાંથી પસાર થાય છે તો તે એક અલગ વ્યક્તિ તરીકે બહાર આવે છે. શિષ્ય અહમના બંધનથી હવે મુક્ત છે. જેવો હોવાપણામાંથી અહમ્ દૂર થાય છે કે આ ખાલી જગા અમુક શક્તિઓથી ભરાય છે. આ એ શક્તિઓ છે જેનાથી પ્રકૃતિની દિવ્ય અને અદશ્ય શક્તિઓ સાથે કામ કરી શકાય છે. કુંતિ આ શિષ્યનું પ્રતિક છે.જે આવા કડક ગુરુની કસોટીમાંથી પસાર થઈને અહમ્મુક્ત બન્યો છે.

કુંતિનો કુતૂહલપૂર્વક મંત્રનો ઉપયોગ એ શિષ્યમાં વિવેકનો અભાવ દર્શાવે છે. વિવેક એ એવી ક્ષમતા છે જેમાં સારાસારની પરખની શક્તિ રહેલી છે. પાંડુનો અર્થ થાય શ્વેત. એ આપણી અંદરની બુદ્ધિશક્તિનું પ્રતીક છે. કુંતિનાં પાંડુ સાથેના લગ્ન એ, શક્તિઓનો સમજપૂર્વક સાચી દિશામાં ઉપયોગ કરવાની ક્ષમતાની નિશાની છે. કુંતિમંત્રનો ઉપયોગ કરી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનને જન્મ આપે છે. માદ્રિ મંત્રનો ઉપયોગ કરીને અશ્વિનીકુમારો દ્વારા સહદેવ અને નકુલને મેળવે છે.

આપણી બૉડી- બ્રેઈન સિસ્ટમમાં પાંચ કેન્દ્રો એટલે કે પાંડવો છે.જે અનુક્રમે બૌદ્ધિક કેન્દ્ર (ઈન્ટલેકચ્યુઅલ સેન્ટર), કામઊર્જા કેન્દ્ર (સેક્સ સેન્ટર), ભાવકેન્દ્ર ઈમોશન સેન્ટર), ક્રિયાકેન્દ્ર (મૂવિંગ સેન્ટર) અને જન્મજાત કેન્દ્ર (ઈન્સ્ટિંકટ સેન્ટર).

પાંચ પાંડવોમાં અર્જુન આપણી અંદરના શિષ્યનું પ્રતીક છે. શિષ્ય પોતાની બૉડી-બ્રેઈન સિસ્ટમનો ઉપયોગ કરી પોતાની ચેતનાના સ્તરને એટલું ઊંચું ઉઠાવે છે કે જ્યાં તે પરમ ચૈતન્યમાં (શ્રીકૃષ્ણ) સમાઈ જાય. આ માટે આપણે બૉડી-બ્રેઈન સિસ્ટમની કામગીરીના વિજ્ઞાનને જાણવું પડે.

## (૩૭) પાંડુને શાપ

મૃગ અને સર્પોથી ભરેલા જંગલમાં પાંડુ શિકાર માટે ફરતો હતો ત્યાં તેણે મૃગયુગલનો રતિક્રિયામાં વ્યસ્ત જોતાં સોનેરી અણીવાળા તેજગતિના પાંચ બાણ માર્યા. સંતાન પ્રાપ્તિની ઈચ્છાથી મૃગસ્વરૂપે રતિક્રિયા કરતાં યુવા ઋષિ દંપતિ જમીન પર પડી ગયા અને અત્યંત દર્દનાક સ્વરે તેમણે રાજાને તેની ભુલનો ખ્યાલ કરાવતા કહયું.

અત્યંત ક્રોધ અને કામનાથી ભરેલો વ્યક્તિ પણ તારા જેવું અધમ કૃત્ય કરે નહી. મહાન રાજાઓનો વંશજ હોવા છતાં આવું જઘન્ય પાપ તે શા માટે કર્યું? પાંડુ એ જવાબ આપ્યો કે, રાજા માટે શત્રુનાશ કે મૃગયા એ એક જ બાબત છે. વળી તારે મારી નિંદા ન કરવી જોઈએ કેમ કે, મૃગયા એ તો ક્ષાત્રધર્મ છે.

યુવાઋષિ રાજાને સમજાવે છે કે, તને નીચે પાડવાનો મારો ઈરાદો નથી પરંતુ રાજા તરીકે રતિક્રિયામાં વ્યસ્ત મૃગનો શિકાર ન કરવો જોઈએ. કેમ કે રતિક્રિયા કે ઋતુકાળ એ પ્રાણીઓ, મનુષ્યો અને માતા પ્રકૃતિ માટે પણ સદ્ભાગ્યની ઋતુ હોય છે. સંતાનને જન્મ આપવાનાં ધર્મકાર્યથી હું રતિક્રિયામાં વ્યસ્ત હતો મારી આ ઈચ્છા અતૃપ્ત રહી છે. જેને વેદો અને પુરાણોનું જ્ઞાન છે એવાં મહાન રાજાઓના વંશમાં આ ઘટના અત્યંત શરમજનક છે. જંગલમાં ફકત કંદમુળ ખાઈને જીવતો હું માત્ર સત્યની આરાધનામાં જ સમય વિતાવું છું. આ સ્થળની પવિત્રતા અને પશુપક્ષીઓનું જતન મારા તપથી થાય છે. તે નિર્દોષ ઋષિને માર્યા છે. તેથી તને શાપ આપું છું કે, જ્યારે પણ કામનાવશ થઈને સ્ત્રીસંગ કરીશ ત્યારે તારૂ મૃત્યુ થશે. કામના ગહેરા સુખમાં હું મગ્ન હતો ત્યારે તે મને પીડા આપી છે. તેથી જયારે પણ રતિક્રિયાનું સુખ લેવા જઈશ તો મૃત્યુની વેદના સહન કરીશ. આટલું કહી યુવાન ઋષિ મૃત્યુ પામ્યા. રાજા દુઃખ અને શોકમાં ડૂબી ગયો.

મનુષ્ય ત્રણ પ્રકારના મગજ ધરાવે છે. પાંડુ તેના બુદ્ધિ કેન્દ્ર કે વિચાર કેન્દ્રનું પ્રતિક છે. અંધ ભાવકેન્દ્ર ધૃતરાષ્ટ્રના પાત્ર દ્વારા દર્શાવેલ છે. અને જન્મજાત - ક્રિયાકેન્દ્ર ( ઈન્સ્ટીક - મૂવિંગ સેન્ટર) નું પ્રતિક વિદુર છે. વ્યાસમૂનિ સંતાન પ્રાપ્તિ માટે પાંડુની માતા સામે આવે છે ત્યારે તે ભયથી ફીકકી પડી જતાં સમાગમથી થતો પૂત્ર નબળો અને રક્તકણોની અછત (પાંડુરોગ) વાળો થાય છે.

આપણા મનની નિમ્નસ્તર કામગીરી પાંડુ દર્શાવે છે. અથવા તો સાધારણ તાર્કિક વિચારણા કે તાર્કિક મન જે આપણાં બૌદ્ધિક કે વિચાર કેન્દ્રનો એક ભાગ છે. એ હંમેશા વિચારો અને માહિતીઓથી જ લથબથ હોવા છતાં સાચી સમજણ હંમેશા ગેરહાજર હોય છે. મન વિચારોથી ભરાયેલ હોય તો જીવનના રહસ્યોનું જ્ઞાન અને ઉચ્ચત્તર સર્જનાત્મકતાના ઝબકારાઓને આવતા રોકી દે છે. ઉચ્ચત્તર આયામોમાંથી કશુંક અવતરણ થાય છે તો આપણે તેને જાળવવું જોઈએ. આપણી તાર્કિક વિચારણાથી તેને મારી ન નખાય. પતંજલી મૂનિ આ તાર્કિક વિચારણાને 'વૃત્તિ' કહે છે. યોગસૂત્રમાં પાંચ પ્રકારની વૃત્તિનો નિર્દશ છે. જે પાડું પાંચ તીર મારે છે તેનાથી દર્શાવાયું છે.

મૃગનો સામાન્ય અર્થ હરણ થાય પણ ગહેરાઈમાં ઉતરીએ તો અર્થ થાય શોધવું કે ખોળવું. એટલે કે હું કોણ છું એ જણવાની ઈચ્છા. આનો અર્થ એ કે જ્યાં સુધી જવાબ ન મળે ત્યાં સુધી શોધખોળ કરવી. આ જવાબો વિચારણાનાં ઉચ્ચત્તર આયામોમાંથી આવે છે. આપણે અત્યંત વિચારોથી ભરેલાં હોઈએ તો ઉચ્ચત્તર આયામોમાંથી આવતું જીલી ન શકીએ અને જો જીલાય તો અતિશય વિચારોથી તેનો નાશ થઈ જતાં જીરવાય નહી. પાંડુ એનીમીક છે - રકતકણોની ઉણપ છે. એ દર્શાવે છે કે વિચારોથી ભરાયેલો હોવાથી ઉર્જા કે રકતકણો ઓછા થઈ ગયા છે. છતાં પણ જીવનના પ્રશ્નોના જવાબો શોધવા નીકળે છે. એટલે કે, મૃગયા કરવા નીકળે છે.

આપણે સત્ય અને તથ્ય વચ્ચેના ભેદ પારખવાનો જોઈએ. પાંચ ઈન્દ્રિયો દ્વારા અનુભવાતું બધું તથ્યમાં આવે છે. દા.ત સામે ઉભેલ મારો પુત્ર છે એ તથ્ય છે. એટલુ જ જોવાય છે. મારા પૂત્ર તરીકે ન હતો ત્યારે તે કયાં હતો અને શું હતો તે જાણી શકાતું નથી. આ સત્ય ઉચ્ચત્તર આયામોમાં પડેલું હોવાથી પાંચ ઈન્દ્રીયોની મર્યાદા બહાર છે. આ ઉચ્ચત્તર આયામોમાં શોધવું તેને મૃગયા કહેવાય છે. વિચારો શાંત પડે છે તો ઉચ્ચત્તર આયામમાંથી આપણને કશુંક અવતરે છે ત્યારે તેને સ્વિકારવા આપણે તૈયાર નથી હોતા તો તેનું ખોટું અર્થઘટન કરી તેને કુરૂપ બનાવી નાશ કરી દઈએ છીએ. - પાંડુએ ઋષિને મારી આ કર્યુ છે.

સાંખ્યદર્શનમાં આ ઉચ્ચત્તર આયામને 'પુરૂષ' કહેવાય છે. અર્થાત દિવ્ય કે નર કે વાઈબ્રેશન. નીમ્નત્તર આયામને 'પ્રકૃતિ' કે ઉર્જા અથવા સ્ત્રી કે નારી કહેવાય છે. આખું વિજ્ઞાન વાઈબ્રેશન અને ઉર્જાના મિલનનું છે. જ્યારે નિમ્નતર ઉચ્ચત્તરને કે ઉચ્ચત્તર  નિમ્નત્તર ને મળે છે ત્યારે પુરૂષ અને પ્રકૃતિ અથવા નર અને નારી વચ્ચેનું આ ઉત્કટ મિલન બોડી - બ્રેઈન સિસ્ટમમાં પરાકાષ્ઠા કે પરમ આનંદની અનુભૂતિ લાવે છે. જેને સંવનનની ક્રિયા દ્વારા શાસ્ત્રોમાં દર્શાવાયુ છે.

પાંડુ જીવનનાં ઉચ્ચત્તર અર્થની શોધમાં નીકળે છે. મૃગ ના વેશમાં મૈથુન કરતાં ઋષિ યુગલ સ્વરૂપે ઉચ્ચત્તર આયામ પાંડુની સામે આવે છે. પુરુષ અને પ્રકૃતિ જંગલમાં મૃગ સ્વરૂપે ક્રિડા કરી રહ્યાં છે પણ પાંડુએ મનને શાંત નથી કર્યુ. તેની નિમ્નતર વિચારણા ઉચ્ચત્તરને જાળવીને સાચવવા સક્ષમ નથી હોતી અને એ તાર્કિક વિચારણા કે વૃતિના પાંચ તીર મારે છે. બીજું ઈંગીત અહી એ છે કે, સેકસ એનર્જીનું દમન કરાય છે ત્યારે હંમેશા સેકસ વિશેજ વિચારાય છે. પરિણામે વ્યક્તિ .ઊર્જા ગુમાવવાથી એનીમીક - પાંડુ થઈ જાય છે. ઉચ્ચતર આયામને સમાધિ પણ કહેવાય છે. પતંજલીમૂનિ આ સ્થિતિને 'અનઅવસ્થીતત્વાની' એટલે કે ધ્યાનની સ્થિતિ મેળવ્યા પછી જાળવી રાખવાની અસમર્થતા તરીકે વર્ણવે છે.

સાધક તરીકે આપણી માટે એ સમજવું અગત્યનું છે કે ઉચ્ચત્તર આવે છે, શાંત અને સ્થિર અવસ્થા તરીકે. આ માટે આપણે ધારણા શક્તિ વિકસીત કરવી પડે છે. એટલે કે ઉચ્ચતરમાંથી જે આવે તેને ધારણ કરી રાખવાની ક્ષમતા વિકસાવવી. ઉચ્ચત્તરમાંથી સત્ય અવતરે છે. તેને તાર્કિક વિચારણા કે તર્કબદ્ધતા સાથે લેવાદેવા નથી અને આપણે બહુ સહેલાઈથી તર્ક અને નિમ્ન વિચારણાથી તેનો નાશ કરી શકીએ છીએ. પાંડુનો શાપ આ બતાવે છે.

## (૩૮) પાંડુપુત્રોનો જન્મઃ

ઋષિ દ્વારા  બાળકોના પિતા ન બની શકવાનો શાપ પામેલો પાંડુ પોતાની બંને પત્નિઓ સાથે જંગલમાં રહેતો હોય ત્યાં ધૃતરાષ્ટ્ર પત્નિ ગાંધારીના ગર્ભવતી બન્યાના સમાચાર આવે છે. આવે વખતે કુંતિ દુર્વાસામૂનિએ આપેલા વરદાનની વાત કરે છે જેનાથી ઈચ્છીત આહ્‌વાન કરી તેમના  દ્વારા પુત્ર મેળવી શકાય છે.

કુંતિ સૌપ્રથમ અજેય ધર્મરાજા- મૃત્યુના દેવનું આહ્‌વાન કરે છે. સૂર્ય સમાન તેજથી ચમકતા ધર્મરાજા આવીને કુંતિની ઈચ્છા પુછે છે. એક પવિત્ર જન્મ, ચંદ્ર જયેષ્ઠા નક્ષત્રમાં હતો અને અભિજીતનો તારો આઠમા સ્થાને હતો. સૂર્ય સ્વર્ગની મધ્યે હતો અને પાંચમનો ચંદ્ર હતો. આકાશવાણી થઈ અને કહ્યું કે, 'પાડુંનો જયેષ્ઠ પુત્ર ધર્મના તમામ માર્ગોને જાણનારો થશે, સત્યવાદી, વિજયી અને સમગ્ર જગતનો રાજા થશે. તેની પાસે સંકલ્પની શક્તિ છે તેથી તે યુધિષ્ઠિર કહેવાશે.'

પાંડુએ ત્યારપછી કુંતિ પાસે અમાપ શક્તિવાળા પુત્રની ઈચ્છા પ્રગટ કરી. કુંતિએ વાયુદેવનું સ્મરણ કરી બોલાવ્યા. વાયુદેવથી વિશાળકાય એવા અતિશક્તિશાળી અને સામેની વ્યક્તિના અહંકારને તોડનારા ભીમનો જન્મ થયો. જન્મતા કુંતિના હાથમાંથી ભીમ શીલા પર પડી જાય છે અને શીલાના ટુકડે ટુકડા થઈ જાય છે, જે બતાવે છે કે, એ પ્રચંડ તાકાત સાથે જન્મ્યો છે. વળી આકાશમાંથી અવાજ આવે છે અને કહે છે કે, બળવાનોથી પણ અતિબળવાન એવો આ બાળક થશે, તેનું ઉદર વરૂ જેવું હશે અને તેને પ્રચંડ ભૂખ હશે, જે વૃકોદર નામથી ઓળખાશે.

હવે પાંડુને એવો પુત્ર જોઈતો હતો જે શ્રેષ્ઠતમ યોદ્ધો અને ધનુર્ધર હોય - જે દેવો સાથે પણ યુદ્ધ કરી શકે. પાંડુએ ઈન્દ્રને પ્રસન્ન કરવાનું વિચાર્યું, જપ, તપ અને વ્રતથી પાંડુને લાગ્યું કે, જો તે ઈન્દ્રને પ્રસન્ન કરે તો મનુષ્યમાં આ બાળક મહાન થાય. સુર્યોદયથી સુર્યાસ્ત પાંડુ ગહેરા ધ્યાન કરવા લાગ્યો. લાંબા સમય પછી ઈન્દ્ર પ્રસન્ન થયા અને

ત્રણેય લોકમાં ગૌ, બ્રાહ્મણ પ્રતિપાળ તરીકે પ્રસિદ્ધ થાય તેવા પુત્રના આશિર્વાદ આપ્યા. એ પુત્ર દુષ્ટાત્માનો સંહાર કરી રાજ્ય અને કુટુંબમાં સુખ લાવશે તેમજ શત્રુઓનો નાશ કરશે. ત્યાર પછી પાંડુ મંત્ર દ્વારા ઈન્દ્રનું આહ્‌વાન કરવાનું કુંતિને કહે છે. અર્જનના જન્મ થાય છે. આકાશમાં ગાજવીજ થાય છે અને પ્રચંડ અવાજ આકાશમાંથી કહે છે કે, આ બાળકમાં કાર્તિવીર્યની શક્તિ હશે - ઈન્દ્રની સંહારક શક્તિ અને ઈન્દ્રની વિજેયતા. એ કુરૂકુળને આગળ વધારશે, અને વિષ્ણુ ભગવાનનો પ્રિતિપાત્ર થશે. એ કેટલાંય રાજ્યો જીતી લેશે અને અગ્નિની ભુખ શાંત પાડવા ખાંડવદહન કરશે. કુંતિ આ આકાશવાણીથી આશ્ચર્યચકિત હતી ત્યાં આકાશમાંથી સર્વ દેવો અને ઋષિગણો એ નવજાત અર્જુન પર પુષ્પવર્ષા કરી.

પાંડુને હજી એક બાળકની ઈચ્છા હતી તેથી તેણે કુંતિને મંત્રનો પ્રયોગ કરવા અનુરોધ કર્યો પરંતુ વધારે બાળકનો વિચાર ડહાપણભર્યો નથી એવું કહીને કુંતિએ ઈન્કાર કર્યો. આ તમામ ઘટનાની મુક સાક્ષી બની રહેલી પાંડુની બીજી પત્ની માદ્રીને પણ સંતાનેચ્છા હતી તેણે પાંડુને. પોતાની ઈચ્છા જણાવી. પાંડુએ કુંતિને કહ્યું કે, જો તે માદ્રીને મંત્રોનો ઉપયોગ શીખવે તો તેની પણ સંતાનેચ્છા પુરી થાય. કુંતિ માદ્રીને મંત્રોનો ઉપયોગ શીખવવા તૈયાર થઈ.

માદ્રી મંત્રનો ઉપયોગ ફક્ત એક જ વાર કરી તેમે હોવાથી તેણે ચાલાકીપૂર્વક પોતાનું ધ્યાન અશ્વિનીકુમારો પર ધર્યું. તેમનાથી માદ્રીને નકુલ અને સહદેવ જન્મ્યા. આકાશવાણીએ બાળકોને આવકારતા કહ્યું કે, આ બેઉ મનુષ્યમાં સુંદરતમ હશે. તેમની ઔરા દિવ્ય ચમક ધરાવતી હશે અને તેઓ બંને ગુણોમાં અશ્વિનીકુમારો કરતા પણ ચડીયાતા હશે.

વનમાં ઋષિમૂનિઓ એકઠા થયા અને પાંચેય બાળકોની નામકરણ વિધિ કરી. પાંચેય અદ્‌ભૂત અને મહાન બાળકોને જોઈને શાપ હોવા છતાય પિતા બન્યાનો પાંડુને ઊંડો સંતોષ થયો. પાંચ પુત્રો હોવા છતા ફરી એકવાર પાંડુએ માદ્રીને મંત્ર આપવા કુંતિને અનુરોધ કર્યો, પરંતુ માદ્રીએ ચાલાકીથી એકને બદલે બે બાળકો માટે મંત્ર વાપર્યો એટલે કુંતિને છેતરાયાની લાગણી થઈ આવી તેથી તેણે ફરી મંત્ર આપવાની ના કહી દીધી.

આ પાંચ પાંડવોને આપણી બૉડી-બ્રેઈન સીસ્ટમમાં પહેલા પાંચ કેન્દ્રો અનુક્રમે વિચાર, ભાવ, ક્રિયા, જન્મજાત, અને કામકેન્દ્ર સાથે આ પાંચ પાંડવોને આપણી બૉડી-બ્રેઈન સીસ્ટમમાં પહેલાં પાંચ કેન્દ્રો... સાથે સરખાવી શકાય.

## (૩૯) બાળજન્મની ટેક્‌નિકઃ

પાંડવોના જન્મની કથા પરથી બાળકને કઈ રીતે જન્મ આપવો તેનો આપણને પ્રથમ પાઠ શીખવા મળે છે. કામઊર્જા કે સેક્સ, આવેગ કે ઉત્તેજનામાં પણ વેડફાઈ શકે અને સંવેદના તેમજ ચૈતન્યના ઉચ્ચતર આયામોમાં જવાનું વાહન પણ બની શકે છે. પુરૂષએ સક્રિયતા અને આક્રમકતતાનું પ્રતિક છે અને સ્ત્રીએ અક્રિયતા તેમજ ગ્રહણશીલતાનું સંમોહનની ગહરાઈઓ તરફ ધકેલાઈ જાય છે. સજીવશાસ્ત્રની દષ્ટિએ બાળક એ બાળક છે પરંતુ શાસ્ત્રો પ્રમાણે સંવેદનાપૂર્વકનું ગર્ભાધાન ઘટનાઓ અકસ્માતે જ ઘટી જાય છે. મારાં ગુરૂ કહેતા કે બાળકનું ગર્ભાધાન સાચી રીતથી થાય તો એ બાળક જુદી જ ગુણવત્તાઓ લઈને આવે છે. તેને અંદરથી જ યોગ્યાયોગ્યનો વિવેક હોય છે તેમજ હિંસાનું મૂળ જેમાં રહેલું છે તે આક્રામકતાથીએ મુક્ત હોય છે.

નવજાત શિશુમાં ત્રણ બાબતોનું સંમિલન થાય છે. એક જીવન, બીજું, 'સાઈકીક નેચર' એટલે કે લાગણીજન્ય સ્વભાવ અને ત્રીજી દેહ. જીવન આવે છે સૂર્યમાંથી. લાગણીજન્ય સ્વભાવ ગ્રહોમાંથી અને દેહ બને છે પૃથ્વીતત્વમાંથી ગ્રહોમાંથી આવતો લાગણીજન્ય સ્વભાવ બાળકના મનનું ઘડતર કરે છે. આ ગ્રહપદાર્થ ઊંચા કે નીચા વાઈબ્રેશનની માત્રા ધરાવતો હોય છે. આસક્તિત કે ઉત્તેજનાની અસર નીચે ગર્ભાધાન થાય છે ત્યારે નીચી માત્રાના 'વાઈબ્રેશન'ને આમંત્રણ અપાય છે પરિણામે જન્મતા બાળકના અજાગૃત મનમાં તીવ્ર નકારાત્મકતતાઓ સુષુપ્ત પડેલી હોય છે.

પુરૂષ અને સ્ત્રીને આપણે જાતિગત પ્રમાણે ન સમજવા જોઈએ. પરંતુ એ એવો 'સાઈકીક પ્રિન્સીપલ' કે 'પ્રકૃતિ' છે જે નર તેમજ નારી દેહના મનમાં સામાન્ય રીતે 'બેલેન્સ' થયેલો છે. આપણે જોયું કે પાંડુ એ પુરૂષપ્રધાન પ્રકૃતિનું પ્રતિક છે જેને ઋષિનો શાપ છે કે જો સ્ત્રી સમાગમ કરશે તો મૃત્યુ પામશે. પાંડુને સંતાનોની ઈચ્છા મેળવવાનું વરદાન મળેલ છે. વ્યાસમૂનિ અહીં ઉચ્ચત્તર મનોભાવોનું પ્રતિક એવા જુદા જુદા દેવોનું આહ્‌વાન કરી પુત્રો મેળવવાનું વરદાન મળેલ છે. વ્યાસમૂનિ અહીં ઉચ્ચત્તર મનોભાવોનું પ્રતિક એવા જુદા જુદા દેવોનું આહ્‌વાન કરી ઉચ્ચ ગુણવત્તાના સંતાનો પ્રાપ્ત કરવાનું રહસ્ય ખોલી આપે છે. સંતાનના જન્મમાં પાંડુની સક્રિય ભાગીદારી નથી એ દર્શાવે છે કે, પુરુષ પ્રકૃતિ કે 'મેલ પ્રિન્સીપાલ' ચૈતન્યના ઉચ્ચત્તર આયામોમાં રહીને તદ્દન અક્રિય બની સર્જનની ઘટનાનો મૌન સાક્ષી બને છે. સ્ત્રી પ્રકૃતિ કે 'ફીમેલ પ્રિન્સીપલ' એવી કુંતી જુદા-જુદા દેવોનું આહ્‌વાન કરે છે એ દર્શાવે છે કે, એ ગ્રહણશીલતાની ઉચ્ચ અવસ્થામાં છે તેમજ તેના ચિત્તનું આસન પ્રાર્થના અને ગહેરા ધ્યાનનું છે. કેમ કે એ દેવોનું આહ્‌વાન કરે છે. આપણે સેક્સને ઉત્તેજનાના સંબંધે જ જોતા હોવાને લીધે આ પ્રકારના સેક્સની ગુણવત્તા અને સુંદરતાની કલ્પના પણ નથી કરી શકતા. પ્રથમ એ ધર્મરાજાનું આહ્‌વાન કરે છે. ધર્મ-પ્રકૃતિના નિયમોનો દેવતા. આપણને કહેવાય છે કે બાળક જયેષ્ઠા નક્ષત્રમાં કે વૃશ્ચિક રાશીમાં જન્મેલા છે. વૃશ્ચિક રાશીમાં આ જયેષ્ઠા એ અત્યંત તેજસ્વી તારો છે. ઋષિ અહીં કેવા પ્રકારનું બાળક જન્મશે તેનો સંકેત આપે છે. આ રાશીમાં બુધ પ્રભાવી ગ્રહ હોવાથી બાળક નૈસર્ગીક બુદ્ધિમાન થશે. એ માયાળુ, સન્માનીય અને દાન તથા પરોપકારના ગુણોથી સંપન્ન થશે. આ જયેષ્ઠાનો તારો બે તારાનો બનેલ છે એટલે લોલકના બેઉ અંતિમો બાળક જોઈ શકાશે. અતિ સમૃદ્ધ અને અતિ

ગરીબાઈ, બેઉને જોશે. આપણે જોઈએ છીએ કે જીવના આંતરવિકાસ માટે મુશ્કેલીઓ પગથીયાનું કામ કરે છે. આ બાળક યુધિષ્ઠિર છે.

વાયુ કે પવનદેવનું આહ્‌વાન બીજા પુત્ર માટે કુંતી કરે છે. વાયુ એ પવન શબ્દ કરતા ખુબ જ ગહેરી ચીજ છે. એ પદાર્થ કે ઊર્જાની ઈલેક્ટ્રોનીક અવસ્થા દર્શાવે છે. વાયુદેવ મૃગ પર સવાર થઈને આવે છે. સંસ્કૃતમાં મૃગ એટલે શોધખોળ કરવી. જીવનના રહસ્યોની શોધ કરવી, તેમજ તે કોમળતાનું પ્રતિક છે. તાઓઈઝમમાં 'ડીયર એક્સરસાઇઝ' એ નિમ્નતર સેક્સએનર્જીને ઉચ્ચતર સેક્સએનર્જીમાં રૂપાંતરિત કરવાના પ્રતિકરૂપે પ્રયોજાઈ છે. ભીમ અત્યંત શક્તિશાળી છે, છતાં એકદમ મુલાયમ પણ છે. જે રૂપાંતરિત સેક્સએનર્જીની ખાસિયત છે.

પછીના બાળકના જન્મ માટે પાડું વ્રત, જપ, તપ દ્વારા ઇન્દ્રની આરાધના કરે છે. ઇન્દ્ર પાંચે ઇન્દ્રિયોનો અધિપતિ છે. ઋષિ અહીં એવું સુચિત કરવા માંગે છે કે આવનાર બાળકની ગુણવત્તા માતાપિતાની મનઃસ્થિતિ પર એટલે કે હસ્તીની કક્ષા પર આધારિત છે. પાંડુ પોતાની સંવેદનાનું સ્તર અત્યંત ઊંચુ લઈ જાય છે. આ કરવા માટે વ્યક્તિએ વર્તમાન ક્ષણમાં સ્થિર થવું પડે છે અને પોતાના વિચારોની ગતિને ધીમી પાડવી પડે છે. સંવેદનાના પાયા ઉપર પ્રમાણે આધ્યાત્મિકતાના ભવનનું નિર્માણ કરવું જોઈએ. માત્ર ત્યારપછી જ અર્જુનનો જન્મ થાય છે. એ મહાન ધર્નુધર છે. આપણા બધામાં અર્જુન સુશુપ્તપણે પડેલો છે. અને યોગ્ય પ્રેક્ટીસોથી તેને જગાડીને આપણી અંદર જ જીવનનો અર્થ શોધવા તૈયાર કરવો જોઈએ. અર્જુન એવો શિષ્ય છે જેના રથની લગામ શ્રીકૃષ્ણ ભગવાનના હાથમાં છે. આમ એવો પુત્રનો જન્મ થાય છે જે પ્રચંડ આધ્યાત્મિ ઊંચાઈએ પહોંચે છે. ઈશ્વર આપણા સૌમાં બીરાજમાન છે પરંતુ અર્જુન એ છે કે જે પોતાના જીવન દરમ્યાન શ્રીકૃષ્ણને જગાડી શક્યો અને પોતાના જીવનરથની લગામો તેના હાથમાં આપી શક્યો.

પાંડુ ત્યારપછી કુંતીને પોતાની બીજી પત્નિ માદ્રીને મંત્રો આપવાનું કહે છે. કુંતી સહમતીપૂર્વક મંત્રો આપે છે અને માદ્રી દેવોનો વૈદ્ય અશ્વિનીકુમારનું આહ્‌વાન કરે છે. ઋષિ આપણને કહે છે કે તેઓ અત્યંત દેખાવડા છે. તેઓ ચોક્કસ સર્જનાત્મક શક્તિઓ સાથે જન્મે છે. કોઈપણ જંગલી ઘોડાને કેળવવાનું સામર્થ્ય તેઓ ધરાવે છે. સહદેવ પાસે ભવિષ્ય જોવાની ગહેરી સંવેદનાશક્તિ છે. આ બેઉ નૈસર્ગિક આવડતો ધરાવતા બાળકો છે.

આ નાનકડી વાર્તામાં વ્યાસમૂનિ આપણને ઉચ્ચત્તર ક્ષમતાવાળા બાળકોને કઈ રીતે જન્મ દઈ શકાય તેનો સરલ માર્ગ બતાવે છે. આપણી શૈક્ષણિક કેળવણીનો આ જો ભાગ બનાવી શકાય તો ભવિષ્યની એવી માનવજાતનું નિર્માણ થઈ શકે, જે ચેતનાની એવી ઉચ્ચત્તર અવસ્થાઓ ધરાવતી હોય જેનું જીવન અહિંસાપૂર્ણ હોય.

## (૪૦) યુધિષ્ઠિર - અંદરની સ્થિરતા

યુધિષ્ઠિર સૌથી જયેષ્ઠ પાંડવ છે. યુધિષ્ઠિરનો વિગ્રહ થાય યુદ્ધમ સ્થિરમ એટલે કે, જે યુદ્ધમાં ચલાયમાન થતો નથી, સ્થિર છે. આપણા દિવ્યસ્વભાવને જાણવા માટે આપણી ચેતનાનું સ્તર વધારવા બૉડી-બ્રેઇન સિસ્ટમ એ એક માત્ર સાધન છે. આપણને એવું લાગે કે આપણે એક જ મન કે મગજ છે. પરંતુ આપણને પાંચ મન કે મગજ છે. આ પાંચ રૂમના મકાન જેવું છે. જેની પ્રત્યેક બારીજગતને જોવાનો અલગ જ દૃષ્ટિકોણ આપે છે.

આપણને વિચારનું લાગણીનું, કામઊર્જાનું, ક્રિયાનું અને જન્મજાત કામગીરીઓનું મન અને મગજ છે. પાંચ પાંડવો એ આપણી અંદરના પાંચ કેન્દ્રો છે. યુધિષ્ઠિર એ વિચારણાનું મન કે મગજ છે અથવા તો બૌદ્ધિક કેન્દ્ર છે. નિમ્નતર વિચારવાની આપણી કામગીરી આપણા વલણોમાંથી આવે છે અને ઉચ્ચત્તર વિચારણાની કામગીરી જે કૃષ્ણ સાથે જોડાતા શુદ્ધ પ્રજ્ઞા કે બુદ્ધિ બને છે.

ઉચ્ચત્તર વિચારણાની ક્ષમતામાં અનુભવજન્ય જ્ઞાનની સ્પષ્ટતા, લાગણીજન્ય તોફાનોની ગેરહાજરી, ચેતનામાં શાંતિ અને સારાસારનો વિવેક જેવાં લક્ષણો રહેલાં છે, જે આપણા ક્રિયાકેન્દ્રને સાચી કામગીરી એટલે કે સત્કર્મના માર્ગ લઈ જાય છે. આવા વ્યક્તિમાં એક જ ચીજ, સમસ્યા કે વિચાર પર અવધાન કેન્દ્રીત કરવાની ક્ષમતા હોય છે. આ ઉપરાંત પદાર્થના કેન્દ્ર સુધી પોતાના અવધાનને પરોવી દેવાની શક્તિ પણ તે ધરાવે છે. આધ્યાત્મપથ પરનો સૌથી મોટો દુશ્મન કામના છે, વાસના છે. જે સતત વિઝ્યુલાઇઝ કરીને, નાની નાની ટેક્નિક શોધીને કામના સામે લડ્યા કરે છે. ગુરુને પહેલીવાર મળ્યો અને કહ્યું કે સેક્સના વિચારો મારા ધ્યાનને ખેંચીને મને પરેશાન કરે છે. તેમણે સૂચન કર્યું કે, જ્યારે સેક્સનો વિચાર આવે ત્યારે સુંદર લીલુંછમ ખેતર અને તેમાં પડતાં પાણીનાં ધોધનું દૃશ્ય વિઝ્યુલાઇઝ કરવું. વર્ષો સુધી આ નાનકડી ટેક્નિકે સુંદર કામ કર્યું છે. આ યુધિષ્ઠિરની ક્ષમતા છે.

આપણી નિમ્નતરે વિચારવાની રીત, ઊંડાણમાં મૂળ નાખેલાં વલણોમાંથી પ્રગટે છે. જેનાથી આપણું મન બંધિયાર બની જતા આપણી અંદરના કૃષ્ણ સાથે સંવાદ કરી શકતું નથી. આપણું સૌથી ઊંડું વલણ એ છે કે 'હું હંમેશાં સાચો જ છું.' આ આપણા અંધાપાનું કારણ છે. જયારે આપણી ધારણા પ્રમાણે જીવનમાં કશું બનતું નથી તો આપણે વ્યાકુળ બની જઈ આપણું સંતુલન ખોઈ જીવનની ઘટનામાં સંમોહિત થઈ જઈએ છીએ. આપણી અંદર બધી જ બાબતો માટેનાં વલણો તૈયાર પડેલાં છે. જેમ કે ધર્મ, સંસાર, રાજનીતિ, પહેરવા - ઓઢવા વિશેનાં પણ વલણો પડેલાં છે. આપણે વલણો દ્વારા સંસારને જોઈએ છીએ કે હંમેશાં તેની સાથે સંબંધમાં આવી જઈએ છીએ. એટલે કે આપણે હંમેશાં વલણોના ચશ્માં પહેરીને જ સંસારને જોઈએ છીએ. વર્ષોના સેલ્ફ ઑબ્ઝર્વેશન અને આંતર પરિક્ષણથી આ વલણોની કેદમાંથી છુટકારો થાય છે. એકવાર વલણોની મર્યાદામાંથી આપણી વિચારણા મુકત થાય છે કે સત્ય શું છે એ સમજવાની ક્ષમતા પ્રગટે છે અને પછી જીવનમાં સત્ય જીવાય છે. આ યુધિષ્ઠિરની જીવવાની અવસ્થા છે.

પાંચ પાંડવો તરફ જોવાનો બીજો દૃષ્ટિકોણ યોગના

આયામથી જોવાનો છે. યોગ કહે છે કે આપણા અનુભવમાં આવતું જગત પાંચ તત્ત્વોનું બનેલું છે. ભૌતિક વિજ્ઞાનના પાંચ તત્ત્વો નહીં પરંતુ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની માનસિક - ચૈતસિક સંવેદનાઓ કે જેનાથી પાંચ ઈન્દ્રિય - અંગો ઉત્તેજિત થાય છે. યોગ કહે છે કે, આ સંવેદનાઓ પાંચ જુદા જુદા બિંદુઓ જેને ચક્રો કહેવાય છે તેમાં રહેલી છે. (ચક્રો એ કેન્દ્રો નથી.) આ પાંચ પાંડવો છે. યુધિષ્ઠિર વિશુદ્ધિ ચક્રમાં રહેલ આકાશતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. ભીમ અનાહત ચક્રમાં રહેલ વાયુ તત્ત્વનું, અર્જુન મણીપુરચક્રની બાજુમાં આવેલ કુંડલી ચક્રમાં રહેલ ઘનીભૂત અગ્નિ તત્ત્વનું, નકુલ સ્વાધિષ્ઠાન ચક્રમાં આવેલ અપસ - જલતત્ત્વનું અને સહદેવ મૂલાધાર ચક્રમાં રહેલ પૃથ્વી તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે.

યુધિષ્ઠિર કે આકાશતત્ત્વમાં ગેપ કે અવકાશમાં આપણા અવધાનને સ્થિર પકડી રાખવાનો ગુણ કે કલા રહેલી છે. કોઈ વ્યક્તિને જોઈએ છીએ તો તેના શરીર કે આકારને જોઈએ છીએ, પણ ક્યારેય તેની આજુબાજુના ખાલી અવકાશને જોતા નથી. આપણા અવધાનને આપણે આ ખાલી જગામાં જોવાની કેળવણી આપીએ તો ધીમે ધીમે આપણે નોંધીશું કે એ માત્ર ખાલી જગા નથી પણ સૂક્ષ્મ વાઈબ્રેશન અને રંગો ત્યાં ભરાયેલાં છે. આ બાબત જે તે વ્યક્તિ વિશે આપણને ઘણું બધું કહી શકે છે. આપણી આંખ બંધ કરીએ છીએ તો માત્ર અંધકાર જ દેખાય છે. પરંતુ જો આપણું અવધાન પકડી રાખીએ તો તે અંધકારને ભેદીને તેની પાર ચિત્ત, આકાશ કે મનોભૂમિ રહેલી છે ત્યાં પહોંચે છે. અહીં આપણે આપણા વિચારો, લાગણીઓ અને પ્રતિક્રિયાઓ જોઈ શકીએ છીએ.

દરિયાનાં મોજાં એકબીજામાં ભળી જાય છે, કાં' તો અથડાય છે. જ્યાં બે મોજાં એકબીજાથી વિરૂદ્ધ ગતિમાં મળે છે, ત્યાં નાનકડી જગા હોય છે. જ્યાં કોઈ ગતિ નથી હોતી. આ આકાશ છે અને યુધિષ્ઠિર આ અવકાશમાં સ્થિર રહે છે. કોઈ ક્રોધ કરે તેની સામે આપણે પણ ક્રોધ કરીએ તો બે મોજાં અથડાય છે અને દર્શાવે છે કે આપણે સ્થિર નથી. આના બદલે આપણે સ્થિર થઈ સ્વીકૃતિ ભાવમાં આવી જઈએ તો ગુસ્સો આપણા સ્વીકૃતિભાવમાં ઓગળી જાય છે અને જ્યાં બધી જ ગતિઓ થંભી જાય છે એ બિંદુની અનુભૂતિ એક ક્ષણ માટે આપણને થાય છે. ઝેનમાં આને સતોરી કહે છે. આપણા શરીર સ્ત્રી કે પુરુષના હોઈ શકે, પરંતુ માનસિક સ્તરે આપણે બન્ને છીએ. કોઈ પણ સંબંધમાં અને લગ્નમાં ખાસ, આપણે શરીરની પાર જોઈ શકીએ અને ઓળખી શકીએ કે કઈ ઊર્જા આપણને મળવા આવી રહી છે તો આપણે તે ઊર્જાનો વિરુદ્ધ ધ્રુવ આપણી અંદર ઊભો કરી શકીએ. દા.ત. પત્ની ખૂબ ગુસ્સે થઈ હોય અને પતિને પત્નીમાં આક્રમક પુરુષ - ઊર્જાની સંવેદના આવે તો તે પોતાની અંદર હૂંફ અને સ્વીકૃતિની સ્ત્રી ઊર્જા પ્રગટાવે છે. આપણે જો આ કરી શકીએ તો પછી લગ્ન માત્ર શરીરના ન રહેતા ઊર્જાનું મિલન બની રહે છે. આવું દરેક સંબંધોમાં થઈ શકે. પિતા - પુત્ર, બોસ અને નોકરિયાત, બે મિત્રોમાં, તો પછી પ્રત્યેક ક્ષણે આ ઊર્જાઓનું મિલન થાય છે અને મિલનની સંવેદના લઈ શકીએ છીએ, તો પછી જીવન સંઘર્ષમુક્ત બની જાય છે અને બુદ્ધ જેની વાત કરે છે તે કમલ - સ્વર્ગ સમી આ પૃથ્વી બની જાય.

## (૪૧) ભીમ - આપણી અંદરનું સામર્થ્ય

ભીમ પાંડું અને કુંતિનો બીજો પુત્ર છે. ભીમનો અર્થ થાય ભયની સંવેદના. પહેલો ઈન્સ્ટિંક્ટિવ અથવા હકારાત્મક ભય જે જોખમની સીધી ઇન્દ્રિયજન્ય સંવેદનામાંથી ઉદ્ભવે છે. આનો ઉપયોગ શિષ્યના અવધાનને વધુ શક્તિશાળી બનાવવામાં કરી શકાય છે. બીજો છે કાલ્પનિક કે નકારાત્મક ભય. જે હંમેશાં ભવિષ્યમાં શું થશેની ચિંતામાંથી ઉદ્ભવે છે. સાદી રીતે કહીએ તો નકારાત્મક કલ્પનાઓમાંથી ઉદ્ભવતો ભય. આખી જીવસૃષ્ટિમાં માત્ર મનુષ્ય આ પ્રકારના ભયથી પીડાય છે. દા.ત. એક સસલું કે કુતરો કાલ્પનિક ભયથી પીડાતા હોત તો પોતાના રહેઠાણની બહાર જ ન નીકળત.

આપણી અંદર ભીમ કામઊર્જા કેન્દ્ર છે. આ કેન્દ્ર અમાપ પ્રાણઊર્જાનો સ્રોત છે. (પુખ્ત થયા પછી આ ઊર્જા કામઊર્જા તરીકે ઓળખાય છે.) ઇચ્છા, અભિવ્યક્ત થવા માટે આ કેન્દ્રનો ઉપયોગ કરે છે, એટલે આપણી પ્રત્યેક ઇચ્છાનુસારની કામગીરીઓ એ આ કેન્દ્રનું લીકેજ છે. કરૂણતા એ છે કે પ્રત્યેક ક્ષણે આપણે નવી નવી ઇચ્છાઓ કરીએ છીએ અને આપણું અચેતન મન આવી અતૃપ્ત ઇચ્છાઓથી ભરાયેલું પડ્યું છે. અધ્યાત્મ માર્ગના સાધકે નકારાત્મક કલ્પજન્ય ભય તથા ઇચ્છાઓ બેઉમાંથી મુકત થવા સખત મહેનત કરવી જોઈએ. આ લક્ષ્ય પામવાની ચાવી ભીમના પાત્રમાં સમાયેલી છે તેને જોઈએ.

ભીમ વાયુપુત્ર છે. શ્વાસ તરીકે જે પ્રાણ લેવાય છે તે સ્વરૂપે એ રહેલ છે. આપણું શ્વસન આડેધડ ચાલે છે અને આપણા વિચારો તથા લાગણીઓ પ્રમાણે ચાલે છે. લયબદ્ધ શ્વસન (૩SRB) ના નિયમિત અભ્યાસ દ્વારા આપણા વિચારો અને લાગણીઓને આપણે લયમાં લાવી શકીએ છીએ અને સમયાંતરે આપણી કામઊર્જાને પણ લયમાં લાવી શકીએ છીએ. ભીમની જેમ આપણે પણ વાયુ કે શ્વસનનો ઉપયોગ કરી આપણી કામઊર્જાનું રૂપાંતરણ કરી શકીએ તો અધ્યાત્મ માર્ગ પરની સૌથી મોટી અડચણ પાર કરી લઈએ છીએ.

ભીમ યુવાવસ્થામાં જ્યારે દુર્યોધન સહિતના કૌરવો ઉપર રોફ જમાવતો ત્યારે કૌરવોએ તેને ભોજનમાં ઝેર ખવડાવી, બાંધીને નદીમાં ફેંકી દીધો. નદી ઝેરી સાપોથી ભરેલી હતી. સર્પો ભીમનું ઝેર ચુસી લે છે. ભીમ બચી જાય છે. ઝેર મેળવેલો ખોરાક ખાવો એ નકારાત્મક લાગણીઓને વ્યકત થતી રોકવાનું પ્રતીક છે. ઊંડા પાણીમાં જઈને સર્પો દ્વારા ઝેર ચૂસાવું એ દર્શાવે છે કે, ઊંડા અચેતન મનમાં જઈને આપણી તમામ નકારાત્મક લાગણીઓના મૂળ, સંસ્કારોમાંથી મુકત થાય છે. પહેલાં એ ઝેર ખાય છે એટલે કે સભાનપણે નકારાત્મકતાનું ઝેર લે છે અને પછી અચેતન મનમાં જઈને બધાં ઝેરનાં કારણો ખાઈ જાય છે.

લાક્ષાગૃહમાંથી પણ પાંડવો ભોંયરું ગાળીને નીકળી જાય છે. આપણે પણ આપણી અંદર જોવું જોઈએ કે કેટલાં

પ્રમાણમાં જ્વલનશીલ પદાર્થ અંદર ભરાયેલો છે. આપણે બધા અંદર લાખ ભરીને બેઠાં છીએ, જે જરાક જોતામાં આગ પકડી લે છે.

જરાક જેટલી વાતમાં આપણે ગુસ્સે થઈ જઈએ છીએ. કોઈ આપણું અપમાન કરે, કશુંક આપણું ધાર્યું ન બને, કે પછી કશું એથીય ખરાબ બની જાય. રસ્તામાં કોઈ આપણી કાર આડું ઊતરી જાય. ભીમની જેમ આપણે અંદર હૃદયગુફામાં ભોંયરું બનાવીને ધીમે ધીમે સંસારની બધી વેદનાઓને પીવા માટે આપણી જાતને કેળવવી જોઈએ. પાંડવો નીકળી ગયા પછી ભીમ પોતે જ લાક્ષાગૃહને આગ ચાંપે છે.

લાક્ષાગૃહમાંથી નીકળીને પાંડવો એવા જંગલમાં આવે છે જ્યાં માણસખાઉ રાક્ષસ હિડીમ્બ રહે છે. જેનો અર્થ થાય કે જે આકાશમાં ઊડે છે અથવા તો કલ્પનાની શક્તિ. અંદરની અતિ જવનશીલ લાગણીઓમાંથી આપણી જાતને મુક્ત કર્યા પછી સમય આવે છે નકારાત્મક કલ્પનાઓ અને ચિંતામાંથી મુકત થવાનો ભીમ રાક્ષસને મારે છે અને રાક્ષસની બહેન હિડિમ્બા સાથે લગ્ન કરે છે. એ દર્શાવે છે કે નેગેટીવ કલ્પના અને ચિંતાને માર્યા પછી તેના હકારાત્મક ઉપયોગ સાથે સંબંધમાં ઉતરી શકાય તેમને ઘટોત્કચ નામનો પુત્ર થાય છે. વિચાર પકડી રાખવાની શક્તિ. પતંજલી મુનિ આને 'ધારણા' કહે છે, જે સઘન બનતા ધ્યાન અને યોગના ઉચ્ચત્તમ આયામ સમાધિની અવસ્થા તરફ લઈ જાય છે.

હિડિમ્બ વધ પછી પાંડવો એકચક્ર નગરીમાં પ્રવેશે છે. એકચક્ર એટલે ચકર અથવા તો પુનરાવર્તન. અહીં ભીમ બીજા એક રાક્ષસ બકાસુરને મારે છે. જેનો અર્થ થાય 'બકબક' મનમાં પણ આપણું બકબક ચાલું જ છે. આ અંદર ચાલતું બકબક એ નિરંતર લીકેજ થતી ઊર્જાનું કારણ છે. આ નબળાઈમાંથી મુક્ત થવા વર્ષોનો ધીરજપૂર્વકનો અભ્યાસ જરૂરી છે. આ બન્ને રાક્ષસો માણસનું લોહી પીવે છે એ દર્શાવે છે કે ચિંતાઓ અને અંદરનું બકબક આપણું સૂક્ષ્મ લોહી એટલે કે પ્રાણઊર્જા ખાઈ જાય છે.

પાંચ તત્ત્વોના સંમિલનથી બધું સર્જન થાય છે. બોડી - બ્રેઈન સિસ્ટમમાં તે દરેક તત્ત્વ જુદા- જુદા ચક્રમાં પડેલ છે. ભીમ વાયુનું કેન્દ્ર અનાહત ચક્રનું પ્રતીક છે. આ ચક્રને પોઝિટિવ અને નેગેટીવ ભાગ છે. યોગી બન્ને ભાગને પોઝિટિવ બનાવીને અનાહતચક્રને શુદ્ધ કરે છે. આપણે જોયું કે ભીમે આ કેવી રીતે કર્યું. દ્રૌપદી એટલે કે સેક્સ એનર્જી. પાંચે પાંડવોને પરણે છે અને પાંચેય ચક્રોમાં કુડલિની ઊર્જાસ્વરૂપે ઉપર ચડે છે. ભીમ અને દ્રૌપદીના લગ્નથી અનાહતચક્ર ખીલીને ખૂલી જાય છે. જેનાથી જીવનમાં એક પ્રકારની આનંદસભર મુલાયમતા આવે છે. શારીરિક રીતે અત્યંત શકિતશાળી હોવા છતાં ભીમને દ્રૌપદી માટે અદ્‌ભુત કોમળતા છે. વનવાસના વર્ષો દરમિયાન ભીમ દ્રૌપદીનું કાળજીપૂર્વક ધ્યાન રાખે છે. એ તેની દરેક ઈચ્છા પૂરી કરવાની કોશિશ કરે છે અને દિવ્ય ફૂલો લેવાં પણ જાય છે. દૃષ્ટિ, વાણી અને સ્પર્શમાં મૂલાયમતા એ આપણા સાધનાપથની સિદ્ધિઓ છે. આપણે વ્યવહારમાં સખત અને સુકાભઠ હોઈએ તો આપણાથી ખોટી દિશા પકડાઈ ગઈ છે.

પરિશુદ્ધ થયેલું કામઊર્જા કેન્દ્ર જીવનને સર્જનાત્મકતાથી ભરી દે છે. પછી કવિતા, નવલકથા લખાય, કલાકાર કે ચિત્રકાર બને કે પછી મૂર્તિકાર કે કપડાંનો ડિઝાઈનર પણ હોઈ શકે. આ ઊર્જાની સંવેદનાનો પ્રવાહ જીવનમાં અલગ જ પ્રકારનો આનંદ અને ભાવસમાધિ લાવે છે.

## (૪૨) અર્જુન - અંદરનો શિષ્ય

કુરૂક્ષેત્રના યુદ્ધમાં કૌરવોની સેના તથા પોતાની નાની સેના જોઈને ચિંતાતુર થયેલા યુધિષ્ઠિરને અર્જુન અને શ્રીકુષ્ણ સાંત્વના આપે છે અને અર્જુન કહે છે કે, તેની પાસે શિવજીનું આપેલું પશુપતાસ્ત્રથી સમગ્ર કૌરવ સેના પલકવારમાં નાશ પામે તેમ છે, પરંતુ એ રીતે નહીં પણ સાધારણ યુદ્ધમાં લડતા હોઈએ તેમ ધીમે ધીમે મુશ્કેલીથી વિજય મેળવીશું.

આ નાનકડી ઘટનામાં વ્યાસજી પ્રબુદ્ધતાના બે માર્ગ દર્શાવે છે. એક ટૂંકો અને તાત્કાલિક માર્ગ છે. જ્યારે બીજો ધીમો અને મક્કમ ગતિનો માર્ગ છે. પહેલા ગુપ્ત પદ્ધતિઓનો માર્ગ છે, જેમાં બૉડી - બ્રેઈન સિસ્ટમનું સંતુલન ખોરવાઈ જવાના ઘણા બધા જોખમો રહેલા છે, જે ગુરૂ દ્વારા ચોક્કસ શિષ્યોને જ અપાય છે. બીજો ધીમો અને મક્કમ માર્ગ સૌને શીખવી શકાય તેવો હોય છે.

વનમાં પાંડુ અને તેની પત્નીઓ રહે છે ત્યારે કુંતિ, યુધિષ્ઠિર અને ભીમનુ઼ દુર્વાસા મુનિએ આપેલા મંત્રોથી આવાહન કરે છે. પાંડુ એક પગે ઊભા રહીને તપ કરે છે જે સમતોલન અને સ્વૈચ્છિક વેદનાનું પ્રતીક છે. દોઢ વર્ષ પછી અર્જુનનો જન્મ થાય છે. અર્જુન સાધનામાં આગળ વધેલા મુમુક્ષુનો જીવ છે. અર્જુન અંદરના શિષ્ય કે શિષ્યત્વનું પ્રતીક છે.

અધ્યાત્મ માર્ગના દરેક શિષ્યનું લક્ષ્ય પ્રત્યાહાર સુધી પહોંચવાનું હોય છે. જ્યાં તેનું અવધાન - અટેન્શન ઈન્દ્રિયોના વિષયોમાંથી મુકત થઈ જાય છે. બાર વર્ષના વનવાસ દરમ્યાન અર્જુને પોતાના અવધાન ઉપર સખત મહેનત કરી છે. તેનું ધનુષ ગાંડીવ છે. જે આપણા ઉદર પટલનું પ્રતીક છે એને તેના બાણ એ અવધાનનું પ્રતિક છે. નાનામાં નાની લાગણીની કે માનસિક ખલેલ આપણા ઉદરપટલને તાત્કાલીક અસર કરે છે અને આપણા શ્વસનને ખોરવીને આપણા અવધાનને વિખેરી નાખે છે. લયબદ્ધ શ્વસન (૩SRB) ના નિયમિત અભ્યાસથી આપણો ઉદર પટલ સામંજસ્ય (રીધમ બેન્ડ બેલેન્સ) માં આવી જાય છે. આપણું અવધાન ધારદાર થઈને એકાગ્ર થઈ જાય છે. એકાગ્ર થયેલા અવધાનને આપણી અંદર જ્યારે પકડી રાખવાની ક્ષમતા આવે છે તો આપણે પ્રત્યાહારની અવસ્થાએ પહોંચીએ છીએ. આપણી અધ્યાત્મ યાત્રાની આ અદ્‌ભૂત ક્ષણ છે. જેમાં અંદરનો ગુરુ શિષ્યની સામે હાજર થાય છે અને યોગના ઉચ્ચત્તર આયામો તરફ શિષ્યને લઈ જાય છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથી બને છે અને બે લશ્કર વચ્ચેની નિર્જન ભૂમિ જે પ્રત્યાહારની સ્થિતિ છે ત્યાં દોરી જાય છે. આ એ ભૂમિ છે જ્યાં શ્રીમદ્‌ભગવદ્

ગીતાનું અવિનાશી જ્ઞાન યોગ્ય શિષ્યને અપાય છે.

અર્જુન ભાવકેન્દ્રનું પ્રતિક છે અને ગુરુ સાથે સંવાદ કરવા માટે સક્ષમ બને તે માટે તેણે શુદ્ધ થવું પડે છે. ધૃતરાષ્ટ્ર પાંડવોને ખાંડવપ્રસ્થની ભૂમિ આપે છે. ખાંડવ એટલે જેના ટુકડા ટુકડા થયેલા છે અથવા તો જે વિખેરાયેલું છે. શિષ્ય માટે આ એવી અવસ્થા છે જેમાં તેની બોડી - બ્રેઈન સિસ્ટમમાં રહેલા બધા કેન્દ્રોમાં અંધાધુંધી અને અરાજકતા છે. પાંડવો ખાંડવપ્રસ્થમાંથી ઈન્દ્રપ્રસ્થનું નિર્માણ કરે છે. ઈન્દ્રપ્રસ્થ એ રાજધાની છે જ્યાં ઈન્દ્રિયોની ઊર્જાનું સંચાલન ચાલે છે. સામાન્ય મનુષ્યમાં પાંચ ઈન્દ્રિયો ઉત્તેજનાની ઊર્જાથી કામગીરી કરે છે, જેનાથી આપણા જીવનમાં અવ્યવસ્થા સર્જાય છે. શિષ્ય અહીં ઉત્તેજનામાંથી સંવેદના તરફ વળે છે અને સર્જાય છે આપણી અંદર ઈન્દ્રપ્રસ્થ મહાભારતમાંની આ ઘટના જોઈએ. એક દિવસ અગ્નિ શ્રીકૃષ્ણ અને અર્જુનને કહે છે કે ખાંડવપ્રસ્થને બાળીને મારી ભૂખ શાંત કરો કેમ કે જેટલીવાર એ આ જંગલને બાળવાના પ્રયત્ન કરે છે તેટલી વખત ઈન્દ્ર વરસાદ મોકલી અગ્નિ બુજાવી દે છે. અગ્નિ ખાંડનપ્રસ્થને બાળે છે અને વરસાદ આવે છે, તો અર્જુન બાણોની મદદથી છતર જેવું બનાવી દે છે. જેથી અગ્નિને વરસાદ ઠારી શકતો નથી અને અગ્નિ પોતાની ક્ષુધા શાંત કરે છે. પરિણામે અગ્નિ અર્જુનને ચાર ઘોડાવાળો રથ, ગાંડીવ ધનુષ્ય અને બે અક્ષય ભાથા આપે છે. આ આખી ઘટના ભાવકેન્દ્રનું શુદ્ધિકરણ દર્શાવે છે. ખાંડવવન અચેતન મનનું પ્રતિક છે, જે સંસ્કારોથી ભરાયેલું છે. તપની અગ્નિના તાપથી આ ખંડીતવન બળી જાય છે. એકવાર આવું બને છે કે ભૂતકાળના સંસ્કારોમાંથી આપણું અવધાન મુકત થાય છે અને એ રીતે આપણને ગાંડીવ - શ્વાસમાં રીધમ એન્ડ બેલેન્સ મળે છે. અક્ષયભાથા એ અટેન્શન - અવધાનની કવોલીટીનું પ્રતિક છે, હવે અવધાન ક્ષય પામતુ નથી.

યોગની દૃષ્ટિએ જોતાં આપણા નાભીના વિસ્તારમાં બે ચક્રો આવેલા છે, મણીપુર અને કુંડલી. હાલ મણીપુર સક્રિય છે. કુંડલીચક્ર સુશુપ્ત છે. મણીપુર ઉત્તેજનાની શક્તિથી ચાલે છે, કુંડલી સંવેદનાની ઊર્જાથી ચાલે છે. યોગી નિયમિત નિરંતર અભ્યાસથી મણીપુરને બંધ કરે છે અને કુંડલી ચક્રને સક્રિય કરે છે. કર્ણ મણીપુર ચક્ર છે. અર્જુન કુંડલી ચક્ર છે. બન્ને નાભી - સુર્ય કેન્દ્રના વિસ્તારમાં છે, એટલે કે બેઉની ઊર્જાનો સ્ત્રોત સૂર્ય ઊર્જા છે. કર્ણ સૂર્યપૂત્ર છે પણ અંગરાજ છે. ઊર્જાનો વ્યય દેહના સુખોપભોગોમાં થાય છે. અર્જુન ઈન્દ્ર - વિજળી (સૂર્યઊર્જાનું ઘનીભૂત સ્વરૂપ) નો પુત્ર છે. મણીપુર બંધ થાય છે કે કુંડલી ચક્ર ખુલે છે. ઉત્તેજનામાંથી મુકત થઈને આપણી ઊર્જા ઘનીભૂત થવા લાગે છે અને દીવ્યની હાજરીના અવતરણ માટેની તૈયારી થવા લાગે છે.

ભાવકેન્દ્ર શુદ્ધ થાય અને અવધાન એકાગ્ર થાય એટલે ભાવકેન્દ્ર પ્રેમની પ્રબળ ઊર્જાથી ભરાઈ જાય. જેનાથી સાચી શ્રદ્ધા જન્મે છે. આ બિંદુથી આપણો આધ્યાત્મિક વિકાસ ઝડપી બને છે.

## (૪૩) નકુલ અને સહદેવ

જીવનની સૌથી રહસ્યમય ઘટના બાળકના જન્મની છે. પહેલી દૃષ્ટિએ તો એ પુરૂષ - સ્ત્રીનું મિલન લાગે, પરંતુ ગહેરાઈથી સમગ્ર રીતે જોઈએ તો તે ઘણું બધું છે. માતા - પિતામાંથી શું આવે છે? બાળક આવે તેની પહેલા પણ શું હોય છે અને તે ક્યા સ્વરૂપે હોય છે? જે બાળકના જન્મ પહેલા પણ છે તેને શાસ્ત્રમાં જીવ કે સોલ કહે છે. આ જીવ મા - બાપના મટીરીયલથી નથી બંધાતો, મા- બાપ દ્વારા જે મટીરીયલ દેહ સ્વરૂપે અપાય છે તેનો જીવ આ સંસાર જગતના સંપર્કમાં આવવા માટે ઉપયોગ કરે છે. જીવ પોતાના વિકાસ માટે આ કરે છે.

આપણને સુદૃઢ શરીર હોય એનો મતલબ એ નથી કે જીવનો વિકાસ પણ સારો હોય. આપણે ઘણી ડીગ્રીઓ મેળવેલી હોય, મબલખ પૈસા હોય, કે નામના હોય. આ અને બીજું ઘણું બધું હોવાથી પણ જીવ વિકસેલો છે એવી કોઈ ખાત્રી નથી. પાછલી ઉંમરે લગભગ દરેક વૃદ્ધ વહેવારમાં બાળક સરખો થઈ જાય છે તે એ જ દર્શાવે છે જીવનો વિકાસ થયો નથી. જે બાળક જનમ્યું હતું એ જ મૃત્યુ પામે છે, માત્ર શરીર જ નાનેથી મોટું થાય છે. જીવનો હેતું પશુસંસ્કારોમાંથી મુકત થઈ મનુષ્યત્વ પ્રાપ્ત કરી પોતાના દિવ્ય સ્વભાવને પામવાનો છે. શાસ્ત્ર જ્યારે એવું કહે છે કે ફલાણો પુત્ર ફલાણા દેવતાનો છે કે અંશાવતાર છે તો એ દર્શાવે છે કે જીવને વિકાસ કેટલી માત્રામાં થયો છે. અથવા તો જીવ તેના દિવ્ય સ્વભાવ (આત્મતત્વ) થી કેટલો નજીક છે.

નકુલ અને સહદેવ અશ્વિનીકુમારોથી માદ્રીને થયેલા જોડીયા પૂત્રો છે. શાસ્ત્ર અહીં સ્થુળ કે શારીરિક મા -બાપની વાત નથી કરતું, પરંતુ નકુલ અને સહદેવના જીવનો વિકાસ સુચવે છે. અશ્વિનીકુમારોના જીવના વિકાસનો અર્થ એ થાય કે કર્મ અને સમયના પ્રકૃતિના નિયમોનું જ્ઞાન. અશ્વમાં 'શ્વ' એટલે ગઈકાલ કે આવતીકાલ અને અશ્વ એટલે ન ગઈકાલ કે ન આવતીકાલ. એટલે કે સમય જે અત્યારે - હાલ છે. આપણી અંદર નકુલ, ક્રિયા કેન્દ્ર (મુવિંગ સેન્ટર) છે. સહદેવ જન્મજાત કેન્દ્ર (ઈન્સ્ટીકટીવ સેન્ટર) છે. જે ઈન્દ્રીય - અંગો (સેન્સઓર્ગન) નું નિયંત્રણ કરે છે.

નકુલનો અર્થ છે જે કુલથી મુકત છે. એટલે કે જે માન્યતાઓથી મુકત છે. (આપણી પાસે માન્યતાઓનું આખું કુલ છે.) એ દર્શાવે છે કે આપણું ક્રિયાકેન્દ્ર રીલેકસ છે. આપણા શરીરનું નિરીક્ષણ કરીશું તો ખ્યાલ આવશે કે આપણા મસલ્સમાં આપણે ઘણું બધું ટેન્શન ભેગુ કરેલું છે - આંખ, જડબા, ગાલના સ્નાયુ, કોણી, ખભા, ઘુંટણ. આપણે ચાલીએ છીએ તો ડોલતા જઈએ છીએ અથવા તો અકકડ થઈને ચાલીએ છીએ. આપણી ઘણી બધી શારીરિક બિમારીઓનું મોટું કારણ મસલ્સમાં સતત રહેલું આ ટેન્શન છે. નકુલની પાસે અશ્વવિદ્યા છે જે સમય અને લાગણીઓનું પ્રતિક છે. આપણી બધી જ લાગણીઓ આપણા અર્ધચેતન અને અચેતન મનમાંથી આવે છે. અચેતનના પ્રદેશમાં

પહોંચવાની ક્ષમતા મેળવવી એટલે સમયને ભેદીને લાગણીઓના મૂળ સુધી પહોંચવું. અચેતન મનમાં સભાનપણે ઉતરવાની ટેકનીકને યોગમાં 'યોગનિંદ્રા' કહે છે. ઊંડા રીલેક્સેશનની ક્ષમતા એ યોગનિંદ્ર પ્રેકટીસમાં મૂળભૂત છે. નકુલ ખુબ દેખાવડો છે જે સૂચવે છે ગર્વ. આધ્યાત્મવિદ્યાના શિષ્યએ માર્ગ પર ગર્વનો હકારાત્મક ઉપયોગ કરતા શીખવું જોઈએ.

નકુલ તલવારબાજીમાં કુશળ છે અને મહાભારતના યુદ્ધમાં તે અશ્વત્થામા(સ્મૃતિ)ને હરાવે છે. આ સુચવે છે કે જેણે સમયને નાથીને તેની સવારી કરી છે તે સ્મૃતિ દ્વારા બંધાતો નથી. આપણા ઈન્દ્રિય - અંગોથી સંસારના સુખોપભોગને ભોગવીએ છીએ. નકુલ વરસાદમાં ઘોડેસવારી કરે છે તો ભીંજાતો નથી. એ સુચવે છે કે, જીવનના બધા જ સુખોને ભોગવે છે છતાં તેનાથી સંમોહિત થતો નથી. આપણે સભાનતાપૂર્વક આપણાં ક્રિયાકેન્દ્ર પર કામ કરીએ છીએ તો તેમાં એક હળવાશસભર સુંદરતા ઉભરી આવે છે. મારા ગુરૂને ચા પીતા કે છાપું વાંચતા જોવા એ આનંદનો લ્હવો હતો. તેની કામગીરી જાણે કે કવિતા હોય તેવું લાગે.

સહદેવ ગાયોના પાલનની વિદ્યા જાણે છે. એ દર્શાવે છે કે પાંચ ઈન્દ્રિયો સંવેદનાની શક્તિથી ચાલે છે. આ ઊર્જાની તીવ્રતા આપણે જ્યારે વધારીએ છીએ ત્યારે ભવિષ્યમાં શું થવાનું છે તેનો ખ્યાલ આવવા લાગે છે. સહદેવ જ્યોતિષી છે અને ભાવીને જોઈ શકે છે. પણ નિયમ એ છે કે પુછ્યા વગર કહી ન શકે. આપણી સંવેદનાઓ દ્વારા જે કંઈ અનુભૂતિ થયેલ છે તે કહેવા જઈએ એ જ ક્ષણે અહંકાર આવીને ઈન્દ્રયોની શક્તિ ખાઈ જાય છે. શ્રી કૃષ્ણ એકવાર સહદેવને પુછે છે કે, 'યુદ્ધ કેમ અટકાવવું?' તો જવાબમાં સહદેવ કહે છે કે, 'શ્રી કૃષ્ણને બાંધી લો.' શ્રી કૃષ્ણ પોતાને બાંધી લેવાનો પડકાર ફેંકે છે અને સહદેવ ધ્યાનમાં બેસી જાય છે. શ્રી કૃષ્ણને લાગે છે કે પોતે હલીચલી શકતા નથી. આ ઘટના દર્શાવે છે કે સંવેદનાની ઊર્જા પર આપણે જો કામગીરી કરી શકીએ તો એક બિંદુએ દિવ્યની સંવેદના આવવા લાગે છે અને તેને પકડી રાખી શકીએ છીએ.

યોગની દૃષ્ટિએ નકુલ સ્વાધિષ્ઠાન ચક્ર છે.જેમાં લગાવ કે સ્થિરતાનો ગુણ હોવાથી એક જ વિષય કે વસ્તુ પર ધ્યાનને લાંબો વખત એકાગ્ર કરી શકાય છે. સહદેવ મુલાધાર ચક્ર છે. જેનાથી શિષ્યમાં રોકવાનો, ગુરુત્વાકર્ષણ અને ટેકો આપવાની ક્ષમતા આવે છે. આ બે ચક્રો જોડીમાં છે. શિષ્ય આ બે ચક્રો પર કામગીરી કરીને કુંડલીની શક્તિ ( જે કુંડલી ચક્રથી અલગ છે) ને ઉપર ચડાવવા જગાડે છે. આ માટેની પ્રચલીત પદ્ધતિ બે ચક્ર વચ્ચે ટેન્શન સર્જીને શક્તિને ઉપર ચડવા દબાણ આપવામાં આવે છે. જે ઘણી ખતરનાક પ્રક્રિયા છે. જેનાથી શરીર અને મનની સમતુલા ખોરવાઈ જાય છે. બીજી રીત જે ગુરૂ દ્વારા શિષ્યોને શીખવવામાં આવે છે તે છે એકમાં બીજા ચક્રને વિલીન કરીને સંતુલીત રીતે કુંડલીની ઊર્જા ઉપર ચડાવે છે. શિષ્ય ક્રિયાઓ અને સંવેદનાઓનું સમતોલન કરી શકે છે તો તેનામાં સંતુલીત કર્મ અને જ્ઞાન જન્મે છે. જેનાથી યોગની ઉચ્ચત્તમ અવસ્થા મેળવાય છે.

## (૪૪) ભાવકેન્દ્રનું શુદ્ધિકરણઃ

અર્જુન ભાવકેન્દ્રનું પ્રતિક છે. સેકસ કેન્દ્ર જેમ પ્રાણઊર્જાનો ઉપયોગ કરે છે તેમ ભાવકેન્દ્ર લાગણીની ઊર્જા(સાઈકીક એનર્જી) નો ઉપયોગ કરે છે. યોગી સેકસ એનર્જીને ઉત્તેજનામાંથી મુક્ત કરે છે, એ રીતે ભાવઊર્જાને ગમા - અણગમામાંથી મુકત કરે છે.

પાંચ ઈન્દ્રિયો દ્વારા આપણે સંસારના સંપર્કમાં આવીએ છીએ. આપણી આજુબાજુ રહેલી ઊર્જા પ્રત્યેક ક્ષણે આપણી અંદર ઈમ્પલ્સ - સ્પંદનના સ્વરૂપે આવે છે. આ ઈમ્પલ્સ અંદર સ્વીકારી, વિશ્લેષણ કરી તેના પર મગજ કામગીરી કરે છે. આ ઈમ્પલ્સને જે આવકારે છે. તે આપણી અંદરની ભાવઊર્જા છે. પોતાના ઘરમાં મહેમાનને આવકારતા યજમાન જેવી વાત છે. આ ઊર્જા શુદ્ધ કરવી જરૂરી છે કારણ કે તે ગમા - અણગમાથી ખરડાયેલી છે.

ભાવકેન્દ્ર જ્યાં ગમે ત્યાં આસકત થઈ જાય અને ન ગમે તેને તિરસ્કારી દે છે. શેરબજારની તેજી - મંદીની જેમ અહીં પણ આસકિત એ તિરસ્કારમાં બદલાઈ જાય અને તિરસ્કાર આસકિતમાં. બાળક મા - બાપનું કહ્યું માને અને તેની ઈચ્છાપ્રમાણે ચાલે તો તેના ભાવ વધે. જ્યારે એ જ બાળક મા- બાપનું ન સાંભળે કે તેના કહ્યા પ્રમાણે ન કરે તો કુટુંબ તેની પ્રત્યેક નાની કામગીરીનો પણ તિરસ્કાર કરશે. દેખીતું છે કે બાળકના શેરમાં ઘટાડો આવે જ.

ચેતન મનમાં આપણે કોઈ વ્યકિતને જેટલી માત્રામાં પ્રેમ કરીએ છીએ અચેતન મનમાં એટલી જ માત્રામાં તેને ધિકકારતા હોઈએ છીએ. આપણે આનાથી સાવ બેખબર હોઈએ છીએ કેમ કે સમયના એ બિંદુએ આપણને પ્રેમ દેખાય છે, ધૃણા દેખાતી નથી. દા.ત છ મહિના સાથે રહ્યા પછી પ્રેમ અને ધૃણા સ્થાન બદલી લે છે. હવે, જેને પ્રેમ કરતા હતા તેની જ ધૃણા કરીએ છીએ અને ફરીયાદ કરીએ છીએ કે હવે તે પહેલાની વ્યક્તિ નથી રહી. આજ રીતે આપણી બધી લાગણીઓ વિરૂદ્ધના નિયમને આધિન છે અને આપણું હોવાપણું આ વિરૂદ્ધો વચ્ચે ઝુલ્યા કરે છે. સાચા પ્રેમનો વિરૂદ્ધ ધ્રુવ હોતો નથી કે નથી એ ધૃણામાં ફેરવાતો કે ગમા - અણગમા સાથે નથી ચડ - ઉતર થતો.

સાચો પ્રેમ ક્યાંય આસકત નથી થતો અને એટલે જ નથી બંધાતો. ભાવકેન્દ્રનું શુદ્ધિકરણ થાય છે કે આપણી અંદર સાચા પ્રેમનો દિપક પ્રગટે છે. જેમ દિવાનો પ્રકાશ બધે જ પડે છે તેમ જેની સાથે સંબંધમાં આવીએ તે સૌના પર પ્રેમનો પ્રકાશ પડે છે. જયોતની તિવ્રતા વધે છે તેમ દિપકનો પ્રકાશ વધે છે. એ રીતે સાચો પ્રેમ વધે તેમ તેની સંવેદના વધે છે. આ સંવેદનાથી આપણું હોવાપણું સાંસારીકથી અલગ જ એવા આનંદ અને ભાવ સમાધિથી ભરાઈ જાય છે. એટલે જ કદાચ જીસસ પ્રેમને જ પરમાત્મા કહે છે.

ઈન્દ્રપ્રસ્થના વસવાટ દરમ્યાન પાંડવો અને દ્રૌપદીને છોડીને અર્જુને એકલા વનવાસમાં જવું પડે છે.

ગંગાદ્વારથી એ પોતાનો વનવાસ શરૂ કરે છે. ગંગાસ્નાન કરતી વખતે નાગકન્યા ઊલુપી અર્જુનથી મોહિત થઈને તેને નાગલોકમાં લઈ જાય છે. નાગલોકમાં પરમપુજિત અગ્નિ જોવાથી અર્જુને તેમાં અગ્નિકાર્ય કરી આહુતી આપી. કામવશ ઊલુપી અર્જુનને વિનવે છે. અર્જુન છેવટે ત્યાં રાતવાસો કરે છે. સવારે વિદાય લેતા અર્જુનને ઊલુપી વરદાન આપે છે કે સર્વ જળચરો તમને સાધ્ય થશે.

નાગલોક આપણા ઊંડા અચેતન મનનું પ્રતિક છે. જ્યાં સક્રિય થવાની રાહ જોતી અસંખ્ય સુશુપ્ત ઈચ્છાઓ પડેલી છે. સર્પો આ ઈચ્છાઓનું પણ પ્રતિક છે. પાણી એવી લાગણીઓ સુચવે છે, જેના મુળ અચેતનમાં ઊંડા પડયા છે. પરમપુજિત અગ્નિને પ્રગટાવી આહુતિ આપવી એટલે ચેતનાની આગ સળગાવીને તેને અચેતનમાં લઈ જઈ લાગણીના મૂળની આહુતિ આપવી. ઊલુપીથી અર્જુન મોહિત નથી થતો, એ દર્શાવે છે કે ઉત્તેજનાથી મુકત છે. પાછળથી તેનું એક રાત્રીનું રોકાણ એ દર્શાવે છે કે બધી ઈચ્છાઓથી મુકત થવા માટે તેમાં સૌથી બળવાન ઈચ્છાને યોગની ઉચ્ચત્તર પ્રક્રિયાઓ, યોગનિંદ્રા દ્વારા તૃપ્ત કરવી પડે. એટલે કે અચેતનમાં સજાગતાપૂર્વક પ્રવેશ કરીને ઊંડામાં ઊંડી ઈચ્છાને તૃપ્ત કરવી પડે.

અર્જુન એ પછી દક્ષિણમાં ગયો. ત્યાં પાંચ તીર્થોમાં તેણે તપસ્વીઓને ન જોતા પ્રશ્ન કર્યો, તેના જવાબમાં જાણવા મળ્યું કે ત્યાં પાંચ મગરમચ્છ રહેતા હોવાથી તપસ્વીઓને ખેંચી જાય છે. અર્જુન જળચરોથી રક્ષાયેલો હોવાથી સરોવરમાં સ્નાન કરે છે અને મગરને કિનારે ખેંચી લાવતા તે અપ્સરા બની જાય છે. બાકીના ચાર સરોવરોમાંથી પણ શાપિત અપ્સરાઓનો શાપ અર્જુન દુર કરે છે.

મગર પાણીની સપાટી નીચે જ તર્યા કરે છે. એ આપણા અર્ધચેતન મનનું પ્રતિક છે. જે ચેતન મનથી તરતજ નીચે રહેલું છે. પાંચ અપ્સરાઓ આપણી અંદરની લાગણીની પાંચ એવી પેટર્ન છે જે આપણી ચેતનાની કક્ષા વધારવામાં અવરોધરૂપ બની રહે છે. તે આ પ્રમાણે છે. નવીનતા (સતત નવી નવી ઉત્તેજના શોધવાની ઈચ્છા), સ્મૃતિ( ભૂતકાળના સુખોપભોગને ફરી ફરી માણવાની ઈચ્છા), કલ્પના કે દિવાસ્વપ્નો (ભવિષ્યમાં આવનાર ઉત્તજનાની ઈચ્છા), અંદરની ઉત્તેજના કે ઉદ્દીપક અને બહારની ઉત્તજેના કે ઉદ્દીપક. આ બધી કે આમાંની કોઈપણ આપણી ઊર્જાને મગર બનીને પકડીને ખેંચી જાય. મગર એટલે નકલી લાગણીમાં વેડફાઈ જવું. અપ્સરા એટલે એવી સુશુપ્ત શક્તિઓ જે નકારાત્મક લાગણીઓના રૂપાંતરણથી સક્રિય બને છે. આ શક્તિઓ આંતરદષ્ટિ, આંતરજ્ઞાન, અનુભવજન્યજ્ઞાન અને દિવ્યની સંવેદના તથા ભાવ ઓળખવાની શક્તિ છે.

અંતમાં, યોગનિંદ્રાની પ્રેકટીસથી આપણે અર્ધચેતન મનમાં ઉતરી શકીએ તો આપણો જીવ જેનાથી બંધાયેલો છે તે ઈન્દ્રિજન્ય સુખોપભોગો અને તેની ઝંખનાઓના સંસ્કારોની પેટર્નથી જીવને મુકત કરી શકીએ. એકવાર આ કામગીરી થાય તો આપણી નકારાત્મતાઓને ઉચ્ચતર ઊર્જાઓમાં રૂપાંતરીત કરી શકીએ.

## (૪૫) અભિમન્યુની વાર્તા

મહાભારતમાંથી આપણે અભિમન્યુના પાત્રને સમજીએ. શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા અને અર્જુનનો એ પુત્ર છે. ગર્ભમાંથી જ એ યુદ્ધકલા શીખીને આવ્યો છે. સુભદ્રાની ગર્ભાવસ્થા દરમ્યાન, મકરવ્યુહ, કર્મવ્યુહ, સર્પવ્યુહ અને ચક્રવ્યુહ જેવા યુદ્ધના જુદા જુદા વ્યુહો લડીને કેમ જીતી શકાય તેની અર્જુન તેને વાત કરતો હોય છે.

ચક્રવ્યુહની વાત કરે છે ત્યારે સુભદ્રાને ઊંઘ આવી જતા ચક્રવ્યુહમાં અંદર કેમ જવાય ત્યાં સુધી કહેવાય છે પણ બહાર કેમ નીકળવું તે કહી શકાતું નથી. અભિમન્યુની યુવાવસ્થા દરમ્યાન અર્જુન વનવાસમાં જતાં તે દ્વારકામાં શ્રીકૃષ્ણને ત્યાં મોટો થાય છે. શ્રી કૃષ્ણ તેને પ્રદ્યુમ્નને સોંપે છે જે તેને યુદ્ધકલા શીખવે છે.

મહાભારતના યુદ્ધની શરૂઆતમાં અભિમન્યુ ભિષ્મના રથ પર હુમલો કરે છે. દસમા દિવસે ભિષ્મ પડયા પછી દ્રોણાચાર્ય સેનાપતિ થતાં તેરમાં દિવસે ચક્રવ્યુહની રચના કરે છે. આગલી રાત્રે દુર્યોધન અને દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને બંદી બનાવવાનું આયોજન કરે છે. દ્રોણ દુર્યોધન કહે છે કે જો અર્જુનને યુદ્ધભૂમિથી દૂર રખાય તો યુધિષ્ઠિરને પકડી શકાય. આ કામ ત્રિગર્ત ભાઈઓ ઉઠાવી લે છે અને અર્જુનને ગાંડીવ વિશે મેણા મારતા અર્જુન ત્રિગર્તો સાથે લડતા લડતા યુદ્ધભૂમિથી દૂર જાય છે. ચક્રવ્યુહની રચના જોતા યુધિષ્ઠિર નિરાશ થઈ જાય છે કેમ કે, અર્જુન એક જ ચક્રવ્યુહ કેમ તોડવો તે જાણે છે. આવે વખતે અભિમન્યુ કહે છે કે, એ ચક્રવ્યુહમાં પ્રવેશવાનું જાણે છે પણ બહાર નીકળવાનું નથી જાણતો.

યુધિષ્ઠિર તેને ખાત્રી આપતા કહે છે કે, પાંડવસેનાના યોદ્ધા તેની પાછળ જ ચક્રવ્યુહમાં પ્રવેશી ચક્રવ્યુહ તોડી નાખશે. અભિમન્યુ ચક્રવ્યુહમાં પ્રવેશે છે પણ પાંડવસેનાનો કોઈ યોદ્ધા તેની પાછળ પ્રવેશી શકતો નથી કારણ કે જયદ્રથ પોતાની સેના સાથે વ્યુહ બંધ કરી દે છે. ચક્રવ્યુહમાં અભિમન્યુ એકલો ભિષણ યુદ્ધ કરે છે અને એક ચતુર્થાંશ લશ્કરનો સોથ વાળી દે છે. દુર્યોધનના પુત્ર લક્ષ્મણને એ મારે છે અને દુર્યોધનની આજ્ઞાથી બધા કુરૂયોદ્ધાઓ અભિમન્યુ પર એક સાથે હુમલો કરે છે. કર્ણ પાછળથી તેનું ધનુષ્ય તોડી નાખે છે અને બાકીના એક સાથે હુમલો કરી તેને મારી નાખે છે.

આ દિવ્ય રૂપક કથામાંથી આપણે અર્થો તારવવાનો પ્રયાસ કરીએ. 'અભિ'નો અર્થ થાય ભય પમાડે તેવું અથવા નિર્ભીક અને 'મન્યુમન' નો અર્થ થાય યુદ્ધકલામાં શુરવીર. મારા ગુરૂ કહેતા કે સાચી યૌગીક સાધના રાત્રે નિંદ્રામાં થાય છે. શરીર ઊંઘી ગયું હોય છે અને આપણે સ્વપ્નસૃષ્ટિના ઊંડા સ્તરોમાં પ્રવેશીને જ્ઞાન અને અનુભૂતિ બેઉ મેળવીએ. અંદરના ઊંડા અવકાશો ગહેરા અંધકારથી રક્ષાયેલા હોવાથી તેમાં પ્રવેશવા માટે સ્થુળ શરીરને છોડી દેવું પડે (જે એક પ્રકારનું મૃત્યુ જ ગણાય) તે માટે નિર્ભિકતા અને શુરવીરતાની જરૂર પડે છે. સ્વપ્નસૃષ્ટિના ત્રણ મિનિટ એ સ્થુળ જગતના સીત્તેર વર્ષ બરાબર ગણાય છે. અભિમન્યુ

માતાના ગર્ભમાં જ યુદ્ધકલા શીખીને આવ્યો હોવાથી જીવનભરનું જ્ઞાન અને અનુભવ તેણે ગર્ભાવસ્થાના થોડા મહિનામાં જ મેળવી લીધા છે. યોગમાર્ગ પર ચાલતા દરેક શિષ્યએ નિંદ્રાના ગહેરા તલોમાં સભાનપણે કેમ પ્રવેશી શકાય તે શીખવું જોઈએ અને અભિમન્યુની જેમ જ્ઞાન અને અનુભવ મેળવવો જોઈએ.

અભિમન્યુનો બીજો અર્થ 'અભિ' એટલે ગૌરવ અને મન્યુ એટલે અભિમાન તરફ. આપણે સાધના શરૂ કરીએ એવે વખતે નવા પ્રકારનો અહંકાર સર્જવો પડે છે. જે સાધનાની વિધિઓ અને પ્રેકટીસને નિયમિતતાપૂર્વક કરવા માંગતો હોય. સાધનાનો આ નવો અહંકાર આપણી માટે સાધનાલક્ષી બધું નકકી કરે છે. જેમ કે, કયા સમયે ઊઠવું, કઈ પ્રેકટીસ કરવી, કેમ કરવી અને આપણા પ્રયાસોમાં આપણે કેટલા નિષ્ઠાવાન છીએ. આ અહંકાર ઘણો જરૂરી છે પણ જેવો આપણો વિકાસ થાય છે કે આ અહંકાર ઘમંડ એકઠો કરવા લાગે છે. આપણા લાગણીજન્ય સ્વભાવમાં ઊંડા ઉતરીને આપણા દોષોનું નિરિક્ષણ કરી સંસાર નિંદ્રામાં કેવી રીતે સંમોહીત થયા છીએ તે સમજીએ છીએ કે આ ક્ષમતાથી આપણે સામેની વ્યક્તિના દોષો સહેલાઈથી જોઈ શકીએ છીએ જેમાંથી એક નવું જ અભિમાન જન્મે છે કે, આપણે પ્રગતિ કરીએ છીએ અને બીજા કેવા ફસાઈ ગયા છે. આ એવો વખત છે કે નવો અહંકાર મૃત્યુ ન પામે તો બાકીની પ્રગતિ શક્ય નથી. શરૂઆતમાં આ અહંકારથી કુરૂસેનાનો એક ચતુર્થાંશ ભાગ મારી શકાય છે. એટલે કે આપણા લાગણીજન્ય સ્વભાવમાં રહેલી એવી અડચણો જે આપણા અધ્યાત્મ વિકાસને રૂંધે છે. એકવાર આ થઈ જાય છે તો અહંકારનું મરવું જરૂરી બને છે.

દેવો (સભાન બળો) એ નક્કિ કર્યું કે જગતમાં નકારાત્મકતા ખુબ વધી ગઈ છે તેનું શમન કરવા માટે પૃથ્વી પર અંશાવતાર તરીકે અવતરવું. ચંદ્ર પોતાના પુત્ર વર્ચસને એ શરત મોકલે છે કે તે સોળ વર્ષનો થતા પાછો આવી જાય. ચંદ્ર કહે છે કે એ અર્જુનના પુત્ર તરીકે જન્મ લે અને ચક્રવ્યુહમાં મરાતા પાછો આવી જાય. આમ ચંદ્ર પુત્ર વર્ચસ અભિમન્યુ તરીકે પૃથ્વી પર આવે છે.

મનની કલ્પનામાંથી ઘમંડ અને મિથ્યાભિમાન, આડંબર કે દેખાડા સાથે અહંકાર જન્મ લે છે. શિષ્ય મનની પાર પોતાના ધ્યાનને લઈ જવાના પ્રયાસ કરે છે ત્યારે ક્લપના સૌથી મોટી અડચણ તરીકે દેખાય છે જેમાંથી તેણે મૂકત થવું પડે છે જે અભિમન્યુ, ચંદ્રના પુત્રના પાત્રથી દર્શાવાયું છે.

આપણે એ નોંધવું જ જોઈએ કે અભિમન્યુ ત્યારે જ મરાયો જ્યારે અર્જુનને યુદ્ધભૂમિથી દૂર કરાયો. આપણે આગળ જોયું કે, અર્જુન ભાવકેન્દ્ર છે અને તેને ધનુષ વિશે મેણા ટોણા મારીને દુર લઈ જવાયો. આપણો ઉદરપટલ એ ધનુષ છે. કોઈ વિરોધ કરે તો પહેલી અસર આપણા શ્વાસ પર અને બીજી લાગણી કે ભાવ પર થાય છે. આપણું શ્વસન લયમાં ચાલતું હોય તો પછી વિરોધ કે લાગણી પર અસર થવાનો પ્રશ્ન ઉભો નથી થતો. કલ્પનામાંથી જન્મતો અહંકાર (આપણી જાત વિશે માની લીધેલી બાબતોને લઈને જન્મતો ઘમંડ) ને મારવા માટે ભાવઊર્જાને બીજી જગાએ રોકી રાખવી પડે છે. આમ અર્જુનની ગેરહાજરીમાં અભિમન્યુ મરાય છે. ત્રિગર્તોને મારીને વિજયી બની પાછા ફરતા હોવા છતાં અર્જુનને કશુંક ભયંકર દુ:ખદ બન્યાની સંવેદના થાય છે. આપણા ભાવો (શુદ્ધ થયેલી લાગણીઓ) માં આગોતરું જાણવાની ક્ષમતા હોય છે અને ભાવિમાં બનવાની ઘટનાની એંધાણી આવે છે પણ કલ્પનામાંથી મૂકત થયા વગર આ શક્ય નથી.

અભિમન્યુ ચક્રવ્યુહમાં પ્રવેશે છે પણ બહાર આવી શકતો નથી તે સમજીએ તો આપણને ખ્યાલ આવે કે ઘમંડ જીવનની એવી ઘણી પરિસ્થિતિમાં આપણને દાખલ તો કરી દે છે પણ બહાર કાઢી શકતો નથી.

**નોંધ : ૪૬ દ્રોપદીના પાંચ પુત્રો (મોકલવાનું બાકી)**

## (૪૭) ગણેશ ચતુર્થી : અંદરના ગણેશની જન્મજયંતિ

શિષ્યને જયારે ખ્યાલ આવે છે કે સમજણના ઊચ્ચત્તર આયામો અસ્તિત્વ ધરાવે છે ત્યારે તે પોતાની ચેતનાને જગાડીને એ ઊચ્ચત્તર આયામો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. આપણી અંદર એવાં બીજ પડેલા છે જેની યોગ્ય કાળજી અને માવજતથી ઊચ્ચત્તર આયામોમાં ઉત્ક્રાંતી કરી વિકાસ કરી શકાય છે. સુખ અને સમુદ્ધિના દેવ ગણેશ દ્વારા આ સૂચીત કરાય છે.

શિવ પાર્વતીના પૂત્ર ગણેશ, પાર્વતીના શરીરના મેલમાંથી ઉત્પન્ન થયા ત્યારે શિવ ત્યાં નહીં પણ સ્માશાનમાં હતા. આ દર્શાવે છે કે ગણેશની ઉત્પતિ સક્રિય સંમિલન વગર થયેલ છે. સુખ અને સમુદ્ધિ શિવમાંથી આવે છે. (કલ્યાણકારી તત્વ આપણી અંદર સુશુપ્ત પડેલું છે.) ગણેશની મૂર્તિ સ્થાપિત કરી આપણે સુખ, સમૃદ્ધિ માટે તેની પ્રાર્થના કરીએ છીએ, પણ એ કામ કરે છે ખરી? વાર્તા કહે છે કે, માત્ર પૂજા કરવાથી નહીં વળે, અંદર ગણેશને જન્મ આપવો પડે છે.

આપણાં સાઈકીક બોડીમાં રહેલ નકારાત્મક લાગણીઓનું પ્રતીક મેલ છે. અંદર ગણેશને જન્મ દેવો તેનો અર્થ ગુસ્સો, ચીડ, ઈર્ષ્યા, દ્વેષ, ફરીયાદો, ખરાબ મૂડઝ, ભય, ધૃણા અને વેર જેવી નકારાત્મક લાગણીઓનું રૂપાંતરણ કરી હકારાત્મક બનાવવી. અર્ધચેતનમાંથી જયારે જયારે પણ નકારાત્મક લાગણીઓ ચેતનમનમાં ઉભરી આવે ત્યારે 'પોઝ' આપીને તેને રૂપાંતરીત કરવી જોઈએ. આ કરીએ છીએ તો સુશુપ્ત પડેલા શિવ તત્વને બાળક થાય છે – સુખ અને સમૃદ્ધિનો દેવ, પછી જયાં ક્યાંય જઈએ છીએ તો સાથે જ હોય છે. નિયતિમાં આપણે પુષ્કળ પૈસો અને પ્રસિદ્ધિ લઈને આવેલા છીએ પરંતુ એનો આનંદ લેવાનું આપણા સદ્ભાગ્યમાં નથી કારણ કે આપણા મન અતિશય નકારાત્મકતાથી ભરાયેલા છે. આપણે નકારાત્મકતાથી મૂકત થઈએ છીએ તો જીવનની પ્રત્યેક ક્ષણ સુખ અને આનંદથી ભરાઈ જાય છે આપણે નકારાત્મકતાથી મૂકત થઈએ છીએ તો જીવનની પ્રત્યેક ક્ષણ સુખ અને આનંદથી

ભરાઈ જાય છે જે લઈ જાય છે ગહેરા અહોભાવ તરફ અને પછી આપણે ગણેશની સ્પેશ્યલ પૂજા નથી કરવી પડતી કારણ કે પ્રત્યેક ક્ષણ પૂજનની ક્ષણ છે.

પાર્વતી હિમાલય પૂત્રી છે. એ શબ્દ 'પર્વ' ધાતુમાંથી આવે છે. જેનો અર્થ થાય ભરી દેવું અથવા તો જે ઊર્જાથી ઊભરાય છે. આ ઊર્જાને શુદ્ધ કરવાની જરૂર પડે છે. વાર્તામાં પાર્વતી સ્નાન કરે છે તે દ્વારા કહેવાય છે. સ્નાન દરમ્યાન અંદર કોઈ ન પ્રવેશે તેની સુચના આપી ગણેશને ધ્યાન રાખવાનું કહે છે. ગણેશ ઉત્પન્ન થયેલા મેલમાંથી જેનો એક અર્થ મન પણ થાય જેને પણ શુદ્ધિકરણની જરૂર છે. કેમ કે આંતરદર્શન હજુ ખુલ્યુ નથી. એ પોતાના પિતા શિવને ઓળખી ન શકવાથી અંદર આવવા નથી દેતા. શિવ આપણી અંદરની દિવ્યતાનું પ્રતિક છે. આપણી અંદરની દિવ્યતાને ઓળખીને જોઈ શકે તેવી આપણા મનની ક્ષમતા નથી. શિવ ગણેશનું માથું કાપી નાખે છે જોઈ પાર્વતી રડતા રડતા શિવને આખી હકીકત કહે છે. હાથીનું મસ્તક મૂકી શિવ ગણેશને સજીવન કરે છે! હાથી વિવેકનું પ્રતિક છે અને જ્યારે એ ખીલે છે તો અંદરની દિવ્યતાના દર્શન થાય છે. શિવ ગણેશને બે વરદાન આપે છે (૧) દરેક શુભકાર્યની શરૂઆત તેના પૂજનથી થશે. (૨) પૂજા થવાથી એ બધા વિઘ્નો હરી લેશે. હકીકતે વિઘ્નો ત્યારે જ દુર થાય જ્યારે તેમાં અંગત ઈચ્છા ન હોય એટલે કે એ યજ્ઞકર્મ હોય. દુખઃદ એ છે કે દરેક વ્યક્તિ પોતાની અંગત ઈચ્છાપૂર્તિ (કામ્યકર્મ) માટે પૂજા કરે છે.

ગણેશ 'ગણ' અને 'ગજ' તરીકે પણ પ્રસિદ્ધ છે! ગણ એટલે ગણવું કે ગણતરી કરવી અને ગજ એટલે નાદ. આપણા પૂરાણો અને દર્શનમાં આજના ભૌતિકશાસ્ત્રની જેમ નાદ કે સ્ફોટ સિદ્ધાંત છે. નાદ સિદ્ધાંત પ્રમાણે બ્રહ્માંડનું સર્જન નાદ દ્વારા થયેલું મનાય છે. નાદ દ્વારા ગતિનો જન્મ થાય છે. ગતિને શક્ય બનાવવા માટે ઊર્જા કે પ્રાણની જરૂર પડે છે. આ બધું નાદમાંથી જન્મે છે. વિજ્ઞાન કહે છે કે પ્રકાશ પેકેટસમાં ગતિ કરે છે જેને ફોટોન કહે છે. ઋષિ કહે છે કે નાદ જે પેકેટસ દ્વારા ગતિ કરે છે તેને 'માતૃકાઓ' કહેવાય છે. 'માત્રા' નો અર્થ થાય ગણવું. પ્રત્યેક કામગીરીમાં નાદ કે ઊર્જા જ્યારે ગતિ કરે છે ત્યારે હમમ... જેવો નાદ એટલે કે હમીંગ ઉત્પન્ન થાય છે. મંત્રમાં આપણે ઉલટું કરીએ છીએ, હમીંગ દ્વારા ઊર્જા ઉત્પન્ન કરીએ છીએ. આ એ હમીંગનો નાદ છે જેના આધારે બ્રહ્માંડ ટકયું છે.

ગણપતિને ચાર હાથ છે, એ દર્શાવે છે કે, વિવેક ખીલે છે ત્યારે આપણા જીવનની પ્રત્યેક ક્ષણનો આનંદ લઈ શકીએ છીએ. એક હાથમાં પાશ કે દોરડું દર્શાવે છે કે નિયંત્રણ એટલે કે કામનાઓ અને ઈચ્છાઓને નિયંત્રિત કરીને આનંદ લેવો. બીજા હાથમાં મોદક છે એટલે કે નિમ્નત્તરને ઊચ્ચત્તરમાં રૂપાંતરીત કરીને આનંદ મેળવાય છે. ત્રીજા હાથમાં વેદ દર્શાવે છે કે જ્ઞાન પ્રાપ્તિ દ્વારા આનંદ. ચોથી 'અભયમૂદ્રા' પ્રતિક છે ભયની ગેરહાજરીનું. જીવનનો આનંદ લેવાની મૂળભૂત ચાવી અભયમાં પડેલી છે. ગણેશ હકારાત્મક અને નકારાત્મક બેઊ પ્રકારની લાગણીઓનું રૂપાંતરણ કરી આનંદ લે છે એટલે તેને બે પત્નિ રિદ્ધિ અને સિદ્ધિ છે.

ગણેશનું વાહન મૂષક છે. રાત્રે છૂપી રીતે ઊંદર ચોરી લે છે એટલે કે જીવનની પ્રત્યેક ક્ષણે કૃપા કે આનંદ ચોરી લેવાની ક્ષમતા છે. ગણેશને વક્રતુંડ - વાંકીસુંઢ છે. એટલે કે વાંકી સુંઢથી શ્વાસ લે છે. આપણે સીધા નાકથી શ્વાસ લઈએ છીએ. આપણા તમામ વિચારો અને ભાવો આપણા શ્વાસને અસર કરે છે, પણ વળેલા નાકથી ઉચીત સમયે યોગ્ય ભાવ કે વિચારને શ્વાસ દ્વારા નિયંત્રિત કરી શકાય છે.

મૂલાધાર અને સ્વાધિષ્ઠાન પાસે ચક્રોના સંમિલન (ફ્યુઝન) થી અથવા તો વિભંજન (ફીશન) થી કુંડલીની ઊર્જા ઉત્પન્ન કરી ઉપર ચડાવાય છે. યોગની પ્રચલીત સ્કુલોમાં વિભંજન કે વિખંડનની પદ્ધતિનો ઉપયોગ થાય છે જેનાથી બે ચક્રો વચ્ચે ચોક્કસ પ્રકારનું ટેન્શન ઉભું કરીને ઊર્જા ઉત્પન્ન કરાય છે. એ મારા ગુરૂએ આપેલ મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રોના સંમિલનની ટેકનીક સલામત રીત છે.

રીધમીક બ્રિધિંગ અને શરીરના ચોક્કસ હલનચલન દ્વારા મૂલાધાર અને સ્વાધિષ્ઠાનના સંમિલનની ટેકનીક ગુરૂ શીખવતા જેમાં લાંબા સમયના અભ્યાસ પછી મૂલાધાર અને સ્વાધિષ્ઠાન એક બીજામાં સંમિલિત થઈ એકાકાર બની જાય તો કુંડલીની ઊર્જા એકદમ કોમળતા અને સલામતિપૂર્વક લયબદ્ધ રીતે ઉપર ચડે છે. મૂલાધાર હાથીનું મસ્તક છે. અને સ્વાધિષ્ઠાન આપણું નિમ્નત્તર શરીર, આ બેઊ ચક્રનું સંમિલન થાય છે તો આપણામાં ગણેશ જન્મે છે. પછી શિષ્યને એવી અનુભૂતિઓ થાય છે જેમાં ઊર્જાના ઉપર ચડવાથી સાંમજસ્ય (રીધમ એન્ડ બેલેન્સ), સંવાદિતા અને આનંદનો જીવનમાં અનુભવ થાય છે.

## (૪૮) નવરાત્રી (મોકલવાનું બાકી)

## (૪૯) દિવાળીઃ ડહાપણનો આંતરદિપક પેટાવવાનો ઉત્સવ

આપણે જોયું કે, આપણી ટેવો, વલણો, મુડ્ઝ, ઈચ્છાઓ અને આસક્તિઓની જેલમાં આપણે ફસાયેલા છીએ. જે ઊર્જા આ જેલ-દુર્ગમાંથી મુક્ત કરે છે તેને દુર્ગા કહેવાય.

સર્જનની પ્રક્રિયા માટે શક્તિની જરૂર પડે છે. જે આદ્યશક્તિ છે અથવા તો સૌથી પહેલી ઉત્પન્ન થતી ઊર્જા છે. આદ્યશક્તિ કામગીરી અનુસાર ત્રણ રૂપ લે છે જેને મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતી કહેવાય છે. આ ત્રણ શક્તિઓની આરાધના નવરાત્રિ પછીના સમયમાં એટલે કે પ્રતિપદાના ચંદ્ર તરફના સમયગાળામાં થાય છે. મહાલક્ષ્મીની પૂજા ધનતેરસને દિવસે, મહાકાલીની કાળી ચૌદશના દિવસે અને મહાલક્ષ્મીનું પૂજન દિવાળીના દિવસે કરવામાં આવે છે.

લક્ષ્મી શબ્દ આવે છે સંસ્કૃત 'લક્ષ્ય' પરથી એટલે

કે, હેતું કે ઉદ્દેશ્ય. 'અક્ષ'નો અર્થ થાય આંખ. અર્થાત લક્ષ્ય કે ઉદ્દેશ્ય પર નજર રાખવી, ધ્યાન રાખવું. આંખ દ્વારા નિરખવાનો પ્રકાશ બહાર જાય છે જેને આપણે ચિત્ત કે અવધાન-અટેન્શન કહીએ છીએ. આમ, લક્ષ્મીનો અર્થ થાય આપણા લક્ષ્ય ઉપર ચિત્ત. તેનું ધનતેરસને દિવસે પૂજન થાય છે એટલે કે, આપણું સમગ્ર ચિત્ત ધન કે સમૃદ્ધિ મેળવવા પર એકાગ્ર કરવું. જો કે, ધનનો અર્થ વ્યક્તિએ વ્યક્તિએ બદલાઈ શકે. સમૃદ્ધિ અને સદ્ભાગ્ય માટે સૌ કોઈએ મહાલક્ષ્મીનું પૂજન કરે છે. કેટલાક ધનનો અર્થ પૈસા અને સમૃદ્ધિ એવો કરે છે, તો કેટલાક સદ્ભાગ્ય એવો પણ અર્થ કરે છે. અધ્યાત્મ પથના યાત્રી માટે ધનનો એક જ અર્થ થાય છે, આત્માનો સાક્ષાત્કાર, દિવ્યની અનુભૂતિ. મીરાબાઈ માટે રામ નામનું રતન ધન છે એટલે એ ભજનમાં કહે છે કે, 'રામ રતન ધન પાયો.'

આપણા પ્રાચીન ઋષિમૂનિઓ જોવાની પ્રક્રિયા એટલે કે, 'દર્શન'ની ખૂબ ગહેરાઈમાં ગયા છે. આ પ્રક્રિયામાં પણ ત્રણ બાબતો છે. એક જોનાર દ્રષ્ટા, બીજું દ્રશ્ય અને ત્રીજી જોવાની ક્રિયા. આપણે જ્યારે જોતા હોઈએ તો તેના પર એકાગ્ર થઈએ છીએ.આપણી જાતને એવું ક્યારેય પુછતા નથી કે, 'કોણ જોઈ રહ્યું છે.' નામ નહી, દેહ નહી પણ વાસ્તવમાં કોણ જુએ છે. એકાદ ક્ષણ માટે પણ જો આપણે આપણી આંતર દુનિયામાં પ્રવેશી શકીએ અને જોનાર-દ્રષ્ટાની સંવેદના આવે તો મહાલક્ષ્મી શું છે તેનો ખ્યાલ આવે. આપણી અંદર બેઠેલો દિવ્યાત્મા.

બીજું સ્વરૂપ છે મહાકાલીનું, મહાન કાળ-સમય. કાળનો અર્થ સમય પણ થાય અને વિરાટ અંધકાર એવો પણ અર્થ થાય. આપણું ચિત્ત, જેને મહાલક્ષ્મી કહીએ છીએ એ પાંચેય ઇન્દ્રિયો મારફતે બાહ્ય જગતમાં જાય છે તો એ જન્મ આપે છે સમયને. પ્રકાશને દ્રશ્ય કે વસ્તુ સુધી પહોંચતા સમય લાગે છે, ચિત્તએ અંદરનો પ્રકાશ છે. દૂરના કોઈ તારાને જોઈએ છીએ તો હકીકતે એ હજારો વર્ષો પહેલાનો તારો છે, કેમ કે તારાના પ્રકાશને આપણા સુધી પહોંચવામાં સમય લાગે છે, અને ક્યારેક તો તે લાખો પ્રકાશવર્ષનો પણ હોઈ શકે. શક્તિનું આ સ્વરૂપ દુર્ગા બને છે અને નકારાત્મકતાના રાક્ષસ સાથે નવ દિવસ લડે છે. આ નોંધવું રસપ્રદ છે કે પ્રાચીન દ્રષ્ટા કે ઋષિઓ જ્યારે સમયની વાત કરે છે તો, 'કાલી' કે 'કાલ' શબ્દનો ઉપયોગ કરે છે જેનો કાળુ એવો પણ અર્થ થાય છે. એક અગત્યનો પ્રશ્ન અહીં ઊઠે છે કે સમય હંમેશા કાળાને જ કેમ દર્શાવે છે. એવું લાગે છે કે, ખરેખર તો સમય જેવું કશું નથી અને તો પણ આપણે તેના ગુલામ કેમ છીએ? ઋષિ એવું કહેવા માંગે છે કે, તમે જે જોઈ રહ્યા છો એ માત્ર પ્રતિબિંબ છે અને વાસ્તવમાં એ માત્ર કાળાશ છે જે તેની પારની ઊર્જાની વ્યક્ત કરે છે?

આદ્યશક્તિનું ત્રીજું સ્વરૂપ જે દિવાળીને દિવસે પૂજાય છે તે મહાસરસ્વતી છે. 'સરસ' શબ્દનો અર્થ છે વહેવું અને વતી એટલે પકડી રાખવું, ધાર કરવું, તેનો બીજો અર્થ નારી કે સ્ત્રી પણ થાય છે. આમ મહાસરસ્વતી એટલે જે પ્રવાહને પકડી રાખે છે કે પ્રવાહને ધારણ કરે છે. અહીં એક ગહેરુ રહસ્ય રહેલું છે. જ્યારે કંઈ પણ ચાલે કે ખસે છે તો તે સમયમાં ચાલે છે. પ્રત્યેક હલચલ આપણને એ હલચલની સંવેદના આવે છે. વહેતી નદીમાં ઊભા છીએ તો શરીરને પાણી વહેતું હોવાની સુંદર સંવેદના થતી રહે છે. અદ્દલ એ જ રીતે પણ જરા સૂક્ષ્મ સ્તરે જ્યારે આંખમાંથી ચિત્ત બહાર વસ્તુ તરફ વહે છે તો અંદરના પ્રકાશની કે ચિત્તની વહેવાની સંવેદના આવે છે. સાધકે આ પ્રવાહની સંવેદના લેવા માટે લાંબો સમય સખત અભ્યાસ કરી સંવેદનાનું સ્તર ઊંચકવું પડે છે. આ અટેન્શન-ચિત્ત વસ્તુ પર પડે છે, જે ચોક્કસ રીતે પ્રકાશને પરાવર્તિત કરે છે એટલે કે, ચિત્તને પરાવર્તિત કરે છે અને આપણને એ વસ્તુ જોવાનો અનુભવ થાય છે. આમ 'દર્શન'ની પ્રક્રિયામાં ચિત્ત બહાર જાય છે અને ફરીથી અંદર પરાવર્તિત થાય છે. બહાર જઈને અંદર પરત આવવાને 'સરસ' કહે છે, અને જે આનો અનુભવ કરીને સમજે છે તે સરસને ધારણ કરી શકે છે એ સરસ્વતી. એ નારીરૂપે ચિત્રિત કરાયેલ છે કેમ કે, આ અનુભવમાંથી પસાર થવા માટે ગહેરા સ્તરની ગ્રહણશીલતા જરૂરી છે જે માત્ર નારીની ખાસિયત છે.

આમ આપણે ત્રણ જુદી જુદી સંવેદનાનો અનુભવ કરીએ છીએ. મહાલક્ષ્મી અથવા તો આંખમાંથી ચિત્તનું બહાર વસ્તુ પર જવું. બીજું મહાકાલી, સમયની સંવેદના અથવા પરાવર્તન. અને ત્રીજુ ચિત્તનો પ્રવાહ પરત આવ્યાની સંવેદના અને અંદરના દ્રષ્ટાનો અનુભવ થવો કે ભાવ આવવો.

આ અનુભવ સાથે અંદરની બુદ્ધિ કે ડહાપણનો દીવો પ્રગટે છે. દિવાળીનું આ સાચું રૂપક છે જેમાં આપણે દિપક પ્રગટાવીએ છીએ એટલા માટે મહાસરસ્વતીની પૂજા દિપાવલીને દિવસે કરાય છે. એ વિદ્યા અને શાણપણની દેવી છે. વિદ્યા એટલે માહિતી એકઠી કરવાના અર્થમા નહી પરંતુ એવી શિક્ષા જે અંદરના વણથંભ્યા સ્ત્રોતોમાંથી જ્ઞાન સ્વરૂપે નિરંતર વહેતી રહેતી હોય.

આ ઉચ્ચતર જ્ઞાન એટલે કે 'દર્શન' અથવા તો 'દ્રષ્ટા'ની પ્રક્રિયાની અનુભૂતિ જેને થઈ છે તે શિષ્યનું જીવન પળે પળે ઉત્સવ છે. એ જયાં ક્યાય જાય છે તેનો આંતરપ્રકાશ બાકીના સૌને પ્રજવાલે છે.

## (૫૦) શિખંડીઃ શરણાગતિની કલા

દ્રુપદ અને પંચાલાના સંતાન તરીકે શિખંડી પૂત્રી તરીકે જનમ્યા છે. આગલા જન્મમાં એ કાશીરાજની પૂત્રી અંબા હતી, એ શાલ્વના પ્રેમમાં હોવાથી સ્વયંવરમાં તેની પસંદગી કરે એ પહેલા ભિષ્મ આવીને બે બહેનો સાથે તેનું પણ હરણ કરી જાય છે. ભિષ્મને શાલ્વ વીરો વાત કરે છે તો ભિષ્મ તેને શાલ્ય પાસે મોકલી દે છે પણ શાલ્વે તેનો અસ્વિકાર કરી દેતા તે ફરી ભિષ્મ પાસે આવી લગ્નની માંગણી કરતા ભિષ્મ તેને પોતાની પ્રતિજ્ઞાની વાત કરી ના પાડતા અંબા ભિષ્મના મૃત્યુ માટે શિવનું તપ કરે છે અને શિવ તેને ભિષ્મના મૃત્યુનું કારણ બનવાનું વરદાન આપતા કહે છે કે આગલા જન્મમાં સ્ત્રી તરીકે જન્મ લઈ પછી પુરૂષ થશે. વરદાન મળતા અંબા તત્કાલ ચિતા ખડકી અગ્નિમાં જીવ દઈ દે છે.

શિખંડીના જન્મ વખતે દ્રુપદને આકાશવાણી દ્વારા કહેવાય છે કે, આ પુત્રી એક દિવસ પુરૂષમાં રૂપાંતરીત થશે તેથી તેનો પૂત્ર તરીકે ઉછેર કરાય છે અને વયસ્ક થતાં રાજા હિરણ્યવર્માની પૂત્રી સાથે લગ્ન થયા છે. રાજાની પૂત્રીને પોતાની સાથે છેતરપિંડી થયાનું લાગતા તે શિખંડીને છોડીને ચાલી જતાં શિખંડી જંગલમાં જાય છે જ્યાં તેને સ્થુળકર્ણ નામનો કુબેરનો સેવક યક્ષ મળે છે શિખંડીની વાત સાંભળી તેને થોડો સમય માટે પોતાનું પુરૂષત્વ ઉછીનું આપવા તૈયાર થાય છે. કુબેર આ વાત જાણી યક્ષને શાપ આપે છે કે, શિખંડીના મૃત્યુ પછી તારું પુરૂષત્વ તને ફરી મળશે ત્યાં સુધી તારે સ્ત્રી તરીકે રહેવું પડશે.

મહાભારત યુદ્ધના નવમા દિવસે યુધિષ્ઠિર સાથે પાંડવો ભિષ્મ પાસે જઈને તેના મૃત્યુનો ઉપાય પુછે છે. ભિષ્મ જાણે છે કે અંબાના પ્રતિશોધનું ચુકવણું કરવાનો સમય આવી ગયો છે એટલે કહે છે કે યુદ્ધ ભુમિમાં સ્ત્રી સામે હું હથીયાર નીચે મૂકી દઈશ. કૃષ્ણ શિખંડીનો ભૂતકાળ જાણે છે તેથી રથ પર શિખંડીને સાથે લેવાનું અર્જુનને કહે છે. શિંખડીને સામે જોતાં ભિષ્મ હથીયાર નીચે મૂકે છે અને અર્જુનની બાણ વર્ષાથી ભિષ્મ યુદ્ધ મેદાનમાં પડે છે. અર્જુનના રથ પર શિખંડી નથી આવતો ત્યાં સુધી ભિષ્મ હથીયાર નથી મૂકતો અને તેને મારવો મુશ્કેલ બને છે.

શિખાનો અર્થ થાય સૌથી ઊચ્ચત્તમ બિંદુ. ઊચ્ચત્તમ બિંદુએ વ્યક્તિ દ્વંદ્વોથી મૂકત હોય છે. સંસારમાં આપણે દ્વૈતથી બંધાયેલા છીએ. પ્રત્યેક ક્ષણે આપણે કોઈ ગમા કે અણગમા સાથે બંધાઈને જીંદગી આખી સુખની પાછળ અને દુઃખથી દુર ભાગવામાં ઘટનામાં સંમોહિત થઈ બે છેડા વચ્ચે ફંગોળાયા કરીએ છીએ. શિખંડીએ બે છેડા વચ્ચે ફંગોળાવામાંથી જાતને મૂકત કરી દીધી છે, આપણે નથી કરી શકયા. આપણા મગજનું ઘડતર એ રીતે થયું છે કે આપણે માત્ર એક છેડો જ જોઈ શકીએ. પ્રેમમાં પડીએ છીએ ત્યારે એવું લાગે કે આ નિરંતર રહેશે. પ્રત્યેકમાં છુપીબાજુ છે તે નથી જોઈ શકતા અને એ છુપાયેલા ભાગમાં જ પ્રેમનો વિરૂદ્ધનો છેડો ધૃણા પડેલો છે. સબંધમાં કે લગ્નમાં સ્થાઈ થયા પછી થોડા વખતે આ બીજો છેડો દેખા દે છે અને આપણને આશ્ચર્ય થાય છે કે, આ એ જ વ્યક્તિ છે જેને આપણે પ્રેમ કર્યો હતો અને સાથે રહીએ છીએ! ધૃણા ત્યાં પડેલી જ હતી પરંતુ આપણે જોઈ શકતા ન હતા. જીવન દ્વૈતનું બનેલું છે પરંતુ નોર્મલ વિચારણામાં આપણે માત્ર એક જ ધ્રુવ જોઈ શકતા હોવાથી એક ભાગને જ સમગ્ર માની બેસીએ છીએ.

રથમાં શિખંડી પાછળ ઊભેલો અર્જુન શું સુચવે છે? આગળ આપણે જોયું કે ભિષ્મ આપણી અંદરનાઅહંકારનું પ્રતિક છે. અહંકાર કોઈપણ સ્વરૂપે વ્યક્ત થાય છે તો તેનું લક્ષણ 'આગ્રહ' છે. ઘણી વખત એ સૌજન્ય (હયુમિલીટી)ના અંચળા નીચે છુપાયેલા હોય છે. ગહેરાઈમાં હંમેશા આપણે આપણી રીતે જ કરવા ઈચ્છીએ છીએ. માત્ર આ જોઈ શકાતું નથી. નર એ આગ્રહ કે પુરૂષત્વનું પ્રતિક છે. જ્યારે સ્ત્રી સ્વીકારભાવની શરણાગતિ છે. શિખંડી સ્ત્રીમાંથી પુરુષ થયો છે એટલે કે, પુરુષ સ્વરૂપમાં સ્ત્રીત્વની શરણાગતિ છે. આગ્રહ જતો કરવાની આ કલા છે. આગ્રહને સ્વિકૃતિ અને શરણાગતિમાં બદલવાથી આ થઈ શકે છે.

રામદુલારે બાપુને કોઈ સાધકે પુછયું કે અહંકાર કેમ ઓગાળવો તેના જવાબમાં બાપુએ કહ્યું કે, 'આપણામાંથી વધારે મજબૂત જે વ્યક્તિને અહંકાર હોય તેની સાથે જઈને રહેવું જોઈએ.' આપણાથી વધારે અહંકારી કે જિદ્દી વ્યક્તિને મળીએ છીએ તો આપણે તેને ટાળીએ છીએ. આવું કરવામાં આપણો અહંકાર મજબુત કરીએ છીએ અને આગ્રહી બનીએ છીએ. આપણા કરતા વધુ અહંકારી વ્યક્તિ સાથે રહેવાથી શરણાગતિની કલા શીખીએ છીએ અને પછી જ નિર્બાધ સ્વિકૃતિની કલાના માસ્ટર થઈએ છીએ.

શરણાગતિ એ માત્ર ગુરૂ પાસે કરવાની ચીજ નથી. પરંતુ અધ્યાત્મના શિષ્ય તરીકે જીવનની પ્રત્યેક ક્ષણે જીવવાની બાબત છે. સંસાર બનાવોની ઘટમાળ છે અને જે ઘટના સાથે જોડાઈને એકરૂપ થઈએ છીએ ત્યાં ગમો અણગમો પડેલા છે. અણગમતા બનાવો આપણે સ્વીકારતા નથી કે સ્વિકારી શકતા નથી. સ્વિકૃતિ દિવ્ય તરફનો દરવાજો છે અને શરણાગતિ એ સ્વિકૃતિની ચાવી છે. જીવનની પ્રત્યેક સ્થિતિ - પરિસ્થિતિમાં અહંકાર ઓગાળવાની પ્રેકટીસ કરીએ છીએ તો પ્રત્યેક પ્રસંગમાં એવી ક્ષણો આવીને ઊભી રહી જાય છે જ્યાં આપણે અણગમો થવાથી ભાગી જતા હતા. અને હવે અણગમો વ્યક્ત થતો નથી. આપણે શાંત અને સ્થિર રહીએ છીએ. સમતોલનની આ એવી સ્થિતિ છે જેને કૃષ્ણ સમત્વમ્ યોગમ્ ઊચ્યતેની અવસ્થા કહે છે.

યક્ષ પાસેથી શિખંડી પુરૂષત્વ મેળવે છે. યક્ષનો અર્થ થાય ઘુમાવવું, હલાવવું કે ફેરવવું. શિષ્યની અંદર શરણાગતિની શક્તિને ઘુમાવવી. લોકો ઘણીવાર પ્રશ્નો પુછે કે બધુ જ સ્વિકારી લેવાથી આપણે નબળા ન દેખાઈએ! થોડું અનુભવાય તો ખ્યાલ આવશે કે, શરણાગતિ માટે, પ્રતિક્રિયા ન કરવા માટે, પ્રચંડ શક્તિ, હિંમત અને ધીરજ માગી લે છે. આપણે જેના પર કામ કરવાનું છે એ અંદરનો અણગમો છે અને અણગમાની નકારાત્મક લાગણીને રૂપાંતરીત કરીને જ પ્રચંડશક્તિ મેળવાય છે. સામેની વ્યક્તિ સાથે કેવી રીતે જોડાઈએ છીએ એ સંબંધની કલા છે, અંદર જ્યારે અણગમો નથી ત્યારે જ આપણે સભાનપણે જોડાઈ શકીએ છીએ.

## (૫૧) વિનતા અને કદ્રુ : પ્રતિસાદ અને પ્રતિક્રિયા – રીસ્પોન્સ અને રીએકશન

પતંજલીમૂનિ તેમના એક સૂત્રમાં કહે છે કે, પાંચ ઈન્દ્રિયોના સંબંધમાં જે આવે છે તે બોડી - બ્રેઈન સિસ્ટમમાં પ્રવેશે છે. આપણે ઘણીવાર એવું કહી ઊઠીએ કે, 'આવા આવા બનાવો મારાં જીવનમાં બન્યા!' ઋષિ પતંજલિ કહે છે કે, બનતી ઘટનાની અનુભૂતિ લેવાના બે માર્ગોની મનુષ્યને પસંદગી છે.'ભોગનો' કે 'સંડોવાઈ' જવાનો પહેલો માર્ગ, એટલે કે, ચેતનાની હાજરી વગર ઘટના પ્રત્યે યાંત્રિકપણે

પ્રતિક્રિયા - રીએકશન આપી દેવું. સાદી રીતે કહીએ તો ઘટનાથી સંમોહીત થવું. બીજા માર્ગને તેઓ 'અપવર્ગ' એટલે કે, ઉત્ક્રાંતિ - વિકાસનો માર્ગ કહે છે. ઘટના પ્રત્યે પાંચ ઈન્દ્રિયો દ્વારા મન સ્વિકૃતિ આપી મગજ દ્વારા કામગીરી કરે તે પહેલાં 'પોઝ' આપવાથી એવો અવકાશ બને છે જેમાં ચેતનાનું અવતરણ થાય છે. ચેતનાના અવતરણ પછી ઘટના પ્રત્યે જે કામગીરી થાય છે એ યાંત્રિક રીએકશન ન બનતા શાંત, સહેતુક છતાં શક્તિશાળી રીસ્પોન્સ બને છે. એબીલીટી ટુ રીસ્પોન્સમાંથી રીસ્પોન્સીબીલીટી શબ્દ બને છે તે દર્શાવે છે કે, નિમ્નત્તર યાંત્રિક પ્રતિક્રિયાઓમાંથી ઊચ્ચત્તર સભાન કામગીરીઓ તરફ ઉપર ઉઠવું.

પૃથ્વી પરની જીવસૃષ્ટિમાં માત્ર મનુષ્ય પાસે જ કામગીરી કરવાની અને એ જ વખતે કામગીરી પ્રત્યે સભાન રહેવાની ક્ષમતા છે. શાસ્ત્રો કહે છે કે, પ્રકૃતિએ વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિમાં જુદી જુદી ઊર્જાઓ સાથે પ્રયોગો કર્યા. યુગાબ્દોની ઉત્ક્રાંતિ પછી મનુષ્યએ એવી ઊર્જાઓ વારસામાં મેળવી જેમાં યાંત્રિકતાનું સહજ વારસાગત વલણ રહેલું છે. મહાભારતમાં વિનતા અને કદ્રુની વાર્તા જીવન જીવવાની આ બે પેટર્ન રજુ કરે છે. - કાં તો યાંત્રિકતા અને પ્રતિક્રિયા કે રીએકશન અથવા તો સભાનતા અને પ્રતિસાદ કે રીસ્પોન્સ.

કશ્યપ મૂનિની બે પત્નિ વિનતા અને કદ્રુ અત્યંત સ્વરૂપવાન હોવા છતાં એકબીજાની અત્યંત ઈર્ષા કરે છે. વિનતામાં ઈર્ષ્યા હકારાત્મક હોવાથી તે બીજાને નુકશાન પહોંચાડતી નથી પણ કદ્રુમાં ઈર્ષ્યા નેગેટીવ છે એટલે કે દ્વેષ હોવાથી વિનતાને નુકસાન કેમ કરી શકાય તે સતત વિચારે છે. કશ્યપ મૂનિએ બેઉને વરદાન માગવાનું કહેતા કદ્રુએ શક્તિશાળી અને બળવાન એવાં હજાર પૂત્રો માગ્યાં જ્યારે વિનતાએ બે પૂત્રો એવા માગ્યા જે સામર્થ્ય અને બળાબળમાં તમામ પૂત્રો કરતા ચડીયાતા હોય. કદ્રુ હજાર ઈંડા મૂકે છે જેમાંથી કાળક્રમે હજાર સર્પો બહાર આવ્યા. વિનતાએ મૂકેલા બે ઈંડા હુંફાળા પાણીમાં મૂકી રાખ્યા.

પાંચસો વર્ષ પસાર થઈ જવા છતાં વિનતાના ઈંડામાંથી કશું ન જન્મતા અધિરાઈથી તે એક ઈંડુ ફોડી નાખતા અર્ધકાયાવાળો બાળક બહાર આવ્યો જેના પગ સીવાયનું શરીર વિકસીત હતું. ઉતાવળા પગલાથી ગુસ્સે થયેલા બાળકે માતાને કદ્રુની દાસી થવાનો શાપ આપ્યો અને કહ્યું કે તે ધીરજ રાખશે તો બીજા ઈંડામાંથી થનાર બાળક તેને દાસીપણામાંથી મૂકત કરશે. આ અર્ધકાય બાળક અરૂણ, સૂર્યનો સારથી થયો. સૂર્ય એ પ્રકાશનું અને અરૂણ એ સંધિપ્રકાશનું પ્રતિક છે.

દેવોના અશ્વ ઊચ્ચૈશ્રવા(ઊચ્ચત્તર આયામોમાંથી શ્રવણ કરવું)ના રંગ વીશે બેઉ બહેનો વચ્ચે ચર્ચા ચાલી.વિનતાના કહેવા પ્રમાણે અશ્વ સંપૂર્ણ શ્વેત છે પણ કદ્રુના કહેવા પ્રમાણે તેની પુછડી કાળી છે. બેઉ વચ્ચે શરત લાગે છે કે જે ખોટી પડે તે બીજાનું દાસીપણું સ્વીકારે. કદ્રુને ખ્યાલ હતો કે અશ્વ આખો શ્વેત છે પણ શરત હારે નહી તે માટે તેણે પૂત્રોને આદેશ આપ્યો કે અશ્વની પુછડીએ વિંટળાઈ જાય. સર્પો વિનતાને છેતરવા ન્હોતા માંગતા પણ માતાનું કહ્યું નહી કરે તે સર્પયજ્ઞમાં હોમાઈ જશે એ શાપની બીકથી ભયાર્ત્ર થયેલા મોટાભાગના સર્પોએ માતાના આદેશનું પાલન કર્યુ અને પૂંછડીએ વાળ બની વીંટળાઈ ગયા. બેઉ બહેનોએ અશ્વને જોયો તો શર્ત પ્રમાણે વિનતા કદ્રુની દાસી બની.

કદ્રુ શબ્દનો અર્થ થાય 'મૂળ' અથવા 'જે લાલશ પડતું છે.' કામગીરીઓ અને અનુભવો કે અનુભૂતિ બે પ્રકારની હોય છે. - સભાનતાપૂર્વકની અથવા તો યંત્રવત કે યાંત્રિકતાપૂર્ણ. તમામ યાંત્રિક કામગીરી અને અનુભવો પૂરા થયા પછી પણ કશુંક 'શેષ' બાકી રહી જાય છે, બાકી રહેલું શેષ ભવિષ્યમાં એ જ કામગીરી કે અનુભૂતિને ફરી પાંગરીને વિકસવાનું મૂળ કે બીજ બની રહે છે. આમ તમામ યાંત્રિકતા બંધનનું મૂળ બને છે. તેના પૂત્રો સર્પો છે જેનો એક અર્થ અનુભવ પણ થાય છે એ દર્શાવે છે કે, ઈચ્છાઓ અને ચાલાકીઓના મૂળ અચેતન મનમાં કોઈપણ ક્ષણે પ્રગટ થઈ વિકસવાની રાહ જોઈ પડયા છે. વિનતાનો અર્થ થાય વળી ગયેલું અથવા નમ્ર. જીવનના પ્રત્યેક પ્રસંગે નમવાની કે નમ્ર થવાની પ્રેક્ટીસ કરીએ અથવા અહમ ઓગાળવાની અથવા તો ભૂમિકા બનાવીએ તો અનુભૂતિ સભાન બને છે અને પુનર્વૃતિક પુનરાવર્તનના બીજ રોપાતા નથી. પ્રત્યેક યાંત્રિક કામગીરી અને અનુભવોમાં અટેન્શન અને ઊર્જા બહારની તરફ જાય છે અને વિખરાયેલા હોય છે. તમામ સભાન અનુભવોમાં અટેન્શન અને ઊર્જા એકાગ્ર અને અંદરની તરફ વળેલા હોય છે. અચેતનમાં પડેલી આપણી હજારો પેટર્ન્સ અને ઈચ્છાઓમાં વિભાજીત આપણું અટેન્શન કદ્રુના પૂત્રો હજાર સર્પો છે.

યાંત્રિક વર્તનના મૂળમાં પડેલી છે અધિરાઈ કે ઉતાવળ, જેને વિનતા ઉતાવળે ઈંડાને તોડી નાખે છે તેમાં દર્શાવેલ છે. એટલે કે, આપણી અધિરાઈ કે ઉતાવળથી આપણી ચેતના યાંત્રિક કામગીરીઓમાં ગુલામ બની જાય છે. ઊચ્ચૈશ્રવાનો અર્થ થાય ઊચ્ચત્તર આયામોમાંથી શ્રવણ કરવું. ઊચ્ચત્તર શ્વેત અને શુદ્ધ છે. આપણા સૌની અંદર આ ઊચ્ચત્તર કે ચેતનાનો અવાજ પડેલો છે, પણ આપણે એ એટલે નથી સાંભળી શકતા કે એ અત્યંત મૃદુ અને કોમળ સ્વરે બોલાય છે, જેને સાંભળવા માટે 'પોઝ' મૂકવું પડે. આપણને માત્ર આપણા અહંકારના બુમબરાડા જ સંભળાય છે જે જીવનની દરેક પરિસ્થિતિ પ્રત્યે આંધળી પ્રતિક્રિયા આપ્યા કરે છે. ઊચ્ચત્તર આયામોમાં જે કંઈ આવે છે તેને આપણી અતૃપ્ત કામનાઓથી આપણે રંગી નાખીએ છીએ આ સર્પો છે જે અશ્વ - સમયની પુછડીએ વાળ બનીને તેનો રંગ બદલી નાખે છે. પરિણામે સત્ય ન જોઈ શકતા આપણે સમયના ગુલામ બની જઈએ છીએ.

વિનતાએ બીજા પાંચસો વર્ષ બીજા પુત્રના જન્મની રાહ જોવી પડી જે તેને મુકત કરી શકે, એ દર્શાવે છે કે આપણા કર્મોમાંથી મૂક્તિ મેળવવા માટે સમય, ધીરજ અને પ્રયાસો જરૂરી છે. બીજા ઈંડામાંથી જન્મતો ગરૂડ વિનતાને દાસીપણામાંથી મુકત કરે છે. ગરૂડ ઊંચે ઊડે છે જે ચેતનાનું પ્રતિક છે. પક્ષી હવામાં ઊડે છે તો પદચિન્હ નથી પડતા એ દર્શાવે છે, એવા કર્મો જેના કોઈ બીજ પછીથી નથી બનતા.

## (૫૨) ગરૂડઃ ચેતનાનું અવતરણ

પૃથ્વીના જે ભાગમાં સૂર્યના કિરણો પડે છે. તે ભાગ જાગે છે. પક્ષીઓ માળામાંથી બહાર આવી ને પોતાની દીનચર્યામાં વળગે છે. પુષ્પો ખીલે છે અને સમગ્ર અર્થમાં જીવન જાગે છે. આમ સૂર્ય પૃથ્વી પર જીવન આપે છે. અદલ આજ રીતે સવાર પડતા અંદરનો આધ્યાત્મિક સૂર્ય એટલે કે જીવ પહેલા બુદ્ધિમાં પ્રકાશ ફેકે છે. પછી અહંકારમાં અને ત્યારબાદ સંસ્કારોની આખી લાઈબ્રેરી ને પોતાના પ્રકાશથી સજાગ કરે છે. છેલ્લે મન તથા પાંચ ઈન્દ્રિયોને જાગૃત કરે છે. અંદરના આ સૂર્યના ઉદયની પ્રત્યે આપણે ક્યારેય સભાન થઈ તેની અનુભૂતિ લેતા નથી.

આપણી જાગૃતિનું સ્તર જેમ ઉચકાતું જાય છે તો એક બિંદુએ આપણે અંદરના સૂર્યોદય પ્રત્યે વિસ્મિત થઈ ઊંડાણથી તેની અસર અનુભવીએ છીએ. સૂર્યોદય પહેલા અરૂણોદય થઈ જાય છે. જે વિનતાનો પૂત્ર અરૂણ છે. પછી વાતાવરણ ને વિંધીને ગરૂડગતિએ આવતો પ્રકાશ તેજપુંજ રચી અંધકારને વિલિન કરી દે છે. ગરૂડ શબ્દ આવે છે. ગૃ ધાતુમાંથી, જેનો અર્થ થાય નાશ કરવો, ભક્ષણ કરવું. એ વિષ્ણુનું વહન છે જે પ્રતિક છે ચેતનાના અવતરણનું.

વિનતાના બીજા ઈંડામાંથી પાંચ સો વર્ષ પછી ગરૂડ જન્મે છે. ગરૂડ એટલો દૈદિપ્યમાન છે કે દેવરાજ ઈન્દ્ર અગ્નિ ને પુછે છે કે, તેજ માં તેની બરોબરી કરે તેવું આ કોણ છે? અગ્નિ કહે છે કે કશ્યપ ઋષિ અને વિનતાનો પૂત્ર છે. જે તેજમાં બધા દેવતાઓથી વધારે છે તેથી ઈન્દ્રની આંખો અંજાઈ ગઈ છે. દેવતાઓ અગ્નિની વાત સાંભળી આ પક્ષિરાજનું સ્તુતિગાન કરવા લાગ્યા. સ્તુતિ સાંભળી ગરૂડે પોતાના તેજને ઓછું કર્યું જેથી દેવતાઓ અંજાઈ ન જાય.

વિનતા કદ્રુની દાસી હોવાથી ગરૂડ પણ તેના પૂત્રોનો દાસ ગણાય છે. કામ કરી કરીને ગરૂડ થાકી જાય છે અને એના ભાઈઓને પૂછે છે કે એવું કયું કામ તે કરે જેનાથી એ દાસત્વમાંથી મૂકત થાય. દેવતાઓ દ્વારા રક્ષાયેલો અમૃતકુંભ લાવી આપવાથી ગરૂડ દાસત્વમાંથી મૂકત થાય એવી સર્પો એ શરત મૂકી.

ગરૂડને ખ્યાલ આવે છે કે દેવતાઓ દ્વારા રક્ષાયેલા અમૃતકુંભ ને લાવવાનું અશક્ય લક્ષ્ય પૂરૂ કરવા માટે તેને પ્રચંડ શક્તિની જરૂર પડવાની છે આથી પોતાની માતાને પૂછે છે કે, પ્રચંડ શક્તિ મેળવવા માટે હું શું ખાઉં? દુરના દ્વીપો પર રહેતા નિષાદો ને ખાવાથી પ્રચંડ શક્તિ મળશે એવી માતાની સૂચના ને એ અનુસરે છે અને બધા નિષાદોને ખાઈ જાય છે. પરંતુ તેની ભૂખ સંતોષાતી નથી. રસ્તામાં તેના પિતા કશ્યપ ઋષિ તેને મળે છે. અને કહે છે કે એક દ્વિપ પર એક હાથી અને કાચબો લડાઈ કરે છે જેઓ શાપિત ઋષિઓ છે અને આગલા જન્મથી તેમનો ઝગડો ચાલે છે. તેમને ખાઈ જવાથી તારી ભૂખ શાંત થશે. પિતાની આજ્ઞાનું અનુસરણ કરવાથી ગરૂડની ભૂખ શાંત થાય છે. અને અમૃતકુંભ લેવા જવાથી તૈયારી કરે છે.

ગરૂડ આપણી બોડી - બ્રેઈન સિસ્ટમમાં અવતરતી ચેતનાનું પ્રતિક છે. જન્મની સાથે જ એ પહેલું કામ પોતાને અને માતાને બંધનમાંથી છોડવવાનું કરે છે. બંધનમાંથી મુક્ત થવા માટે તેને અમૃતની જરૂ છે અને અમૃતની પ્રાપ્તિ માટે પ્રચંડ ઊર્જાની જરૂર છે. આ અધ્યાત્મ પથ ઉપર જે કોઈ પગલા માંડે છે તેને ઊર્જાની જરૂર પડે છે. ઊર્જાનો મુખ્ય જથ્થો આપણી નકારાત્મક લાગણીઓમાં તથા અંદરના બકબકમાં વેડફાઈ જાય છે તે લીકેજ રોકી બંધ કરવામાં છે.

વિનતા ગરૂડને શક્તિ મેળવવા માટે નિષાદ જાતીના લોકોને ખાવાનું કહે છે. નિષાદો નિમ્ન જાતીના છે અને મહેનત મજુરીને બદલે હલ્કા કામો કરીને ખોટી દિશામાં શેતાની રસ્તે ચાલે છે. એટલે કે સખત મહેનત ને બદલે માત્ર બેસી રહીને મનના ઘોડા દોડાવ્યા કરે છે. નિષાદ નો અર્થ થાય બેસી રહેવું. આમ અંદરના માનસિક બકબકને બંધ કરીને તેમાં વેડફાતી ઊર્જા રોકવાનું વિનતા ગરૂડને કહે છે. ગરૂડની ઊર્જા ની ભુખ હજી પણ સંતોષાઈ ન હોવાથી તેને વધુ ઊર્જાની જરૂર પડે છે. તેના પિતા કશ્યપ ઋષિ તેને હાથી અને કાચબાને ખાવાનું કહે છે. હાથી મૂલાધાર ચક્રનું પ્રતિક છે. ઉપરાંત તેમાં રહેલ બુદ્ધિ અને પૃથ્વીતત્વનું સુચક છે. સ્વાધિષ્ઠાન ચક્ર માં જલતત્વ રહેલ છે. કાચબો બે તત્વોના સંયોગનું પ્રતિક છે. ગરૂડને તેના પિતા કહે છે કે, આપણાં સૌમાં શક્તિનો અખુટ સ્ત્રોત રહેલો છે જે ઉચ્ચતર યૌગિક ટેકનીક દ્વારા મેળવી શકાય છે. હાથી અને કાચબાને ખાવાથી ગરૂડની ભુખ શાંત થાય છે. જેવી આ કામગીરી સિદ્ધ થાય છે કે આપણી પણ ભુખ શાંત થઈ શકે છે. આગળ ઉપર આપણે જોઈશુ કે દેવો સાથે યુદ્ધ કરીને ગરૂડ અમૃતકુંભ કેવી રીતે લઈ આવે છે.

## (૫૩) ગરૂડઃ ચેતનાનું આરોહણ

પુરતી તાકાત અને ઉર્જા મેળવી લીધા પછી અમૃતની રક્ષા કરતાં દેવો પર ગરૂડ હુમલો કરે છે. વાવાઝોડા અને ધુળની ડમરી સાથે સૌ પહેલા વાયુ લડવા આવે છે. માઈલોનો ફેલાવો ધરાવતી તેની પાંખોથી ગરૂડ પણ એવો ઝંઝાવાત ઊભો કરે છે. એક પછી એક દેવોને યુદ્ધમાં હરાવી અમૃતકુંભ જ્યાં રાખ્યો છે. ત્યાં ગરૂડ પહોચે છે.

સમગ્ર દિશામાં ફેલાયેલી અને અત્યંત ઊચી જતી જવાળાઓવાળા પ્રચંડ અગ્નિથી અમૃતકુંભ રક્ષાયેલો છે. ગરૂડ સમુદ્રમાં જઈ ઘણી નદીઓ ભરાઈ જાય તેટલું પાણી પોતાની ચાંચમાં ભરી એ વિશાળ અગ્નિ ને હોલવી નાખે છે. ત્યાર પછી અમૃતકુંભની રક્ષા કરતું વિશાળ ધારદાર દાંતાઓ ધરાવતું એક ચક્ર અત્યંત તેજ ગતિએ ફરતું હોય છે. ગરૂડ અત્યંત સુક્ષ્મ સ્વરૂપ ધરીને તેજગતિ એ એ ચક્રમાંથી પસાર થઈ જાય છે. અત્યંત વિશાળકાય ઝેરીલા બે નાગ અમૃતકુંભની રક્ષા કરે છે. તેમની આંખમાં ધુળ ઉડાડી તેમને આંધળા બનાવી પોતાના નહોર વડે ગરૂડ બેઉ નાગને મારી નાખે છે. અમૃતકુંભ લઈ આકાશમાં ઊડી જાય છે. ઈન્દ્ર ગરૂડને રોકવા વજ્રનો પ્રયોગ કરે છે. મહાન ઋષિને દધિચિનાં હાડકામાંથી બન્યું હોવાથી ગરૂડ તેનો અનાદર ન થાય તે માટે પોતાનું એક પિંછુ ખેરવી નાખી ઋષિને સન્માન આપે છે અને વજ્ર તેને કશું નુકશાન પહોચાડતું નથી. માતાને

અને પોતાની જાતને સર્વભાઈઓની ગુલામીમાંથી છોડવવા માટે ગરૂડ અમૃતકુંભ લઈને તે તરફ પ્રયાણ કરે છે. માર્ગ માં તેને ભગવાન વિષ્ણુ મળીને કહે છે કે જો સર્પો અમૃત પી લેશે તો જગતમાં નકારાત્મકતા અને દુષ્ટતા ખુબ વધી જશે. એ ગરૂડને અમૃતકુંભ લઈ જવાનું કહે છે પણ સર્પો અમૃત ન પી શકે તેવી કોઈક યુક્તિ કરવાનું કહે છે. ગરૂડ સહમત થાય છે. એ વિષ્ણું તેને પોતાના ધ્વજમાં સ્થાન આપી પોતાના વાહન તરીકેનું વરદાન આપે છે. વળી, અમૃતપાન કર્યા વગર પણ ગરૂડને અમરત્વનું વરદાન આપે છે. ગરૂડ અમૃત લઈને સર્પો પાસે પહોચે છે. અમૃત પીવા દોડતા સર્પો ને રોકી પહેલા તે પોતાની માતાને બંધનમુક્ત કરવાનું કહે છે. સર્પો તે પ્રમાણે કરે છે. ગરૂડ તેઓને કહે છે કે સ્નાન કર્યા સીવાય અમૃતપાન ન કરાય આમ કહેતા સર્પો સ્નાન માટે નદીએ જાય છે. દર્ભ પર મૂકેલો અમૃતકુંભ ઈન્દ્ર આવી, ઉઠાવી જઈ પાછો સ્વર્ગમાં ચાલ્યો જાય છે, અને દેવો અમૃતકુંભ પરત મેળવી લે છે.

ગરૂડ વિષ્ણુંનું વાહન બને છે એ દર્શાવે છે કે આપણામાં આરોહણ શરૂ થયું છે. ચેતનાના આરોહણની સાથે જ મનના ગહેરા પ્રદેશો આપણી સામે ખુલતા જાય છે. ઋષિઓ આ પ્રદેશને ચિત્તઆકાશ અને 'ચિદ્આકાશ' એવા નામ આપે છે. આ એવા પ્રદેશો છે જ્યાં આપણું વ્યક્તિગત મન વૈશ્વક દિવ્યમનની સાથે સંપર્કમાં આવે છે જે ચિત્તઆકાશ તરીકે ઓળખાય છે જે પ્રદેશમાં અંદરનો ભગવાન વસે છે તેનેચિદ્આકાશ કહેવાય છે. ચિદ્આકાશમાં ચેતના પ્રવેશે છે તેને વિષ્ણું કહે છે જેનું વાહન ગરૂડ છે. કદ્રુ અને તેના પૂત્રોના દાસીત્વમાંથી ગરૂડ પોતાની માતાને મુકત કરાવે છે. સાધના માર્ગ પર આપણે ચાલીએ છીએ ત્યારે આપણી અંદરના બે કેન્દ્રો કામ કરતા હોય છે. આપણી ઊર્જાને બહારની તરફ લઈ જતું આસક્તિ કેન્દ્ર અને આપણી ઊર્જાને અંદરની તરફ લઈ આવતું વૈરાગ્ય કેન્દ્ર. આસિકતકેન્દ્રનું પ્રતિક કદ્રુ છે જે સર્પોની માતા છે. વિનતા, ગરૂડ અને અરૂણની માતા વૈરાગ્યકેન્દ્ર નું પ્રતિક છે. સાધનામાં આવતા પહેલા આપણી અંદર આસક્તિકેન્દ્ર સક્રિય અને હાવી થયેલું હોય છે અને વૈરાગ્યકેન્દ્ર તેના દાસકતત્વમાં હોય છે.

આસક્તિકેન્દ્ર ના પ્રભાવમાં આપણે પાંચ ઈન્દ્રિયોના આકર્ષણ કે વિષયોમાં સંડોવાઈ જઈએ છીએ અને તેમાં ફસાયેલાં આપણા ધ્યાન - અટેન્શન ને તેમાંથી મુક્ત કરી શકતા નથી, એટલે કે વિનતા કદ્રુની દાસી બનેલ છે. પાંચ ઈન્દ્રિયાના વિષયોમાંથી અટેન્શનને મુકત કરવા માટે આપણી ચેતનાની અવસ્થા ઊચકાવવી જોઈએ. વિષ્ણું ચેતનાનું પ્રતિક છે અને ગરૂડ એ ચેતનાનું આરોહણ છે. કદ્રુના પૂત્રો, સર્પો એ અગણીત વિચારો અને મેમરી પેટર્ન્સનું પ્રતિનિધિત્વ કરે છે, જેનાથી આપણે પાંચ ઈન્દ્રિયોના વિષયો કે આકર્ષણોમાં સંડોવાયેલા રહીએ છીએ.

અમૃત એ આપણા જીવનમાં આવતા પરમઆનંદ અને સુખનું પ્રતિક છે. હાલમાં આ પરમસુખ અને આનંદ એ આપણી પોઝીટીવ લાગણીઓ ( દેવતાઓ) ની પાસે છે. નેગેટીવ મેમરી પેટર્ન્સ કે લાગણીઓને અમૃત જોઈએ છીએ. અમૃત થોડા વખત સર્પો પાસે રહે છે એટલે કે નકારત્મક લાગણીમાંથી આપણાને થોડો વખત સુખ મળે પણ ખરૂં. જેમ કે, કોઈના ઉપર વેર લઈએ તો એક પ્રકારનું નકારાત્મક સુખ મળે છે. જાણે તે આખી ચોકલેટ ખાવા મળી હોય. એટલે કે સર્પોને અમૃત મળે છે. આપણે આનાથી ઉપર ઉઠવું પડે છે. ઉત્તેજનાઓમાંથી મુક્ત થઈને સંવેદનાની ઊર્જાને વધારે મજબૂત બનાવીને આ થઈ શકે છે. આ ઊર્જા મજબુત બને છે તો ઈન્દ્રિયોનો દેવ - ઈન્દ્ર સર્પો પાસેથી અમૃત ચોરીને લઈ જાય છે. આપણી નકારાત્મક ઇચ્છાઓ ઉત્તેજનાઓમાં પોતાનો ખોરાક શોધે છે ત્યારે ઉતેજનામાંથી સંવેદનામાં આપણી ચાલ્યા જવું જોઈએ. ચેતનાની અવસ્થામાં વધારો કરીને આ કરી શકાય છે. સુખ અને દુ:ખ બન્નેની સંવેદના તો છે જ પરંતુ સંસારના કોઈપણ પ્રસંગમાંથી માત્ર સંવેદના ખેંચવાનું જ આપણું લક્ષ્ય બને છે, તો સંસારજીવનમાં આપણને અમૃત મળે છે, પછી ઘટના દુ:ખદ હોય કે સુખદ હોય.

સંવેદનાની ઊર્જા કે ઈન્દ્ર દ્વારા અમૃત મેળવવાની આ કલા શિષ્ય જ્યારે શીખી લે છે ત્યારે તે મહાન કલાનો માસ્ટર બને છે.

## (૫૪) એકલવ્ય અને હસ્તીની કક્ષા

ગુરૂ દ્રોણ પાસે એક યુવાન આવ્યો. એ નિષાદરાજાનો પુત્ર એકલવ્ય દ્રોણના પગમાં પડી ગયો અને શિષ્ય બનાવવા વિનંતી કરી. દ્રોણે કહ્યું કે તેઓ ક્ષત્રિય સિવાય બીજા કોઈને વિદ્યાદાન આપતા નથી અને નિષાદો એ નિમ્ન  જાતિની જ્ઞાતિ છે.

યુવાન જંગલમાં જઈ માટીમાંથી દ્રોણની મૂર્તિ બનાવી તેની હાજરીમાં ધનુર્વિદ્યાની સાધના કરવા લાગ્યો. એકલવ્ય એકતાનતાપૂર્વકની ગુરુભક્તિ અને અભ્યાસને પરિણામે ધનુર્વિદ્યામાં પારંગત થઈ ગયો.

એક દિવસ કુરૂકુમારો જંગલમાં ઉજાણી માટે ગયા. તેમનો કુતરો પણ તેમની સાથે હતો. કુતરો આમથી તેમ ફરતો હતો ત્યાં એક માણસને વિચિત્ર પોશાકમાં જોઈને ભસવાનું શરૂ કર્યું. એકલવ્ય આટલા વર્ષોની સાધના દરમ્યાન કુશળ ધનુર્ધારી થઈ ગયેલો, તેને સાત બાણ મારીને કુતરાનું મોં બંધ કરી દીધું. બાણ એવી કુશળતાથી માર્યા કે કુતરાને જરાપણ ઈજા ન થાય અને તે ભસી પણ ન શકે. કૂતરો દોડીને કુરૂકુમારો પાસે આવ્યો. કુતરાના મોઢામાં બાણો જોઈને બધા ધનુર્ધરની કુશળતાથી સ્તબ્ધ થઈ ગયા, જાણે કે ધનુર્વિદ્યાની કાવ્યાત્મક અભિવ્યક્તિ હોય. એમણે શોધ આદરી.

લાંબી શોધ પછી તેમણે એકલવ્યને જોયો, તેણે પોતાની ઓળખાણ ગુરુ દ્રોણના શિષ્ય તરીકે આપી. ગુરુના પ્રિય શિષ્ય  એવા અર્જુનથી આ સહન ન થયું તેણે જઈને દ્રોણને તેનું વચન યાદ અપાવ્યું કે તેઓ અર્જુનને જ આર્યવર્તનો શ્રેષ્ઠ ધનુર્ધર બનાવશે, પણ એવું લાગે છે કે આવું વચન તેણે બીજાને પણ આપ્યુ લાગે છે. અર્જુન શું વાત કરે છે તે તે દ્રોણ સમજી શક્યા નહીં એટલે તેઓ અર્જુન સાથે જંગલમાં ગયા. દ્રોણ તો એકલવ્યની વાત ભુલી

જ ગયેલા. ગુરુને જોઈને એકલવ્યએ પ્રણામ કર્યા અને તેમની પ્રતિમા બનાવીને તેની હાજરીમાં આ વિદ્યા મેળવ્યાની વાત કરી.

એક મૂર્તિની હાજરીમાં કોઈ વ્યક્તિ આટલો શ્રેષ્ઠ બાણાવળી થઈ શકે એ વાતથી દ્રોણને આંચકો લાગી ગયો, પણ હૃદયમાં આનંદ થયો, ત્યાં પોતાનું અર્જુનને આપેલ વચન યાદ આવ્યું. એક ક્ષણ 'પોઝ' આપી તેણે એકલવ્યને કહ્યું કે, શિષ્ય હોવાને નાતે તેણે ગુરુદક્ષિણા આપવી જોઈએ. દ્રોણે એકલવ્ય પાસેથી તેના જમણા હાથનો અંગુઠો માંગી લીધો. એક ક્ષણના વિલંબ વિના એકલવ્યએ અર્ધચંદ્રાકાર બાણ કાઢીને તેની મદદથી અંગુઠો કાપીને દ્રોણને આપ્યો. દ્રોણ અને અર્જુન રાજ્યમાં પરત ફર્યા.

મહાભારતની ઘણી ઘટનાઓ આપણને ક્રૂરતાપૂર્ણ અને અન્યાયથી ભરપૂર લાગે અને ઉપરછલ્લી રીતે જોતા એકલવ્યની વાર્તા પણ એટલી જ અન્યાયપૂર્ણ અને ક્રુરતા ભરેલી દેખાય. ગુરુ દ્રોણ જાણે કે ઘાતકી અને અર્જુન પ્રત્યેના પ્રેમને કારણે અન્યાયી બની ગયા હોય તેમ દેખાઈ આવે છે. વળી એકલવ્ય પણ ગુરુ પ્રત્યેના ઊંડા પ્રેમ અને બલિદાનથી ભરેલા આજ્ઞાકિંત શિષ્ય તરીકે લોકમાનસમાં સ્થાપિત થયેલો છે. તથ્યોની પાર જોવાની ક્ષમતા આવે તો વ્યાસમુનિએ આપેલ મહાન સંદેશાનું સત્ય ખૂલે.

આધ્યાત્મમાર્ગ પર આપણે એક સાથે બે રેખાઓ વિકાસ કરીએ છીએ. એક છે આપણી હસ્તીની કક્ષા એટલે કે લેવલ ઑફ બિઈંગ અને બીજી છે જ્ઞાનની કક્ષા. આપણામાંથી ઘણા બધા પાસે અતિશય જ્ઞાન હોય છે પણ હસ્તીની કક્ષા ત્યાંની ત્યાં જ હોય છે. એટલે કે, આપણે એ જ ચીડના ગુલામ છીએ. આપણા સ્વભાવમાં હજી એટલી જ ફરિયાદો ભરેલી છે અને અગાઉ પસાર કરતા તેમ આજે પણ, તદ્દન યાંત્રિક પ્રતિક્રિયાઓથી ભરપૂર દિવસ પસાર કરીએ છીએ. આપણામાં જ્ઞાનના વધવા સાથે હસ્તી કે હોવાપણાની કક્ષામાં કશો જ બદલાવ આવતો નથી.

આપણા હોવાપણાને, સીડીની જેમ, જુદા જુદા પગથીયા હોય છે જેમાં પ્રત્યેક ક્ષણે આપણને હોવાપણાના પગથિંયા ચડવાની કે નીચે ઉતરવાની પસંદગી હોય છે. હવે એકલવ્ય નિશાદ જાતિનો છે. 'શાદ' એટલે બેસવું અને 'નિ' એટલે નીચે. આમ અસરકારક વાર્તા હોવા છતા એકલવ્ય આપણાં હોવાપણાની સીડીમાં નીચલા પગથિંયા પર છે. અર્જુન ક્ષત્રિય છે એટલે કે આપણા હોવાપણાની સીડીના ઉચ્ચતર આયામો. આને આપણે સામાજીક જ્ઞાતિપ્રથા સાથે ગૂંચવશું નહીં, પરંતુ આપણા 'સાઇકીક સ્ટ્રક્ચર' - માનસિક આયામોની બે તદ્દન અલગ જ અવસ્થાઓ છે. જયા આપણે એકલવ્યની અવસ્થાથી અર્જુનની અવસ્થાએ ચડીએ છીએ. દ્રોણે એકલવ્યને વિદ્યા શિખવાની ના કહી કારણ કે, હોવાપણાની આ અવસ્થાએ આપણે ઇચ્છિત જ્ઞાન મેળવવાના હકદાર નથી. હોવાપણાની અવસ્થાએ, જ્યાં આપણી જાતને ઊંચકીએ એટલે કે, એકલવ્યથી અર્જુનની અવસ્થાએ- જ્યાં આપણે જ્ઞાનને પચાવવા માટે તૈયાર છીએ ત્યારે એ ઊચ્ચતર જ્ઞાન ગુરુ આપણને આપે છે.

દ્રોણે એકલવ્યને શિષ્ય બનાવવાની ના કહી તો પણ એકલવ્ય એ ન સમજી શક્યો કે તેણે હજી યોગ્યતા પ્રાપ્ત નથી કરી, છતાં માટીની મૂર્તિ બનાવી. એકલવ્યમાં એ જાગૃકતા ન હતી કે દ્રોણે ગુરુ થવાની એટલા માટે ના પાડી કે, તેણે શિષ્ય થવાના હોવાપણાની કક્ષા ઊંચકવાની જરૂર છે. 'એકલવ્ય' શબ્દ આવે છે 'લુ' ધાતુમાંથી જેનો અર્થ થાય છેદવું. તેણે પોતાની એકાગ્રતાનો ઉપયોગ એવું જ્ઞાન મેળવવા માટે કર્યો જે તેના હોવાપણાની કક્ષાને અનુરૂપ ન હતું. આ દર્શાવે છે કે ગુપ્તજ્ઞાન આવા માર્ગે પણ મેળવાતું હોય છે.

આધ્યાત્મિકજ્ઞાન જ્યારે આડકતરા રસ્તાઓ દ્વારા મેળવાય છે તો આપણે તેનું ચુકવણું કરવું પડે છે અથવા તો ચોક્કસ પ્રકારની વેદનામાંથી પસાર થવું પડે છે. પોતાનો અંગુઠો કાપી આપવાની ઘટના એ વેદનામાંથી પસાર થવાનું પ્રતિક છે. અંગુઠો શક્તિ અને સંકલ્પનું પ્રતિક છે, જેનું આધ્યાત્મપથ પર ખૂબ જ મહત્ત્વ છે.

આધ્યાત્મ ખોજના માર્ગે આપણાં હોવાપણાની કક્ષા હંમેશાં આપણા જ્ઞાનની કક્ષાની સમાંતર રાખવાનો પ્રયાસ કરવો પડે છે. એવું ન બને કે જ્યાં જ્ઞાન એટલું બધું વધી જાય કે તે પ્રમાણે આપણે જીવી ન શકીએ. એક જાગૃત ચેતના કહે છે કે, 'જેવો સત્યનો સાક્ષાત્કાર થાય કે તરત જ સત્યને જીવવાનું શરૂ કરી દો નહીંતર એ જ સત્ય તમારો વિનાશ કરી નાખશે. '

## (૫૫) શિશુપાલ : અંદરની બલિશતા

યુધિષ્ઠર ઈન્દ્રપ્રસ્થમાં રાજસુય યજ્ઞ કરે છે. અર્જુને ખાંડવપ્રસ્થ બાળ્યું છે અને પાંડવો તેમાંથી ઈન્દ્રપ્રસ્થની રચના કરે છે. આર્યવર્તના તમામ રાજાઓને આમંત્રણ મોકલાય છે અને તમામ રાજાઓ પાંડવોના રાજસુય યજ્ઞમાં આવે છે. યજ્ઞમાં સૌપ્રથમ પૂજન કોનું કરવું તે મુદ્દે ભિષ્મની સલાહ લેતા યુધિષ્ઠિરને તેઓ કહે છે કે આર્યવર્તના તમામ રાજાઓ અને ઋષિઓમાં શ્રીકૃષ્ણ સૂર્ય સમાન અને આંતર પ્રકાશમાંથી વહેવાર કરતા હોવાથી શ્રીકૃષ્ણનું પૂજન થવું સૌથી યોગ્ય ગણાય.

શ્રીકૃષ્ણ પ્રત્યેના અસીમ પ્રેમને કારણે યુધિષ્ઠિર રાજી થતા સહદેવને શ્રીકૃષ્ણના ચરણ ધોઈ પૂજન કરવાનું કહે છે. સહદેવ અસીમ પ્રેમથી શ્રીકૃષ્ણનું પૂજન કરે છે તે થોડા રાજાઓને ગમતું નથી. શાંત સભાગૃહ અટ્ટહાસ્યથી ગાજી ઊઠે છે અને શ્રીકૃષ્ણના ફઈનો દીકરો શિશુપાલ જે જન્મથી જ શ્રીકૃષ્ણને ધિક્કારે છે તે શ્રીકૃષ્ણનું અપમાન કરવાનું શરૂ કરે છે.

શિશુપાલે શ્રીકૃષ્ણને બાયલો અને યુધિષ્ઠિરને કૃપણ કહ્યા. વળી તેણે કહ્યું કે શ્રીકૃષ્ણએ જે કંઈ મેળવ્યું છે તે બધુ કપટથી મેળવ્યું છે. ભીષ્મ યુધિષ્ઠિરને ચિંતા ન કરવાનું કહેતા કહે છે કે શિશુપાલનું મૃત્યુ શ્રીકૃષ્ણના હાથે જ નિર્મિત થયેલું છે અને એ સમય આવી ગયો છે. ભીષ્મ યુધિષ્ઠિરને શિશુપાલજન્મની કથા કહે છે.

શિશુપાલ ચાર હાથ અને ત્રણ આંખો સાથે જન્મેલો અને જન્મતા જ તેના માતાપિતા ભયભીત થઈ

તેને મારી નાખવા ઈચ્છતા હતા ત્યાં આકાશવાણીએ કહ્યું કે, જે વ્યક્તિના ખોળામાં આ બાળકને મુકતા તેના બે હાથ ખરી પડશે અને ત્રીજી આંખ કપાળમાં સમાઈ જશે તેના હાથે આ બાળકનું મૃત્યુ થશે. શ્રીકૃષ્ણ અને બલરામ ચેદીપુર ગયા અને તેના ખોળામાં શિશુપાલ મુકવામાં આવ્યો કે બે હાથ ખરી ગયા અને એક આંખ ચાલી ગઈ. શિશુપાલની માતાએ શ્રીકૃષ્ણ પાસે શિશુપાલનું અભયવચન માંગ્યું તો શ્રીકૃષ્ણએ તેના સો અપરાધ માફ કરવાનું વચન આપ્યું.

હવે રાજસભામાં શિશુપાલ શ્રીકૃષ્ણનું વારંવાર અપમાન કરવા લાગ્યો અને શ્રીકૃષ્ણને લાગ્યું કે, શિશુપાલ વધનો સમય આવી ગયો છે એટલે સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક છેદી નાખ્યું. શિશુપાલના મૃત્યુ સાથે જ મેઘ વગરના આકાશમાંથી જળપ્રપાત થયો. પવન ફુંકાવા લાગ્યો અને વજપાત જેવા અમંગળ અપશુકનલ થાય જે દર્શાવતા હતા કે મહાભારતના યુદ્ધના બીજ વવાઈ ગયા છે.

'શિશુ' એટલે બાળક અને 'પાલ' એટલે પાલન-પોષણ કરવું. આ બાલિશતાનું આપણે આપણી અંદર નિરીક્ષણ કરવું જોઈએ. બાળક રમકડા સાથે રમતું હોય અને પડોશીનું બાળક રમકડું માગે તો તે આપતું નથી અને જોરથી પકડી રાખે છે. આજ બાળક મોટું થઈને રાજકારણી થાય અને વિધાનસભ્ય બને અને પછી તેની પાર્ટીમાંથી જ કોઈ તે જગા લેવા માંગે તો તે છોડવા માંગતો નથી. શરીર નાનેથી મોટું થઈ જાય છે પરંતુ અંદર કશું જ પુખ્ત થતું નથી. મૃત્યુની નજીક લોકો આવે છે તો બાળક સરીખા થઈ જાય છે એ દર્શાવે છે કે વર્ષો પછી પણ કશું જ વિકસીને પુખ્ત થયું નથી. મૃત્યુ પામે છે તો એ જ ત્રણ વર્ષના બાળકની માનસિકતા મૃત્યુ પામે છે. આ બલિશતા શિશુપાલ છે જે મરવો જ જોઈએ. રાજસુય યજ્ઞ એ મુકામ છે જયાંથી આધ્યાત્મયાત્રામાં આપણી અંદર જોવાની શરૂઆત થાય છે. શ્રીકૃષ્ણ ચેતનાનું પ્રતિક છે અને આ અંદરનો પ્રકાશ-સ્વનિરીક્ષણ- સુદર્શનથી શિશુપાલનો વધ કરે છે. વધ પહેલા શિશુપાલના સો અપરાધ માફ કરવાનો અર્થ એ કે, આ બલિશતા જુદા જુદા સો પ્રકારે વ્યક્ત થાય છે એનો કોઈપણ પ્રકારની દખલ વગર આપણી અંદર અભ્યાસ કરવો પડે પછી જ મારી શકાય. વળી, શ્રીકૃષ્ણના હાથે જ તેનું મૃત્યુ હોવાથી આ બાલિશતા બીજી કોઈ રીતે મારી શકાતી નથી.

શિશુપાલ ચાર હાથ અને ત્રણ આંખ સાથે જન્મે છે તે દર્શાવે છે કે, આપણી અંદરની બલિશતા નિતિ-નિયમો કે નૈતિકતાથી નિયંત્રિત કરી શકાતી નથી કે નથી બાલિશતા તેમને ગણકારતી. બાળકને તિરાડોમાંથી ડોકિયું કરવું ગમે અને જે બાબતોનો નિષેધ કરો તે જ બાબતો કરવાનું મન થયા કરે.

શિશુપાલ ચેદીનો રાજા છે. તેના વધ પછી તેના પુત્ર ધૃષ્ટકેતુનો રાજ્યાભિષેક કરવામાં આવે છે. ધૃષ્ટનો અર્થ થાય નિર્ભય અને કેતુ એટલે મુખ્ય. એટલે કે શિષ્યમાં હવે એક પ્રકારની નિર્ભિકતા, બાલિશતાને સ્થાને, મુખ્ય બને છે. બાળક તરીકે મનના ગહેરા અંધકારમય સ્થાનોમાં પ્રવેશતા શિષ્ય ડરે છે. શિશુપાલવધથી હવે નિર્ભિકતાથી પોતાના મનની ગહેરાઈમાં ડર વગર જોઈ શકે છે.

આ નવી નિર્ભિક્તા શિષ્યને માનસિક સ્થિરતા આપે છે. અંદરનું બાળક કોઈ દુષ્ટ વિચારોમાં મોહિત થઈ જાય છે. વળી બાલિશ કુતુહલથી એ દુષ્ટ વિચાર પ્રમાણે આચરણ કરી બેસે છે. નિર્ભિક્તાથી આવતી માનસિક સ્થિરતા એ દુષ્ટ વિચારના મોહની સામે પ્રતિકારની શક્તિ આપે છે. પિતાના મૃત્યુની કારણ પાંડવો હોવા છતાં વેર લેવાની વૃત્તિને ઓળંગીને મિત્ર બની મહાભારતના યુદ્ધમાં ધૃષ્ટકેતુ પાંડવોના પક્ષે રહીને યુદ્ધ લડે છે. વેર કે બદલો લેવાની વૃત્તિ આપણી અંદર ખૂબ ગહેરાઈમાં પડેલી છે એ શિશુપાલના વધ સાથે ઓગળતી જાય છે અને પુખ્તતા આવે છે. શિષ્ય બદલો લેવાની વૃત્તિમાંથી મુક્ત થાય છે તો તે આધ્યાત્મપથ પર ખરેખર મોટું ડગલું માંડે છે.

## (૫૬) કર્મનો પ્રતિકો કે સંકેતો

પાત્રો અને ઉપવાર્તાઓથી મહાભારત ભરેલું છે. અમુક પાત્રોની મુખ્ય ભૂમિકા છે જ્યારે બીજા પાત્રો ગૌણ ભૂમિકા ભજવી જાય છે. દરેક પાત્રોના નામ અને તેમની કામગીરી આપણને અંદરની એવી ગહેરાઈમાં લઈ જાય છે જેને આપણે કર્મ તરીકે ઓળખીએ છીએ. કર્મનો વિષય, જો કે, અત્યંત જટીલ સિદ્ધાંતો અને વિવેચનોમાં ગ્રંથોથી છલકાય છે. આપણે અહી તેને અત્યંત પ્રાથમિક સ્વરૂપે સરળ રીતે જોવાનો પ્રયાસ કરીએ.

કર્મ વિશે વાત કરીએ છીએ તો આપણે ધારી લઈએ કે, તે એક એવું બીજ છે જેને આપણે વિચારો અને કાર્યો કે કામગીરીઓ દ્વારા એવી ભૂમિમાં વાવીએ છીએ જેને પતંજલિ મૂનિ ચિત્ત કહે છે. સાદી ભાષામાં 'મનોભૂમિ' પર. વનસ્પતિશાસ્ત્રમાં એક બીજને યોગ્ય ભૂમિ, હવા, પાણી અને ઊગવા યોગ્ય વાતાવરણ જરૂરી છે તે જ રીતે કર્મના બીજના ફળો માટે ત્રણ પરિબળો જરૂરી બને છે. એક, નિમિત્ત કારણ, બીજું ઉપાદાન કારણ અને ત્રીજું આ બેઉ વિશેની ગુંચવણ કે જાગૃતિનો અભાવ (અવિદ્યા).

ધારો કે રોડ પર આપણે ચાલતા હોઈએ અને કોઈ ધક્કો મારે અને આપણને તેના પર ગુસ્સો આવી જાય અને તેને આપણે ગમે તેમ બોલી દઈએ. કોઈ વ્યક્તિ ધક્કો મારે છે અને અહીં નિમિત્ત કારણ બને છે, જે સંસારની ઘટના સ્વરૂપે આપણને મળવા આવે છે. ગુસ્સો આપણા અર્ધચેતનમાં પહેલેથી પડેલો જે ઉપાદાન કારણ કે મૂળ કારણ છે. અહીં આ ઘટનામાં, જ્યાં ગુસ્સો વ્યક્ત થાય છે અને ઘટના ગુસ્સાને વ્યક્ત થવાનું માધ્યમ કે નિમિત્ત કારણ બને છે. આ ગુસ્સાને વ્યક્ત થવું છે અને એટલે એ સુયોગ્ય માધ્યમ શોધે છે અને જે માધ્યમમાં એ વ્યક્ત થાય છે તે નિમિત્ત કારણ બને છે. તે નિમિત્ત કારણ બની રહે છે. જેમ કે કોઈનું ધક્કો મારી જવું. આપણે એવું કહીને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરીએ કે, તેણે ધક્કો માર્યો એટલે ગુસ્સો આવ્યો - આ ત્રીજી બાબત છે જે જાગૃતિનો અભાવ કે ગુંચવણ છે. આપણે માત્ર નિમિત્ત કારણો કે તથ્યો જ જોઈ શકીએ છીએ, પરંતુ ઉપાદાન કારણ (સત્ય) જોઈ શકતા નથી. ગુસ્સાના મુળ પદાર્થને આપણા અચેતનમાંથી ચેતન મનમાં વ્યક્ત થવું છે.

મૂળભૂત ત્રણ બાબતોને જોયા પછી આ પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ કરીએ. આપણે જાણીએ છીએ કે મૂળ કારણ અચેતનમાંથી પડેલો ગુસ્સો છે. હવે માની લો કે, અચેતનમાં ગુસ્સાના એક હજાર બીજ પડ્યાં છે. રસ્તા પર કોઈ ધક્કો મારે છે અને હજારમાંથી એક બીજ ચેતન મનની સપાટીએ વ્યક્ત થવા આવે છે, અને આપણે ગુસ્સો વ્યક્ત કરીએ છીએ. વ્યક્ત ગુસ્સો વૃક્ષ બને છે અને તેને ફળ આવતા બદલામાં એક વધારાનું બીજ આપે છે. પરિણામે ચેતન મનમાંથી અર્ધચેતનમાં હવે એકને બદલે બે બીજ પરત ગયા. આમ અચેતનમાં ગુસ્સાના બીજની સંખ્યા હજારમાંથી એક હજારને એક થઈ. કર્મનો આ પાયાનો નિયમ છે - એક વાવો, એક વત્તા એક એમ બે ઊગી નીકળે.

ઉપરની જ ઘટનાને લઈએ તો ગુસ્સો જેવો ચેતન મનમાં આવે છે કે આપણે તેના પ્રત્યે સજાગ બની જઈએ છીએ કે, ધક્કો મારનાર વ્યક્તિ કારણ નથી પણ ગુસ્સો છે. ગુસ્સાને વ્યક્ત થવા નથી દેતા તો એ બીજ મૃત્યુ પામે છે અને અર્ધચેતનમાં હજારને બદલે નવસો નવ્વાણુ બીજ રહે છે. આપણે કર્મના નિયમમાંથી આટલાં અંશે મુક્ત થયા.

બીજ વવાય અને તેમાંથી વૃક્ષ બને તેમજ વૃક્ષને ફળ આવતાં એ ઘણાં બીજ આપે એ પ્રક્રિયા મહાભારતમાં ઘણાં પાત્રો દ્વારા રજુ કરાઈ છે.

(૧) **કૃપાચાર્ય :** એ હસ્તિનાપુરના રાજગુરુ છે. 'કૃપા'નો અર્થ થાય દયા કે બીજા પ્રત્યે દિલગીરી વ્યક્ત કરવી. કોઈપણ ઘટના પ્રત્યે આપણે દયા ઉપજે છે તો ઘટનામાં આપણે સંમોહિત થઈ જતા સત્યને જોઈ શકતા નથી. ભુખ્યાને અન્ન દેવાની ઈચ્છા થઈ આવે તેમાં આપણે કદાચ સાચી વસ્તુ નથી કરતાં કેમ કે એવું કરીને આપણે તેને ભીખની વૃત્તિનો ગુલામ બનાવી રહ્યાં છીએ. આમ કૃપ કે દયા એક મુળભૂત ભ્રમણા કે જાગ્રૃતિનો અભાવ સૂચવે છે.

(૨) જેવા આપણે બેહોશીમાં છીએ તો આપણે બીજ વાવીએ છીએ, જે ચાર પ્રકારના હોઈ શકે.

- **ભીષ્મ કે સ્વપ્રેમ :** એ પોતાની પ્રતિજ્ઞાને જ પ્રેમ કરે છે.
- **કર્ણ (સુખ પ્રત્યેનું આકર્ષણ) :** દુર્યોધન કર્ણને અંગદેશનો રાજા બનાવે છે અને કર્ણ તેની (મિત્રરૂપે) જિંદગીભર ગુલામી કરે છે. આ અંદરનું એક વલણ છે.
- **વિકર્ણ (અસુખ કે અણગમો) :** આ અંદરનું એવું વલણ છે. જેમાં હંમેશા વર્તમાન સ્થિતિની વિરુદ્ધમા જ ચાલ્યાં જઈએ છીએ એટલે કે વર્તમાન સ્થિતિમાં આપણને હંમેશા અણગમો કે અસુખ થાય છે એટલે ભાગીએ છીએ અર્થાત વિરોધી કરીએ છીએ. દ્રૌપદી વસ્ત્રાહરણ પ્રસંગે વિકર્ણ આ ઘટનાનો વિરોધ કરે છે ત્યારે એવું લાગે છે કે આવું કરવું અનૈતિક હોવાથી તે વિરોધ કરે છે. પરંતુ આ ઘટનાની પીડા સહન ન થઈ શકવાથી ભાગવાના ભાગરૂપે એ વિરોધ પ્રદર્શિત કરે છે.
- **જયદ્રથ (અમરતાની કામના):** જયદ્રથને હંમેશા દ્રૌપદીની કામના જ રહી છે. જેવું આપણી અંદર નવું બીજ સર્જાય છે તો એ બીજમાં જ ઊગવાની અને પુનરાવર્તન પામવાની એટલે મૃત્ય નહી પામવાની ઈચ્છા પડેલી જ હોય છે.

(૩) કોઈપણ ક્ષણે ઉપર જણાવેલ એક કે વધારે બીજના સંયોજનો મનની ફળદ્રુપ ભૂમિ ઉપર આપણે વાવીએ છીએ. આને સરળતાથી સમજવા માટે આપણે ગુસ્સાનું ઉદાહરણ લીધું છે. જેવું બીજ વવાય છે કે પુનરાવર્તનના માર્ગને જ અનુસરે છે પરિણામે ફળો આવે છે જેમાંથી બીજ સર્જન પામતા આપણે ગુસ્સાના ગુલામ બનીએ છીએ. ભૂરિશ્રવા સોમદત્તાના પુત્ર છે, જે કૌરવની બાજુથી યુદ્ધમાં લડે છે. 'ભૂરી' એટલે પુનરાવર્તન અને 'શ્રવસ' એટલે વહેતું રહેવું. કર્મનો નિયમ નિરંતર વહેતો હે છે. આ નિયમ છે કારણ અને તેની અસરનો. જેનાથી આપણે બંધાયેલા છીએ. ગઈકાલે કરેલા ગુસ્સા, અણગમો, અસુખ, ફરિયાદો અને બીજું ઘણું બધું આજે પણ એ જ રીતે આપણે જીવીએ છીએ - પ્રવાહ નિરંતર છે એનું એ જ વહી રહ્યું છે, કશુંય નવું નથી, માત્ર ઘટનાઓ અને વ્યક્તિઓ જ બદલાય છે, આપણે એના એ જ છીએ - માત્ર ગઈકાલ જ પુનરાવર્તન પામે છે. આજ જેવું કશું નથી.

(૪) **અશ્વત્થામા :** 'સ્થમન' શબ્દમાંથી આવે છે, જેનો અર્થ થાય સ્થાઈ કે હયાત. આપણે જે કોઈ બીજનું સર્જન કરીએ છીએ તે ગોડાઉનમાં સચવાય છે અને મોકો મળતા જ મનની ફળદ્રુપ ભૂમિ પર ઊગી નીકળે છે. આ બીજ મરતા નથી. મહાભારતમાં અશ્વત્થામા નથી મરતા. કૃષ્ણ તેના માથાનો મણી લઈ લે છે એ દર્શાવે છે કે, તેની શક્તિ છીનવાઈ ગઈ. અદ્લ આ જ રીતે તમામ બીજને પેટ્રોલ મળે છે ઈચ્છાનું અને ઈચ્છા ક્યારેય આપણી અંદર મરતી નથી. જેવી આપણી જાગૃતિ વધવા લાગે તે પ્રમાણે આપણને ગુલામ બનાવવાની ઈચ્છાની તાકાત ઘટતી જાય છે. જાગૃતિનું સ્તર પુરતું વધી ગયા પછી ઈચ્છાઓ આપણને પજવતી નથી.

પતંજલિ મૂનિ આ બીજને 'ક્લેશ' કહે છે. જે કર્ણ, વિકર્ણ, ભીષ્મ અને જયદ્રથ દ્વારા બતાવાય છે. ક્લેશને ઊગવા માટે અવિદ્યાની ભૂમિ જોઈએ એ કૃપાચાર્ય કુલગુરુ દ્વારા દર્શાવાયું છે. જે પ્રક્રિયામાં બીજ ઊગે કે જાતિ, આયુ અને ભોગ દ્વારા બતાવાયું છે. એટલે કે ભૂરિશ્રવા અર્થાત ગુસ્સો, ગુસ્સો છે અને આપણે તેનો અનુભવ કરવો પડે છે, વળી આપણો એમાં સમય આપીએ છીએ એટલે તે આપણો એટલો (ગુસ્સામાં રહ્યાં તેટલો) સમય ખાઈ જાય છે. પતંજલિ મૂનિ ગોડાઉનમાં જે બીજ પડ્યા છે તેને 'આશય' કહે છે. જે અશ્વત્થામા છે. ઋષિ કહે છે કે જ્યાં સુધી આપણા ગોડાઉનમાં બીજ પડ્યા છે ત્યાં સુધી આપણે પુનરાવર્તનમાં નિયમની ગુલામીમાં છીએ.

## (૫૭) ધર્મરાજાને સજા

વેદોના જ્ઞાતા એવા માંડવ્યઋષિ ઝાડ નીચે એક પગે ઊભા રહી એ હાથ ઊંચો રાખી વર્ષોથી કઠીન તપમાં મગ્ન રહેતા હતા. એક વાર કેટલાક ચોર રાજાનું ધન ચોરી કરીને માંડવ્યઋષિના આશ્રમમાં સંતાઈ ગયા. રાજાના સૈનિકોએ આવીને ઋષિને ચોરો વિશે પુછ્યું, પણ ઋષિ ધ્યાનમાં હોવાથી કશો જવાબ મળ્યો નહીં, અને આશ્રમ ફંફોસતા ધન સાથે ચોર મળી આવતા ચોરો સાથે સૈનિકો ઋષિને પણ રાજા પાસે લઈ ગયા. રાજાએ તરત જ બધાને મૃત્યુદંડની સજા આપી, શુળીએ ચડાવવાનો હુકમ આપી

દીધો. સૈનિકોએ ચોર સાથે ઋષિને પણ શુળીએ ચડાવી દીધો.

ઋષિએ બ્રહ્મરંધ્રમાં પ્રાણને પકડી રાખ્યો અને ગહેરા ધ્યાનની સ્થિતિમાં ઊતરી ગયો. કેટલોય સમય આમને આમ વીતી ગયો. બીજા ઋષિઓની જાણમાં આ વાત આવતા તેઓ રાજા પાસે ગયા અને માંડવ્યઋષિની સિદ્ધિની વાત કરી કે, શુળીએ ચડાવ્યા હોવા છતા તેમણે પ્રાણ પકડી રાખ્યા છે. રાજાને પોતાની ભુલનો ખ્યાલ આવતા તેમણે માંડવ્યઋષિને શુળી પરથી ઉતરાવી માફી માંગી. માંડવ્યઋષિએ રાજાને માફ કરી દીધા પણ આખી શુળી તેમના શરીરમાંથી બહાન ન નીકળી શકી અને શુળીની અણી ઋષિના શરીરમાં રહી ગઈ તેથી તેઓ અણીમાંડવ્ય કહેવાયા.

એક વખત તેઓ ધર્મરાજાની સભામાં જઈ ચડ્યા. ધર્મરાજાને ઋષિએ પુછ્યુ કે એવા કયા પાપની સજાએ તેમણે વગર ગુનાએ શુળી પર ચડવું પડ્યું? ધર્મરાજાએ કહ્યું કે, બચપણમાં તેમણે એક પતંગીયાને પકડીને કાંટા વડે તેની પાંખો વીંધી નાખી હતી. આ નાનકડી ઘટના સમય જતા વિશાળ સ્વરૂપે શુળીના પ્રસંગમાં ફેરવાઈ અને માંડવ્યઋષિએ વેદનાના પ્રલંબ ગાળામાંથી પસાર થવું પડ્યું.

ધર્મરાજાની વાત સાંભળી અણી માંડવ્યઋષિને ગુસ્સો આવ્યો. તેમને થયું કે અજાણતા થયેલી ભુલની આટલી આકરી સજા? અણી માંડવ્યઋષિએ ધર્મરાજાને કહ્યું કે, બાળક જ્યાં સુધી બાર વર્ષનું નથી થતું ત્યાં સુધી તેણે કરેલા કૃત્યની સજા આટલી ક્રુર ન હોય કેમ કે એ કૃત્યને પાપ ગણી શકાતું નથી કારણ કે ત્યાં સુધી બાળકને સારા-સારનો વિવેક હોતો નથી. પોતાની નાનકડી ભુલની આટલી સજા બદલ ઋષિ ધર્મરાજાને શાપ આપે છે કે, મૃત્યુલોકમાં તમે નિમ્ન જ્ઞાતિમાં જન્મ લેશો પરિણામે વેદવ્યાસ દ્વારા દાસીના પેટે ધર્મરાજા વિદુર થઈન જન્મ્યા. આમ પાંડુ અને ધૃતરાષ્ટ્રના સાવકા ભાઈ તરીકે વિદ્વાન વિદુર મંત્રી તરીકે પ્રસિદ્ધ થયા.

સાધનાનો સમગ્ર પ્રયાસ ફરિયાદ, ગણતરી અને સરખામણી કરવાની આપણી ગહેરી યાંત્રિક ટેવોમાંથી આપણી ચેતનાને મુક્ત કરી જગાડવાનો છે. પ્રત્યેક ક્ષણે આપણા મનોપ્રદેશની અંદર ચાલતા અંતહિન બડબડાટમાં આપણે ગણતરી કરીએ છીએ અને સરખામણી કર્યા કરીએ છીએ, વળી અસંતોષ થતાં જ ફરિયાદ કરવા લાગી જઈએ છીએ. માંડવ્યઋષિ વર્ષોની સખત સાધના પછી પણ ઉપરના ત્રણેયમાંથી પોતાની ચેતનાને મુક્ત કરી શક્યા નથી. ધર્મરાજાને શાપ આપી શકે તેટલી ઊંચાઈ અને સિદ્ધ તેઓએ મેળવી હોવા છતા 'લોઅર સાઈકીક નેચર'ની આ ત્રણેય નબળાઈઓથતી તેઓ ગ્રસ્ત છે. માંડવ્યઋષિ પ્રચંડ વેદનામાંથી પસાર થાય છે પરંતુ એ વેદનાનો ઉપયોગ તેઓ ચેતનાને મુક્ત કરવામાં કરી શકતા નથી. જ્યારે તેમને જાણ થાય છે કે, પોતાનાથી બચપણમાં અજાણતા થયેલી ભુલની આટલી મોટી સજા તેમને મળી ત્યારે તેઓ નકારાત્મકતામાં આવી જઈ ફરિયાદ કરતા જ તેમની ચેતના નીચી ઊતરી આવે છે. પ્રત્યેક સાધકની યાત્રામાં સમયનું એવું એક બિંદુ આવે છે જ્યાં એ 'લાઅર સાઈકીક નેચર'ની પકડમાંથી મુક્ત થઈ શકે છે. આ ક્ષણનો જો સર્જનાત્મક રીતે સદ્ઉપયોગ થાય તો તે જ ક્ષણે તેની ચેતના ઊંચકાય છે અને તેને અનુભવ થાય છે સંપુર્ણ મુક્તિનો.

આપણે હંમેશા ગણતરીઓ કરી કરીને ફરિયાદ જ કર્યા કરતા હોઈએ છીએ કે, જીવનમાં આપણી સાથે કેટકેટલા અન્યાયો થયા. જીવન આપણને યોગ્ય પ્રતિસાદ આપી શક્યું નહિ, વળી બીજાઓનું જીવન કેટલું સ-રસ પસાર થયું, આવું અને બીજુ ઘણું બધું. જીવન ક્રૂર અને અણગમતું હોઈ શકે, પણ આપણે હંમેશા ગુલાબની પથારી જેવું હશે તેવી અપેક્ષા રાખીએ છીએ. અપેક્ષાઓ જ્યારે સંતોષાતી નથી કે પછી અપેક્ષા પ્રમાણે થતુ નથી તો ખુલ્લો થાય છે. આપણો નિમ્નતર સ્વભાવ(લોઅર સાઈકીક નેચર) અને ચેતનાની સીડીના પગથીયા આપણે ઊતરી જઈએ છીએ, ફરિયાદ કરતા કરતા. આ વાર્તામાં સૈનિકો ઘણા પ્રયત્નો પછી પણ માંડવ્યઋષિના પેટમાંથી શુળીની અણી કાઢી શકતા નથી. ક્યારેક નાનકડું અપમાન પણ આપણી ચેતનાને આંતરિક બકવાટ અને ગાળો બોલવામાં પરોવી દે છે અને એટલે જ તેના નામમાં 'અણી' લગાવાયું, અર્થાત પોતાની મનોભુમિ પર તેણે ગહેરાઈમાં આ ઘાવ સાચવ્યો છે. આપણે આપણા મનોપ્રદેશમાં આવું કેટલુંય પકડીને બેઠા છીએ. તેને જતુ કરીએ- લેટ ગો કરીએ તો જ આપણે ચેતનાની સીડીમાં ઊંચકાઈએ.

સાલ્વાડોર ડાલીએ ક્રોસ પર લટકતા ઈસુનુ જગપ્રસિદ્ધ ચિત્ર દોરેલ છે. તેમના હાથે પગે ખીલા જડેલ હોવા છતા ચિત્રમાં ક્યાંય લોહી નથી બતાવ્યું. ચિત્રકાર એવું કહેવા માંગે છે કે, જીસસ અત્યંત વેદનામાં હોવા છતા લોહી નથી, અર્થાત ફરિયાદમાંથી મુક્ત છે અને કોઈ જ નેગેટેવીટી નથી. ક્રોસ ઊભો છે અને શરીર તેના પર લટકે છે. ક્રોસ ચેતનાના આરોહણનું પ્રતિક છે અને જે અવરોહણ કરે છે તે શરીર છે. અહીં એ દર્શાવાયું છે કે, જીસસે પોતાની અંદર બેઉને અલગ કરી નાખ્યાં છે. શરીરની વેદના ચેતનાના આરોહણને હવે અસર કરી શકતી નથી.

અણીમાંડવ્યઋષિની વાર્તામાં ગહેરા તપ પછી પણ ઋષિ આ બેઉને અલગ કરી શકતા નથી. તપથી જે ચેતના ઉંચકાયેલી તે ફરિયાદથી નીચે ઊતરી ગઈ.

## (૫૮) કણિકની રાજનીતિ :

એવું કહેવાય છે કે, 'વ્યાસ ઉચીષ્ઠ જગત સર્વમ'. એટલે કે જગત વ્યાસનું એઠું ખાય છે. એનો અર્થ એ કે જગતમાં જે કંઈ છે તે તમામ વ્યાસનું ચાખેલું છે. આ બતાવે છે કે, જે કંઈ શક્યતાઓ સંસારની અંદર પડેલી છે તે તમામ શક્યતાઓનો વ્યાસજીએ ઉલ્લેખ કરેલો છે, અને જેનો ઉલ્લેખ નથી તે જગતમાં નથી. ચાણક્ય કે મેકીયાવેલી કે પછી સુન-ત-ઝુની ખુબ પહેલા પણ વ્યાસજીએ સુંદર રાજનીતિને લગતા સંવાદો મહાભારતમાં મુક્યા છે. ધૃતરાષ્ટ્રના મંત્રી કણિકના મુખમાં વ્યાસજી આ સંવાદો મુકે છે.

ગુરુદ્રોણ પાસે અભ્યાસ કર્યા પછી પાંડવકુમારોની

કીર્તિ ચોમેર ફેલાવા લાગી છે. એમાંય યુધિષ્ઠિર પ્રત્યે લોકોનો સ્નેહ વધવા લાગ્યો છે, એનાથી ધૃતરાષ્ટ્રને અદેખાઈ આવતા તે પોતાના મંત્રી કણિકને બોલાવે છે. કણિક ધૃતરાષ્ટ્રને નીચેના વાક્યો કહે છે.

'હે રાજન હું જે કહું તે સાંભળીને તમારે મારા પર રોષ કરવો નહીં. રાજાએ હંમેશા દંડને ઉગામેલો રાખવો અને સદૈવ પોતાના પરાક્રમને પ્રકાશિત રાખવું. જાતે છીદ્ર વગરના રહીને સામાના છિદ્રને જોતા રહેવું. તેણે પારકાના છિદ્રો પકડી પાડી તેમનો પીછો પકડવો. નિત્ય દંડથી સજ્જ રહેનાર રાજાથી જ લોકો અત્યંત ડરે છે. તેથી તેણે સર્વ કાર્યો દંડથી જ સિદ્ધ કરવા. રાજા પારકાનું છિદ્ર શોધી તેનો કેડો લે પરંતુ પારકો પોતાનું છિદ્ર ન જોઈ જાય એવી રીતે વર્તવું જોઈએ. કાચબો જેમ પોતાના અંગો સંકોરીને રાખે છે તેમજ રાજાએ પોતાના કાર્યો છુપા રાખીને રક્ષવા.'

'રાજાએ શત્રુથી સાવચેત રહેવું જોઈએ અને આપત્તિમાં આવેલા પરાક્રમી અને મહાયોદ્ધા શત્રુને સારી પેઠે ચીરી નાખવો તેમજ ભગાડી દેવો. શત્રુ દુર્બળ હોય તો પણ ક્યારેય તેની અવજ્ઞા કરવી નહીં. કેમ કે, નાની સરખી ચિનગારી પણ આધાર લઈને આખા વનને ફૂંકી મારે છે. સાત્વન આદિ ઉપાયોથી વશમાં આવેલા શત્રુને હણી નાખવો. તે શરણે આવ્યો છે તેમ માનીને તેને વિશે દયા ન જ કરવી, કેમ કે શત્રુ હણાતા રાજાને નિરાંત વળે છે. રાજાએ તમામ ઉપાયોથી શત્રુ પક્ષનો સર્વાગે નાશ કરવો તેમજ શત્રુ પક્ષની જડ સદાય ઉખેડી નાખવી. પછી તેના સહાયકો તેમજ સર્વ પક્ષકારોનો નાશ કરવો. પોતે ગુપ્ત રહીને નિત્યક્ષત્રુ તરફ એકાગ્ર રહેવું અને તેના છિદ્રો જોયા કરવા.'

'રાજાએ આંધળા થવાનું હોય ત્યાં આંધળા થવું અને બહેરા બનવાનું હોય ત્યાં બહેરાશ પણ લાવવી. માથે તલવાર લટકતી હોય તો પણ રાજાએ મૃગની જેમ નિદ્રા લેવી. પોતાની ધ્યેયસિદ્ધિ માટે શુદ્ધતા, વિનય, ભોળપણ અને મૈત્રીપૂર્ણ આચાર વગેરેને પોતાના લક્ષ્ય છુપાવવા માટે વાપરવા. સમય ન આવ્યો હોય ત્યાં સુધી રાજાએ શત્રુને ખભે બેસાડી ફેરવવો અને ફળ પાકતા જ ડાળી પરથી તોડી લેવાય તે રીતે સમય આવ્યે શત્રુને પણ ફળની જેમ તોડી લેવો.'

'કેટલાક લોકો નિમ્ન હોય અને રાજાની વિરુદ્ધમાં વાત કરતા હોય તો તત્કાલ તેના પર કાબુ કરવો નહીં, વળી તેને અનુકૂળ આવે તેવું પણ વર્તન કરવું નહીં. સાંત્વના દ્વારા, દાન, અને ભેટ દ્વારા તેમજ તેના ઘરમાં ભાગલા પડાવીને શત્રુનો નાશ કરવો. રાજાએ આશા અને વચનો આપવા તેમજ ધનનો ઉપયોગ શત્રુને શાંત કરવામાં કરવો. શત્રુને છુપી રીતે ઝેર આપી તથા સર્વ ઉપાયોથી હણવો. જો ગુરુ મદમાં ફાટ્યો હોય, કાર્ય અને અકાર્યને જાણતો ન હોય તેમજ અવળે રસ્તે ચડ્યો હોય તો તેને પણ દંડ દેવો ન્યાયયુક્ત છે.'

ક્રોધ ચડ્યો હોય તો પણ ક્રોધ ચડ્યો નથી એવો દેખાવ રાખવો. હસી હસીને જ બોલવું અને કદી પણ કોપવશ થઈ બીજાનો તિરસ્કાર કરવો નહીં. ઘા કરતા પહેલાં અને કરતી વખતે પણ મીઠું મીઠું જ બોલવું. પ્રહાર કર્યા પછી કૃપા બતાવવી, શોક કરવો અને આંસુ પણ પાડવા. શત્રુને સામા ઊઠીને , આસન ગાદી આપીને તેમજ જે કોઈ ભેટ આપી અત્યંત વિશ્વાસમાં લેવો પછી યોગ્ય સમયે તેનો વધ કરવો. રાજાએ બગીચાઓ, ઉદ્યાનો, વિહારસ્થાનો, દેવ મંદિરો, પાનગૃહો બાંધવા તેમજ તે સર્વ સ્થળે જાસુસ રાખવા. જે આપણા વિશે શંકા ન રાખતા હોય તેમજ શંકા રાખતા હોય તે સર્વ વિશે શંકા રાખવી. કેમ કે જેમના વિશે શંકા ન થઈ હોય તેમના તરફથી ભય આવે છે ત્યારે જડથી ઊખડી જવાની સંભાવના રહે છે.'

'ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગમાં ત્રણ જાતના ફળ અને ત્રણ પ્રકારની પીડા છે. ફળને શુભ જાણવા અને પીડાનો ત્યાગ કરવો. ધર્મમાં વિચરનારને અર્થ અને કામની પીડા થાય છે. અર્થમાં આસક્તિ રાખનારને ધર્મ અને કામની પીડાથી પીસી શકાય છે અને કામમાં અત્યંત પ્રવર્તનારને ધર્મ અને અર્થની પીડા સતાવે છે. આ જ્ઞાનનો ઉપયોગ કરી રાજા કોઈપણને પીડા આપી નિયંત્રિત કરી શકે.'

'રાજ્ય ચલાવવા રાજાને ધનની જરૂર પડે છે. આ માટે તેણે જાસુસોની મદદથી તેના શત્રુઓમાં કોણ સૌથી ધનવાન છે તે જાણી માછીમારની જેમ પ્રાણ લઈને પણ બીજા પાસેથી ધન મેળવવું જોઈએ. શત્રુનું સૈન્ય જ્યારે પીડિત, વ્યાધિગ્રસ્ત અને નિવીર્ય હોય, જ્યારે તે તરસ્યુ અને ભુખ્યુ હોય તથા વિશ્વાસમાં મંદ રહેલ હોય ત્યારે તેના પર હલ્લો કરવો જોઈએ. રાજાએ જાણવું જોઈએ કે, અર્થવાળો અર્થવાળા પાસે જતો નથી અને ગરજ પુરી થયે માણસ મૈત્રી રાખતો નથી તેથી બીજા માટે કરવાના સેવા કાર્યો થોડા અધુરા રહે એમ જ કરવા.'

'રાજ્યમાં ભય આવી ન પડ્યો હોય ત્યાં સુધી ભય પામેલાની જેમ ઉપાયો વિચારતા રહેવું અને આવી પડતા નિર્ભયતાથી પ્રહાર કરવો. રાજાએ આશા આપવી તો તેમાં કાલની લાંબી અવધિ નાખવી વળી તે અવધિમાં વિઘ્ન ઊભા કરવા, વિઘ્નમાં વળી બહાના બતાવવા અને બહાનામાં પણ કારણો જણાવવા કે શા માટે વચનો પુરા કરી શકતા નથી.'

'આ રીતે હે રાજા, પાંડુ પુત્રોથી તમારુ રક્ષણ કરો.'

## (૫૯) ખાંડવવન દહન - ૧
## - અગ્નિ સાથે શ્રીકૃષ્ણ અને અર્જુનનું મિલન

ઈન્દ્રપ્રસ્થમાં પાંડવો રાજ્ય કરતા હોય છે ત્યારે આ પ્રસંગ બને છે. એક દિવસ ઉનાળાની અસહ્ય ગરમીથી અકળાઈ શ્રીકૃષ્ણ પાસે અર્જુન યમુના તટે જવા માટે પ્રસ્તાવ મુકે છે કે, નદીના શિતળ સ્નાન કરવું ઊચિત છે. યુધિષ્ઠિરની રજા લઈને તેઓ નદીતટે વિહારાર્થે જાય છે.

ઈન્દ્રપુરીમાં પ્રથમ રોકાણ કરતા તેઓએ ત્યાં થોડા દિવસ રોકવાનું નક્કી કર્યું. અહી ત્રણ પ્રકારના ભોજન- ભક્ષ્ય ચાવીને ખાઈ શકાય તેવું, ભોજ્ય-ગળી શકાય તેવું અને પેય-પી શકાય તેવા પદાર્થોથી તૃપ્ત થયા. સંગીતકારો અને નૃત્યાંગનાઓના નૃત્યસંગીતથી તેઓ અત્યંત આનંદ પામ્યા.

શ્રીકૃષ્ણ અને અર્જુનને અકાંતની ઈચ્છા થતાં કુદરતી સૌંદર્યોથી આચ્છાદિત એવા વનોમાં પ્રવેશ્યા. યમુનાનદીના કાંઠે ગાળેલ બાળજીવનની સ્મૃતિને તાજી કરીને બેઉ વાત કરતા હતા ત્યાં ઊંચો, ચળકતી તપાવેલ સુવર્ણ જેવી ચામડીવાળો બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. બ્રાહ્મણને સોનેરી પીળાશવાળી દાઢી અને જટા તથા વલ્કલના વસ્ત્રો પહેર્યા હતા. નજીક આવતા જ શ્રીકૃષ્ણ અને અર્જુન બ્રાહ્મણને આદર આપવા આસનેથી ઊભા થયા.

બ્રાહ્મણે કહ્યું કે શ્રેષ્ઠવીરો તમે ખાંડવની સમીપ રહ્યાં છો. હું બહુ ખાનારો બ્રાહ્મણ છું. મારે હંમેશા અમાપ અને અપરિમિત ભોજન જોઈએ છે. હે વૃષ્ણિસિંહ, હે પાર્થ તમારા બેઉ પાસે ભિક્ષા માંગુ છું કે, તમે મને એકવાર તૃપ્તિ આપો. અર્જુને બ્રાહ્મણને પુછ્યું કે, તમે કયાં અન્નથી સંતોષ પામશો? એટલે તે અન્ન માટે અમે પ્રબંધ કરીએ. બ્રાહ્મણ બોલ્યો, હું સાધારણ અન્ન જમતો નથી. તમે મને અગ્નિ જાણો. મારે માટે જે અન્ન યોગ્ય થાય તેમ છે તે મને આપો. તમે જોઈ રહેલા આ વિશાળ ખાંડવવન ઈન્દ્ર દ્વારા રક્ષાયેલ છે. આ વનને બાળીને જ મારી ક્ષુધા શાંત થશે.

બ્રાહ્મણ આગળ બોલ્યો, આ વનમાં ઇન્દ્રનો મિત્ર તક્ષક નાગ પોતાના પરિવાર સાથે રહે છે. તેથી જ્યારે પણ હું એ વનને બાળવાનો પ્રયાસ શરૂ કરું છું ત્યારે ઇન્દ્રના તેજને કારણે તેને બાળી શકતો નથી, વળી ઈન્દ્ર વર્ષા વરસાવી મારા અગ્નિને શાંત કરી નાંખે છે એટલે હું તમારા જેવા બે અસ્ત્ર વિશારદો પાસે આવ્યો છું. તમે બેઉ અસ્ત્રવેતાઓ એ જલધારાને અને નાસી છુટતા પ્રાણીઓને ચારેબાજુએથી સારી રીતે રોકી રાખશો, તેથી વનને પ્રાણી સમેત બાળીને હું મારી ક્ષુધા શાંત કરીશ. યુગોથી હું તમારી પ્રતિક્ષા કરી રહ્યો છું. યુગો પહેલા મે મારી ભુખ ગુમાવી દીધેલી ત્યારે મને કહેવાયું કે, તમારા બેઉની મદદ વડે આ વનને બાળીને મારી ભુખ પાછી મેળવીશ. મારી ભુખ કઈ રીતે ગુમાવાઈ તે હું તમને વિસ્તારપૂર્વક કહું.

અગ્નિની વાત જાણીએ તે પહેલા વ્યાસમુનિએ આ વાર્તામાં મુકેલા ગહેરા અર્થો સમજવાનો પ્રયાસ કરીએ. 'ખાંડવ' શબ્દનો અર્થ થાય છે - ખંડિત થયેલું, ટુકડાઓમાં વહેચાયેલું, ભાંગેલું અથવા વિખરાયેલી ઊર્જા. આપણી અંદર રહેલ પશુતાના ભાગ અને પશુવૃત્તિનું પ્રતિક છે. ખાંડવવન. જે પડેલું છે ગહેરા અચેતનમાં. આપણો માનવદેહ - બૉડી - બ્રેઈન સિસ્ટમ અબજો-ખર્વો કોષોનો બનેલો છે. કોષોના સમુહથી રચાય છે પેશીઓ, અંગો, ચેતાઓ, મગજ અને લોહી. અમુક કોષસમુહો ઉત્ક્રાંતિ પામેલા છે જ્યારે મોટાભાગના કોષોની પ્રકૃતિ પ્રાણીની છે. આ એ બધા કોષો અને કોષ સમુહો છે, જેનાથી આપણા વિચારકેન્દ્ર અને ભાવકેન્દ્રનું સંચાલન થાય છે અને પરિણામે રચાય છે 'લોઅર માઈન્ડ' - નિમ્નતર મન એટલે પાશવી વૃતિવાળું મન. ઋષિ ખાંડવવનની વાત કરે છે તો તેઓ આ કોષોની વાત રહ્યા છે, જ્યાં પશુસ્વભાવ અને પશુવૃત્તિ પડેલા છે. વ્યક્તિગત અધ્યાત્મ યાત્રામાં ખાંડવદહનની પ્રક્રિયા એ આગળ વધવાનું પ્રચંડ ડગલું છે. વનમાં સર્પોનો રાજા તક્ષક પરિવાર અને મિત્રો સાથે રહે છે અર્થાત ઇચ્છાઓ અને મુખ્યત્વે કામજન્ય ઇચ્છાઓ. તક્ષક એટલે કર્તાભાવ. જે કરે છે - અહંકાર - જે આપણા સૌમાં રહેલો છે અને પ્રાણીજન્ય આવેગોને વશ છે.

અંદરના ખાંડવવનને બાળવાની ઈચ્છા થઈ આવે છે ત્યારે ખુટે છે એ કરવા માટેની તીવ્રતા. આપણી અગ્નિ નબળી છે, જેને જરૂર છે શ્રીકૃષ્ણ અને અર્જુનની મદદની. અગ્નિએ વનને વારંવાર બાળવાનો મિથ્યા પ્રયાસ કર્યો તેમ આપણે પણ આપણા કામનાજન્ય આવેગોને નિયંત્રિત કરવાના વારંવાર વિફળ પ્રયાસો કર્યા છે.

પ્રાકૃકિત હેતુને ધ્યાનમાં રાખીને નિમ્નતર મનનું સર્જન થયેલું છે જેનું રક્ષણ કરે છે દેવરાજ ઇન્દ્ર. આપણે જ્યારે ગુસ્સે થઈએ છીએ કે, નેગેટીવ થઈએ છીએ તો આપણી મુલ્યવાન પ્રાણઊર્જા ફેંકી દઈએ છીએ જેનો પ્રકૃતિ પોતાના વિકાસ માટે ઉપયોગ કરી લે છે. આમ મનુષ્ય વિકાસ કરે તેવું પ્રકૃતિ ઈચ્છતી નથી, ઊલટાનું પ્રકૃતિ મનુષ્યને એવું યંત્ર બનાવી દેવા ઈચ્છે છે જે તેને નિરંતર જરૂરી 'ખાસ ઊર્જા' પુરી પાડતું રહે. ઈન્દ્ર એટલે ઇન્દ્રિયોનો આધિપતિ. નિમ્ન મન સાથે કામગીરી કરવા માટે ઇન્દ્રિયો સકંજામાંથી મુક્ત થવું પડે. ઇન્દ્ર શબ્દ આવે છે 'ઈદ' ધાતુમાંથી અર્થાત શક્તિ. એ આપણા અચેતનની કામનાઓ અને ઇચ્છાઓના દરવાજાનું રક્ષણ કરે છે. ખાંડવવન ઇન્દ્રથી રક્ષાયેલું છે.

પ્રત્યેક સાધકે યાત્રાના એક બિંદુએ પોતાના ખાંડવવનની સામે આવવું પડે છે અને તેને બાળીને જ વિકાસના માર્ગ ઉપર ડગલુ ભરી શકાય છે. આગળના થોડા લેખાંકોમાં આપણે જોઈશું કે, અગ્નિ વનને કેવી રીતે બાળે છે?

ખજુરાહોના મંદિરોમાં અગ્નિનું શિલ્પ છે. અગ્નિ આભૂષણોમાંથી યુક્ત છે તેના એક હાથમાં કમંડલ છે અને બીજા હાથમાં અગ્નિપાત્ર છે. આ શિલ્પમાં તેના મુખ પર દહન પછીની ગહેરી તૃપ્તિ, શાંતિ તેમજ સૌમ્યતા દેખાય છે. સંસ્કૃતમાં કમંડલનો અર્થ છે શણગારવું, માણવું, કમંડલનું પાણી પ્રતિકાત્મક છે. સામાન્યત : અગ્નિ અને પાણી એકબીજાના શત્રુ છે. અગ્નિ જો પવિત્ર હોય તો તેની સ્વાહાશક્તિથી અશુદ્ધિઓ બળી જાય છે. પરિણામ આવે છે પાણીની શીતળતામાં, જેનાથી સ્વભાવ શોભે છે.

## (૯૦) ખાંડવવન દહન - ૨
## અગ્નિનું કથાનક

ઈન્દ્રપ્રસ્થની ગરમીમાંથી શીતળતા મેળવવા શ્રીકૃષ્ણ અને અર્જુન ખાંડવવન આવે છે ત્યારે રસ્તામાં ઇન્દ્રપુરી રોકાણ કરે છે. ખાંડવવનમાં અગ્નિ તેમને બ્રાહ્મણ સ્વરૂપે મળીને પોતાનું કથાનક કહે છે.

ઈન્દ્રપુરી એટલે આપણી ઈન્દ્રિયોનો ગઢ અથવા આપણું ઈન્સ્ટિક્ટિવ- જન્મજાત કેન્દ્ર. ઇન્દ્રપુરીમાં તેઓ સુખોપભોગો, અન્ન, સંગીત, નૃત્ય, સ્ત્રીઓ અને મનોહર દ્રષ્યોનો ઉપભોગ કરે છે. આપણને જન્મથી જ અંતઃસ્ફુરણાની ક્ષમતા - ઈન્સ્ટિક્ટિવ ઈન્ટેલજન્સ હોય છે, જે પ્રાણીસૃષ્ટિ સાથે સહજપણે જોડાયેલી હોય છે. આ

ઈન્ટેલીજન્સ જન્મજાત હોય છે અર્થાત દેહના કમ્પ્યુટરમાં આ સૉફ્ટવેર નાંખેલો જ આવે. જેમ કે અમુક પક્ષી ચોક્કસ ઢબમાં જ માળો બાંધે. નાના બાળકો અમુક ચોક્કસ સ્વભાવજન્ય વર્તાવ કરે. મહાભારતમા આ ઈન્સ્ટિક્ટિવ ઈન્ટેલીજન્સ વિદુરના પાત્ર દ્વારા રજુ કરાઈ છે.

મનુષ્ય દેહના વિકાસ સાથે તેના મગજમાં નવા માર્ગો ક્રિયાશીલ થતા જાય છે અને આપણામાં ભાવત્મક અને બૌદ્ધિક બેઉ ઈન્ટેલીજન્સ વિકસતી જાય છે. આપણા અચેતન મનમાં અસંખ્ય 'પેટર્ન્સ' પડેલી છે જેને સંસ્કાર કહેવાય છે. આ 'મેમરી પેટર્ન'થી ઘડાય છે. આપણા વલણો અને ટેવો, જેના દોરવાયા આપણે જીવનને સમજીએ છીએ અને જીવીએ છીએ. આ એવી અદ્રશ્ય સાંકળો છે જેનાથી બંધાયેલા આપણે ચોક્કસ ઢબે જ પ્રતિક્રિયા અને પ્રતિસાદ આપીએ છીએ. યોગના વિદ્યાર્થીએ સમય આવતા જ આ સાંકળોને બાળવી પડે છે. જે તે આવું કરી શકે તો તેને એક નવા જ પ્રકારની ઈન્ટેલીજન્સ આર્શિવાદરૂપ ભેટમાં મળે છે. મારા ગુરુ તેની 'સ્પિરીચ્યૂઅલ રિડીંગ - આધ્યાત્મિક અંતઃસ્કુરણા' કહે છે. ખાંડવદહનના પ્રસંગનો મહિમા ખુબ મોટો છે, કારણ કે મુક્ત ગ્રહણશીલતાના પ્રદેશમાં આ પ્રચંડ ડગલું છે. તમામ પ્રાણીઓ સહિત વનના દહનથી જ તૃપ્ત થઈ શકે એવી આ ભુખ અગ્નિમાં કેવી રીતે ઉદ્‌ભવી તે આપણે જોઈએ.

પૂર્વે શ્વેતિકા નામનો રાજા યજ્ઞાદી કાર્યોમાં પ્રવૃત્ત રહેતો હતો. એ બુદ્ધિશાળી અને દાનવીર હતો. સમગ્ર જીવન તેણે યજ્ઞકાર્ય અને દાનની પ્રવૃત્તિમાં ગાળ્યું. તેના કાયમી પુરોહિત વૃંદની સતત યજ્ઞોની જ્વાળાઓને કારણે આંખો લાલ અને સુઝેલી રહેતી હોવાને કારણે તેઓ તેમને છોડી જતા રહ્યાં. સો વર્ષ સુધી ચાલે તેવો મહાન યજ્ઞ કરવાની રાજાને ઈચ્છા થઈ તેથી તેણે પોતાના પુરોહિતને ખુબ વિનવાણી કરી તો પણ તેઓ માન્યા નહીં, અંતે તેમણે રાજાને સલાહ આપી કે ભગવાન રૂદ્રનું તપ કરી તેને પ્રસન્ન કરો તો તેઓ સો વર્ષનો યજ્ઞ કરાવશે.

ભગવાન રૂદ્રને પ્રસન્ન કરવા રાજાએ કૈલાસ પર્વત પર કઠોર તપ આદર્યું. દર બારમા કે સોળમા દિવસે માત્ર કંદ અને મૂળનો આહાર લેતો. છ માસ સુધી શ્વેતાકી રાજા સ્વચ્છ ચિત્તે એક હાથ ઊંચો રાખી, પાંપણ પલકાવ્ય વગર પહાડની જેમ જડવત ઊભો રહ્યો. રૂદ્રે પ્રસન્ન થઈ વરદાન માંગવાનું કહેતા રાજાએ કહ્યું 'તમે પોતે મારો યજ્ઞ કરાવો' રૂદ્ર બોલ્યાં મારો આ અધિકાર નથી છતા તે કઠોર તપ કર્યું છે એટલે મારી એક શરત છે કે બાર વર્ષ સુધી સ્વસ્થચિત્તે, બ્રહ્મચર્ય વૃત્તમાં રહીને અગ્નિને સતત ઘીની ધારાથી તૃપ્ત કરશે તો જે જે કામના માટે મારી પ્રાર્થના કરે છે તે સર્વ તને મળશે. શ્વેતાકીએ રૂદ્રની આજ્ઞા પ્રમાણે કર્યું એટલે બાર વર્ષે રુદ્ર આવ્યા અને કહ્યું કે માત્ર બ્રાહ્મણ જ કાર્ય કરી શકે તેથી હું નહી પરંતુ પૃથ્વીમાં મારા અંશરૂપ દ્વિજવર દુર્વાસા નામે પ્રસિદ્ધ છે તે મારી આજ્ઞાથી તને યજ્ઞ કરાવશે, તું સામગ્રી એકત્ર કર.

નગરમાં પરત થઈ યજ્ઞકાર્ય માટેની સામગ્રી એકત્ર કરી દુર્વાસાને આમંત્રણ આપતા હજારો બ્રાહ્મણ સાથે દુર્વાસાએ એ રાજાને યજ્ઞ પરિપૂર્ણ કરાવ્યો અને દીર્ઘકાળનું આયુષ્ય ભોગવી રાજા સ્વર્ગે ગયો.

બાર વર્ષ સુધી એકધારા ચાલેલા ઘીના હવિષ્યથી અગ્નિને પરમ તૃપ્તિ થઈ તેથી તેણે બીજા કોઈનું પણ હવિષ લેવાની ફરી ઈચ્છા ન રાખી, તેમ તે પાંડુવર્ણનો અને કાંતિહીન થઈ ગયો, તેમજ પહેલાની જેમ પ્રકાશતો બંધ પડ્યો.

વિકારને પરિણામે તેજોહીન અગ્નિને લોકોએ પૂજવાનું બંધ કરતા તે બ્રહ્મા પાસે જઈને પોતાની તીવ્ર અરૂચિનો ઉપાય પુછ્યો, જેથી પોતાની પૂર્વસ્થિતિ પ્રાપ્ત થાય. બ્રહ્માએ કહ્યું કે, તુ વ્યથા પામીશ નહીં અને પૂર્વે દેવાના શત્રુઓના નિવાસસ્થાન જેવા ખાંડવવનને દેવોની આજ્ઞાથી ખાખ કરી દીધેલું તે યાદ અપાવ્યું. હાલ એ વનમાં પ્રાણીઓ વસે છે, તેમની ચરબીથી તૃપ્ત થઈને તું તારી મુળ પ્રકૃતિ પામશે.

બ્રહ્માના વચનો સાંભળી અગ્નિએ ઉતાવળે દોડવા માંડ્યું અને વાયુદેવની મદદથી વનને બાળવા માંડ્યું. વનના રહેવાસી પાણીથી અગ્નિને અસંખ્ય પ્રયત્નો દ્વારા શાંત કરી દીધા. આમ સાત વાર અગ્નિએ પ્રયાસ કર્યો અને સાતેવાર ત્યાંના પ્રાણીઓએ તેને શાંત કર્યો.એથી અગ્નિ ફરીથી બ્રહ્મા પાસે મદદની યાચનાથી ગયો.

## (૬૧) ખાંડવવન દહન - ૩
## ખાંડવદહન માટેના આયુધો

ખાંડવવનને બાળવા માટે અગ્નિએ સાત વખત નિષ્ફળ પ્રયત્નો કર્યા. શ્વેતીકા રાજાના સો વર્ષ ચાલતા યજ્ઞો અને ઘીની આહૂતિ વિશે પણ જાણ્યું. શ્વેતિકા એટલે શ્વેત-સફેદ. આધ્યાત્મમાં જ્યારે પ્રારંભમાં આપણને રસ જાગે છે તો એક પ્રકારનો ધર્મચર્યાનો અહંકાર આકાર લે છે. આ અહંકાર જેને આધ્યત્મિકતા જેવું માની બેસે છે તેવું બધું કરવું તેને ખુબ ગમે છે. જેમ કે, ઈશ્વર, શાસ્ત્રો વિશેની વાતો કરવી, એવા વિધિ વિધાનો કરવા-કરાવવા અથવા તો આધ્યાત્મિકતાનો દેખાડો માત્ર કરવો. આનાથી સાઇકીક નેચરમાં કોઈ જ પ્રકારનું રૂપાંતરણ-ટ્રાન્સફોર્મેશન આવતું નથી. આ બધુ દર્શાવ્યું છે શ્વેતિકા રાજાનો સો વર્ષના યજ્ઞો દ્વારા. એક વખત નકલી આધ્યાત્મિકતાના 'હેવા' પડી જાય છે તો પછી સત્યની શોધનો અસલી અગ્નિ મરી પરવરે છે. વાર્તામાં આપણે જોયું કે અગ્નિની ક્ષુધા મંદ પડી જાય છે. આપણું સાચુ બંધન આપણી મેમરી પેટર્ન્સ છે. - સંસ્કારોને બાળતા શીખી શકીએ - અલબત્ત, કોઈની થોડી મદદ લઈને, તો પછી સાધનાનો અગ્નિ આપણા જીવનમાં ફરી પ્રજ્જવલિત થાય છે. હવે, આગળ જોઈએ કે, અગ્નિ પોતાની ક્ષુધા પરત કેવી રીતે મેળવે છે?

ખાંડવદહનના સાત નિષ્ફળ પ્રયત્નો પછી હતાશ થયેલ અગ્નિ બ્રહ્મા પાસે જઈ સઘળો વૃતાંત કહેતા બ્રહ્મા તેને થોડો સમય થોભી જવાનું કહે છે. સમય આવે છે તો બ્રહ્મા અગ્નિને કહે છે કે, બે મહર્ષિ નર અને નારાયણ પૃથ્વી પર અર્જુન અને શ્રીકૃષ્ણરૂપે અવતર્યા છે અને આ સમયે તેઓ ખાંડવવનની નજીક વિહાર કરી રહ્યાં છે એટલે બનતી

ત્વરાએ જઈને તેમની મદદ વડે ખાંડવવન બાળી શકીશ પછી ભલે તે ઈન્દ્ર વડે રક્ષાયેલું હોય. અગ્નિ શ્રીકૃષ્ણ અને અર્જુનને આખી વાત કહે છે.

અર્જુન અગ્નિને કહ્યું કે, મારી પાસે ઉત્તમ અને દિવ્ય અસ્ત્રો છે પરંતુ મારા બાહુબાળને યોગ્ય એવું ધનુષ્ય નથી. વળી હું ઘણી ત્વરાથી બાણ છોડું છું એટલે મારે અનેક અને અખૂટ બાણો હોવા જોઈએ. વળી બાણોના ભાથાઓને વહન કરી તેવો રથ પણ જોઈએ જેનાં વાયુયેગી શ્વેતવર્ણા દિવ્ય અશ્વોને તથા સૂર્યની પ્રતિમા જેવા તેજસ્વી અને મેઘના ઘોષ જેવો ધ્વનિ હોય. વળી આ માધવકૃષ્ણ નાગો અને પિશાચોને મારી નાખે એવા તેમના પરાક્રમને યોગ્ય કોઈ આયુધ પણ તેમની પાસે નથી. તો હે ભગવાન, આ કર્મની સિદ્ધિ સંબંધે તમે એવો ઉપાય કરો જેથી ઈન્દ્રની વૃષ્ટિધારાને વારી શકું, જે કરવાનું હશે તે અમે કરીશું પરંતુ તમારે અમને સમર્થ સાધનો આપવા જોઈએ.

અગ્નિએ પછી જલેશ્વર વરૂણનું ચિંતન કર્યું, તેઓ તત્કાલ હાજર થયા, અગ્નિદેવે તેમના યથાયોગ્ય પૂજન સત્કાર કર્યો પછી કહ્યું કે 'સોમરાજાએ તમને જે ધનુષ તથા શરાસન તેમજ જે શિઘ્રવેગી કપીધ્વજવાળો રથ આપ્યા છે, તે બધુ તમે તત્કાલ આપો. પૃથાપુત્ર અર્જુન ગાંડીવથી અને વાસુદેવ સુદર્શન ચક્રથી મહાન કાર્ય કરશે.' વરૂણે તેમને માગ્યુ તે બધુ આપ્યું અને કહ્યું કે આ આયુધો દેવો, દાનવો તથા ગંધર્વોએ અનંત વર્ષોથી પૂજેલા છે. આમ અર્જુનને ગાંડીવ ધનુષ્ય તથા બે અક્ષયભાથા આપ્યા અને ઉત્તમ કપિધ્વજ રથ આપ્યો. વાસુદેવને વજ્ર જેવું સુદર્શન ચક્ર તેમજ પોતાનું પ્રિય આગ્નેય અસ્ત્ર આપ્યાં. અગ્નિએ કહ્યું કે, 'હે મધુસૂદન તમે આ ચક્રથી દેવ જેવાઓને પણ રણભૂમિમાં જીતશો તેમજ રણમાં તેને ફેંકશો ત્યારે શત્રુઓને મારીને વગર રોક્યે તમારે પાસે રહેશે.'

અગ્નિ ખાંડવનને બાળવાનું શરૂ કરે છે. અગ્નિ તેજસ્વી રૂપ ધારણ કરીને બાળવા લાગે છે કે જાણે જગતનો અંત નજીક આવી ગયો હોય. સાતશીખવાળો અગ્નિવાળો ખાંડવનને ચોતરફથી ઘેરી લઈ બાળવા લાગ્યો. વનના પ્રાણીઓ ભયથી થરથરવા લાગ્યા અને વન જાણે કે અગ્નિનો પર્વત હોય તેમ શોભવા લાગ્યુ.

હવે વાર્તાનું રહસ્ય સમજવાનો પ્રયાસ કરીએ. અર્જુનને ગાંડીવ, બે-અક્ષયભાથા અને રથ અગ્નિ પાસેથી મળ્યાં. ગાંડીવ ગેંડાના ગુણોની ખાસિયત દર્શાવે છે. ગેંડો હંમેશા સીધી રેખામાં દોડે છે. ગાંડીવ અર્થાત એકાગ્ર થયેલું ધ્યાન. ધનુષ આપણું ઉદરપટલ સૂચિત કરે છે, અર્થાત જ્યારે ધ્યાન એકાગ્ર થાય છે તો આપણા શ્વાસમાં લય અને સંવાદિતા આવે છે. બે ભાથા છે ઈચ્છાઓ અને કલ્પનાના. અત્યારે આપણું ધ્યાન-અટેન્શન આપણી અસંખ્ય ઈચ્છાઓમાં લલચાઈ જઈ અટવાઈ ગયેલું છે પરંતુ જેવી એકાગ્રતા આવે છે તો બેઉ ભાથામાંથી મુક્ત કરીને 'ગાઈડેડ મિસાઈલ'ની જેમ ધારી જગાએ ફેંકી શકીએ. રથ આપણને મળેલી બૉડી-બ્રેઈન સિસ્ટમ છે અને કપિધ્વજ ચંચળતા અને અજંપાનું પ્રતિક છે તે હવે આપણા કાબુમાં આવી ગઈ છે.

શ્રીકૃષ્ણને સુ-દર્શન ચક્ર આપ્યું છે, અર્થાત સમ્યક દર્શન. અંદરના સંસ્કારોના વનને બાળવા માટે આપણને સારી ગુણવત્તાના દર્શન અર્થાત આંતરદેશની જરૂર પડે છે. દર્શનનું કિરણ આવે છે અંદરના ચિદ્અંશમાંથી એટલે કે ચક્ર શ્રીકૃષ્ણને અપાયેલ છે. શ્રીકૃષ્ણને કૌમુદકી માળા પણ અપાયેલ છે. 'મુદ'નો અર્થ થાય આનંદ કરવો. જેવા સંસ્કારોની પેટર્નમાંથી મુક્ત થઈએ છીએ તો હોઈએ છીએ આનંદની મુદ્રામાં. અગ્નાસ્ત્ર અર્થાત અગ્નિનું શસ્ત્ર. ઈન્દ્ર વિજળી દ્વારા પ્રહાર કરે તો તેને અગ્નાસ્ત્ર શાંત કરે છે. અંદરના સંસ્કારવનને બાળીને શુદ્ધ કરવાના આપણા પ્રયાસોમાં ઘણીયે વખત ઈચ્છાઓ આપણને ઘસડી જાય ત્યારે આપણી ઉપર વિજળીક હુમલો કરે છે ત્યારે એ કટોકટીની ક્ષણે અગ્નાસ્ત્ર આપણને સ્થિર અને અચળ રાખે છે. અગ્નિ એ છે કે 'સંસ્કારોનું વન બાળવાનું છે.'

## (૬૨) ખાંડવવન દહન - ૪
## ઈન્દ્ર અને અર્જુનનું યુદ્ધ

અગ્નિ ખાંડવવનને બાળવાનું શરૂ કરે છે તો શ્રીકૃષ્ણ અને અર્જુન વનમાંથી ભાગતા પ્રાણીઓને જોઈને સમગ્ર વનને રથથી ઘેરી લીધું. ખાંડવવનમાં વસતા પ્રાણીઓ જે દિશામાં નાસતા જણાય ત્યાં તેમની પાછળ જઈ બંને શ્રેષ્ઠવીરો તેમને હણી નાખતાં. ખાંડવવન જ્યારે બળતું હતું ત્યારે સેંકડો અને હજારો પ્રાણીઓ બળી ગયા. હવામાં બળતા પ્રાણીઓની ગંધ પ્રસરી ગઈ. વનમાં રહેલા જળાશયોનું પાણી ઉકળવા લાગ્યું અને માછલા, કાચબા અને અન્ય જળચરો મરી ગયેલા દેખાતા હતાં. અગ્નિ જ્વાળાઓથી જીવ બચાવવા ઊડી જતા પક્ષીઓના અર્જુન પોતાના બાણોથી ટુકડા કરીને અગ્નિમાં નાખતો હતો.

વાર્તાના આ ભાગનું અર્થઘટન કરવાના પ્રયાસ કરીએ. આપણે જોયું કે ખાંડવવન આપણા ગહેરા અચેતન મનનું પ્રતિક છે. યોગમાં આ વિસ્તારને મણીપુર અથવા સોલાર પ્લેકસસ કહેવાય છે. અહીં આપણી ગહેરી કામનાઓ અને વાસનાઓ પડી છે. આપણા પ્રચંડ પ્રાણીજન્ય આવેગો અને વલણો ધરાવતા અસંખ્ય પ્રાણીકોષો આપણા શરીરમાં રહેલા છે. આ પ્રકારની આપણે ઈચ્છાઓ અને વલણો આ વિસ્તાર સાથે જોડાયેલા છે. આ વિસ્તારને સાફ કરવો જ પડે અને એ પ્રક્રિયા અત્યંત પીડાદાયી છે. કેમ કે પ્રત્યેક ઈચ્છા અચેતનમાંથી ચેતન મનમાં ડોકું કાઢે છે અને આપણી જાગૃતિની તલવારથી તેને મૂળમાંથી કાપતા જવું પડે છે. આ બધાં મૂળ આપણી અંદર ગહેરાઈમાં પડેલા છે અને આસક્તિની લાગણીથી લથબથ છે. આ પ્રક્રિયા અત્યંત પીડાદાયી છે તે દર્શાવાયું છે, આગમાંથી ભાગતા પ્રાણીઓ અને તેના ચિત્કારોથી. આ કામગીરીમાં ટકી રહેવા માટે સાધકે જાણે કે, અગ્નિમાં બળતો હોય તેમ સાધના કરવી પડે અર્થાત અગ્નિ વનને બાળે છે.

અગ્નિની જ્વાળાઓ જેમ જેમ ઊંચે ચડતી ગઈ તેમ સ્વર્ગવાસી દેવો એકત્ર થઈ ઈન્દ્ર પાસે ગયા અને પુછ્યું કે, અગ્નિ શા માટે આ સર્વ બાળી રહ્યો છે? લોકોના પ્રલયકાળ આવ્યો કે શું? તેમના વચનો સાંભળી ઈન્દ્ર રથ પર આરૂઢ થઈ ખાંડવવને બચાવવા બહાર નીકળ્યા. ઈન્દ્રની

પ્રેરણાથી જલાધરોએ ખાંડવવન પર જલધારાઓ છોડી પરંતુ અગ્નિના તેજથી તે ધારા નીચે પહોંચે તે પહેલા આકાશમાં જ સુકાઈ ગઈ. આનાથી ઈન્દ્રને અતિ ક્રોધ ચડતા અનેક મહામેઘો વડે પુષ્કળ પાણી વરસાવ્યુ ત્યારે અગ્નિશીખાઓ તથા જલધારાઓને લીધે ધુમાડા, વીજળી અને મેઘથી પથરાઈ ગયેલું તે વન ભયંકર દેખાવા લાગ્યું.

દેવરાજ ઈન્દ્રે કરેલી જલવૃષ્ટિને અર્જુન ઉત્તમ અસ્ત્રો પ્રયોજીને શરવૃષ્ટિ વડે રોકી એવું છત્ર બનાવી દીધી કે પાણીનું ટીપું નીચે ન પડે અને ન કોઈ પ્રાણી, પક્ષી ભાગી છુટે. ઈન્દ્રનો મિત્ર તક્ષક નાગ પોતાના કુટુંબ સાથે આ વનમાં રહેતો હતો પરંતુ આ વખતે તક્ષક વનમાં ન હતો પણ કુરૂક્ષેત્રમાં ગયો હતો. તેનો પુત્ર અશ્વસેન પોતે શક્તિશાળી યોદ્ધા હોવા છતા અગ્નિથી નાસી જવાનો પ્રયાસ કરતો હતો પરંતુ અર્જુનના તીવ્ર વેગી બાણોથી રૂંધાઈ જતા તે બહાર નીકળી શક્યો નહીં આથી તેની માતાએ તેને ગળી જઈને બચાવી લીધો. પુત્રને બચાવવાની ઈચ્છાએ, પ્રથમ તેને મસ્તકથી તેની માતા ગળી જવા લાગી અને પછી પૂછડું ગળી જળ આકાશમાં જવા લાગી પરંતુ અર્જુને તેનું માથું છેડી નાખ્યું. આ વખતે ઈન્દ્રએ તે નાગણને જોઈ. અશ્વસેનને બચાવવા ઈન્દ્રે વાવાઝોડાની ઝડીઓથી અર્જુનને મોહિત કરી દીધો. (અર્જુને સુરતા ગુમાવી) એટલે તે જ ક્ષણે અશ્વસેન ત્યાંથી રથમાં બેસી ભાગી છુટ્યો.

છક્કડ ખાઈ બેઠેલા અર્જુન ક્રોધે ભરાઈ આકાશમાં રહેલા પ્રાણીઓના ટુકડા કરવા માંડ્યો અને તીવ્રવેગી બાણોથી ઈન્દ્ર સામે જ યુદ્ધ આદરી દીધું. ઈન્દ્રે પણ પોતાના અસ્ત્રો, વીજળીના કડાકા અને ગાજવીજ તથા ઘોર મેઘો પ્રગટાવ્યા. તેને વારવા અર્જુને મંત્રથી વાયવ્યાસ્ત્ર પ્રયોગ કર્યો, એટલે તેનાથી ઈન્દ્રના અસ્ત્રો વિનાશ પામ્યાં, વાદળાઓ સુકાઈ ગયા, આકાશ શાંત અને અંધકારથી મુક્ત થઈ ગયું, જાણે કે બધા બીકના માર્યા નાસી છુટ્યા હોય.

ઈન્દ્ર એટલે ઈન્દ્રિયોનો અધિપતિ. અત્યારે આપણી ઈન્દ્રિયો પર શાસન ચાલે છે બાહ્ય આકર્ષણોનું. વીજળી અને વાઝડીની જેમ ઉત્તેજનાના જુદા જુદા પદાર્થો આપણને સંમોહિત કરી જાય છે. અતૃપ્ત ઇચ્છાઓ ઊભી કરતા જ જઈએ છીએ. જવલ્લે જ એવી કોઈ ક્ષણ હશે જેમાં ઈચ્છા નહી ઊઠી હોય. નવી ઊભી કરાતી ઇચ્છાઓથી અચેતનમાં પડેલી અસંખ્ય ઇચ્છાઓમાં તીવ્રતા અને કામના ઉમેરાય છે. અર્જુન વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કરે છે. વાયું એટલે પ્રાણ આપણા શરીરમાં રહેલો પ્રાણ શાંત હોય, લયમાં હોય, આપણો શ્વાસ લયમાં હોય, સ્થિર હોય તો આપણે સહેલાઈથી પાંચ ઇન્દ્રિયોમાંથી આવતા આકર્ષણોના આક્રમણને ખાળી શકીએ અને તેના સંમોહનમાંથી છુટી શકીએ. એટલા માટે જ 'થ્રી સ્ટેપ રિધમીક બ્રિધિંગ' ખુબ જ જરૂરી બની જાય છે અને એ લય ચોવીસ કલાક માટે શ્વાસમાં બેસી જવો જોઈએ. શ્વાસ રિધમમાં હશે તો પ્રાણ કે વાયુ રિધમમાં આવશે, અને ઉત્તેજીત નહીં થાય જેથી ઈન્દ્રિયોના આકર્ષણો સામે લડવામાં સરળતા રહેશે અને સંમોહનમાંથી મુક્ત થવાશે.

તક્ષક અંદરનો અહંકાર-કર્તાભાવ છે. તેના પુત્રને અગ્નિમાંથી બચાવી લેવાય છે. વ્યાસમૂનિ અહીં એક સંદેશો આપે છે કે, એચતનની ઇચ્છાઓને બાળી નાખ્યાં પછી પણ અમુંક નબળાઈએ છટકી જાય છે જેના પર પછીથી કામ કરવું પડે છે.

આગળ ઉપર આપણે જોશું કે અર્જુન અને શ્રીકૃષ્ણ સાથે લડતા ઈન્દ્રની મદદે બધા દેવો કેવી રીતે આવે છે.

## (૬૩) ખાંડવવન દહન - ૫

### ખાંડવ યુદ્ધ :

આપણે જોઈ ગયા કે ઈન્દ્ર દ્વારા મોકલાયેલ પ્રંચડ વાયુઓને અર્જુન કેવી રીત વાયવ્યાસ્ત્ર દ્વારાં શાંત કરે છે. કાળા વાદળોથી છવાયેલું આકાશ સ્વચ્છ થઈ ગયું, સૂર્ય કરી દેખાયો અને બધા અંતરાયો દુર થયા. અગ્નિ હવે પુરા જોશથી વનને બાળવા લાગ્યો. પ્રાણીઓને બાળવાના આનંદથી અગ્નિ સંતોષાવા લાગ્યો. અગ્નિની જ્વાળઓ સાત અલગ-અલગ સ્વરૂપોમાં નૃત્ય કરવા લાગી અને પોતાની શીખાવાન જ્વાળાઓ કાઢી બાળવા લાગ્યો.

અસુરો, ગાંધર્વો, યક્ષો, રાક્ષસો અને પન્નગો યુદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણ અને અર્જુન ઉપર તુમુલનાદો કરતા ઘસી આવ્યાં. પથ્થરો ફેંકવાના યંત્રો, લોખંડની નળીઓ અને વિવિધ આયોધોથી હુમલો કરવા લાગ્યાં. એ તમામના માથા તિક્ષ્ણ બાણો મારીને અર્જુને છેદી નાખ્યાં. પછી દૈત્યોના સૈન્યએ શ્રીકૃષ્ણ ઉપર હુમલો કર્યો પરંતુ સુદર્શન ચક્ર વડે એ તમામના માથા શ્રીકૃષ્ણએ કાપી નાખ્યાં. ઐરાવત પર બેઠેલા ઈન્દ્રે જ્યારે જોયું કે બધા રાક્ષસો, દૈત્યો, અસુરોને શ્રીકૃષ્ણ અને અર્જુન હરાવી રહ્યા છે તો તેણે વજ્રાસ્ત્ર પ્રગટાવી અને બીજા દેવો પણ શસ્ત્રો સાથે શ્રીકૃષ્ણ અને અર્જુન ઉપર ચડી આવ્યાં.

વ્યાસજી શું કહેવાં માગે છે તે આપણે જોઈએ. આપણે જોયું ખાંડવવન એ શિષ્યના ગહેરા અચેતન મનનુ પ્રતીક છે. આપણી અંદરની આ અદશ્ય કાળી બાજુ અસંખ્ય ઇચ્છાઓ અને કામનાઓથી ભરેલી છે. રાક્ષસોનું સૈન્ય શ્રીકૃષ્ણ-અર્જુન સામે લડવા આવે છે. રાક્ષસ શબ્દ આવે છે. 'રક્ષામાંથી' અર્થાત જેનાથી પ્રયાસોની અગ્નિની રક્ષા કરવાની છે. પ્રયાસ એટલે યજ્ઞ. બે પ્રકારના કર્મ હોય છે. એક યજ્ઞ-કર્મ એટલે કે જે કર્મ સર્વના ભલા માટે હોય અને તેમાં અંગત સ્વાર્થ કશો ન હોય, પ્રસિદ્ધિ માટેની ખેવના પણ ન હોય. બીજુ છે કામ્ય-કર્મ અર્થાત જેનાથી અંગત ઇચ્છાઓની પૂર્તિ થાય. ધારો કે આપણને મોટી રકમનું દાન કરવાની ઈચ્છા હોય. દાન કરવા પાછળ એવી સમજણ હોય કે, પોતાની જાતને માલિકીભાવના બંધનમાંથી મુક્ત કરવી. જ્યારે આપણે એવું કહીએ છીએ કે, 'આ પૈસા હું કમાયો છું' તો આપણે એ જોઈ શકતા નથી કે, કોઈ અદશ્ય સેન્ટ્રલ બેંકમાંથી આપણને એ પૈસા લોન પેટે મળ્યા છે અને થોડો સમય તેનાથી મોજ કરવાની છે. આમ દાન કરીને આપણે મારાપણાની લાગણીમાંથી ઊંચકાઈએ છીએ. આ દાન એ યજ્ઞ કર્મ બને છે. પરંતુ દાન આપીએ અને લોકો પાસેથી અપેક્ષા રાખીએ કે, 'મને દાની ગણે' ત્યારે આપણને ખબર નથી કે માલિકીપણાનો રાક્ષસ બીજ સ્વરૂપે અંદર

પેસી ગયો છે. આમ દાનના યજ્ઞકર્મને અહંકારના રાક્ષસથી રક્ષવાનું છે. એ રાક્ષસ જે માન માંગે છે. આ રાક્ષસો માયાજાળના જાણકારો છે. આપણે કશુંક સારુ કર્યું છે એવી માયામાં કેવી સહેલાઈથી આપણે લપેટાઈ જઈએ છીએ.

પછી અસુરો આવે છે 'અસ એટલે હોવું' અને 'સુરા એટલે નશીલું.' આપણું અચેતન સતા અને શક્તિ મેળવવાની અસંખ્ય ઇચ્છાઓથી ભરેલ છે. જ્યારે આપણે સત્તામાં હોઈએ છીએ તો એક નશો આવે છે. યુદ્ધમાં ગાંધર્વો પણ છે. જે 'ગંધ' ધાતુમાંથી આવે છે. અંદર એવી કેટલીય ઇચ્છાઓ છે જે ગટર કરતા પણ ખરાબ બદબુ ધરાવે છે. હકીકતે તો આપણે સ્વ-પ્રેમ, ઈર્ષ્યા, હલકાઈ અને નીચતાની 'સાઇકોલોજીકલ ગટર'માં રહીએ છીએ. અંદરના આ ગાંધર્વોને મારવાના છે.

યક્ષો એક પ્રકારના એવા ભૂતો છે જે ખજાનાનું રક્ષણ કરે છે. આપણી અંદર એવો મૂલ્યવાન ખજાનો પડેલો છે - એક છે આત્માનો અવાજ અથવા તો સારાસારની પરખશક્તિ. પતંજલિમૂનિ તેને 'વિવેક' કહે છે. આ વિવેકશક્તિનો ખજાનો તેના રક્ષકો યક્ષોને મારવાથી હાથવગો થાય છે. છેલ્લે પન્નગો મારે છે. એ એવા પ્રકારના સર્પો છે જે અચેતની અંદર ગૂંચળું વળીને સૂતેલી શક્તિ છે. એ સેક્સ્યુઅલ સપનાઓ અને ઇચ્છાઓ દ્વારા અભિવ્યક્ત થયા કરે છે.

વ્યાસજી આપણને કહે છે કે, શ્રીકૃષ્ણ પર દૈત્યોનું લશ્કર હુમલો કરે છે. જેના સુદર્શન ચક્રથી શ્રીકૃષ્ણ માથા કાપી નાંખે છે. દૈત્ય આવે છે દ્વૈતમાંથી એટલે કે જેને બે બાજુઓ છે. સુ-દર્શન એટલે સાચુ દર્શન. આપણે સૌ દ્વૈતના સંમોહન છીએ અને સત્ય આ બે છેડાઓની વચ્ચે ક્યાંક રહેલું છે. આપણા જીવનનું તમામ દ્વૈતનો સ્વભાવ ધરાવે છે. જેમ કે, પ્રેમ અને ધૃણા, સુંદરતા-કરૂપતા, સુખ-દુઃખ વગેરે. આપણે લોલકની જેમ એકથી બીજા છેડે ફંગોળાયા કરીએ છીએ. સાચા દર્શનથી- ઓબ્ઝર્વેશનથી તમામ દ્વૈત પડી જાય છે અને આપણે જોઈએ છીએ દ્વૈતનો સ્વભાવ હોવા છતા પણ તેઓ અકેબીજાના પૂરક છે. દેખીતા વિરોધાભાસોને એકબીજાના પુરક તરીકે જોવાની અવસ્થા માત્ર વર્ષો પછી ના સાચા આંતર નિરિક્ષણથી જ સંભવે છે.

ઈન્દ્રની મદદે આવતા પ્રત્યેક દેવ પોતપોતાનું અસ્ત્ર-શસ્ત્ર લઈને આવે છે. યમ પોતાના કાલ દંડ સાથે આવે છે. સ્થુળ શરીર સમયના દંડથી બંધાયેલું છે. પરંતુ જ્યારે આપણે 'ભૌતિક ભૂખો'થી અલગ થઈને ચેતનાને પકડી રાખવા સમર્થ છીએ તો આપણે મૃત્યુના દેવને હરાવી શકીએ. કુબેર, દેવોના ધનપતિએ ગદા લીધી અર્થાત કર્કશ અવાજ બોલવું. ધન, સ્વાભિમાન અને મિથ્યાભિમાનનું પ્રતીક છે, જેનું પરિણામ કર્કશ કે તોછડી ભાષામાં આવે છે. આ બેઉ નબળાઈને અતિક્રમી જઈએ તો આપણે કુબેરને હરાવીએ છીએ. જિસસ કહે છે કે, 'સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ શકે પણ ધનવાનને ઈશ્વરના દરબારમાં પ્રવેશ મળતો નથી.' એટલે કે જે વ્યક્તિને સ્વાભિમાન અને મિથ્યાભિમાન અતિશય છે એ ઈશ્વરનો દરબાર જોઈ શકતો નથી.

જળનાં દેવતા વરૂણને બે અસ્ત્ર છે. પાશો અને વિચિત્રવ્રજ અથવા વીજળી. વરૂણ શબ્દ આવે છે, 'વૃ'માંથી જેનો અર્થ થાય પસંદ કરવું. પાશ આપણને બાંધે છે અને વીજળી આંચકો આપે છે. જળ આપણી લાગણીઓનું પ્રતિક છે. લાગણીઓ આપણને બાંધે છે અથવા તો આસક્ત કરે છે અને અલગ થતા આંચકા આપે છે. આપણે ગમા-અણગમામાંથી પસંદથી કરવાની છે એટલે કે, જે નથી ગમતું તેને પણ ગમતું કરવાનું છે. શિવપુત્ર કાર્તિક સ્વામી શક્તિ લે છે. આ શક્તિમાં ઓગાળી નાખવાની કે વિલિન કરવાની ક્ષમતા રહેલી છે. આપણે આ શક્તિ કેળવવી જોઈએ અને તેનો ઉપયોગ અહંકારને ઓગાળી નાંખવામાં કરવો જોઈએ. અશ્વિનીકુમારો ઝળહળતી ઔષધિઓ લે છે. જેનાથી બળતરા અને ચીરા પડે છે. ઈર્ષ્યા અને દ્વેષ એ બે એવી લાગણીઓ આપણી અંદર છે જેનાથી આપણા ભાવ શરીર પર બળતરા અને ચીરા પડે છે ધાતા ધનુષ લઈને આવે છે. ધનુષ ઉદર પટલનું પ્રતીક છે. અહીં શ્વસનની ગતિ રહેલી છે અને તેનાથી શરીરમાં પ્રાણ ફરે છે એ દર્શાવે છે કે આપણું શ્વસન હંમેશા અનિયમિત અને આડેધડ ચાલે છે પરિણામે પ્રાણ પણ આડેધડ ચાલે છે. રિધમીક બ્રિધિંગ અને ગહેરા રિલેક્શનથી આપણે સ્થિર થઈએ છીએ અને પ્રાણ યોગ્ય દિશા અને નિયત ગતિમાં ચાલે છે.

અર્જુન અને શ્રીકૃષ્ણ તમામ દેવોને હરાવી દે છે. આનાથી ઈન્દ્ર હર્ષ પામે છે અને અર્જુનને આશિષ આપે છે કે કેમ કે કુંતિ દ્વારા થયેલો આ તેનો પુત્ર છે.

## (૬૪) ખાંડવવન દહન - ૬
## ખાંડવવનના પ્રાણીઓનું વિવરણ

આપણે જોઈ ગયા કે, ઈન્દ્ર અને બીજા દેવો, શ્રીકૃષ્ણ અને અર્જુનના હાથે પરાભવ પામે છે. પરિણામે અગ્નિ ખાંડવવનને બાળવા સમર્થ બને છે. આપણે એ પણ જોયું કે, બધા પ્રાણીઓ, દાનવો, યક્ષો વનમાંથી ભાગવા જતા બળી જાય છે. શ્રીકૃષ્ણના સુદર્શન ચક્ર દ્વારા થતા પ્રચંડ સંહારની પણ વ્યાસમૂનિ અહી વાત કરે છે. આપણે એ પણ જોયું સુદર્શનનો અર્થ સાચુ દર્શન- આંતર દર્શન થાય છે. શિષ્યની યાત્રામાં આ એવો મુકામ છે જ્યાં અંદરના 'સાઈકીક નેચર'નું નિરિક્ષણ એટલું ધારદાર બની જાય છે કે, આ આંતર નિરિક્ષણની ક્રિયા જ અંદરની નબળાઈઓને તથા અગાઉ જેની સાથે પ્રચંડ સંઘર્ષ કરવો પડતો એવી પેટર્ન્સનો નાશ કરી નાખે છે.

વ્યાસમુનિ લખે છે કે, સળગતાં જંગલમાં દાનવો અને રાક્ષસો (સ્વાભિમાન અને મિથ્યાભિમાન રાક્ષસો છે.) બળી જાય છે. સર્પો (સાચવેલી ઇચ્છાઓ-વાસનાઓ), અજગરો, રીંછો, હાથીઓ, (મદથી ભરેલા), વાઘ, સિંહો, હરણાઓ, ભેંસો અને અસંખ્ય પક્ષીઓનો સંહાર કરે છે. સળગતી જ્વાળાઓમાં તેઓ બળી જાય છે તો તેમનો આત્મા જાણે કે તેમના શરીરોને છોડીને શ્રીકૃષ્ણમાં સમાઈ જાય છે અને શ્રીકૃષ્ણ તેજથી ઝળહળે છે. શ્રીકૃષ્ણનું આ 'કાલ સ્વરૂપ'

છે. આપણને દરેકને કાલશરીર છે. જે સ્થુળ શરીરના મૃત્યુ પછી પણ હયાત હોય છે, જેમાં આપણાં દરેક કર્મો 'રેકોર્ડ' થયેલા હોય છે અને જાણે કે અત્યારે જ એ થતા હોય તેમ જળવાયેલા હોય છે.

ઈન્દ્ર પોતાના મિત્ર નાગરાજ તક્ષક માટે ચિંતિત છે. આકાશવાણી થાય છે અગ્નિમાં તક્ષક બળી મર્યો નથી કેમ કે એ કુરુક્ષેત્ર ગયેલો છે. તક્ષક એટલે આપણી અંદરનો કર્તાભાવ. જે કરે છે તે અહંકાર. એ કુરૂક્ષેત્રમાં છે અર્થાત એવું ક્ષેત્ર જ્યાં કર્તાભાવનું શાસન ચાલે છે. અહંકાર યાત્રાના અંતિમ ચરણમાં જ ઓગળતો હોવાથી ખાંડવદહન પ્રસંગે એ ખાંડવવનમાં નથી અર્થાત અચેતનના પ્રાણી સંસ્કારો અને બીજું બધું જ્યારે બળતું હોય છે ત્યારે આપણો અહંકાર આપણી કામગીરીઓ દ્વારા વ્યક્ત થતો હોવાથી એ અચેતનમાં નથી હોતો. પ્રાણીજન્ય સંસ્કારોની મેમરી પેટર્ન્સ મણીપુર ચક્રમાં પડેલી છે. અવકાશી અવાજ દ્વારા ઈન્દ્રને એ પણ કહેવાય છે કે, અર્જુન અને શ્રીકૃષ્ણને કોઈ દેવતા હરાવી શકે તેમ નથી. અગાઉ જે ઋષિ નર-નારાયણ તરીકે હતા તેઓ જ અર્જુન અને શ્રીકૃષ્ણ છે.

આકાશવાણી પ્રતીક છે અંદરના ઉચ્ચતર અને દિવ્ય કેન્દ્રો સાથેના જોડાણનું. આ કેન્દ્રો અંદર તો છે જ પરંતુ તેની સાથે સંવાદ નથી સધાતો. હવે શિષ્યની ભાવઊર્જા ખાંડવદહનથી શુદ્ધ બનતા તે નકારાત્મક લાગણીઓમાંથી મુક્ત થાય છે અને લાગણીની ઊર્જા શુદ્ધ બનીને ઉપર ચડતા ભાવઊર્જા બને છે અને ગુપ્તશક્તિઓ તથા કેન્દ્રોને જાગૃત કરે છે. આકાશવાણીના બેઉના પૂર્વજન્મની વાત કરે છે. આનો અર્થ એ છે કે, શુદ્ધિકરણની અંતિમ ચરણ પર પહોંચવા માટે પ્રચંડ માત્રામાં તૈયાર કરવી પડે છે. શિષ્યએ પોતાની પ્રેક્ટીસમાં નિયમિત અને નિષ્ઠાપૂર્ણ રહેવું પડે છે. વળી, પ્રેક્ટીસ આનંદનાં વલણ સાથે કરવાની છે. કેમ કે પરમકૃપા ગમે તે ક્ષણે ઊતરી શકે છે અને તે માટે યોગ્ય માનસિક આસન (આનંદનું) હોવું જરૂરી છે. આપણે ગંભીર બની જવાની જરૂર નથી. ગંભીરતા (સિરીયસનેસ) અને નિષ્ઠા (સિન્સીયારીટી) વચ્ચે મોટો ભેદ છે. ગંભીરતામાં આપણે 'કરવું પડે' છે, અને નિષ્ઠામાં આપણને 'કરવું ગમે' છે.

આકાશવાણી સાંભળ્યા બાદ ઈન્દ્ર આદિ દેવો યુદ્ધ બંધ કરે છે અને સ્વર્ગ તરફ પરત ફરે છે. અર્જુન અને શ્રીકૃષ્ણ શંખનાદ કરે છે અને તેમાં સિંહગર્જના સંભળાય છે. ઓમકારનું નિર્માણ ત્રણ અને અર્ધા નાદથી થયેલું છે. પહેલા બે 'અ' અને 'ઉ' છે. આ એ નાદ છે જે સિંહગર્જનાથી બને છે. મણિપુર ચક્રમાંથી આ નાદ આવે છે અને તે પશુશક્તિના નાદ છે. ઓમકારનો ત્રીજો નાદ સ્વર્ગનો છે અને ઊર્જાને આપણી અંદરના નીચેના ચક્રોમાંથી ઉપરની તરફ ઊંચકે છે. અત્યાર સુધી દરેક વખતે ઊર્જા મુલધારમાંથી સ્વાધિષ્ઠાવાન અને મણીપુર સુધી આવતી પરંતુ પાશવી લાગણીઓ તેને ફરી નીચેની તરફ ધકેલી દેતી.

હવે ખાંડવદહન બાદ બધા પશું સંસ્કારો ધરાવતા કોષો રૂપાંતરણ પામી ચુક્યા હોવાથી ઊર્જા ઉપરની તરફ સહેલાઈથી વહી શકે છે. આ દર્શાવાયુ છે શંખ દ્વારા સિંહનાદ કરવાથી.

અગ્નિ અતિ પ્રસન્ન છે. લાંબા સમય પછી તેની જ્વાળાઓ ધુમાડા વગર આકાશમાં અતિ ઊંચે સુધી ગઈ છે. આપણે ભીનું લાકડું બાળીએ તો ધુમાડો વધુ થાય, તેને સુકાવા દેવું પડે. એ જ રીતે આપણી તમામ દમિત ઈચ્છાઓને પુખ્ત થવા વગર આપણે બાળી ન શકીએ અર્થાત જ્યાં સુધી ઈચ્છાઓ લાગણીથી ભીંજાયેલી છે ત્યાં સુધી તેની બાળવી મુશ્કેલ છે. લાગણીથી છુટી ગયા પછી ઈચ્છાઓ તરત બળી જાય છે. અગ્નિ હવે ધુમાડા વગરનો છે એટલે કે બધી જ પેટર્ન્સ અને સંસ્કારો યોગ્ય સમયે બળી ગયા છે. અગ્નિશીખાઓ નૃત્ય કરતા જુદી જ પેટર્ન્સ અને રંગો ઊભા કરે છે. શ્રીકૃષ્ણ અને અર્જુન દ્વારા ધરાવાયેલ લોહી, માસ અને ચરબીથી અગ્નિ સંપૂર્ણપણે તૃપ્ત થયેલો છે.

અગ્નિ જ્યારે નૃત્ય કરતો હોય છે તો મય નામનો દાનવ તક્ષકના મહેલમાં સંતાયેલો હોય છે એ સલામતી માટે નાસવા જાય છે. અગ્નિ તેને જોઈ જતા મોટા અવાજે અર્જુન-શ્રીકૃષ્ણને સંકેત કરે છે.કૃષ્ણ તેને જોતા જ મારવાની તૈયારી કરે છે. મય દાનવ આ જોતા જ અર્જુનના પગે પડી જાય છે અને દયાની આજીજી કરે છે. અર્જુન તેને જીવતદાન આપે છે. અર્જુનના શબ્દો સાંભળી શ્રીકૃષ્ણ પણ તેને અભય વચન આપે છે. મય દાનવોનો સ્થપતિ છે.

આપણે જોયું કે લાગણીની ઊર્જા શુદ્ધ થતા ભાવઊર્જા બનીને મણીપુર ચક્રથી ઉપર ચડે છે જેનાથી વ્યક્તિના જીવનમાં ઘણી બધી કલાત્મક સર્જનાત્મકતાઓ આવે છે. મયને અપાતું જીવતદાન એ આનું પ્રતિક છે. મય દાનવને શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરનો મહેલ બાંધવાનું કહે છે.

પંદર દિવસ સુધી અગ્નિ નિરંતર ખાંડવવનને બાળતો રહે છે. તક્ષકના પુત્ર અશ્વસેન (જેને બચાવવા જતા તેની માતા મૃત્ય પામી) મય દાનવ અને ચાર સારંગ પક્ષીઓને અગ્નિ જીવતદાન આપે છે.

## (૬૫) ખાંડવવન દહન-૭
## સારંગ પક્ષીઓની કથા.

પૂર્વે શ્રેષ્ઠ તપસ્વી, વિદ્વાન મંદપાલ નામના મહર્ષિ હતા. તેઓ ધર્મપરાયણ અને જિતેન્દ્રીય તપસ્વી, ઉર્ધ્વરેતસ ઋષિઓના પંથને સેવતા હતા. સાધનાની પ્યાસમાં તેઓએ લગ્ન પણ કર્યા ન હતા. એક વખત સાધના દરમિયાન તેઓ સ્થુળ દેહ છોડી પિતૃલોકમાં ગયા પણ ત્યાં તેમની તપસ્યાનું તેમને ફળ મળ્યુ નહીં તેથી તેમણે મૃત્યુના દેવ ધર્મરાજા પાસે જઈને પૂછ્યું કે મૃત્યુલોકમાં મેં એવું કયું કામ નથી કર્યું કે, જેનું અહીં પુષ્પફળ મળે નહીં? દેવોએ જવાબ આપ્યો કે મનુષ્ય નિઃસહાય ક્રિયાઓ, બ્રહ્મચર્ય અને પ્રજોત્પતિ એ ત્રણ ઋણ સાથે જન્મે છે અર્થાત તેણે શંકા વગરની ક્રિયાઓ, પ્રજોત્પતિ અને બ્રહ્મચર્ય એવા ત્રણ ઋણ ચુકવવા પડે. યજ્ઞ કરવાથી મુક્ત થવાય છે. મંદપાલ મહર્ષિએ યજ્ઞો અને બ્રહ્મચર્યનું ઋણ ચુકવ્યું છે પણ પ્રજોત્પતિનું ઋણ ચુકવ્યું નથી તેથી તે બાકી રહેતા પુણ્યલોક ફળ્યા નથી.

મંદપાલનો અર્થ છે જેણે મંદતાને પાળી છે. અર્થાત ધીમું થવું. એવું કશુંક જે ઉચ્ચતર અનુભૂતિઓની આડે

અડચણરૂપે આવે છે. આનો અર્થ એ થયો કે સર્જનાત્મક ઊર્જા એટલી મંદ પડી ગઈ છે કે રૂપાંતરિત નથી થઈ શકી અર્થાત મંદપાલ એટલે જેની સેક્સ એનર્જી, સર્જનાત્મક ઊર્જા મંદ પડી ગઈ છે. સાધના એ સૃજન ઊર્જાનું રૂપાંતરણ કરવાની બાબત છે અર્થાત સેક્સ એનર્જીને 'ટ્રાન્સફોર્મ' સાધનાથી કરવાની છે. બ્રહ્મચર્ય પાળ્યા છતાંય ઋષિ મંદપાલ કહેવાય છે. આપણું ધ્યાન-અટેન્શન, જેની ટેવ હંમેશા બહારની તરફ જવાની છે તેને કેળવણી દ્વારા અંદર વાળવાનું છે. એ જ વખતે સેક્સ એનર્જી નીચેથી ઉપરની તરફ વળી જવી જોઈએ. આ બેઉ બાબતો એક સાથે થવી જોઈએ. ઋષિ મુળભૂત ઊર્જાના રૂપાંતરણથી વંચિત રહી ગયા છે તેનું પ્રતીક છે કે, તેમણે લગ્ન નથી કર્યા અને બાળકો નથી થયા. આમ પુરતી ઊર્જાના અભાવે ધ્યાનની ગહેરાઈનો અનુભવ લઈ શક્યા નથી.

દેવોનું વચન સાંભળી મંદપાલ વિચારવા લાગ્યો કે કઈ યોનીમાં ઝડપથી અને અનેક સંતાન થાય. મંદપાલે પોતાના 'સાઈકીક નેચર'નું શુદ્ધિકરણ કર્યું ન હોવાથી આવી ચાલાકીથી વિચારતા સારંગક નામના પક્ષીની યોનીમાં જન્મ લઈને જરિતા નામની સારંગીકાને સેવી તેના દ્વારા ચાર બ્રહ્મવેદી પુત્રો ઉત્પન્ન કર્યા. ઈંડામાં રહેલા બાળપુત્રોને ત્યાં રહેવા દઈ લપિતા નામની બીજી માદા સાથે વનમાં વિચરવા લાગ્યા. પુત્ર સ્નેહને લીધે એ ચારે ઈંડાને જરીતાએ સેવ્યાં અને બાળકોને ઉછેર્યા.

મંદપાલે ત્યજી દીધેલા ચાર બાળકોનું મહામહેનતે જરિતા ભરણપોષણ કરતી હતી. લપિતા સાથે વિચરતા મંદપાલે ખાંડવવન બાળવા આવતા અગ્નિને જોઈ તેની સ્તુતિ કરી.

મંદપાલ પક્ષીયોનિમાં જરિતા સાથે લગ્ન કરે છે. જરિતા શબ્દ આવે છે 'જરા'માંથી અર્થાત વૃદ્ધત્ત્વ. આમ મંદઊર્જા વૃદ્ધત્વની પ્રક્રિયાનો શિકાર બની ગઈ. અચેતનામાં પડેલી અદશ્ય ઈચ્છાઓ લગ્ન પછી દેખાવા લાગી અને કામવાસનાથી જીવન ભરાઈ ગયું. એ બીજી સ્ત્રી લપિતાના પ્રેમમાં પડે છે. લપિતાનો અર્થ થાય 'ગુંદરની જેમ ચોંટી જવું' અથવા તો લપીયો માણસ જે સતત વાતો જ કર્યા કરે છે. આમ ઋષિએ સખત મહેનત કરેલી મનને શાંત કરવા, એ ફરી એકવાર અનિયંત્રિત બકબક (લપિતા)નો શિકાર બની જાય છે.

ખાંડવવન બાળવા આવતા અગ્નિને જોઈ મંદપાલને પોતાના બાળકો યાદ આવી જતા અગ્નિની સ્તુતિ કરતા કહે છે 'હે અગ્નિ, તમે ઊર્જાના સ્ત્રોત છો હે પાવક તમે દ્રવ્ય વહેનારા છો. સર્વભુતોમાં તમે બિરાજમાન છો. તમે ગુઢ હૃદયમાં વિચરનાર છે. ઋષિઓ તમને ત્રિવિધ કહે છે અને તમને અષ્ટરૂપિ કલ્પીને યજ્ઞને વહેનાર માને છે તેમ જ આ જગતનું સર્જન કર્યું છે. આમ હૃદયમાં યોગની અગ્નિ પ્રગટાવીને યોગી ત્રણ ગ્રંથીઓ - સ્થુળ, સૂક્ષ્મ અને મનોમય જગતમાંથી મુક્તિ પામે છે. ઋષિઓ અગ્નિને સર્જનાત્મક પ્રક્રિયાના સ્ત્રોત તરીકે પુજે છે અને સમગ્ર જગત અગ્નિ પર આધારિત છે. તમે જગતનું પાલન ન કરો તો જગતનો નાશ થઈ જાય છે. હે દેવ, તમે વહન છો, ધાતા છો, બૃહસ્પતિ છો, તમે જ સોમ અને વાયુ છો.' સ્તુતિથી પ્રસન્ન થયેલા અગ્નિ પાસે પોતાના બાળકોને બચાવી લેવાનું વચન મંદપાલ માંગે છે.

અહીં આપણે જોઈએ છીએ કે, શુદ્ધિકરણ અને રૂપાંતરણ, પ્રેમ અને પશ્ચાતાપના અગ્નિથી આવે છે. નિર્દોષ બાળકોના વિચારે મંદપાલમાં રહેલો પિતા જાગી ઊઠે છે અને અગ્નિને પ્રાર્થના કરતા રૂપાંતરણ પામે છે.

અગ્નિના વરદાનથી અજાણ એવા બાળકો, વનને બાળી રહેલા અગ્નિને જોઈ તેની માતા દુઃખથી પીડાવા લાગી અને બોલી, પૂર્વજોના આદરરૂપ અને સદાય પૂજાતો એવો અગ્નિ વનને બાળતો આ બાજુ આવી રહ્યો છે અને મારા તથા મારા બાળકો માટે દુઃખ અને વેદનાનું કારણ બની રહ્યો છે. મારા પુત્રોને પાંખો નથી આવી એટલે તેઓ ઊડી શકતા નથી અને તેમને હું છોડી દઈ શકું તેમ નથી. કયા પુત્રને છોડી દઉં? અને કયા બચ્ચાને લઈ ચાલી જાઉં. આ નિર્દોષ બચ્ચાઓ જ્યારે આપત્તિમા છે અને નિશ્ચિત મૃત્યુને ભેટવાના છે ત્યારે મારું ભાગી છૂટવું ન્યાયપૂર્ણ નથી. ઊંડો વિચાર કરતા પણ મને મુક્તિનો કોઈ ઉપાય જડતો નથી. તમને મારી પાંખોથી ઢાંકી દઈ અને તમારી સાથે હું પણ મરણને ભેટીશ.

જીવનમાં એવી ક્ષણો આવે છે જ્યારે પરિસ્થિતિ અત્યંત ખરાબ હોય અને આશાનું એક પણ કિરણ દેખાતું ન હોય એવી સ્થિતિમાં આપણું અચેતન મન ખૂલે છે અને ચેતનાના આરોહણ તરફ લઈ જતા ગહેરું રૂપાંતરણ થાય છે.

## (૬૬) ખાંડવવન દહન-૮
## શાર્ઙ્ગક પક્ષીઓ

પોતાના બાળકોને બચાવવા જરિતા આર્તનાદ કરે છે. જરિતા અને તેના બાળકો અગ્નિ એ મંદપાલને આપેલા વચનથી અજાણ છે કે તે બાળકોને નહી બાળે. માતા અત્યંત ભયથી શોકાતુર થયેલી છે એવા સમયે પણ બાળપક્ષીઓ ડહાપણ અને બુદ્ધિગમ્ય વાતો કરે છે. ગમે તેમ તો પણ તેઓ ઋષિના પુત્રો છે. જેણે અસંખ્ય યજ્ઞો કર્યા છે. તેઓ તેની માતાને એવું સમજાવવાના પ્રયાસ કરે છે કે તેમને મુકીને તે જંગલ છોડી ઊડી જાય.

તેઓ કહે છે કે, 'હે માતા તું અમારો સ્નેહ છોડીને જ્યાં અગ્નિ ન હોય ત્યાં ચાલી જા. અમે નાશ પામશું તો પણ તને પુત્રો થશે પરંતુ હે મા!' જો તું નાશ પામીશ તો આપણાં કુળમાં સંતતિ નહી રહે. તારે માટે આ અણીનો વખત છે. આ બેઉ વાતો વિચારીને તારે આપણા કુળનું કલ્યાણ થાય એ જ કરવાનું છે. પુત્રોમાં સ્નેહ રાખી તું આપણે સર્વનાશ નોતરીશ નહીં, કેમ કે પિતૃલોકની કામનાવાળા અમારા પિતાનું આ પ્રજોત્પતિરૂપી કર્મ અફળ ન જાય.

આગળના ઘણા લેખાંકોમાં આપણે ભાવકેન્દ્રના શુદ્ધિકરણની વાત કરેલી છે. સંસ્કૃતમાં બે પ્રકારની લાગણીઓની વાત કરેલી છે. એક, લાગણીઓ અને બીજું ભાવ. અંગ્રેજીમાં તેને અનુક્રમે 'લોઅર' અને 'હાયર' કહી શકાય. નિમ્નતર લાગણીઓ એ છે જે સહેલાઈથી આસક્ત

થઈ જાય જ્યારે ઉચ્ચતર ભાવો એ છે કે જે માત્ર હોય છે, તેમાં આસક્તિ કે લગાવ ગેરહાજર હોય છે અને 'ઑબ્જેક્ટિવ' હોય છે. આસક્તિની સાથે આવે છે માલિકીભાવ, જે ઈર્ષ્યા તરફ દોરી જઈને હિંસામાં પરિણમે છે. ઉચ્ચતર ભાવો ક્યારેય હિંસક કે મારક નથી હોતા. નિમ્નતર લાગણીઓમાં પસંદગી અને નાપસંદની હોય છે, એટલે કે કોઈકને પ્રેમ કરતો હોય તો કોઈકને ધિક્કારતો હોય અને આ ગોઠવણી ગમે ત્યારે બદલાઈ શકે. એટલે કે, પ્રેમ ધિક્કારમાં અને ધિક્કાર પ્રેમમાં. ઉચ્ચત્તરભાવો અમે ચમકતા પ્રકાશના લેમ્પ જેવા છે જે દરેકની ઉપર કોઈ જ ભેદભાવ વગર પડે છે. પ્રકાશને ગમો કે અણગમો નથી હોતો. પ્રકાશ,બસ હોય છે.

વાર્તામાં પક્ષીબાળ તેની માતાને કહે છે કે, તારે આ સમય આવ્યો છે અમારા તરફની આસક્તિમાંથી મુક્ત થવાનો. આધુનિક માનસ માટે આ સમજવું જરા મુશ્કેલ પડે તેવું છે. બાળકો ઉપર માલિકીભાવ થોપ્યા વગર તેમને પ્રેમ કરવો, એ તો, વર્ષોની પ્રેક્ટીસ પછી એવી અવસ્થાને પહોંચાય છે. તેઓ કહે છે કે, 'તને પુત્રો થશે'નો અર્થ એ થાય છે કે, જો આસક્તિ ખરી પડે તો જ વ્યક્તિ માટે પ્રેમ તરફ જવાની તક ઊભી થાય છે. વાર્તામાં આપણે જોઈએ છીએ કે, એ લગભગ અશક્ય છે એક માતા માટે બાળકો પ્રત્યેની આસક્તિનું બલીદાન દેવું. વાર્તામાં જરિતા કહે છે કે, ઝાડ પાસે જમીનમાં ઉંદરનું દર છે તેમાં તમે પેસી જાઓ પછી તેને હું ધુળથી ઢાંકી દઈશ અને અગ્નિ હોલવાઈ જશે એટલે હું ધૂળ ખસેડવા આવીશ. બાળપક્ષીઓ કહે છે કે, પાંખો વગરના અમને ઉંદરો ખાઈ જશે અને જો અમને લઈને તું આકાશમાં ઊડીશ તો અગ્નિ બાળી મુકશે.

ઉંદરનું દર આપણા અચેતનમાં પડેલા સંસ્કારો દર્શાવે છે અને આકાશમાં ઊડી જવાનો અર્થ થાય દિવાસ્વપ્નોમાં વિચરવું. અગ્નિ વનને બાળે છે, બાળપક્ષી માતાને લાગણીઓનું શુદ્ધિકરણ કરવાની વાત કહે છે અને મન છે તે છટકીને નાસી જવા માંગે છે. મન પોતાની જાત ઉપર કામ કરવા નથી માંગતું. પરંતુ આપણું નિમ્નતર તર્કબદ્ધ મન આળસુ અને લુચ્ચુ છે જે પોતાના પર કામ કરવા ઈચ્છુક ન હોવાથી બહાના અને દલીલો શોધી રહ્યું છે. જરીતાના વલણની જેમ. જ્યારે ખરેખર સમય આવે છે લાગણીઓના શુદ્ધિકરણનો તો, આપણે પણ હંમેશા તૈયાર હોઈએ છીએ જુની યાદો અને કલ્પનાઓમાં નાસી છુટવા માટે.

જરિતા બાળપક્ષીઓને કહે છે કે, આ દરમાંથી નીકળેલા ઉંદરને બાજપક્ષી લઈ ગયો છે એટલે તમને ભય નથી. ડાહ્યા બાળપક્ષીઓ તેની માતાને નકામી દલીલોમાં સમય વેડફવાને બદલે ભાગી છુટવાનું અને ફરી સંતતિ કરવાનું કહે છે. આપણે તાર્કિક તથા સહજ કે અંતઃપ્રજ્ઞાની એમ બે પ્રકારની ઈન્ટેલિજન્સ હોય છે. સહજ અને અંતઃસ્ફુરણાની ઈન્ટેલિજન્સ આપણા 'સાઈકીક નેચર'માં ઊંડે ધરાબાયેલી પડી હોય છે જેને 'મેડિટેટીવ પ્રેક્ટીસ'થી ખોદી કાઢવી પડે. સામાન્યત : આપણે આપણું જીવન તાર્કિક મનના સહારે જીવી લેતા હોઈએ છીએ. અંતઃસ્ફૂરણાની ઈન્ટેલીજન્સમાં જવા માટે આપણામાં બાળસહજ નિર્દોષતા હોઈ જોઈએ જે બાળપક્ષીઓ દ્વારા બોલાતા વાક્યોમાં અહી પ્રગટ થાય છે.

આગળ બાળપક્ષીઓ વધુ ગહેરી વાત કરે છે, તેમની માતાને કહે છે કે, બુદ્ધિ આકુળવ્યાકુળ થઈ હોય ત્યારે લેવાયેલો નિર્ણય સાચો નથી હોતો અને આસક્તિમાંથી લેવાયેલો તારો અમારા માટેનો નિર્ણય ખોટો છે. મા-બાપ સંતાનોને જન્મ નથી આપતા પરંતુ સંતાનો મા-બાપની પસંદગી કરે છે. આમ બધી જવાબદારી અમારી છે. વળી, અમે કોણ છીએ તે પણ તું નથી જાણતી તેથી મર્યાદિત દર્શનથી તું આ બોલી રહી છે. તેથી તું જા અને અમને અમારા ભાગ્ય પર છોડી દે.

અહીં જીવનના બે આયામો જોઈએ છીએ. એક, દેખાતું અને બીજું અદશ્ય. અદશ્ય આયામમાં ઊતરવા માટે વ્યક્તિ પાસે જુદા જ પ્રકારની સમજણ અને વિચારશક્તિ હોવી જોઈએ. મારા ગુરુ તેને 'સ્પિરીચ્યુઅલ રિડીંગ' કહેતા. દેખીતી રીતે એવું લાગે કે બાળકોના જન્મ માટે મા-બાપ જવાબદાર છે. પરંતુ થોડા અદશ્યમાં ઊતરીએ તો ખ્યાલ આવે છે કે, બાળક મા-બાપને પસંદ કરે છે. બાળકો જો આ બાબતને સમજીને અનુભવે તો, તો, મા-બાપ અને બાળકો વચ્ચેના મોટાભાગના સંઘર્ષોનો અંત આવી જાય. તેનાથી બાળકમાં એક નવી જ જવાબદારી જન્મે છે તેમજ પોતાના જીવન પ્રત્યેની અને તેનાથી તેના વલણો સંપૂર્ણપણે બદલી જાય છે.

જરીતા સમજી જાય છે કે, તેના બાળકો નાના હોવા છતાં ડહાપણની વાત કરે છે તેથી તેમના કહ્યા પ્રમાણે કરીને સલામત સ્થળે ઊડી જાય છે. અગ્નિ જવાળાઓ એટલી બધી નજીક આવી રહી છે કે હવે થોડી જ વારમાં ચારેય બાળપક્ષીઓને બાળી નાખે તેમ છે. તેઓ ભય પામ્યા વગર અગ્નિનની સ્તુતિ કરે છે તેમને હૃદયમાં ખ્યાલ છે કે અગ્નિ તેમના પર કૃપા કરશે અને તેમને બાળશે નહીં.

આગળના આપણે જોઈશું, અગ્નિ આ ચાર બાળપક્ષી વચ્ચેનો સંવાદ. મહર્ષિ વ્યાસે આ શબ્દો એવી રીતે મુક્યા છે કે કોઈપણ આ સ્તુતિ કરે તો પીડામાંથી મુક્ત થઈને સદ્ભાગ્ય પામે છે.

## (૬૭) ખાંડવવન દહન - ૯
## અગ્નિ અને શાર્ઙ્ગક પક્ષીઓ

આગલા લેખાંકમાં આપણે જોઈ ગયા કે, અગ્નિની જવાળા સારંગ પક્ષીઓની નજીક આવી રહી છે અને બાળપક્ષીઓની માતા તેમને છોડી ઊડી ગઈ છે તથા તેમના પિતાએ અગ્નિ પાસેથી તેના ચારે પુત્રોને નહીં બાળવાનું વરદાન મેળવ્યું છે. જેનાથી ચારેય અજાણ છે, તેઓ ચારેય અતિ નાના હોવા છતા શાણા છે અને જરાય ભયભીત થયા નથી. હકીકતને તેઓ ચારેય બાળઋષિઓ છે તેમના નામ અનુક્રમે જરીતારી, સારીસૃક્ક, સ્તમ્ભમિત્ર અને દ્રોણ છે.

આપણે આ નામોના અર્થ જોઈએ. જરીતારી શબ્દ જરા અથવા તો ગળતું જવું તેમાંથી આવે છે. બે પ્રકારના જરા હોય છે. એક શરીરની ઉંમર થવી, જેમાં શરીર નાનેથી

મોટુ થઈ વૃદ્ધ થાય છે. બીજા પ્રકારના જરામાં પરિપક્વતા અને પુખ્તતા આવે છે. આ પરિપક્વતા અને પુખ્તતાથી શાણપણ આવે છે અને અહંકાર ઓગળે છે. આ યુવાપક્ષીઓ તેમની ઉંમર કરતા વધારે શાણા છે. સારીસૃક્ક શબ્દ 'સૃ' ધાતુમાંથી આવે છે, જેનો અર્થ થાય પવનની લહેર સાથે રહેવું - એટલે કે, બાણ અથવા તો વીજળીની જેમ. આ મનની તેજસ્વીતા અને અવધાનની એકસૂત્રતા છે. મોટેભાગે અટેન્શન-અવધાન વિખરાયેલું હોય છે આથી મનની શક્તિ દબાયેલી જ રહે છે. (અવધાન એકાગ્ર થાય તો મનની શક્તિ ખુલે અને ખીલે) એકાગ્ર થયેલું અવધાન વીજળીની જેમ કામગીરીમાં આવે ત્યારે મન એક ઝબકારમાં સાચો નિર્ણય લઈ લે છે. અહીં હવે તર્કની આવશ્યકતા નથી.

સ્તમ્ભમિત્ર શબ્દ બને છે. 'સ્તમ્ભ' અને 'મિત્ર'ના જોડાણથી. સ્તમ્ભ એટલે થંભી જવું અર્થાત શરીરનું નહીં પણ મનને, વિચારને થંભાવી દેવા. મિત્ર શબ્દ આવે છે 'મિદ્' માંથી એટલે કે ચિકાશયુક્ત અથવા ચોટેલું. આપણી બધી જ લાગણીઓ ચોંટવાનો ગુણધર્મ ધરાવે છે અને તે પણ માલીકભાવ સાથે. આપણામાં જે ભાવઊર્જા છે તે ચોંટવાના ગુણધર્મ ધરાવે છે અને તે પણ માલિકીભાવ સાથે. આપણામાં જે ભાવઊર્જા છે તે ચોંટવાના ગુણધર્મ વગરની પરંતુ મિત્રતાભરી ઊર્જા છે. ચોથા ઋષિ બાળપક્ષીનું નામ દ્રોણ છે. જે 'દ્રુ'માંથી આવે છે. અર્થાત પીગળેલું અથવા તો કોઈપણ આકારધારણ કરવાની ક્ષમતા ધરાવતું અને વિરૂદ્ધ પરિસ્થિતિમાંથી નીકળી શકે તેવું, એટલે કે તે જડ કે દૃઢ નથી પરંતુ લવચીક છે. આ ચારેય અગ્નિ સાથે ડહાપણભર્યો સંવાદ કરે છે અને જ્વાળાઓમાંથી બચી જાય છે.

જરીતારી કહે છે કે, 'જે બુદ્ધિમાન મનુષ્ય આપત્તિકાળ આવતા પહેલા જાગૃત રહે છે તે આપત્તિકાળ આવતા કોઈ રીતે વ્યથા પામતો નથી અને સ્થિર રહે છે.' સારીસૃક્ક તેના મોટાભાઈને કહે છે કે, મોટોભાઈ પિતા સમાન છે અને સંકટમાંથી એ જ માર્ગ કાઢી આપશે. સ્તમ્ભમિત્ર કહે છે કે, તમે બહાદુર છો અને આપત્તિમાંથી ચોક્કસપણે બહાર કાઢશો. દ્રોણ બોલે છે, 'સાત જીભ અને સાત મુખવાળો, ક્રૂર અને ભડભડતો આ સુવર્ણતીર્થ અગ્નિ વનને બાળતો આપણાં તરફ આવી રહ્યો છે.' અહીં દ્રોણ તેના મોટાભાઈને ચાવી આપે છે કે, અગ્નિની સાત જીભ છે એટલે કે તે કોઈપણ ભાષા સમજી શકે છે. લાગણીની, વખાણની અને વિનંતીની ભાષા. ચારે ભાઈઓ અગ્નિની સ્તુતિ કરી તેને રીઝવવાનો નિશ્ચય કરે છે. ચારેય પોતાના અટેન્શનને એકાગ્ર કરી, હાથ જોડી અગ્નિની સ્તુતિ કરે છે.

જરીતારી કહે છે, 'હે જ્વલન!' તમે વાયુના આત્મારૂપ છો અને ઔષધીઓના દેહરૂપ છો. હે શુક્ર! જળ તમારુ જન્મસ્થાન છે તથા તમે જ જળની યોનીરૂપ છો. હે મહાવીર્ય! સૂર્યના કિરણોની જેમ તમારી જ્વાળઓ ઊંચે, નીચે આગળ અને પાછળ ફેલાઈ છે, અહીં એક અગ્નિના ગુઢ ગુણધર્મો તરફ નિર્દેશ કરે છે. આપણે ગુસ્સે થઈએ છીએ તો તે આપણને બાળે છે. વાયુએ આંગડીયો છે જે બધા સંદેશા લઈ જાય છે અને સંદેશોનું હાર્દ છે અગ્નિ - જે આપણે મોકલવાનું છે. સૂર્યનું કિરણ વાતાવરણમાંથી આવે છે અને ઓક્સિજન અને હાઇડ્રોજનને સંમિલિત કરી જળ ઉત્પન્ન કરે છે. આમ અગ્નિ એ જળનો ગર્ભ છે. આકાશતત્ત્વ ફેલાયેલું છે. વાયુ આવ-જા કરે છે, જળ નીચેની તરફ વહે છે અને પૃથ્વી સ્થિર છે. પરંતુ અગ્નિની ગરમી અને પ્રકાશ બધે જ ફેલાયેલ છે. જ્વાળાઓ આવ-જા કરે છે. જ્વાળાઓ ઊંચે ચડે છે પરંતુ ઊંચે ચડવામાં પણ નીચે આવવાનો ગુણ છુપાયેલો છે. તેથી તે જળનો ગર્ભ છે. અગ્નિ સંસ્કારોને બાળીને રૂઝન પણ આપી શકે છે.

સારીસૃક્ક  કહે છે, 'હે ધુમકેતું!' તમારી સાત શિખાઓ પીડા અને વેદનામાંથી મુક્તિ તરફ લઈ જનારી છે. લોકોના જીવનમાં વેદનાના રૂપે આપ તાપ આપો છો. યોગી આ તાપને તપમાં, સાધના દ્વારા ફેરવે છે અને બધા દર્દો અને દુઃખોમાંથી મુક્તિ મેળવે છે. હે જાતવેદસ! તમારા સિવાય કોઈ તપાવનારો દેવ નથી, અમે તમારા શરણે છીએ, અમને બચાવો. સાત શિખારો એ સમાધિના સાત દ્વારા છે અને પીડામાંથી મુક્તિ અપાવનાર છે. તાપમાંથી મુક્ત થવા માટે આપણે તાપની સીમાથી ઉપર ઉઠવું પડે છે પરંતુ દુઃખદ એ છે કે, આખી જિંદગી આપણે વેદનાથી ભાગવામાં જ પસાર કરી દઈએ છીએ.

સ્તમ્ભમિત્ર કહે છે કે, 'તમે જ એક બ્રહ્મ છો, સમસ્ત જગત તમારામાં રહ્યું છે અને તમે જ ભૂતોને ધારણ કરો છો તથા ત્રિભુવનરૂપે પ્રકાશો છો. હે હવ્યવાહ!' તમે જ ત્રણ લોકોને સર્જી, પાલનપોષણ કરી કાળ આવતા જ પાછા પ્રજ્જવલીત અને પ્રલયસ્થાન છો.' બ્રહ્મા એટલે વિસ્તરતી ચેતના અને અગ્નિ આ ચેતનાનું પ્રતિક છે. જ્યાં સુધી આપણામાં જીવન અગ્નિ છે ત્યાં સુધી જીવન ચાલે છે. તમામો અવકાશી પિંડો માટે પણ આ સાચુ છે. આમ અગ્નિ જ બધા સંભવિત જીવોનું પાલન કરે છે.

અંતે દ્રોણ બોલે છે, 'હે જગતપિતા!' શરીરની ભીતર રહીને તેમજ નિત્ય વૃદ્ધિ પામીને પ્રાણીના ખાધેલા અન્નને પચાવો છો. તમારામા જ સર્વ પ્રાણીઓ રહેલા છે. હે જાતવેદ! તમે સુર્યરૂપ થઈ પૃથ્વીના જળને તથા ભૂમિમાં થયેલા સર્વ રસને કિરણો વડે શોષો છો. હે શુક્ર! વળી તમે જ સૃષ્ટિકાલે વૃષ્ટિ વરસાવીને અહીં સર્વની ઉત્પતિ કરો છો. હે શુક્ર! આ વનસ્પતિ, સરોવરો અને કલ્યાણધામ મહાસાગર તમારાથી થાય છે. હે તીવ્રકિરણ! અમારી આ કાયા વરૂણને શરણે છે તો તમે અમને મંગલરૂપ થાઓ અને અમારા ત્રાતા થાઓ. તમે જ સદ્ભાગ્યના દેવતા છો તેથી અમારા ચારે ભાઈઓનો નાશ કરશો નહીં. હે હુતાશન! જેમ સાગર પોતાના તીરે આવેલા ઘરોને ઉગારે છે તેમ અમને છોડી દઈને તમે બીજા સ્થળે જાઓ.'

સારંગપક્ષીઓની સ્તુતિથી અગ્નિ ખુબ ખુશ થાય છે અને મંદપાલને આપેલ પોતાનું વચન બાદ આવતા ઋષિબાળ પક્ષીઓને જીવનદાન આપે છે અને તેમના માતા-પિતા પણ પરત ફરે છે.

## (૬૮) યુધિષ્ઠિરના સભાગૃહનું નિર્માણ

દાનવોના સ્થપતિ મયદાનવને ખાંડવદહન વખતે નાસવાનો પ્રયાસ કરતો જોઈને શ્રીકૃષ્ણ પોતાનું સુદર્શનચક્ર તૈયાર કરી એને મારવા જાય છે ત્યારે અર્જુનના પગે પડીને મયદાનવ અભયવચન માગે છે અને અર્જુન શ્રીકૃષ્ણને વિનંતી કરી મયદાનવનો જીવ બચાવે છે.

મયદાનવ અર્જુનને કહે છે કે, હે કુંતિપુત્ર! તે મને શ્રીકૃષ્ણના ક્રોધમાંથી બચાવ્યો છે, તો હું તને કઈ રીતે મદદરૂપ થઈ શકું? અર્જુન જવાબ આપે છે કે, 'અમારાં બેઉ પ્રત્યે સ્નેહ રાખીને.' મયે જવાબ આપ્યો કે, હે વિભુ! હું પ્રિતિપૂર્વક તમારા માટે કંઈક કરવા ઈચ્છું છું. હું દાનવોનો સ્થપતિ છું, તેથી એવું કશુક કરવાનું કહો કે જેમા મારું શ્રેષ્ઠ કૌશલ્ય બતાવી શકું. તું મારા માટે કંઈક કરવા ઈચ્છતો હો તો શ્રીકૃષ્ણને પ્રિય થાય તેવું કશું કર, જે મને પ્રિય હશે. શ્રીકૃષ્ણએ વિચાર કરીને મયદાનવને કહ્યું, 'જો તું પ્રિય કરવા ઈચ્છતો હોય તો તને જેવી યોગ્ય લાગે તેવી સભા ધર્મરાજાને માટે કરી આપ. તું એવી સભા બનાવી આપ કે, તે જોઈએ માણસો છક થઈ જાય અને સકલ માનવલોકમાં કોઈ તેનું અનુકરણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દ્વારકા જવા રવાના થયા અને મયદાનવે ઇન્દ્રપ્રસ્થમાં મહાસભાની રચનાનો પ્રારંભ કર્યો.'

જુદા જુદા સ્થળોએ જઈને મય જુદી જુદી મુલ્યવાન ચીજો લઈ આવી ત્રણેય લોકમાં અજોડ એવી સભાને શણગારવા તૈયાર થયો. તેણે અર્જુનને કહ્યું કે, 'યુગો પૂર્વે કૈલાસની ઉત્તરે આવેલ મૈનાક પર્વત પાસે બિંદુ સરોવર આગળ એક વિચિત્ર અને રમ્ય મણીમય સંગ્રહપાત્ર બનાવ્યું હતું. શર્મિષ્ઠાના પિતા દાનવરાજ વૃષપર્વાની સભામાં તે હતું. વળી ત્યાં એક ભયંકર ગદા પણ છે જે રાજા વૃષપર્વાની છે તે મજબુત અને એક લાખ ગદાની બરોબરી કરી શકે તેવી છે. તમારા માટે જેમ ગાંડીવ ધનુષ્ય છે તેમ ભીમ માટે એ ગદા યોગ્ય છે. સરોવર પાસે સુંદર ઘોષવાળો વરૂણનો 'દેવદત્ત' નામે મહાશંખ છે. મને રજા આપો તો આ બધું તમને લાવી આપું.'

મયદાનવ કૈલાસ પર્વતની ઉત્તરે ગયો અને મૈનાક પર્વતની પાસે આવેલ હિરણ્યશૃંગ નામે મહામણીથી ભરેલો મોટો પર્વત છે ત્યાં બિંદુ નામે સરોવર જેના કાંઠે ગંગાના દર્શન માટે અનેક વર્ષો સુધી ભગીરથ રાજાએ તપ કરી સ્વર્ગમાંથી પૃથ્વી પર આવવા માટે રીઝવ્યા હતા. મયદાનવ વૃષપર્વાની ગદા, દેવદત્ત શંખ અને મણીમય પાત્ર એકત્ર કરીને ઇન્દ્રપ્રસ્થ પરત આવ્યો.

પછી તેણે યુધિષ્ઠિરની મહાસભાનું નિર્માણ કર્યું. તે સભા સુવર્ણમય વૃક્ષોથી અલંકૃત હતી અને ચારેબાજુએ દસ દસ હજાર હાથ લાંબી પહોળી હતી. તેમાં ચમકતા રત્નો જડેલા હતા. તે સૂર્યસમાન ઝળહળતું હતું. સભાને હજાર દ્વાર હતા અને તેની દીવાલો ચિત્રોથી સુશોભીત હતી. દેવોની સભા કરતા પણ આ સભા ઉત્તમ લાગતી હતી.

સભામાં મયદાનવે એક અપ્રિતમ સરવરીયું કર્યું હતું. તેમાં વૈદૂર્યમણીના પાંદડા પાથર્યા હતા. મણીમય નાળવાળા સુવર્ણકમલો હતા. જાતજાતના પક્ષીસમૂહો હતાં. કાંચનના કાચબા અન. મત્સ્યોથી તે ચિત્રીત હતું. તેમાં ચિત્રવાળી સ્ફટિકની સીડીઓ હતી. મંદ મંદ પવનથી તેનું પાણી હલતું હતું તે શુભ અને મોતીના બિંદુઓથી ખચિત હતું. મણી અને રત્નોથી મંડિત તે સરવરીયા આગળ આવીને કેટલાંક રાજાઓ તેને જોવા છતા પારખી શકતા ન હતાં અને ભ્રમિત થઈને તેમાં પડી જતાં હતાં. બારીઓની રચના એવી રીતે કરવામાં આવી તેમાંથી વહેતો વાયુ આખી સભાને ઠંડી રાખતો હતો. આખી સભાની ચારેબાજુ ફૂલોવાળા અને છાંયવાળા વૃક્ષો હતાં જેની ડાળીઓ પર અનેક પક્ષીઓ વિસામો લેતા હતાં.

અધ્યાત્મયાત્રાના શિષ્યએ પોતાના અચેતનમાં પડેલા સંસ્કારોને બાળવા પડે છે. અર્જુન ખાંડવવનને બાળે છે તેના પ્રતિક દ્વારા દર્શાવ્યું છે. શિષ્ય હવે પોતાના મનોજગતમાં પ્રવેશીને તેને જોઈ શકવા સમર્થ બન્યો છે. મારા ગુરુ કહેતા કે, પૃથ્વી પરનું સૌથી પવિત્ર સ્થળ ગૌમુખ છે, ગંગાનું ઉદ્‌ગમસ્થાન છે. ગૌમુખને તેઓ પૃથ્વીનું બિંદુચક્ર કહેતા અને ઉમેરતા કે, ગૌમુખમાં કરેલ કોઈપણ સાધના ઝડપી પરિણામો આપે છે.

આપણે જોયું કે, મયદાનવ બિંદુ પાસે જઈને પાંડવો માટે મણીમય સંગ્રહપાત્ર લઈ આવે છે. બિંદુ મસ્તકની ટોચે આવેલું નાનકડું ચક્ર છે અને આત્માની બેઠક છે. આ જગ્યામાં પ્રવેશીને જીવ અને આત્માનું મિલન કરાવવાનું દરેક શિષ્યનું લક્ષ્ય હોય છે. આ જગા મૈનાક પર્વતની બાજુમાં આવેલી છે. એટલે કે, મૈનાક શબ્દ આવે છે મન વતા ઐક્યમાંથી અને પર્વ એટલે પરિપૂર્ણ કરવું. આમ જુની પેટર્ન અને સંસ્કારોમાંથી મન મુક્ત થઈને શુદ્ધ થતાં મનના ઘાવ ભરાય છે તે તે પરિપૂર્ણ થાય છે. મણીમય પાત્ર પુરાણા રાજા વૃષપર્વાનું છે અર્થાત શક્તિએ પોતાનું કાર્ય સંપન્ન કર્યું છે. શિવમાંથી શક્તિ બહાર પડે છે અને કાર્ય પુરુ થતાં શિવમાં સમાઈ જાય છે.

મયદાનવ ગદા પણ લાવે છે. ગદાનો અર્થ થાય બોલવું અથવા શાબ્દિક હુમલો. અંદરની આ બિંદુના ક્ષેત્રમાં પ્રવેશવાથી આપણી વાણી શક્તિશાળી બની જાય છે. દેવદત્ત નામનો શંખ પણ લાવે છે. સૂક્ષ્મ શરીમાં એક નાડીનું નામ પણ દેવદત્ત છે જે હાસ્ય કે સ્મિત સાથે જોડાયેલ છે. ઊભરાતી ઊર્જાનું પ્રતીક હાસ્ય છે. આપણો આત્મા એ આપણો રાજા છે અને બિંદુચક્રમાં આપણી રાહ જોતો બેઠો છે. મગજના ચાર ખંડોની વચ્ચે આવેલ જગામાં બિંદુચક્ર આવે છે જેને યોગમાં બ્રહ્મરંધ્ર કહે છે.

યુધિષ્ઠિરની સભા અદ્વિતિય છે તેમ બ્રહ્મરંધ્રમાં પ્રવેશવાનો અનુભવ પણ અદ્વિતિય છે. શિષ્ય જયારે બ્રહ્મરંધ્રમાં પ્રવેશે છે. તો સૌથી સુંદર અને ક્યારેય ન અનુભવેલી મનોસૃષ્ટિમાં પ્રવેશે છે. આગળ ઉપર આપણે જોશું કે, યાત્રા અહીં જ પુરી નથી થતી અને આ મનોસૃષ્ટિની ઊંચાઈએથી શિષ્ય નીચે પડે છે અને તેને ફરી મેળવવા માટે બાર વર્ષનો વનવાસ અને અઢાર દિવસનું યુદ્ધ ખેલ્યા પછી તેમાં પ્રવેશી શકાય છે.

## (૬૯) જરાસંઘની વાર્તા

ઈન્દ્રપ્રસ્થમાં સ્થાઈ થયા પછી યુધિષ્ઠિરે રાજસૂર્ય યજ્ઞ કરવાનું નક્કી કર્યું, જેનાથી આર્યવર્તના રાજાઓ યુધિષ્ઠિરને ચક્રવર્તી તરીકે સ્વીકારે. યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને પોતાની જાતને નકારાત્મક લાગણીઓના સંમોહન અને આકર્ષણમાંથી મુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અમુક પ્રયાસો પછી એવી અવસ્થા આવે છે જેમાં નકારાત્મક લાગણીઓની પકડ ઢીલી પડી જતા તેને કનડતી નથી. યાત્રાનો આ એવો પડાવ છે જેમાં ચેતના આરોહણ કરે છે અને જે ઊર્જા નકારાત્મક લાગણીઓમાં વેડફાતી તેને રૂપાંતરણ કરી હકારાત્મક ભાવોમાં વાળવામાં આવે છે. આ રાજસૂર્ય યજ્ઞ છે, યજ્ઞકર્મ છે. આપણી યાત્રામાં આ એવા બિંદુનો નિર્દેશ કરે છે જેમાં આપણી અંદર નકારાત્મક લાગણીઓ અને અંદરનું બકબક બંધ થઈ ગયા હોય. આ માટે અંદરના જરાસંઘને આપણે મારવો જ પડે છે. એ વગર રાજસૂર્ય યજ્ઞ થઈ શકતો નથી. કશુંક અણગમતું આવે તેવી પરિસ્થિતિમાં તરત જ ઉશ્કેરાઈ જવાની એક યાંત્રિક ટેવ આપણા સૌમાં પડેલી જ છે. આપણા અચેતન મનમાં આવી આક્રમકતા કે ઉશ્કેરાટ ખુબ ગહેરાઈમાં એક પેટર્ન સ્વરૂપે કે ઘાવના રૂપમાં પડેલો છે. જેવું કશુંક અણગમતું કે અણછાજતું બને કે 'ઓટોમેટીક' એ બહાર આવી જાય. જ્યારે પણ ચીડ કે ગુસ્સામાં કે બીજી કોઈપણ નકારાત્મકતાને આપણે વ્યક્ત કરીએ કે દબાવી દઈએ છીએ તો આપણી અંદરની આક્રમકતા બહાર નીકળી હાવી થઈ જાય છે અને વર્ષો સુધી હાવી થતી રહે છે. મોકો મળે કે તરત જ ફાટી જવાની રાહ જોઈને બેઠેલા જ્વાળામુખીની જેમ આપણા અચેતનમાં આ 'કોઈને મારી નાખવાની ઈચ્છા' પડેલી છે. આપણી અંદરને આ જરાસંઘ છે.

જરા શબ્દ આવે છે 'જૃ' મૂળમાંથી, જેનો અર્થ થાય ઘસાતું જવું, ઓછું થતું જવું. આપણી અંદરની ભાવઊર્જા અત્યંત શક્તિશાળી ઊર્જા છે પરંતુ જ્યારે તે નકારાત્મકતા બનીને આપણી અચેતનમાં ઘાવ કે 'પેટર્ન' ના સ્વરૂપમાં વસવાટ કરે છે તો તે રૂગ્ણ બની જાય. આ બધી નેગેટીવ પેટર્ન્સ ખુલ્લા ઘાવની જેમ પડેલી છે. બધી શારીરિક પીડાઓ અચેતનમાં પડેલા આ નકારાત્મક ભાવઊર્જાના ખુલ્લા ઘાવમાંથી જન્મે છે. ગુસ્સો, ઈર્ષ્યા અને અસંતોષના સંસ્કારો આપણા શરીર અને મનને ઘસતા જઈને ઓછા કરી નાખે છે. આપણે હંમેશા આ બધા ઉપર કામ કરવાનું નકારી દઈને તેમાંથી મુક્ત નથી થતા. ઉલટાનું આ બધી નકારાત્મકતાઓ માટે ખુલાસાઓ આપી સમાધાન કરી લેતા હોઈએ છીએ. જુના સંસ્કારો સાથે સમાધાન કરી લેવું એ સંધી છે. એક બંધન છે. યુવા અવસ્થામાં કેટલાય સુખો અને ઉત્તેજનાઓની અસંખ્ય ઈચ્છાઓ આપણને હોય છે. પરંતુ અવસ્થા થતાં શારીરિક અને માનસિક મર્યાદાઓ સાથે આપણે સમાધાન કરતા જઈએ છીએ. આનો એવો અર્થ જરાય નથી થતો કે એ સુખોની ઈચ્છાઓ અને ઉત્તેજનાઓમાંથી આપણે મુક્ત થઈ ગયા છીએ, પણ આપણે તેની સાથે સંધી-સમાધાન કરી લીધું છે - આપણા સૌમા બેઠેલા આ જરાસંઘ છે.

જરાસંઘને મારવો શા માટે જરૂરી છે તે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને સમજાવે છે. એ જરાસંઘની તાકાત અને ક્ષમતાનું વર્ણન કરે છે. જરાસંઘે કેટલાય રાજાઓ પણ ચડાઈ કરીને તેમને જીતી લીધા છે. બધા ક્ષત્રિયો બે વંશમાંથી ઉતરી આવ્યા છે. ઐલ અને ઈક્ષ્તાકું, ઈક્ષ્વાકું વંશમાં યયાતિ અને ભોજ નામના મહાન રાજાઓ થઈ ગયા. તમે યયાતિના વંશજ છો અને અમે યાદવો ભોજના વંશજ છીએ. જરાસંઘ ઐલવંશમાંથી આવે છે. પોતાની ક્રુરતા અને શક્તિ વડે તેણે ઈક્ષ્વાકું વંશના ઘણા રાજાઓને બંદી બનાવ્યા છે. તેણે ભોજવંશમાં પણ ભાગલા પડાવીને ચંદીના રાજા શિશુપાલને પોતાના સેનાપતિ બનાવ્યો છે. કરૂષ અને વક્રના રાજાઓ પણ તેને ખંડણી ભરે છે. હંસ અને ડીમ્ભક નામના બે પરાક્રમી ભાઈઓ તેના જમાઈ છે.

શ્રીકૃષ્ણ આગળ કહે છે કે, અમારી સાથેના એક યુદ્ધમાં મારા મોટાભાઈ બલરામે બીજો એક રાજા જેનું નામ પણ હંસ હતું તેને મારી નાખ્યો. યુદ્ધના મેદાનમાં બુમરાણ મચી ગઈ કે, 'હંસ મરાયો', આ સાંભળી ડિમ્ભકે વિચાર્યું કે, તેનો ભાઈ હવે નથી રહ્યો તેથી યમુનામાં પડી જઈ તેણે પ્રાણત્યાગ કર્યો. ડિમ્ભકના ભાઈ હંસે જ્યારે આ સમાચાર સાંભળ્યાં ત્યારે તેણે પણ યમુનામાં પડીને જીવ દઈ દીધો. પ્રિય જમાઈઓના મૃત્યુએ જરાસંઘને ગહેરા શોકમાં નાખી દીધો તેથી થોડો સમય તેણે અમને શાંતિથી રહેવા દીધા. હંસની પત્નિએ જ્યારે તેની પાસે જઈને રડતા રડતા પોતાના પતિના મૃત્યુનો બદલો લેવા તેના પિતાને ઉશ્કેર્યા અને મથુરા પર હુમલો કરવાની જરાસંઘે તૈયારી શરૂ કરી. યદુવંશના બધા વડીલોએ ભેગા થઈને બધાના શ્રેય માટે મથુરા છોડીને સૌરાષ્ટ્ર કાંઠે આવેલ દ્વારકા નામની નગરીમાં વસવાનો નિર્ણય કર્યો. કેમ કે ત્રણસો વર્ષ યુદ્ધ લડ્યા પછી પણ જરાસંઘને હરાવી શકાય તેમ નથી. તે અજેય છે અને કોઈપણ શસ્ત્રથી તેને મારી શકાતો નથી. તેથી આપણે કોઈ ડહાપણભર્યો રસ્તો વિચારવો જોઈએ.

શ્રીકૃષ્ણ ઉમેર્યું કે, શરૂઆતમાં જરાસંઘ આટલો ઘાતકી ન હતો પણ તેનો જમાઈ કંસ જ વધારે ઘાતકી હતો. કંસ જરાસંઘની બે પુત્રીઓ અસ્તિ અને પ્રાપ્તિને પરણ્યો હતો. કંસ અત્યંત ક્રુર, ઘાતકી અને અન્યાયી હતો. તેણે સમગ્ર ભોજકુળ અને મથુરાવાસીઓને હેરાન કરી પીડા આપવાનું શરૂ કર્યું. પછી મે અને બલરામે મલ્લમયુદ્ધમાં કંસને મારી નાખ્યો. અમને લાગ્યું કે, અમારી વેદનાનો અંત આવી ગયો છે પણ એવું નહોતું. કેમ કે કંસવધનો બદલો લેવાની જરાસંઘે પ્રતિજ્ઞા લીધી અને અમારા પર હુમલો શરૂ કર્યો.

સાધનાની શરૂઆત આપણે કરીએ છીએ ત્યારે આપણી અંદર આસક્તિકેન્દ્ર અને વૈરાગ્યકેન્દ્ર એવા બે કેન્દ્રો હોય છે. આ વાર્તમા આ કેન્દ્રો બે વંશ દ્વારા બતાવ્યા છે. ઐલ અને ઈક્ષ્વાકુ. સંસ્કૃત મૂલ 'ઇલ'માંથી ઐલ આવે છે જેનો અર્થ છે એ સંસારમાં એકરૂપ થઈ સંમોહિત થયેલું છે. અહંકારને કરવુ ં છે, થવું છે. ઈક્ષ્વાકુ વંશ વૈરાગ્યકેન્દ્ર છે. 'ઈશ' મૂળમાંથી આવે છે અર્થાત શુભ, સત્ત્વ કે સંકલ્પ.

સાધનામાં સંકલ્પબળની જરૂર પડે છે. આસક્તિ કેન્દ્રના પ્રતિકાર માટે. (નહીં કે મનોબળ) આગલા લેખાંકમાં આ પ્રતીકોને આપણે વિસ્તાપૂર્વક સમજવાનો પ્રયાસ કરીશું અને જરાસંઘના જન્મની કથા જોઈશું.

## (૭૦) જરાસંઘનો જન્મ

આપણે જરાસંઘ, હંસ અને ડિમ્ભક વિશે જોયું. અંદરના જરાસંઘને મારતા પહેલા આ બેઉ યોદ્ધા મરવા જોઈએ. એ બેઉ આપણા સતત આંતર-નિરિક્ષણના પ્રયાસોથી મરે છે. ડિમ્ભકનો અર્થ થાય નવજાત બાળક - એ આવે છે સંસ્કૃત મૂળ ડીંબમાંથી જેનો અર્થ થાય ઢગલો કે ભેગું કરવું, એકત્ર કરવું. હંસના અર્થ થાય હસવું અથવા ખુલી જવું. આપણા બધામાં એક નબળાઈ પડેલી હોય છે. જેમાં આપણી બીજાની નબળાઈઓ પ્રત્યે હસીએ છીએ. આપણને એ નબળાઈઓ વિશે વાતો કરવાનું પણ ખુબ ગમે છે. બીજા લોકોની નબળાઈઓ નિરિક્ષણથી એકત્ર કરવાની પ્રક્રિયાને ડિમ્ભક કહે છે અને તેની મદદથી બીજાની હાંસી ઉડાવવાની નબળાઈને હંસ કહે છે. શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમ જરાસંઘને મારવા તૈયારી કરે છે તે પહેલાં હંસ અને ડિમ્ભક મૃત્યુ પામ્યા છે.

આપણે જોયું કે, શ્રીકૃષ્ણ જરાસંઘની અસીમ શક્તિની વાત યુદ્ધિષ્ઠિરને કહે છે. ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, 'અમો તો સંપૂર્ણપણે તમારી બુદ્ધિ, બળ અને ક્ષમતા પર આધારિત છીએ. જો તમે પોતે જ એવું માનતા હોય કે જરાસંઘને મારવો દુષ્કર છે તો અમે અમારી જાતને શક્તિશાળી કેમ કરીને માનીએ? તમે જ અમારા માટે સર્વશક્તિમાન છો તો પછી અમે તેને હરાવવાનું કેમ કરીને વિચારી શકીએ?'

આ સાંભળીને ભીમ બોલ્યો, 'જે રાજા માત્ર કાર્યના ભયને લીધે જ કાર્યનો આરંભ નથી કરતો તે નિશ્ચિતરૂપે નાશ પામે છે. વળી આળસરહિત રહીને દુર્બળ મનુષ્ય પણ પોતાના સંકલ્પથી બળવાનને જીતી શકે છે. માત્ર ભયથી જ આ જરાસંઘને મારવાનું કાર્ય કેમ પડતું મુકવું?'

આના જવાબમાં શ્રીકૃષ્ણ કહે છે કે, 'માત્ર બાલિશ મુર્ખાઓ જ પરિણામ વિચાર્યા વગર અભિયાન શરૂ કરી દે છે. પોતાનામાં પ્રચંડ તાકાત અને સમૃદ્ધિ હોવા છતાં પણ મહાન રાજાઓ જરાસંઘને પૂજે છે, એવું આપણે જોઈએ છીએ પરંતુ તેને પચાવવાની પુખ્તતા જરાસંઘમાં નથી. એ આ બધા રાજાઓને ક્રુરતા અને અનાદરથી અન્યાય કર્યા કરે છે, અહી જ એની નબળાઈ પડેલ છે, અને બધા રાજાઓ તેનું મૃત્યુ ઝંખે છે. આ રાજાઓને પશુની જેમ બલી ચડાવી ભગવાન પશુપતિનાથને પ્રસન્ન કરવાની જરાસઘની મહેચ્છા છે. તેણે છ્યાંશી રાજાઓને કેદ કરેલા છે અને ચૌદ રાજાઓ બાકી છે. એક વખત સો પુરા કરશે તો તેને જીતવો અશક્ય છે. તેથી ચૌદ રાજાઓ એકત્ર કરે તે પહેલા તેને મારી નાખી તો તમે ચક્રવર્તી બની શકો. મને ખાતરી છે કે ભીમ, અર્જુનને સાથે રાખી અમે તેને જીતી શકીશું.'

અર્જુન કહે છે કે, 'સંકલ્પબળની તોલે બીજું કશુંય ન આવે. બળથી જ આપણે શત્રુને જીતી શકીએ. જો આપણે યજ્ઞને અર્થે જરાસંઘનો વિનાશ કરીશું અને બીજા રાજાઓનું રક્ષણ કરીશું તો એથી ચડિયાતું બીજું કયું કાર્ય હોઈ શકે? અમે તમને ચક્રવર્તી બનાવવા સક્ષમ છીએ તેથી અમે જરાસંઘની સાથે લડવા જઈએ છીએ.'

શ્રીકૃષ્ણ ફરી બોલ્યા, 'અર્જુનનો વિચાર યોગ્ય છે. યુદ્ધ ન કરીને કોઈ અમર થયું છે? કોઈપણ પ્રયત્નથી સફળતા માટે સુનીતિ અને યોગ્ય આયોજન જરૂરી છે એટલું જ નહી પણ યોગ્ય સમયે અમલમાં મુકેલ આયોજનથી શત્રુ નાશ થતા કાર્ય સિદ્ધ થાય છે. પરંતુ નિતિ વિનાના અને યોગ્ય ઉપાયો વગર માત્ર બળથી જ યુદ્ધ કરવામાં આવે છે તો જેનો વિજય નિશ્ચિત છે તેનો પણ પરાજય થાય છે. આમ આપણાં કાર્યનું એવી રીતે આયોજન કરીએ કે જેથી આપણી નબળાઈઓ ઢંકાઈ જાય અને આપણે આપણાં શત્રુને જીતી શકીએ. નદીનો વેગ જેમ ઊંડા ઝાડને ઉખેડી નાંખે છે તેમ આપણે પણ શત્રુને જડમૂળથી ઉખેડી નાખીએ. પોતાની વ્યૂહવાળી સેના સાથે આપણે જરાસંઘને નહી મારી શકીએ તેથી આપણે વેશપલટો કરીને તેના રાજ્યમાં જઈએ અને દ્વંદયુદ્ધમાં તેને પડકારીએ અને મને ખાતરી છે કે ભીમ તેને મારી નાંખશે.'

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પુછ્યું, 'હે જનાર્દન! આ જરાસંઘ કોણ છે? તેના શરીરબળ અને પરાક્રમ કેવા છે? તમને અગ્નિ સમાનને સ્પર્શ્યા છતાં પતંગિયાની જેમ તે બળી ગયો કેમ નહીં?'

શ્રીકૃષ્ણ વાત કહે છે કે, બૃહદરથ નામનો બળવાન રાજા હતો. ઈન્દ્ર સમાન પરાક્રમી, તેજમાં સૂર્ય જેવો, ક્ષમામાં પૃથ્વી જેવો, ક્રોધમાં યમ જેવો અને સંપત્તિમાં કુબેર જેવો હતો. પોતાના કુળપરંપરાગત ગુણો વડે તે ચારે દિશામાં વ્યાપેલ હતો. કાશીરાજની સ્વરૂપવાન બે કન્યાઓને તે પરણ્યો હતો. તેણે તેમને વચન આપ્યું હતું કે બંને સાથે સમાનપણે વ્યવહાર કરશે અને કોઈપણ એક સાથે ક્યારેય ન્યુનભાવ રાખશે નહીં. બંને સાથે વિષયરસ ભોગવતા રાજાની યુવાની ઓસરી ગઈ પણ વંશ વધારનાર પુત્ર થયો નહીં. પુત્રો માટે તેણે અનેકાનેક યજ્ઞો કર્યા તો પણ પુત્ર થયો નહીં. પછી તેણે સાંભળ્યું કે ગૌતમવંશી મહાત્મા કાક્ષીવાનના પુત્ર ચંડકૌશીક મગધ પધાર્યા છે તેથી પુત્રેચ્છાવાળો તે બેઉ પત્ની સાથે ઋષિદર્શને ગયો. ઋષિએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. આમ્રવૃક્ષની છાંયામાં બેઠેલા મુનિ ધ્યાનમાં બેઠા ત્યાં તેમના ખોળામાં સુડાએ ન ખાધેલું, રસભરેલું આમ્રફળ પડ્યું. ઋષિએ એ ફળ અભિમંત્રિત કરી પુત્રપ્રાપ્તિ માટે રાજાને આપ્યું.

યોગ્ય સમયે રાજાએ બેઉ પત્નિને આપ્યું અને બેઉએ અર્ધો ભાગ કરી ખાધું. ફળ ખાવાથી ગર્ભવતી બનેલ રાણીઓએ યોગ્ય કાળ આવતા શરીરના એક એક ફાડાને જન્મ આપ્યો. શરીરની તે એક એક ફાડમાં એક આંખ, એક હાથ, એક પગ, અડધુ પેટ, અડધુ મુખ જોઈ બેઉ રાણી અત્યંત કંપવા લાગી. બેઉ જીવંત અડધીયાને પોતાની દાસી પાસે બહાર જંગલમાં ફેંકાવી દીધા.

## (૭૧) જરાસંઘની વાર્તાના પ્રતિકો

આપણે જોયું કે, બેઉ રાણી અર્ધ શરીરને જન્મેલા જોઈને કાંપી રહી અને પછી દાસીઓને કહીને તે અડધિયા જંગલામાં ફેંકાવી દીધા. જરા નામની રાક્ષસી અદશ્યપણે રાજાના મહેલમાં વિચરતી હતી તે માનવમાંસની ગંધથી ખેંચાઈ આવી અને નવજાત બાળશરીરના બે જીવંત અડધીયા જોયા. બેઉ અડધીયાનું સંધાન કર્યું કે તરત જ તેમાંથી પૂર્ણ શરીરધારી કુમાર થઈ ગયો અને આખું જંગલ તેના રૂદનથી ગુંજી ઊઠ્યું. બાળકે જોરથી રડવાનું શરૂ કર્યું અને તેનાથી અંતઃપુરના માણસો ગભરાઈ ગયા. રાજા અને તેની બે રાણી દોડી આવ્યા. બાળકના રડવાના બેઉ રાણીના સ્તનમાંથી દૂધ ઉભરાવા લાગ્યું.

એક જ ક્ષણમાં આખી પરિસ્થિતિ પામી ગયેલ જરા રાક્ષસીને લાગ્યું કે આવા બળવાન બાળકનો ઉછેર કરવો મુશ્કેલ છે વળી બાળક માટે રાજા અને રાણીઓની ઉત્કંઠા જોઈને તેણે રાજાને કહ્યું, 'હે પુત્રની ઉત્કંઠાવાળા રાજા, તમારી જાણ બહાર વર્ષોથી હું તમારા મહેલમાં રહું છું હે બૃહદસ્થ! બ્રાહ્મણ ઋષિના વરદાનથી તમારી બેઉ રાણીને થયેલા આ પુત્રના અડધિયાને દાસીઓએ ફેંકી દીધા હતા. તેમને જોડીને આ પુત્રને મેં સાચવ્યો છે તમને એ આપું છું તેનો સ્વીકાર કરો.'

રાજાએ જરાને પુછ્યું 'હે કમલનયની! મને મારો પુત્ર દેનારી તું કોણ છે?' જરાએ કહ્યું 'હે રાજા! તમારું મંગલ થાઓ. પૂર્વે સ્વયંભૂ બ્રહ્માએ મને ઉત્પન્ન કરી છે. મને રૂપવતીને દાનવોના વિનાશ માટે સ્થાપવામાં આવી છે. હું પુત્રહીન હોવા છતાં જે કોઈ મારી માતૃપ્રતિમાને પોતાના ઘરની દીવાલ પર સ્થાપીને પૂજન અર્ચન કરે છે તેના ઘરમાં મંગલવૃદ્ધિ થાય છે. આટલું કહીં જરા અદશ્ય થઈ ગઈ. પછી રાજા એ બાળકના જાતકર્મ સંસ્કાર કરાવ્યા અને જરા નામની રાક્ષસીએ આને જોડ્યો છે તેથી એને જરાસંઘ કહેવો. સંઘ એટલે સંધાન, બે ટુકડાને જોડવા.'

યુધિષ્ઠિરને જરાસંઘના જન્મની વાત કરતા શ્રીકૃષ્ણ આગળ કહે છે કે, 'વર્ષો પછી ઋષિ ચંડકૌશિક ફરી મગધ પધાર્યા અને રાજા તેની રાણીઓ અને યુવાન પુત્ર સાથે ઋષિદર્શન ગયા. ઋષિએ આશિષ આપતા કહ્યું કે, આ પુત્ર સ્વપરાક્રમથી રાજાઓને હરાવી તેમની સમૃદ્ધિ ગ્રહણ કરશે અને પ્રચંડ તાકાતવાન થશે. બૃહદસ્થ જરાસંઘનો રાજ્યાભિષેક કરી બેઉ રાણી સાથે જંગલમાં તપ કરવા ચાલ્યા ગયા. ઋષિની આર્ષવાણી પ્રમાણે જરાસંઘ મહાન રાજા થયો. મે અને બલરામે હંસ અને ડિમ્ભકને માર્યા પછી વેર લેવાની કામના તેનામાં ઘર કરી ગઈ છે, અને પછી તે ક્રુર બની રાજાઓને જીતી જેલમાં નાખવા લાગ્યો. હંસ અને ડિમ્ભક તથા કંસના મૃત્યુ પછી હવે જરાસંઘના મૃત્યુનો સયમ આવ્યો છે, તેથી સમય બગાડ્યા વગર આ કાર્ય આપણે સંપન્ન કરીએ.' આટલું કહી શ્રીકૃષ્ણ મૌન થયા.

હવે આપણે આ વાર્તાના પ્રતિકોને જોઈએ. રાજાનું નામ બૃહદસ્થ છે. 'બૃહદ' એટલે વિશાળ કે ફેલાયેલું, અને રથ એટલે બૉડી-બ્રેઈન સિસ્ટમ. વિશાળ થઈને ફેલાવવું એ ચેતનાનો અથવા તો અહંકારનો ગુણધર્મ છે. અહીં આપણે ધાર્મિક નમ્રતાનો અંચળો ઓઢેલો અહંકારની વાત કરીએ છીએ. અંગ્રેજીમાં તેને 'પાયસ ઇગો' કહે છે. બૃહદસ્થ તેની બેઉ રાણીને સમાન રીતે સાચવે છે તથા તેની સાથે સમાનતાપૂર્વક વર્તે છે. પુત્ર ઈચ્છાથી અને રાજયના ઉત્તરાધિકારી માટે રાજા ઋષિ પાસે જાય છે. ઋષિ આમ્રફળ આપે છે. એ આંબા કે અંબામાંથી આવે છે તેનો અર્થ થાય જવું. આમ, રાજાની ઈચ્છા પુરી થાય છે. કેરીને સુડાએ ખાધેલી નથી (એઠી નથી થઈ). અર્થાત ફળને સ્મૃતિ કે કલ્પનાનો દોષ લાગ્યો નથી. સંપૂર્ણપણે વર્તમાનમાં સ્થિર છે તથા મનની કામગીરી કે દખલથી મુક્ત છે. આશીર્વાદથી રાજા શક્તિશાળી બને છે. ઉચ્ચતર મન અથવા તો ચેતનાના ઉચ્ચતમ આયામોમાંથી ફળ આવેલું છે. રાજા પોતાના નિમ્ન અને તાર્કિક નિતિમત્તાવાળા મનથી આ ઉચ્ચતરને ગ્રહણ કરી પોતાની ન્યાયિક ગ્રસીત સમજણથી સમજવાનો પ્રયાસ કરી બેઉ રાણીને અર્ધુ અર્ધુ લેવાનું કહે છે. ઉચ્ચતરમાંથી આવેલના ભાગ ન પાડવા જોઈએ. આપણી અંદર અંતઃપ્રેરણાનું મન અને તાર્કિક મન એવા બે પ્રકારના મન છે. અંતઃપ્રેરણાના મનમા બધું જ પૂર્ણ છે ત્યાં ભાગલા નથી અને સીધુ જ્ઞાન છે. તાર્કિક મન ટુકડે ટુકડે બધું ભેગું કરે છે અને પછી તેને જોડીને પૃથક્કરણ અને વર્ગીકરણ દ્વારા ભાગોને સમગ્ર રીતે જોવાનો પ્રયાસ કરે છે. વળી એ દરેક અખંડને પણ ટુકડાઓ કરીને વિશ્લેષણ કરવાની ટેવ ધરાવે છે.

બાળક એ ભાગમાં જન્મે છે. આ આપણાં તાર્કિક મગજની પેદાશ છે. આપણે દ્વૈત, દ્વંદ્વના અથવા તો લોલકના નિયમના શિકાર બની જઈએ છીએ. લોલક એકથી બીજા છેડા વચ્ચે ઝુલ્યા કરે છે, એ જ રીતે આપણે નિમ્નસ્તર મનમાં હોઈએ છીએ તો મન એકથી બીજી અવસ્થા વચ્ચે ઝુલ્યા કરે છે. આપણી સ્થિતિ એકથી બીજા વિરુદ્ધો વચ્ચે ફંગોળાયા કરે છે. આનંદથી ઉદાસી, સુખ થી દુઃખ, ઈચ્છાથી હતાષા, પ્રેમથી ધિક્કાર અને ચોક્કસાઈથી શંકા વચ્ચે આપણી આંતર-સ્થિતિ ફંગોળાયા કરે છે. આપણે હંમેશા વિરુદ્ધ છાવણીમાં વહેંચાઈ જઈને એવી ભ્રમણા નીચે જીવ્યા કરતા હોઈએ છીએ કે, કશુંક કાં તો સાચું છે અથવા ખોટું છે. જોવાની ખુબી એ છે કે, એક જ સમયે આપણે કોઈપણ એક છેડા સાથે સંમોહનસભર આસક્તિમાં ડુબેલા હોઈએ છીએ તો તેનાં વિરુદ્ધ ધ્રુવ પ્રત્યે તદ્દન અંધ બની જઈએ છીએ. આપણે કોઈના પ્રેમમાં હોઈએ તો અચેતન મનના કોઈક ખુણામાં પડેલો ધિક્કાર આપણે જોઈ શકતા નથી. હકીકત એ છે કે, કોઈના પ્રેમમાં ગળાડુબ હોઈએ છીએ ત્યારે પણ ધિક્કાર તો ત્યાં હાજર હોય જ છે, માત્ર દેખાતો નથી. ધિક્કાર જયારે સપાટી પર ચેતન મનમાં આવે છે તો આપણને લાગે છે કે, આ એજ વ્યક્તિ નથી જેને આપણે પ્રેમ કરતાં હતાં. હવે એ બદલી ગયો કે ગઈ હોય તેવું લાગવાં માંડે. આપણે સંપૂર્ણપણે બીજા છેડા વિશે અંધ અને ભૂલકણા બની જઈએ છીએ અને આપણી તમામ વેદનાઓનું આ કારણ છે.

વિચારવાની આપણી નોર્મલ ટેવથી આપણે ઉપર

ઉઠવું જોઈએ અને વિરુદ્ધોને પૂરક તરીકે જોવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણી ઉચ્ચતર અવસ્થાની વિચારણા તરફ ઊઠી શકીએ છીએ તો પછી પ્રેમ એ ધિક્કારનો વિરુદ્ધ ધ્રુવ ન રહેતા એકબીજાના પૂરક બની જાય છે અને આપણે બેઉથી ઉપર ઉઠી જઈએ છીએ. આવું બને છે ત્યાર પછી જ એક જુદા જ પ્રકારના પ્રેમની અનુભૂતિ થાય છે જેનો કોઈ વિરુદ્ધ ધ્રુવ નથી - દ્વંદથી, વિરુદ્ધોથી ઉપર ઊઠી ગયા. દ્વંદથી ઉપર ઉઠવા માટે આપણે અંદરના જરાસંઘને મારવો જ પડે છે, એકઠા કરેલા બે અડધીયાને જુદા કરવા પડે છે.

## (૭૨) શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમનું જરાસંઘ સાથે મિલન

યુધિષ્ઠરને જરાસંઘની શક્તિઓ વિશે વાત કરતા શ્રીકૃષ્ણ ઉમેરે છે કે, બધા દેવો, દાનવો એકઠા મળીને પણ જરાસંઘને યુદ્ધભૂમિમાં મારી શકે તેમ નથી. માત્ર શારીરિક બળ વડે જ જરાસંઘને પરાસ્ત કરી શકાય તેમ છે અને તે પણ દ્વંદ્વ યુદ્ધમાં. અર્જુન પોતાના બાણ વડે મારી અને ભીમની રક્ષા નહીં કરી શકે. ભીમ પાસે અસીમ તાકાત અને સંકલ્પ બળ છે અને મારી પાસે તેને મારી નાખવાની યોજના છે. અમે ત્રણે મગધ જઈને તેને દ્વંદ્વ યુદ્ધ માટે પડકાર ફેંકીશું. મને ખાતરી છે કે, અમારા ત્રણમાંથી એકની સાથે તે લડવા તૈયાર થશે. અમે તેને એકાંતમાં મળીશું. સન્માન હણાવાની બીકે, તે ભીમ સાથે લડવાનું પસંદ કરશે. મૃત્યુના દેવ યમ પણ પ્રચંડ અહંકારને નેસ્તાનાબુદ કરી નાખે છે તેમ ભીમસેન પણ જરાસંઘને મારશે. તમને મારામાં શ્રદ્ધા હોય તો ભીમ અને અર્જુનને મારી સાથે મોકલો.

શ્રીકૃષ્ણની યોજનાથી યુધિષ્ઠિર ખુબ હર્ષ પામ્યા અને અર્જુન તથા ભીમને શ્રીકૃષ્ણને અનુસરવા કહ્યું. શ્રીકૃષ્ણને કહ્યું કે, પાંડવો તમારી નિશ્રામાં જ વિજયને મેળવશે. ત્રણેય બ્રાહ્મણ વેશે ઈન્દ્રપ્રસ્થથી મગધ જવા નીકળ્યા. ઘણાં જંગલો, વનો, નદીઓ, અને તળાવો વટાવ્યા પછી તેઓ મગધ દેશની સીમમાં આવ્યાં. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, ‘હે પાર્થ, પશુઓથી ભરેલા, નિત્ય વાણીથી પુરા, ઉપદ્રવ વિનાના અને શુભવનોથી સમૃદ્ધ આ મગધ દેશનો સીમાડો શોભે છે. મગધના કિલ્લાનું ચોમેર ફરતાં પાંચ પર્વતોથી રક્ષણ થાય છે તથા આ નગરી પાંચ ગિરીશૃંગોથી રક્ષાયેલી છે. વર્ષો પહેલા મહર્ષિ ગૌતમે અહીં નિવાસ કરેલો તેથી તેમની ઔરાથી આ દેશ રક્ષાયેલો છે.’

નગરદ્વારે પહોંચીને ત્રણેય મગધમાં પ્રવેશ્યા અને મુખ્ય દરવાજા પાસે રહેલા ગઢબુરજ પાસે ગયા. એ ગઢબુરજને નગરવાસી અને બૃહદરથના વંશજો પુજતા અને સૌ મગધવાસીઓનું એ પ્રિય સ્મરણચિન્હ હતું. અહીં બૃહદરથે માંસાહારી આખલાને મારીને તેના ચામડાથી ત્રણ ભેરીઓ મઢાવી હતી જેને વગાડતા મહિનાઓ સુધી તેનો ઘોષ ગુજ્યાં કરતો. મગધવાસી માનતા કે જ્યાં સુધી તેમનો ઘોષ ગુંજ્યાં કરશે ત્યાં સુધી તેમના પર કોઈ હુમલો નહી કરે.

ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણે સૌપ્રથમ એ ત્રણેય ભેરી ભાંગી નાંખી અને એ અચલ ગઢબુરજને તોડી નાખ્યો. પુરોહિતોએ આને અપશુકન માની કશુંક અજુગતું થવાની આશંકા વ્યક્ત કરી. બીજી બાજુ ત્રણેયે આનાથી ખુશ થઈને નગર પ્રવેશ કર્યો. બ્રાહ્મણોએ અપશુકનની શાંતિ માટે જરાસંઘને હાથી પર બેસાડી અગ્નિ ફરતે આરતી કરી અને રાજાએ દિક્ષા લઈને શાંતિ માટે એક દિવસ ઉપવાસ કર્યો.

રાજમહેલમાં જઈને ત્રણેય યોદ્ધાઓ રાજા પાસે ગયા. બીજા દેશના બ્રાહ્મણોને જોઈને રાજાએ સિંહાસન પરથી ઉઠીને તેમને સન્માન આપ્યું. ભીમ અને અર્જુન મૌન રહ્યાં અને શ્રીકૃષ્ણે જવાબ આપ્યો કે, ‘આ બેઉ વ્રતધારી હોવાથી મધરાત પહેલા તમારે સાથે બોલશે નહીં.’ આથી રાજાએ તેમને યજ્ઞશાળામાં વાસ આપી રાત્રે તેમને મળવા ગયો. રાજાએ તેમને કહ્યું કે, બ્રાહ્મણો તમારા હાથ પર પણછ ચડાવ્યાના નિશાનો છે. તમારા ખભાઓ બળથી થરકી રહ્યા છે અને તમારા મુખ પર ક્ષાત્રતેજ ચમકી રહ્યું છે છતાં તમે બ્રાહ્મણ તરીકે ઓળખાવો છો, તો તમે કોણ છો? અમારી પાસે આવવામાં તમારું શું પ્રયોજન છે?

શ્રીકૃષ્ણ ઉત્તર આપ્યો, ‘ધીર પુરુષો શત્રુના ભવનમાં આડ દ્વારેથી જાય છે અને મિત્રો મુખ્ય દ્વારેથી. અમે વણ કહ્યાં તમારા રાજ્યમાં પ્રવેશ્યા છીએ એટલે અમને શત્રુ જાણો.’ જરાસંઘે જવાબ આપ્યો કે, ‘ત્રણે લોકમાં વિરોના માર્ગ ઉન્નત હોય છે અને મને યાદ નથી આવતું કે મે તમારું અહિત કર્યું હોય કે તમને નુકસાન પહોચાડ્યું હોય તો પછી તમે શા માટે તમને મારા શત્રુ કહો છો? અને તમારી શત્રુતાનું કારણ શું છે? જવાબમાં શ્રીકૃષ્ણ કહે છે, ‘મહાન ધર્મજ્ઞ ક્ષત્રિય બીજાઓનું પણ સદા કલ્યાણ જ કરે છે અને તે આ લોકોમાં રહેલા ક્ષત્રિયોને હેરાન કર્યા છે તેથી તેમની વહારે અમે આવ્યા છીએ. રાજા કેવી રીતે સાધુ રાજાઓને કેદ કરી શકે અને તું તો તેમનું રૂદ્રને બલિદાન આપવા માંગે છે અને તું કહે છે કે તે કોઈને પરેશાન નથી કર્યા! તારુ કરેલું પાપ અમને પણ લાગે છે તેથી અમે ક્ષાત્રધર્મનું રક્ષણ કરવા આવ્યાં છીએ અને એ મનુષ્યને હણવા આવ્યા છીએ જે બીજા મનુષ્યનું સન્માન નથી જાળવી શકતો. અમે બ્રાહ્મણો નથી. આ બેઉ પાંડવ છે, ભીમ અને અર્જુન અને હું તારો પુરાણશત્રુ શ્રીકૃષ્ણ છું . અમે તને દ્વંદ્વ યુદ્ધનું આહ્‌વાન આપીએ છીએ કાં તો યુદ્ધ કર અથવા ક્ષત્રધર્મ પ્રમાણે સર્વ રાજાઓને છોડી દે.’

આપણે જોયું કે, જરાસંઘ બે ભાગમાં જન્મેલો છે અને જરા નામની રાક્ષસીએ તેને જોડેલ છે. આપણે એ જોયું કે, આપણો સાઈકીક નેચર દ્વંદ્વનો સ્વભાવ ધરાવે છે એટલે કે દરેક લાગણી તેની વિરુદ્ધ લાગણી પર ટકેલી છે. આપણો દ્વંદ્વ પારની દૃષ્ટિ કેળવવા સખત પરિશ્રમ કરવો જોઈએ, માત્ર ત્યાર પછી જ આપણને સત્યની ઝલક મળે છે, જે પૂર્ણ હોય છે. આપણે સાધારણ સામાન્ય તર્કજન્ય વિચારણાનાં ગુલામ છીએ જેમાં ચેતનાની અવસ્થા અત્યંત નીચી હોય છે, અને આ વિચારણા હંમેશા આપણને બે ભાગમાં વહેંચી નાખે છે, ખરુ ખોટું, સારું નરસું વગેરે, આ નીચી ચેતનાનું પ્રતિક જરા રાક્ષસી છે જે અડધિયાને જોડે છે, એ આપણી ટેવો અને માન્યતાથી ઘડાયેલું મન છે. એટલે કે કાં તો આપણે આપણા બેવડા સ્વભાવ જોડે અડધિયાને

સાંધીને અનુકૂલન-એડજેસ્ટમેન્ટ કરીએ અથવા તો ચેતનાની અવસ્થાને ઊંચકી લઈએ. આ જરાસંઘ માર્યો કહેવાય.

ત્રણ ભેરીઓ અનુક્રમે વૃદ્ધિ, કેન્દ્રિયતા અને સંતોષનું પ્રતિક છે. જ્યારે ગઢબુરજનો ટાવર સંરક્ષણ માટે છે. આપણા પ્રાચીન ઋષિઓ માળખાના વાઈબ્રેશનનાં અંતઃપ્રેરણાભર્યા વિજ્ઞાનના જાણકાર હતાં અને એક ચોક્કસ બિંદુએ પડઘાતા નાદના વાઈબ્રેશનથી કેવી રીતે સમગ્ર દેશનું સરંક્ષણ કરી શકાય તે જાણતા હતા.

આપણાં ઘરમાં આપણે એવું સ્થાન શોધી ત્યાં નાનકડો ચુંબકવાળો ટાવર ઊભો કરી શકીએ તો તેનાથી એક જુદા જ પ્રકારનું રક્ષણ અને સમૃદ્ધિ આપણાં ઘર અને કુટુંબને મળે છે.

## (૭૩) જરાસંઘનો વધ

આપણે જોયું કે, શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમ ત્રણેય જરાસંઘને દ્વંદ્વ યુદ્ધનો પડકાર ફેંકે છે. જરાસંઘ પડકાર ઝીલી લેતા ભીમ સાથે મલ્લયુદ્ધનો પ્રસ્તાવ કરે છે. બ્રાહ્મણોને બોલાવી પુત્ર સહદેવના રાજ્યાભિષેક કરે છે. યુદ્ધની ઈચ્છાવાળા જરાસંઘનું પુરોહિતે સ્વસ્તિવચન કર્યું અને બેઉ યોદ્ધા મલયુદ્ધ માટે તૈયાર થયા. બેઉએ એકબીજાને નમન કરી એકબીજાના ખભા પકડ્યા.

તેઓ બંને મલ્લવિદ્યાના જુદા જુદા કૌશલ્યો પ્રયોજવા લાગ્યાં. એકબીજાને આંટી નાંખવા લાગ્યા, મુષ્ટિ પ્રહારો વડે, એકબીજા સાથે શરીર અથડાવવા લાગ્યા. કાર્તિક માસના પ્રથમ દિવસે શરૂ થયેલું મલ્લ યુદ્ધ તેરસ સુધી રાત દિવસ, ભોજન વિના, અવિશ્રાંત રીતે ચાલ્યું પણ ચૌદસની રાત્રે મગધરાજા થાકને કારણે યુદ્ધ કરતો બંધ થયો. થાકેલા જરાસંઘને જોઈને ભયંકર કર્મ કરવાવાળા ભીમને શ્રીકૃષ્ણને કહ્યું કે, વખત બગાડ્યા વગર જરાસંઘનો વધ કર. ભીમે જવાબ આપ્યો, 'હે યદુસિંહ, વસ્ત્રથી કમર બાંધ્યા છતા આ પાપીને મારા સમગ્ર બળથી દબાવી શકું તેમ નથી.' શ્રીકૃષ્ણે કહ્યું, 'હે ભીમ, તારી પાસે જે દૈવી પરમ બળ છે અને વાયુદેવે તને જે બળ આપ્યું છે તેને જરાસઘ ઉપર તત્કાલ બતાવ અને યાદ કર કે તારે તેના ચીરા કરવાના છે.'

શ્રીકૃષ્ણના વચનો સાંભળી ભીમસેને જરાસંઘને ઉછાળીને ભમાવવા માંડ્યો અને સો ચક્કર ખવડાવી નીચે પછાડ્યો અને મહાબળવાન હાથથી તેના પગ પકડી તેના ઊભા બે ચીરા કરી નાખ્યાં. જરાસંઘ મૃત્યુ પામ્યો અને ભીમે ગર્જના કરી કે મગધવાસી માનવા લાગ્યા કે, આ હિમાલય ફાટ્યો કે પૃથ્વી ચીરાઈ?

નગરદ્વારે જરાસંઘના શબને છોડીને અર્જુન, ભીમ અને શ્રીકૃષ્ણ દેવોના ગુરુ બૃહસ્પતિએ દીધેલા જરાસંઘના સુવર્ણરથમાં બેસીને રાજાઓના બંદીગૃહમાં જઈને બંદીવાન રાજાઓને મુક્ત કર્યા. રાજાઓએ હર્ષ પામી રત્નો અને આભૂષણો ત્રણેને આપ્યાં.

આપણે જોઈએ છીએ કે, જરાસંઘ આપણા અચેતનના એ ભાગનું પ્રતીક છે. જ્યાં આપણે કાં તો લાગણીઓ સાથે એકરૂપ થઈ જઈએ છીએ અથવા તો પરિસ્થિતિ સાથે સમાધાન કરી લઈએ છીએ. સંસાર પ્રત્યે વેદાંતનો દૃષ્ટિકોણ દ્વૈતનો છે. અર્થાત એકરૂપતા અને ગુલામી. અદ્વૈતએ ચેતનાની ઉચ્ચતમ અવસ્થા છે જેને 'તુરીય' કહેવાય છે. જરાસંઘ ગુલામી અને એકરૂપતાનું પ્રતિક છે જ્યાં દ્વૈતના બે ભાગ જોડાયેલા છે. અદ્વૈત અવસ્થાની ચેતનાને મેળવવાના પ્રયાસો કરવાને બદલે આપણે દ્વૈત સાથે સમાધાન કરી લઈએ છીએ. અર્થાત દ્વૈતને સ્વિકારી લઈએ છીએ, હકીકતે ગુલામીમાં આવી જઈએ છીએ. આપણા અર્ધચેતન અને અચેતન મનમાં ટેવોના થરો પડેલા છે. જીવને જે સાંકળો બાંધે છે તેમાં સૌથી વધુ ટેવોની સાંકળો છે. આપણને વિચારવાની, લાગણીની અને કામના કરવાની અસંખ્ય ટેવો પડેલી છે. આપણી માનસિકતા હકીકતે તો ટેવોના જમેલો માત્ર છે. જેમાં આપણે ચોક્કસ માનસિકતાના ઘડાયેલા રસ્તે જ ચાલીએ છીએ અને આપણી ચેતના 'ઑટોમેટિકલી' 'ઓછી મહેનતે વધુ કેમ મળે' તે રસ્તે જ ચાલે છે. સમગ્ર જિંદગી દરમિયાન આપણે ભાગ્યે જ જોઈએ છીએ કે આપણી ચેતના આપણી ટેવો સાથે કેટલી બધી બંધાયેલી છે.

જરાસંઘનો આ બીજો આયામ છે - ચેતના આપણામાં ચોક્કસ માર્ગે જ ચાલે છે તેને ટેવ કહેવાય, જે આપણને દરેક સ્થિતિમાં પ્રતિક્રિયા આપવા મજબુર કરે છે. જાગૃતિ અને અટેન્શન પર કામ કરવાની ઘણી બધી ટેક્નિકો છે, જેને આપણે 'મેડિટેશન ટેક્નિક' કહીએ છીએ. ટેવો પર કામ કરવા માટે એ ચાલતી નથી. તેની સાથે સંઘર્ષ કરવો પડે. ટેવોને હરાવવા માટે આપણામાં મજબુત સંકલ્પબળ (મનોબળ નહીં)નું નિર્માણ કરવું પડે છે. શ્રીકૃષ્ણ ચેતનાનું પ્રતીક છે. અર્જુન અટેન્શનનું અને ભીમ છે સંકલ્પબળનું પ્રતિક છે. શ્રીકૃષ્ણ અને યાદવકુળ વર્ષો સુધી જરાસંઘ સાથે લડ્યા પરંતુ તેને હરાવી શક્યાં નહીં. મલ્લયુદ્ધમાં ભીમને જરૂર પડે છે જરાસંઘને હરાવવામાં, આમ ચેતનાથી ટેવોને જોઈ શકાય. પરંતુ હરાવી ન શકાય માત્ર સંકલ્પબળથી જ એ થઈ શકે. અધ્યાત્મના દરેક યાત્રિકે પોતાના સંકલ્પબળને વધારવું પડે છે. કેમ કે વર્ષોના મેડિટેશન પછી જે મળે છે તેનો ટેવ નાશ કરી નાખે છે.

શ્રીકૃષ્ણ, ભીમ અને અર્જુન જરાસંઘ સાથે લડવા મગધ જાય છે. ટેવો અચેતનમાં પડેલી છે, એટલે અચેતનમાં પ્રગટ થાય કે તરત જ ચેતન મનને નિયંત્રણમાં લઈ લે, એ તેનું રાજય બની જાય. સ્વ-નિરિક્ષણની શક્તિ વગર (શ્રીકૃષ્ણ અને તેનું સુ-દર્શન) આપણને ખ્યાલ જ ન આવે કે આપણે ટેવોની ગુલામીમા છીએ. જેવા આપણે ટેવો પ્રત્યે જાગીએ છીએ કે ટેવો સાથે આપણા સંકલ્પબળથી સંઘર્ષમાં ઉતરીએ છીએ અને દ્વંદ્વ યુદ્ધમાં તેને હરાવવી પડે છે. જરાસંઘની વાર્તાનો આ ખરો મર્મ છે. યુદ્ધ તેર દિવસ સુધી ચાલે છે એ દર્શાવે છે કે, કેટલો સમય અને કેટલી પ્રચંડ માત્રામાં સંકલ્પબળની જરૂર પડે છે ટેવોને હરાવવામાં. ટેવોને મારતા પહેલા ચીરી નાખવી પડે છે કેમ કે એ ચીરાતી નથી તો ફરી સજીવન થઈને બદલો લે છે.

શ્રીકૃષ્ણ ભીમને વાયુશક્તિનું આહ્વાન કરવાનું કહે છે, એટલે કે આપણે પ્રાણાયમની શક્તિથી સંકલ્પબળ

પણ વધારી શકીએ અને ટેવોને મારી પણ શકીએ. શ્રેષ્ઠ પ્રેકટિસ છે. થ્રી સ્ટેપ રિધમીક બ્રિધિંગ છે. ધારો કે બહુ સહેલાઈથી દરેક સ્થિતિમાં ચિડાઈ જવાની ટેવ હોય તો ચીડાતી વખતે શ્વાસ લયમાં ચાલતો હોય તો ચીડને જોવાય પણ છે અને તેની સાથે સંઘર્ષ પણ થઈ શકે છે.

ચીડ જેવી નાનકડી ટેવમાંથી પણ જો મુક્ત થઈએ છીએ તો સોનેરી રથમાં વિજેતા બનીને બેસીએ છીએ, જેમાં શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમ બેઠાં છે.

## (૭૪) નળ અને દમયંતીની વાર્તામાં પ્રવેશ

નળ અને દમયંતીની વાર્તા, તેના ગહેરા અર્થો તથા પ્રતિકોને આપણે હવેના લેખાંકોમાં ક્રમશઃ જોતા જઈશું. વ્યાસમૂનિ મહાભારતમા નિયમિત અંતરે ઉપકથાઓ અને ઉપાખ્યાનો આપે છે જે મૂળ કથાને માત્ર મજબુત નહી બનાવતા તેના ગહેરા અર્થોમાં નવા આયામો ઉમેરે છે. આ નાનકડા આખ્યાનમાં મૂનિની પ્રતિભા અને ઉંચાઈના આપણને દર્શન થાય છે. મહાભારતની કેટલીય ઉપકથાઓમાં આ વાર્તા મને સૌથી શ્રેષ્ઠ લાગે છે કેમ કે, માત્ર આધ્યાત્મિક અર્થોથી જ સભર ન રહેતા તેમાં આલ્કેમીક અર્થો પણ છુપાયેલા છે. અધ્યાત્મ યાત્રાના પથિક માટે આ નાનકડી વાર્તા ચેતનાની ઉચ્ચત્તર અવસ્થાઓને કેવી રીતે જાળવી રાખવી તેના રહસ્યો ઉજાગર કરે છે.

અહી થોડી અંગત વાત કરવાનું મન થાય છે. ગયા વર્ષે એક મિત્રએ જમવાનું આમંત્રણ આપેલું, ત્યાં તેમના પંચાશી વર્ષના વદ્ધ માતાને મળવાનું થયેલું. તેઓ ૧૯૮૫ માં મારા લાઈબ્રેરીયન હતા. નવ વર્ષની ઉંમરે હું બોર્ડીંગ સ્કુલમાં હજી દાખલ જ થયેલો એવે વખતે એમણે કલાસમાં ખુબ રસપૂર્વક નળ - દમયંતીની વાર્તા કહેલી. પીસ્તાલીસ વર્ષ પછી એમને મળ્યો તો એમણે પુછ્યું કે, જીવનમાં શું કરે છે? એમને યાદ અપાવ્યું કે તેમણે નળ - દમયંતીની વાર્તા કરેલી, પીસ્તાલીસ વર્ષ પછી હજી તેનો જ અભ્યાસ ચાલુ છે. જીસસ કહે છે કે, 'ફર્સ્ટ સ્ટેપ ઈઝ લાસ્ટ સ્ટેપ.' કશું જ બદલાતું નથી, છતાંય બધુ બદલાઈ જાય છે.

પુરાણકાળમાં આર્યોના જીવનમાં પ્રાણીઓ ખૂબ અગત્યનો ભાગ ભજવતા. ઘરેલું પ્રાણીઓની ભૂમિકા ઉપરાંત તેઓ અંતઃસ્ફુરણાથી ઉચ્ચતર આયામમાં પણ પ્રાણીઓની ભૂમિકા જોઈ શકતા હતા. આજે પણ ભારતમા તેના અંશો, શુકન - અપશુકનના રૂપમાં જોઈ શકાય છે. દા.ત. કોઈ અગત્યના કામે બહાર જતું હોય અને કાળી બિલાડી આડી ઉતરે તો એકાદ દિવસ માટે કામ મુલત્વી રાખી દે. ઋષિઓએ જોયેલી ડહાપણની આ પૂરાણ પદ્ધતિના માત્ર અંશો જ છે. તેમને લાગતું કે, જીવનમાં બધું એકબીજા સાથે જોડાયેલું છે અને જે ઘટના આપણને મળવા આવે છે તે કોઈક ઉચ્ચત્તર આયામમાંથી આપણા જીવનમાં આવે છે અને ઘટના પુરી થતા અદશ્ય આયામમાં ચાલી જાય છે અને ફરી આપણા કે કોઈકના જીવનમાં આવવાની રાહ જુએ છે.

પશુઓને આવનાર ઘટનાની જાણ આગોતરી થઈ જાય છે એવું દષ્ટાઓ જોઈ શકતા. પ્રકૃતિમાં આના પ્રમાણો આપણે જોઈ શકીએ છીએ કે ભૂકંપ કે કુદરતી આપત્તિ પહેલા પ્રાણીઓના વર્તન અસ્વભાવિક થઈ જાય છે તે, કોઈક સંદેશો લઈને આવે છે અને તે આપણે વાંચી શકીએ તો, શું બનવાનું છે તેનું ભવિષ્ય ભાખી શકીએ. ધારો કે, જેના પ્રેમમાં છીએ તે છોકરીને પ્રપોઝ કરવાનું હોય અને આ વિચાર મનમાં આવે તે વખતે ઉપરથી કે સામેથી કાગડો ઉડીને જાય તો પુછ્યા વગર પણ તે છોકરીના જવાબની ખબર પડી જાય. સાધારણ રીતે રસ્તે ચાલતા આપણા વિચારો સાથે એટલી હદે એકરૂપ હોઈએ છીએ કે, આપણી ચોતરફ ચાલતી બાબતોથી તદ્દન અજાણ હોઈએ છીએ. અંતઃસ્ફુરણા અને આંતર - નિરિક્ષણ માટે અલગ કક્ષાની જાગૃતિ અને સંવેદનાની જરૂર પડે છે. આપણા સંપર્કમાં આવતા પ્રાણીઓનું નિરિક્ષણ કરીને આપણે કદાચ છુપો સંદેશ સમજી શકીએ. સ્વપ્નોમાં દેખાતા પ્રાણીઓ વિશે પણ અદ્દલ આવું જ છે.

નળ - દમયંતીની વાર્તામાં પણ હંસની ભૂમિકા મહત્ત્વની છે. હંસ એટલે માત્ર પક્ષી જ નહી પણ પરમ આત્મા. હંસ શબ્દની વ્યુત્પતિમાં જઈએ છીએ તો જુદા જુદા અર્થોનો ખ્યાલ આવે છે, જેમ કે તૃપ્તિનું સ્મિત. આવું ત્યારે જ બને જયારે આત્મા મન સાથે સંવાદ કરે છે. ઘણાં મહાન લેખકો, કલાકારો, સંગીતકારોને ઉચ્ચત્તર આયામમાંથી આવા સંવાદનાં ઝબકારાઓ આવતા હોય છે. હંસ એ ઉમદા પક્ષી છે અને જળમાં વિહાર કરે છે. જળ એટલે આપણી લાગણીઓ. અત્યારે આપણી લાગણીઓ નકારાત્મક છે. આપણે જયારે ગુસ્સામાં, ઈર્ષ્યામાં,લોભમાં, સ્વાર્થ કે સ્વ-પ્રેમમાં હોઈએ છીએ તો કુરૂપ દેખાઈએ છીએ અને આપણું લાગણીકેન્દ્ર તોફાની મોજાઓના સમંદર જેવું બની જાય છે. સ્વ-નિરિક્ષણની સખત અને સતત મહેનતથી આપણા લાગણીકેન્દ્રને શુદ્ધ કરીને ભાવકેન્દ્રમાં રૂપાંતરિત કરીએ છીએ તો પાણી શાંત થતા આપણે કલામયતાથી પાણી પર તરીએ છીએ. 'અગ્લી ડકલીંગ' ની પરિકથાનું બતક આપણી નકારાત્મક લાગણીઓની જેમ કદરૂપું છે. પાછળથી એ હંસમાં ફેરવાઈ જાય છે. હંસ એ સ્વ - રૂપાંતરણનું પ્રતિક છે. સામન્યતઃ હંસને એક જ જોડીદાર હોય છે અને જીવનભર રહે છે. યોગ એટલે જોડવું અને પરમયોગ છે પ્રકૃતિનું પુરૂષ સાથેનું મિલન, બે એક થઈ જાય છે.

નળનો અર્થ થાય બાંધવું - જે નિયંત્રિત કરે છે. ઉપનિષદમાં નિયંત્રકને યમ (મૃત્યુનો દેવ) અર્થાત રોકવું કહે છે. અષ્ટાંગ યોગનું આ પહેલું ચરણ છે. દરેક મુમુક્ષમાં આ નિયંત્રક સુષુપ્ત પડેલો છે. જેવો એ થોડો પણ જાગે છે તો નિયંત્રણશક્તિ વધારવાનું શરૂ કરે છે. જેમ કે ઘણી બધી ચીજો કરવાની ઈચ્છા હોય અને એવું હોય કે વહેલા ઉઠીને મારી પ્રેકટીસ કરીશું પરંતુ વહેલા જાગ્યા પછી આપણે પાછા સુઈ જશું - નિયંત્રક છે પરંતુ નિયંત્રણ કરવાની શક્તિ નથી. નિયંત્રણશક્તિને સંકલ્પબળ કહેવાય. મનોબળ નહી પણ એવી ક્ષમતા જે રીલેકસ હોય અને સમજણમાંથી જન્મેલી હોય. દમયંતી 'દમ' માથી આવે છે, જેનો અર્થ થાય કેળવીને

વશમાં કરી શાંત પાડવું. આમ એ શક્તિ છે અને નળ નિયંત્રક છે, બેઉનું મિલન થવું જોઈએ અને એકબીજા સાથે જોડાવા જોઈએ.

વાર્તામાં આપણે જોઈશું કે દમયંતીને મેળવવા નળ કેટલીય વેદનાઓ અને પીડામાંથી પસાર થાય છે. વાર્તાની પશ્વાદભૂ સાંકેતિક છે. પાંચ પાંડવો હસ્તિનાપુરમાં દ્યુતમાં બધુ જ હારીને વનવાસમાં છે. દિવ્યાસ્ત્રોની શોધમાં અર્જુન ગયો છે, એવે વખતે યુધિષ્ઠિર ઉંડા શોક અને પીડામાં છે, ત્યારે બૃહદાશ્વ નામના ઋષિ આવીને તેની પીડાને રૂપાંતરિત કરે તેવી વાર્તા સંભળાવે છે, મહર્ષિ વ્યાસે મહાભારતમાં લખ્યું છે કે, જેઓ નળ - દમયંતીનું આખ્યાન સાંભળે છે અને તેના પર ચિંતન કરે છે અને તેનાં આપેલ સંદેશાને સમજે છે તેઓ પીડામાંથી મુક્ત થઈ સુખ સમૃદ્ધિ મેળવે છે.

## (૭૫) નળ અને દમયંતીનું આખ્યાન

પાંડવોના વનવાસ દરમ્યાન બૃહદાશ્વ ઋષિ યુધિષ્ઠિર પાસે આવે છે. બૃહદનો અર્થ થાય વિશાળ, ફેલાયેલું અથવા સમગ્ર, જ્યાં બધુ એક થઈ સમાઈ જાય છે. અશ્વ એટલે ઘોડો પરંતુ ગહેરાઈમાં તેનો અર્થ સંવેદનાઓ અથવા લાગણીઓ એવો થાય. અશ્વનો એક અર્થ સમય પણ થાય છે. ઋષિના આગમન સમયે યુધિષ્ઠિર પોતાનું સઘળું ગુમાવ્યાના શોક અને આઘાતમાં હોય છે અને ઋષિને કહે છે કે, મને યાદ નથી આવતું કે આટલી બધી વેદનામાંથી કોઈ પસાર થયું હોય. જવાબમાં ઋષિ તેમને પુરાણકાળના રાજા નળની વાત કરે છે જે યુધિષ્ઠિરન કરતા પણ વધારે વેદના અને પીડામાંથી પસાર થયેલો છે. અહી આપણે જોઈએ છીએ કે બૃહદાશ્વએ આપણી અંદરના ઉચ્ચતર ભાવકેન્દ્રનું પ્રતિક છે જ્યાં બધુ એક, સમગ્ર અને વિશાળ છે ત્યાં દ્વંદ્વ નથી કે નથી દ્વૈત. ઉલટાનું યુધિષ્ઠિર પોતાની નિમ્નતર લાગણીઓ સાથે એકરૂપ થઈ ગયા છે. શોક અને પીડાના સમયમાં આપણે જો ઉચ્ચતર ભાવકેન્દ્રની સાથે સંવાદ સાધી શકીએ તો ત્યાંથી સમજણ આવે છે. પરિણામે આપણને ચેતનમાં ઉચ્ચતમ આયામોનો સ્પર્શ થાય છે અને ત્યાંથી આપણી વેદનાઓને અલગ જ પ્રકાશમાં જોઈ શકીએ છીએ. ઉચ્ચતર નિમ્નતર સાથે વાર્તાના સ્વરૂપે સંવાદ કરે છે.

નિષધ દેશના રાજા વિરસેનને ખૂબ રૂપાળો પુત્ર નળ હતો. સુર્યની જેમ તેજસ્વી અને વિર યોદ્ધા હતો. એ અશ્વવિધામાં પ્રવિણ હતો અને અશ્વચાલનના ગુપ્ત રહસ્યો જાણતો હતો. એ શ્રેષ્ઠ ધનુર્ધર હતો અને તેનું ધ્યાન હંમેશા એકાગ્ર રહેતું તેમજ ઉદાર અને સત્યવચની હતો.

એ જ સમયે વિદર્ભના રાજા ભીમસેનને એકેય સંતાન ન હોવાથી તેમના રાજ્યમાં પધારેલા દમન ઋષિને મળવા રાજા અને રાણી ગયા. ઋષિનું સ્વાગત કરી રાજાએ પોતાની સંતાનહિનતાની સમસ્યા કહી, ઋષિએ રાજાને સુંદર પુત્રીનું અને તેને ત્રણ ભાઈઓ પણ થશે તેવું વરદાન આપ્યું. ઋષિના માનમાં પુત્રીનું દમયંતી પાડવામાં આવ્યું. સમગ્ર દેશમાં સૌથી રૂપવતી કન્યા તરીકે દમયંતી પ્રસિદ્ધ થઈ. દમયંતી રૂપ, તેજ, લક્ષ્મી અને સૌભાગ્યથી લોકોમાં યશસ્વીની થઈ હતી. ઘણા રાજાઓ અને દેવોમાં દમયંતીને પામવાની ઈચ્છા વધતી જતી હતી પરંતુ તેની સાથે માત્ર નળની જોડી જ જામે તેમ હતી.

બેઉ એકબીજા વિશે અજ્ઞાત હોવા છતાં જાણે કે એકબીજા માટે બન્યા હોય તેવું લાગતું હતું. નળના પ્રદેશમાં દરેક લોકો દમયંતીના રૂપના ગુણગાન ગાતા હતા અને વિદર્ભમાં દમયંતીની સખીઓ કુતુહલથી નળની પ્રશંસા કરતી હતી. આમ બેઉ એકબીજાને મળે તે પહેલા બેઉને એકબીજા માટે અદશ્ય આકર્ષણ જાગી ચુક્યું હતું. પોતાની અંદરના તાપથી અકળતો નળ સમજી શકતો ન હતો કે આ આગ શેની છે, તેથી બગીચામાં જઈને એકાંતમાં બેસી રહેતો હતો. શ્વેત હંસોની જોડીને નળે બગીચાના સરોવરમાં જોઈ જેની પાંખો પર સોનેરી ઝાંય હતી. તેણે એક ને પકડી લીધો, હંસ વેદનાથી કહેવા લાગ્યો, 'હે રાજન! મને હણવો યોગ્ય નથી, હું તમારૂ પ્રિય કરીશ. હે નિષધ! હું દમયંતીની આગળ તમારા વિશે એવી વાત કરીશ કે, તે તમારા સિવાય બીજા કોઈ પુરુષને મનમાં વિચારશે નહી.'

છોડી દીધેલા હંસ વિદર્ભ દેશ ગયા અને વિહાર કરતી સખીઓથી ઘેરાયેલી દમયંતીની સમીપે ઉતર્યા. હંસોને પકડવાની ઈચ્છાથી તેમની પાછળ દોડતી દમયંતીને મનુષ્યવાણીમાં હંસ આ પ્રમાણે કહેવા લાગ્યો, 'હે દમયંતી! નિષધ દેશમાં નળ નામનો રાજા છે તે રૂપમાં અશ્વિનીકુમારો જેવો છે. બીજો કોઈ મનુષ્ય તેની તોલે આવે તેમ નથી, હે સુવર્ણા! તું જો તેની પત્નિ થાય, તો તારો જન્મ સફળ થશે. અમે દેવો, ગંધર્વો, મનુષ્ય, સર્પો અને રાક્ષસોને જોયા છે પરંતુ ' આ પૂર્વે નળ જેવો મનુષ્ય દીઠો નથી. તું નારીઓમાં રત્નરૂપ છે અને નળ નરોમાં શ્રેષ્ઠ છે.' હંસે પરત ઉડીને નળને આખી વાત કહી સંભળાવી.

હંસના મળ્યા પછી દમયંતી આખો વખત નળ વિશે જ વિચારવા લાગી. ખાધા, પીધા વગરની દમયંતી સુકાવા લાગી અને તેનું શરીર અસ્વસ્થ રહેવાં લાગ્યું. આખો વખત આકાશમાં તાકી રહેતી અને સ્વપ્નોમાં સરી પડતી. સખીઓ પાસેથી તેના પિતાએ દમયંતીની સ્થિતિ વિશે જાણ્યું અને વિચાર્યુ કે તેને યૌવન આવ્યું છે તેથી સ્વયંવર કરવો જોઈએ. વિદર્ભ રાજાએ પૃથ્વીના રાજાઓને પુત્રીના સ્વયંવરના આમંત્રણો મોકલ્યા. દમયંતીની પ્રશંસાથી વાકેફ રાજાઓ સ્વયંવર માટે વિદર્ભ દેશમાં આવવા લાગ્યાં.

એ જ વખતે નારદ અને પર્વન નામના બે મુનિઓ ઈન્દ્રની સભામાં પહોચ્યાં અને ઈન્દ્રના પ્રશ્નના જવાબમાં પૃથ્વીના ક્ષેમકુશળ કહીને દમયંતીના રૂપની અને ગુણની પ્રશંસા કરવા લાગ્યા. દમયંતીના રૂપ અને ગુણની પ્રશંસા સાંભળી ઈન્દ્ર, અગ્નિ, વરૂણ અને યમ એ ચારે દેવો એ પૃથ્વી પર સ્વંયવરમાં જવાનું નક્કી કર્યુ. તેમને ખાત્રી હતી કે દમયંતી એ ચારેમાંથી કોઈ એકને તો વરમાળા પહેરાવશે જ.

અહીં સુધીની વાર્તાને સમજીએ. નળ એટલે બાંધવું - આપણી અંદર એવું કશુંક છે જે આપણી હસ્તીને બાંધી રાખે છે - આપણા આત્માને, દૃષ્ટાને, નિયંત્રકને બાંધી રાખે છે. તે નિષધનો રાજા છે. ષધ એટલે પડી જવું અને

નિ એટલે રોકવું. જે પડી જતા રોકે છે એટલે કે પથ્થર જેવું સખત છે પરંતુ એ નિંદ્રામાં છે, સુશુપ્ત છે. જીવનના સંમોહનમાં સુઈને એકરૂપ થયેલું છે. એકરૂપતામાંથી તેણે જાગવું પડે. મનની મદદ લઈને જાગવાની ક્ષમતા મેળવવી પડે છે, તે સ્થિતિને (જાગૃતિને) જાળવીને નિયંત્રીત કરી રાખવી પડે છે અર્થાત એ સ્થિતિમાં સતત રહેવાનો અભ્યાસ કરવો પડે છે. રોકવા અને નિયંત્રણ કરવાની ક્ષમતા એટલે'દમય'. આમ નળ એ જીવ છે અને તેને મુક્તિની ઈચ્છા છે. દમયંતી તેને મોક્ષ તરફ લઈ જવાની શક્તિ છે. જીવ આ શક્તિને પરણીને પોતાની મુક્તિની તીવ્રતા વધારી શકે છે, જેને આપણે સંકલ્પશક્તિ કહીએ છીએ. આ કામગીરી એ સાધના કે તપ છે અને વર્ષોની પ્રેકટીસ માંગી લે છે. પ્રેકટીસ દરમ્યાન સાધક કેટલીય યાતના, પીડાઓ, જીવનના વંટોળો વગેરેનો સામનો કરે છે, જેનું રહસ્ય આ વાર્તામાં છુપાયેલું છે.

## (૭૬) નળ અને દમયંતીના લગ્ન

આગલા લેખાંકમાં આપણે જોઈ ગયા કે, નળ એ જીવ છે કે જે આપણી અંદર નિયંત્રણ કરનાર પરિબળ છે અને દમયંતી એ નિયંત્રણશક્તિ છે અધ્યાત્મયાત્રાનું પહેલું પગલું છે, નકારાત્મક લાગણીઓની અભિવ્યક્તિને રોકવી. સંસારની પ્રત્યેક સ્થિતિનો સામનો કરીએ છીએ તો આપણી અંદર પ્રતિક્રિયા જન્મે છે, મોટાભાગે એ નકારાત્મક જ હોય છે. પ્રત્યેક પ્રતિક્રિયા 'ઓટોમેટીક' હોય છે અને સંસ્કારોની ચોક્કસ પેટર્ન્સમાંથી કે ટેવોમાંથી આવતું હોય છે. પ્રત્યેક મુમુક્ષનું અંતિમ લક્ષ્ય એ હોય છે કે પ્રતિક્રિયા - રીએકશનમાંથી મુકત થવું. બધી પ્રતિક્રિયાઓમાંથી મુકત થતા પહેલાં તેણે એ શીખવું જ પડે છે કે નકારાત્મક લાગણીઓની અભિવ્યક્તિને કેમ રોકવી. આ કરવા માટે આપણી સંકલ્પશક્તિ વધારવી પડે અથવા તો પ્રતિક્રિયામાં પકડાઈ ન જવાની ક્ષમતા. આપણી અંદરની આ દમયંતી છે. ચીડાઈ જવાય છે તો એક ક્ષણે ખ્યાલ આવે છે કે, ચીડ મારા પર ચડી બેઠી છે - જાગૃતિનું આ પહેલું બિંદુ છે, આ નળ છે, એવો ખ્યાલ કે હું નકારાત્મક અવસ્થામાં છું, ત્યાર પછી આવે છે ચીડ સાથેનો સંઘર્ષ, સંઘર્ષ કરવાની આ ક્ષમતા એ દમયંતી છે.

બધા પ્રદેશોના રાજાઓ દમયંતીના સ્વયંવર માટે વિદર્ભ આવી રહયા છે. નળ પણ વિદર્ભ તરફ જઈ રહ્યો છે. ઈન્દ્રાદી દેવો પણ દમયંતીના હાથ માટે સ્વયંવરમાં આવી રહ્યા છે ત્યાં રસ્તામાં તેને નળ પોતાના રથમાં મળે છે. દેવો નળને કહે છે, 'હે રાજ! તુ સત્ય વચની અને પ્રમાણિક છો તેથી અમારી ઈચ્છા છે કે, તું અમારો સંદેશવાહક બનીને દમયંતી પાસે જા.' નળ સહમત થતાં ઈન્દ્ર કહે છે કે, 'તું દમયંતી પાસે જઈને કહે કે, ઈન્દ્ર, અગ્નિ, વરૂણ અને યમ તારા સ્વયંવર માટે આવે છે અને આ ચારમાંથી એકને તારે પતિ તરીકે પસંદ કરવા જોઈએ.'

આના જવાબમાં નળ કહે છે કે, 'દમયંતીના હાથ માટે હું પણ સ્વયંવરમાં જઈ રહ્યો હોવાથી આ સંદેશો મારે લઈ જવો એ માટે મને હું યોગ્ય વ્યક્તિ લાગતો નથી' ઈન્દ્ર કહે છે કે, 'તે અગાઉ સંદેશાવાહક માટે હા કહી હોવાથી હવે ફરવું યોગ્ય નથી' નળ ઈન્દ્રને કહે છે કે, 'રક્ષકોથી રક્ષાયેલા મહેલમાં દમયંતી હોવાથી મારૂ અંદર જવું મુશ્કેલ છે' ઈન્દ્ર ધરપત આપતા કહે છે કે, નળને મહેલમાં પ્રવેશતો. રક્ષકો જોઈ શકશે નહી. સખીઓથી વીંટળાયેલી દમયંતીને જોઈને નળ સ્તબ્ધ બની જાય છે, તેમ નળ ને જોઈને દમયંતી પણ સ્થિર થઈ જાય છે, એ કોઈ છે અને કેવી રીતે અંદર પ્રવેશ્યો? નળ અને દમયંતી પરસ્પર આકર્ષાય છે.

દમયંતી મૃદુ અવાજમાં નળને પુછે છે કે, 'હે સર્વાગસુંદર! હે મારા અનંગને વધારનાર! તમે કોણ છો? હે વિર, તમે દેવની જેમ અહી આવ્યા છો. હે નિષ્પાપ, હું તમને ઓળખવા ઈચ્છું છું તમારૂ આગમન અહી કેવી રીતે થયું?' નળે જવાબ આપ્યો કે, 'હે કલ્યાણી! મને નળ જાણ. હું દેવોના દુત તરીકે અહીં આવ્યો છું. ઈન્દ્ર, અગ્નિ, વરૂણ અને યમ તને મેળવવા ઈચ્છે છે. હે શોભના, તેમાંથી એકને તારા પતિ તરીકે વરી લે. તને આ સંદેશો મેં આપી દીધો છે. હે શુભા, આ સાંભળી તારી ઈચ્છામાં આવે તે નિર્ણય કર.' દમયંતી નળને કહે છે કે, 'હે રાજા, દેવો પ્રત્યે મને પૂર્ણ સન્માન હોવા છતા હું તમને જ પતિ તરીકે વરૂ છું.' 'દેવોએ મને દુત તરીકે મોકલ્યો છે તો તેઓનો વિશ્વાસઘાત કેવી રીતે કરૂ.' નળ બોલ્યો. દમયંતી સુચવે છે કે, ભલે તેઓ સૌ સ્વયંવરમાં આવતાં, અને સૌ રાજાઓ અને દેવતાઓની હાજરીમાં હું તમને વરમાળા પહેરાવીશ. નળે પછી ચારે દેવો પાસે પરત ફરી સમગ્ર વૃતાંત યથાતથ કહ્યું.

સ્વયંવરના દિવસે સૌ રાજાઓ વિશાળ રાજદરબારમાં એકત્ર થયા. રાજાઓના નામ બોલતા ગયાં અને દમયંતીએ જોયું કે, એકસરખા વસ્ત્રોવાળા એકને બદલે પાંચ નળ ત્યાં સભામાં બીરાજમાન છે. તેને તરત જ ખ્યાલ આવ્યો કે ચારે દેવતાઓએ નળનું રૂપ ધારણ કર્યુ છે. દમયંતી અત્યંત દુઃખ પામવા લાગી. જેને જુએ તે નળ રાજા દેખાતો. તેણે દેવોને પ્રાર્થના કરી કે, 'હંસોના વચન સાંભળીને નૈષધનાથને મેં પતિ તરીકે સ્વિકાર્યા છે, જો આ સત્ય હોય તો તે સત્ય વડે જ દેવો મને નળને બતાવો.'

ચારે દેવોએ પોતાના ચિન્હો બતાવ્યા જેથી દમયંતી નળને ઓળખી શકે. ચારે દેવો પરસેવા વિનાના, પલકાર્યા વગરની આંખોવાળા, રજ વગરના અને પ્રફુલ્લ પુષ્પમાળા તથા પૃથ્વીને સ્પર્શ કર્યા વગરના બેઠેલા દમયંતીએ જોયા. દમયંતીએ નળને વરમાળા પહેરાવી. નળે દમયંતીને કહ્યું 'હે કલ્યાણી! તું દેવોની સમક્ષ મને એક મનુષ્યને ભજે છે તેથી તું મને તારી આજ્ઞામાં પરાયણ રહેનાર માનજે.' દેવો અત્યંત હર્ષ પામ્યા અને દરેકે નળને બે-બે વરદાન આપ્યાં.

ઈન્દ્રએ નળને યજ્ઞમાં 'પોતાનુ પ્રત્યક્ષ દર્શન' તથા 'શુભ અને અનુપમ ગતિ' એવા બે વરદાન આપ્યાં. અગ્નિએ નળ ઈચ્છે ત્યારે પોતે પ્રગટ થશે અને 'કોઈપણની સંગાથે અગ્નિ જેવી ક્રાંતિથી પ્રકાશમાન થશે.' તેવું વરદાન આપ્યું. યમરાજ તેને અન્નરસ એટલે કે અન્નમાંથી જુદા જુદા રસ કાઢી શકવાની શક્તિ તથા ધર્મમાં પરમનિષ્ઠાના વર આપ્યાં. વરૂણદેવે નળ જ્યાં ઈચ્છે ત્યાં જળપ્રાપ્તિ અને ઉત્તમ ગંધવાળી કુલમાળા એ બે વરદાન આપ્યાં.

વિચારો જ્યારે શાંત થાય છે અને ભૂત તથા ભવિષ્યમાં ભટકતું મન વર્તમાનમાં સ્થિર થાય છે, અવધાન એકાગ્ર થયું હોય ત્યારે વ્યક્તિ પ્રકૃતિના ગહેરા નિયમોને જોઈ શકવા સમર્થ બને છે એટલે કે પાંચ તત્વોના નિયમોનો ખ્યાલ આવે છે. સંવેદના જેમ વધે છે તેમ જીવનમાં રસ આવતો જાય છે, જીવનના પ્રસંગો જુદો જ રસ આપતા જાય છે, દેવોને પરસેવો નથી તેનો અર્થ હવે કોઈ રજ ચોંટતી નથી. પૃથ્વીને પગ નથી અડતા તેનો એ કે સંસારનું ગુરૂત્વાકર્ષણ બળ હવે સાધકને ખેંચતું નથી. નિયંત્રણની શક્તિ, જેને આપણે દમયંતી કરીએ છીએ પતંજલિ મૂનિ તેને ધારણશક્તિ કહે છે. સાધક ધારણાની અવસ્થાએ પહોંચે છે તો આ શક્તિઓ તેની ઉપપેદાશ રૂપે તેનામાં ખીલે છે.

## (૭૭) નળાખ્યાનમાં કલીની ભૂમિકા

નળ, દમયંતીના સ્વયંવરમાંથી પરત આવતા ચારે દેવોને રસ્તામાં કલીયુગ, આપણાં યુગનો દેવ અને દ્વાપર યુગ, આગલા યુગનો દેવ સામે મળે છે. બેઉ વિરુદ્ધ દિશામાં જતા હોય છે. ઈન્દ્ર કલીને પુછતા તે જણાવે છે કે, તેનું મન દમયંતી ઉપર સ્થિર થયેલ છે તેથી તેના હાથ માટે સ્વયંવરમાં જાય છે. ઈન્દ્ર હસતા હસતા કલીને જણાવે છે કે સ્વયંવર તો પુરો થઈ ગયો અને દમયંતીએ અમારી દેવોની હાજરીમાં જ નળને વરમાળા પહેરાવી દીધી છે. કલીને અત્યંત ગુસ્સો આવે છે કે દેવતા હોવા છતાં દમયંતીએ નળ જેવા મર્ત્ય મનુષ્યને પસંદ કર્યો. ઈન્દ્ર તેનો ક્રોધ શાંત પાડવાનો પ્રયાસ કરતા કહે છે કે, દમયંતીએ અમારી આજ્ઞાથી જ નળને વરમાળા પહેરાવી છે અને નળએ વિશુદ્ધ અને વિરરાજા છે એટલે જો તેને કોઈ શાપ દેશે તો એ શાપ તેના દેનારને જ લાગશે. આટલું કહી ચારે દેવો ચાલ્યાં ગયા.

કલી પોતાના ક્રોધને કાબુમાં રાખી ન શકતા દ્વાપરને કહે છે કે, હું નળના શરીરમાં પ્રવેશીને દ્યુતમાં તેનું બધું જ ગુમાવરાવીશ અને તું પણ પાસામાં પ્રવેશીને મને મદદ કરજે. નળના રાજ્યમાં જઈને તેનામાં પ્રવેશવાનો મોકો કલી શોધવા લાગ્યો. નળ એકદમ શુદ્ધ અને પવિત્ર સ્થિતિમાં રહેતો હોવાથી લાંબો સમય સુધી કલીને મોકો મળ્યો નહી. એક દિવસ બરાબર શરીર શુદ્ધિ કર્યા વગર નળ રાજા સાયંપ્રાર્થના માટે બેઠો અને કલીને તેનામાં આ ચેતના ગુમાવવાની ક્ષણે પેસવાનો મોકો મળી ગયો. કલી પછી નળના ભાઈ પુષ્કર પાસે ગયો અને કહ્યું કે, નળ સાથે જુગટુ રમ, મારી સહાયતાથી તું પાસા - જુગારમાં નળને ચોક્કસ જીતી જઈશ. પુષ્કરે નળને જુગાર રમવા આમંત્રણ આપ્યું. રમતમાં ઘણી વખત મંત્રીઓ, નગરના નગરપતિઓએ નળને વારવાનો પ્રયત્ન કર્યો, નગરજનોએ કેટલીય વાર કહ્યું પણ નળ માન્યો નહી. દમયંતીએ જાણ્યું કે નળ રાજા હવે બધુ જ ગુમાવી દેવાના છે અને પાસા - જુગારમાં નળ પોતાનું બધું જ હારી બેઠો, અને નિષધ દેશનો રાજા પુષ્કર થયો.

દ્યુતમાં પોતાનું સઘળું ગુમાવેલ નળ રાજા પોતાના તમામ વસ્ત્રો અને ઘરેણાઓ ઉતારી માત્ર એક જ વસ્ત્ર પહેરી રાજ્યમાંથી બહાર ચાલ્યો ગયો. દમયંતી પણ પોતાના પતિના પગલે એક વસ્ત્ર ધારણ કરી જંગલમાં ચાલી. ખુબ થાકેલા તેઓ ત્રણ દિવસથી ભુખ્યા, અન્ન શોધતા હતા. એક પક્ષીના જુંડને નળ પકડવાનું વિચાર્યું. પોતે પહેરેલું એક વસ્ત્ર લઈને તે પક્ષીઓને ઢાંકવા ગયો તો તે વસ્ત્ર લઈ પક્ષીઓ આકાશમાં ઉડી જતા બોલ્યા, 'અમે તો જુગારના પાસા છીએ, તારૂ વસ્ત્ર હરી લેવાના ઈચ્છાથી આવ્યા હતાં કેમ કે તું સવસ્ત્રા નીકળ્યો એ અમને પ્રિતિકર ન હતું.'

દુઃખીહૃદયી અને ભુખથી વ્યાકુળ નળ દમયંતીને કહેવા લાગ્યો કે આ પર્વતો ઓળંગીને જે રસ્તો જાય છે તે તારા પિતૃગૃહનો છે તું તે માર્ગે જા. દમયંતી આઘાત પામી કહેવા લાગી કે તમને આવી અવસ્થામાં છોડીને હું ક્યાંય પણ જવાની નથી અને જો તમે મારી સાથે આવો તો હું પિતૃગૃહે જાઉ. નળે કહ્યું કે, હું રાજા તરીકે ત્યાં ગયો હતો એટલે આ સ્થિતિમાં હું ત્યાં જઈ શકું નહી.

બેઉ જંગલમાં ભટકતા એક ત્યજી દેવાયેલ ધર્મશાળામાં પહોચ્યાં અને રાતવાસો કરવાનું નક્કી કર્યુ. કલી હજીય નળના દેહમાં હતો. મધ્ય રાત્રિએ નળે વિચાર્યું કે મારી છોડી દેવાયેલી દમયંતી પિતૃગૃહે જશે આથી જ્યારે તે સુતી હતી ત્યારે તેનું અર્ધ વસ્ત્ર ફાડીને પહેરી નળ ત્યાંથી ચાલી નીકળ્યો. જાગતા જ અર્ધવસ્ત્રધારી દમયંતી નળને ન જોતાં ગાંડાની માફક તેને શોધવા આમથી તેમ દોડવા લાગી.

જંગલમાં એક પ્રચંડ અજગરે દમયંતીને જોઈ અને તેને ગળવા લાગ્યો, પસાર થતા પારધીએ આ જોયું અને અને અજગરને મારી દમયંતીને બચાવી લીધી. દમયંતીના રૂપથી આકર્ષયેલ પારધી કામવશ થયો. પારધીના ભાવ જાણી પોતાની પવિત્રતાથી તેણે શાપ આપ્યો અને પારધી પ્રાણહીન થઈ પડયો. રાની પશુઓથી ભરેલા જંગલમાં સતત ત્રણ દિવસ સુધી દમયંતી ચાલતી રહી. વૃક્ષો, છોડવાઓને નળ વિશે પુછતી રહી, ભુખથી વ્યાકુળ દમયંતીએ ઋષિઓનું વૃંદ જોયું. ઋષિઓએ તેને તેની ઓળખાણ પુછી અને તેણે આખી કથની કહી સંભળાવી. દમયંતીએ ઋષિઓને પુછ્યું કે તેમણે નળને જોયો છે તેના જવાબમાં ઋષિઓએ ના કહી અને પોતાની આંતરદષ્ટિથી ઋષિઓએ જોયું કે દમયંતી અને નળનો સંગમ થશે પરંતુ ત્યારે જ મિલન થશે જ્યારે વેદના અને પીડામાંથી મુકત થશે. અચાનક ઋષિ સમેત જંગલનો એ ભાગ અદશ્ય બની ગયો.

અહીં આપણે જોયું કે, ઉચ્ચતમ આયામોની અનુભૂતિ પછી મુમુક્ષ કેવી રીતે નીચે પડે છે. અને એ પણ માત્ર એક ક્ષણની જાગૃતિના અભાવથી. કલી આગલા યુગોનું પ્રતિક છે. આપણે બધી જ ગણતરી કરીએ છીએ. મહેમાન આવે તે કેટલી રોટલી જમ્યા તે પણ ગણીએ છીએ. ગણતરી માલિકીભાવ તરફ લઈ જાય છે. જેમાં આપણને બધુ જ આપણાં નિયંત્રણમાં જોઈએ છીએ. ચેતનાની આ અત્યંત નીચી અવસ્થા છે. નળ આ અવસ્થામાં આવે છે અને બધુ જ ગુમાવે છે, અરે ચેતનાને જાળવી રાખવાની ક્ષમતા પણ ગુમાવી બેસે છે. હવે સાધકે વેદનાના લાંબા ગાળાઓમાં પસાર થઈને આ બધું ફરી મેળવવું પડે છે.

## (૭૮) દમયંતીની વેદના

દમયંતીને દિવ્યવનના એક ભાગમાં તપસ્વી ઋષિઓનો સંગમ થયો છે અને તેમની સાથે વાત કર્યા પછી ઋષિ સમેત એ ભાગ અદશ્ય થઈ જાય છે અને દમયંતી જંગલના જુના ભાગમાં આવી જાય છે. ઘણીવાર અતિ વેદના અને પીડાની બાહ્ય સ્થિતિમાં એવું બને છે કે આપણાં વિચારો શાંત થઈ જાય છે અને આપણે વિચારોની અંતઃપ્રેરણાના મનના પ્રદેશમાં દાખલ થઈ જઈએ છીએ. એવે વખતે અંતઃપ્રેરણાનાં ઝબકારામાં સમજણના લીસોટાઓ આપણામાં અવતરે છે અને કશુંક ઉચ્ચત્તર આયામમાંથી સંવાદરૂપે આપણી અંદર આવે છે અને આપણા જીવનને ગહેરાઈથી અસર કરે છે.

જંગલ અદશ્ય થયા પછી દમયંતી પોતાની આંખો ખોલે છે અને અશોક વૃક્ષને પૂર્ણ ખીલેલું જુએ છે. શોક એટલે દુઃખ કે વેદના અને અશોક એટલે દુઃખ કે વેદનાને દુર કરનાર. આંખો ખોલતા જ દમયંતીનું તરત જ અશોક વૃક્ષને જોવું પ્રતિકાત્મક છે, અને પોતાના ગહેરા અર્ધચેતન મનમાંથી એ સંદેશો મેળવે છે કે, તે પણ જલદીથી શોકમાંથી મુક્ત થશે. અશોક વૃક્ષને પ્રાર્થના કરતા દમયંતી કહે છે કે, ‘હે! અશોકવૃક્ષ હું શોકમુક્ત થઈ જાઉ તેમ કર. તું શોકરહિત અને શોકનો નાશ કરનાર કહેવાય છે તો તારુ નામ સત્ય કર અને મારાં પતિ સાથે મારૂ પુનઃ મિલન કરાવ.’

થોડે દુર ગયા પછી દમયંતીએ હાથી, ઘોડા, અને રથોથી ભરેલો એક મોટો સંઘ જોયો. એ સંઘ નદી પાર કરતો હતો. નળ વિશે એ લોકો જરૂર જાણતા હશે એવી આશાએ દમયંતી દોડીને તેમની પાસે ગઈ. પાસે જતા જ એ લોકોની પ્રતિક્રિયા તેની ધારણાથી અલગ હતી. કેટલાય દિવસથી ભટકતી, અર્ધવસ્ત્રધારી, ધુળથી ખરડાયેલી દમયંતીને જોતા એ લોક ભૂત સમજી નાસભાગ કરવા લાગ્યાં, કેટલાક બુમો પાડવા લાગ્યા, કેટલાંક હસ્યા, કેટલાંકે દયા કરી પુછ્યું, હે કલ્યાણી તું કોણ છે? કોની સ્ત્રી છે? અને વનમાં શું શોધે છે? તું સાચું કહે, તું વનની દેવી છો કે પર્વત કે દિશાની યક્ષીણી કે રાક્ષસી છો? દમયંતીએ કહ્યું કે, પોતે સાધારણ માનવ છે અને પતિને શોધી રહી છે.

સંઘપતિની આપેલા ઉતરથી તેને સંતોષ થયો. અને તેમણે કહ્યું કે, તેઓએ તેના પતિને જોયો નથી અને તેઓ ચેદિ તરફ જઈ રહ્યાં છે, ત્યાં જઈને સારે નફે કાપડ વેચવાના છે. દમયંતી સંઘ સાથે જોડાઈ ગઈ. થોડા દિવસો પછી એક સુંદર સરોવરને કિનારે સંઘે પડાવ નાંખ્યો. રાત્રે જંગલી હાથીઓનું ઝુંડ સરોવરમાં પાણી પીવા આવી પહોચ્યું અને તે ઝુડે સંઘ સાથેના અનેક હાથીઓને જોયા. મદથી ઉત્કટ થયેલા એ હાથીઓ વેગપૂર્વક ધસી આવ્યા અને એ હાથીઓની નાસભાગથી વનના માર્ગ ભુંસાઈ ગયા. કેટલાંય લોકો અંધારામાં હાથીઓના પગની નીચે કચડાઈ ગયા, કેટલાંક સુંઢોથી મરણ પામ્યાં. ઘોડાઓ, ઊંટો અને સંઘના હાથીઓ નાશ પામ્યાં. ઊંઘમાં ગુંગળામણ પામતી દમયંતી અચાનક જાગી અને તેણે જોયું કે નાસભાગ થઈ રહી છે તેથી વનના બીજા ભાગમાં દોડીને તે ચાલી ગઈ.

આપણા જીવનમાં એવો પણ સમય આવે છે જ્યારે ગહેરા દુઃખ અને પીડામાં હોઈએ છીએ. સવારે જે લોકો બચ્યા હતા તે પોતાના તથા ગુમાવેલા ધન પર શોક કરતા કરતા ચાલ નીકળ્યા. તેઓ આ વિનાશનું કારણ દમયંતીને ગણીને તેને સાથે લઈ જવાની ના પાડી કારણ કે તેના બદનસીબથી આ ઘટના બની તેમ તેઓ બધા માનવા લાગ્યાં. તેમના ગયા પછી એક બ્રાહ્મણનું વૃંદ આવ્યું તેમને દયા આવતા તેઓ દમયંતીને ચેદી લઈ જવા સહમત થયા.

જીવનમાં જ્યારે અતિ વેદના અને દુઃખ આવે છે તો આપણે શિસ્તબદ્ધતા ગુમાવીને અંધાધુંધ થઈ જઈએ છીએ. આપણે સરખું ખાતા નથી, નથી સરખું સૂતા અને આપણી રોજીદીં જવાબદારીઓથી દૂર ભાગતા જઈએ છીએ. દમયંતીનો ભૂત જેવો દેખાવ અને સંઘનું હાથીઓ દ્વારા વિનાશ એ પ્રતિક છે કે, દમયંતીએ માનસિક શિસ્તબદ્ધતા ગુમાવી દીધી અને અસ્વસ્થ મને ભટકવા લાગી છે.

ચેદી રાજ્યમાં પહોંચી દમયંતી ફરી એકલી પડી ગઈ અને નગરની શેરીઓમાં નળને શોધવા ભટકવા લાગી. તેના આવા દેખાવને લીધે બાળકો તેની પાછળા પાછળ ચાલીને તેને ખીજવવા લાગ્યાં. મહેલમાંથી રાજમાતાએ આ દશ્ય જોતા દાસી મોકલી તેને બોલાવી તેનો આવો દેખાવ હોવા છતાં તેનું રૂપ અને આભાથી રાજમહેલ ચમકવા લાગ્યો.

રાજમાતાએ દમયંતીને પુછ્યું કે, ‘ધુળથી અને દુઃખથી ઘેરાયેલી છો, કોઈ ઘરેણા નથી છતા તારૂ રૂપ અત્યંત ચમકે છે તો તું કોણ છો? તારી ઓળખાણ આપ.’ દમયંતીએ કહ્યું કે, ‘હું સાધારણ પત્નિ છું જેનો પતિ તરછોડી ગયો છે અને જે સુખને નથી જાણતી એવી અભાગી નારી છું.’ રાજમાતાએ કહ્યું, ‘કશાંક અજ્ઞાત કારણોસર મને તારા પ્રત્યે લાગણી થયા કરે છે તું અહીં રહે અને મારા રક્ષકો તારા પતિને શોધશે અથવા તો એ અહીં જ ફરતા ફરતા આવી ચડશે.’ દમયંતી કહે છે કે, ‘અહીં હું એ શરતે રહીશ કે હું કોઈનું એઠું કે તરછોડેલું અન્ન જમીશ નહીં, કોઈના પણ પગ ધોઈશ નહીં, અન્ય પુરુષ સાથે વાત કરીશ નહીં, કોઈ પુરુષ મારી માંગણી કરે તો તમારે તેને શિક્ષા કરવી જોઈએ. છતાં સ્વામીની શોધ કાજે હું બ્રાહ્મણોને મળતી રહીશ.’ દમયંતીની તમામ વાત સાથે સહમત થતાં રાજમાતાએ તેને પોતાની પુત્રી સુનંદા સાથે ઓળખાણ કરાવી તેને કહ્યું કે, આને તારી સખી જાણજે અને સુનંદાને પણ દમયંતી પ્રત્યે સખ્યભાવ જાગ્યો.

ચેદીનગર શું બતાવે છે? આપણા મનોપ્રદેશની તે કઈ જગા છે? ચેદીનો અર્થ થાય જગાડવું,ની પ્રત્યે સજાગ થવું. એટલે કે જીવનની મોહનિંદ્રામાં જતા આપણને જે ચેતવણી આપી જગાડે તે જગા. ગુર્જીએફ આને ‘વર્કમેમરી’ કહે છે. આપણને સ્મૃતિ હોય છે પરંતુ સાધના પથ ઉપર આપણે મદદરૂપ બને છે. દા.ત. આપણને જલદીથી ‘અપસેટ’ થવની આદત હોય અને એટલા જ જલદીથી આનાથી છુટવાની ઈચ્છા હોય. નિર્ણયો લેવાથી કે, ‘હવે હું અપસેટ નહીં થાઉ’, કશું વળતું નથી અને એનું એ જ

પુનરાવર્તીત થયા કરે છે. હવે ખીજની એક ઘટના ઘટી ગયા પછી આપણે સભાનપણે આપણાં મનોપ્રદેશમાં આખી ઘટના ફરી દોહરાવીશું પણ સભાનતાથી. આને કારણે એક નવી જ મેમરી બને છે. આની પ્રેકટિસ વારંવાર કર્યા પછી એક બિંદુ એવું આવે છે જ્યાં આપણે અપસેટ થવાની ધારે છીએ અને નવી મેમરી આપણને ચેતવે છે અને આપણે સ્થિતિને આપણાં પર હાવી થવા દેતા નથી, અને એ પેટર્નમાંથી છુટકારો મેળવીએ છીએ. જે ક્ષણે મુક્તિનો અનુભવ થાય છે ત્યારે આપણાં જીવનમાં આનંદ આવે છે. અહીં દમયંતી સુનંદાને મળે છે. બેઉ સખી બને છે. દમયંતી માટે આ ક્ષણ છે જુના ઘાવોને ફરી જોઈ સભાનતાપૂર્વક તેમાંથી મુક્ત થઈ આનંદની અનુભૂતિ કરવાની.

## (૭૯) નળનો પશ્ચાતાપ

સુતેલી દમયંતીને છોડીને નળ જંગલમાં ચાલ્યો જાય છે. આગળ જતા ગહન વનમાં મોટો દાવાગ્નિ બળતો જોયો. અગ્નિની મધ્યમમાં તેણે વારંવાર એવા શબ્દો સાંભળ્યા, 'હે પુણ્યશ્લોક દોડ્યાં આવો, ડરો નહીં,' નળે દાવાગ્નિ વચ્ચે પ્રવેશીને જોયું તો ગુંચળું વળીને સુતેલો નાગરાજ જોયો. તે કહેવા લાગ્યો કે, 'હે રાજન!' મને કર્કોટક નાગ જાણો અને યુગો વહેલા મહર્ષિ નારદને મેં છેતર્યાં હતા તેથી તેણે મને શાપ આપ્યો કે જ્યાં સુધી નળ તને અહીંથી લઈ નહીં જાય ત્યાં સુધી તું અહીં સ્થાવરની જેમ પડી રહેજે. તે લઈ જશે ત્યારે મારા શાપમાંથી મુક્તિ પામીશ. નળ કર્કોટકને બચાવી, ઉપાડીને દેવથી દુર લઈ જાય છે.

નળે કર્કોટકને મુકવાની ઈચ્છા કરી એટલે તે બોલ્યો કે, હે નૈષધનાથ! તમે તમારા ડગલા ગણતા રહી થોડે સુધી જાઓ. ત્યાં હે મહાબાહો, તમારું હું પરમ કલ્યાણ કરીશ. નળરાજા પગલા ગણતા ચાલ્યાં અને દસમાં ડગલે દસ બોલ્યા કે, કર્કોટકે તેમને દંશ દીધો. દંશ લાગતા જ નળનું દેવાંશી રૂપ અલોપ થઈ ગયું અને શરીર વિકૃત થઈ ગયું. તેનું શરીર નાનું થઈ ગયું અને હાથ-પગ સંકોચાઈને નાના થઈ ગયા. નાગે નળને સાંત્વન આપતા કહ્યું કે, 'મેં તમારા રૂપને અદશ્ય કર્યું છે. જેથી લોકો તમને ઓળખી શકે નહીં. જેને કારણે તમે છેતરાઈને મહાદુઃખમાં પડ્યા છો તે કલી મારા ઝેરને કારણે તમારામાં દુઃખ ભોગવશે. કેમ કે, કલી તમારા સમગ્ર અસ્તિત્વમાં પ્રવેશીને તમારાં ભાવ, વિચારો તથા કામગીરીને અસરગ્રસ્ત કરે છે. તેને લીધે જુગારમાં તમે તમારું રાજ્ય હાર્યા. પરંતુ વિષથી વ્યાપેલો અંગોને લીધે તે તમાર શરીરમાં દુઃખ અને પીડા ભોગવશે. તમને હવે દાઢવાળા પ્રાણીઓ, શત્રુઓ કે બ્રહ્મવેતાઓથી ભય રહેશે નહીં. તમે અહીંથી આજે જ અયોધ્યા જાઓ અને ત્યાંના રાની ઋતુપર્ણને જઈ કહો કે, હું બાહુક નામનો સારથી છું. એ રાજા જુગારમાં નિષ્ણાંત છે. તમે તેને અશ્વવિદ્યા આપશો એટલે તે તમે દ્યુતવિદ્યાનું રહસ્ય આપશે. દ્યુતવિદ્યાના નિષ્ણાંત થતાં જ તમારું રાજ્ય પરત મેળવશો. તમારું મુળરૂપ જોવા ઈચ્છો ત્યારે આ વસ્ત્ર પહેરી મારુ સ્મરણ કરતા મુળરૂપ પામશો.'

અહીં સુધીની વાર્તાને સમજીએ. આપણે જોયું કે, નળ હસ્તીની ઉચ્ચ કક્ષામાંથી નીચે પડે છે. જ્યારે કલી અથવા અંધકાર તેનામા પ્રવેશતા નળ પોતાની પ્રતિકારશક્તિ ગુમાવે છે. જેમ કે, આપણે એવું નક્કી કરીએ કે, કોઈને પીડા થાય એવું નહીં બોલીએ. આપણી સજાગતા ગમે તેટલી રાખવા છતા કટોકટીની ક્ષણે આપણી જુની ટેવમાં ચાલ્યાં જઈએ છીએ અને અચાનક સામેનાને ખરાબ લાગે તેવા શબ્દો બોલાઈ જાય છે. પાછળથી આપણને ખ્યાલ આવે છે કે, આપણે સ્થિતિ સાથે 'હિપ્નોટાઈઝ' થઈ ગયેલા, અને પસ્તાવો કરીએ છીએ.

દાવાગ્નિ એ અંદરના પસ્તાવાની આગનું પ્રતિક છે. હવે આપણો પશ્ચાતાપ બે માર્ગે જઈ શકે છે. એક, જે સાચો છે જેમાં પસ્તાવાની પીડામાંથી આપણામાં વિવેકનો જન્મ થાય છે. બીજો જે ખોટો માર્ગ છે, અને મોટાભાગના લોકો આ જ રસ્તો પકડે છે જેમાં આપણે અપરાધભાવ કે ગુનાહિત લાગણી અનુભવીએ છીએ. અહીં આપણે એ બધા લોકોની વાત કરતા જેઓને બેહોશીમાં જ કરેલા કાર્ય બદલ કશું જ અનુભવાતું નથી.

અપરાધભાવ એ પ્રતિકુલ છે, જેમાં આપણાં કૃત્ય બદલ વિલાપ કર્યા કરીએ છીએ, આપણી જાતને જ દોષ દીધા કરીએ છીએ અને નવી લાગણીમાં સરી જઈએ છીએ જેને સ્વ-ધિક્કાર કે લઘુતાગ્રંથી કહેવાય છે. અપરાધભાવથી આપણી અંદર કશું બદલાતું નથી અને અનિચ્છાએ આપણે એકની એક ભુલનું પુનરાવર્તન કરવા તરફ જુકીએ છીએ. બીજી બાજુ પશ્ચાતાપમાં આપણે અંદર પસ્તાવાની અગ્નિમાં આપણી જાતને બાળીએ છીએ જે પરિણામે વિવેકના પ્રકાશને જગાડે છે. આપણો અર્ધચેતન મનમાં પડેલી આપણી કામગીરી, વિચારો, ભાવો માટે જે પેટર્ન્સ જવાબદાર છે તેને જોવા સમર્થ બનીએ છીએ. આપણાં મન, વચન અને કર્મની જવાબદારી આપણે લઈને આપણી જાતને એ ફરજીયાત વલણમાંથી મુક્ત કરાવીને એ પેટર્ન્સમાંથી છુટીએ છીએ. આપણી અંદર એક પ્રકારના શુદ્ધિકરણના તપમાંથી પસાર થઈને ઉચ્ચકક્ષાની સમજણ તરફ ગતિ કરતાં પુખ્ત બનીએ છીએ.

વાર્તામાં કર્કોટક આપણા દબાયેલા કે સુશુપ્ત વિવેકનું પ્રતિક છે. આપણો વિવેક જાગે છે એ ડંખનું ઝેર છે. નળને નાગ દસ ગણવાનું કહે છે. નવ સુધી દરેક અંક અદ્વૈતની અવસ્થાનું સુચન કરે છે. દસ પહેલો દ્વૈતનો આંક છે અને નાગ નળને ડસે છે. આપણો વિવેક આપણને સાચું શું છે અને ખોટું શું છે તે વિશે મનમાં આંતરસંઘર્ષ ઊભો કરે છે જેનાથી આપણી અંદર આંતરઘર્ષણ ઉત્પન્ન થતાં પસ્તાવાનો તાપ નીકળે છે.

પસ્તાવાની પ્રક્રિયા પણ બે ભાગમાં વહેંચાય છે. પહેલું, જેમાં આપણે જુની પેટર્ન્સને તાપમાં બળી જવા દઈએ છીએ, જે લઈ જાય છે ચેતના અને સમજણના ઉચ્ચતર આયામો તરફ એ તત્કાલ નથી પચતું પરંતુ પચવામાં સમય માંગે છે. ઋતુપર્ણ પાસેથી દ્યુતવિદ્યા શીખવા માટે નાગ નળને જુદુ રૂપ આપે છે, જે પોતાની વિદ્યા બીજાને આપવાથી ભુલી નથી જતો. ઋતુપર્ણનો અર્થ થાય મોસમી પાન. આમ નળના જીવન માટે આ નવો વળાંક છે, બીજું

ડગલું છે. રૂઝનો સમયગાળો, ગુપ્તરૂપે રહેવાનો વખત છે.

કર્કોટકની સલાહ પ્રમાણે નળ 'ઋતુપર્ણને અયોધ્યામાં મળે છે અને કહે છે કે તે એક અત્યંત કુશળ સારથી છે અને કોઈપણ સ્થળે અતિશીઘ્ર જઈ શકે છે. પોતે કુશળ રસોઈયો છે અને આહારમાંથી ગુપ્ત સ્વાદ પણ કાઢવાની ક્ષમતા ધરાવે છે. અભિભૂત થયેલો ઋતુપર્ણ તેને કહે છે કે, મારા મનને ગતિની ખાસ ઉત્સુકતા રહે છે તેથી તને અશ્વશાળા અને ભોજનશાળાનો ઉપરી નીમું છું. તબેલામાં નળ પોતાના જુના સારથી વાર્ષ્ણેય જુએ છે પણ તે નળને ઓળખી શકતો નથી. વાર્ષ્ણેય નળને ઘોડા વિશે જાણકારી આપે છે.'

## (૮૦) નળનો આંતરવિકાસ

નળ જ્યારે અયોધ્યામાં છે ત્યારે દમયંતી ચંદીના રાજમહેલમાં છે અને પોતાની ખરી ઓળખ છુપાવીને રહે છે. મહારાણીને તેણે કહ્યું કે, પોતાના ખોવાયેલા પતિની રાહ જોઈ રહી છે. વિદર્ભમાં દમયંતીના પિતાએ જુગારમાં નળનું હારી જવું, બધું જ ગુમાવ્યાના અને જંગલમાં ચાલ્યા જવાના સમાચાર સાંભળતા બ્રાહ્મણોના વિશાળ જુથને એકત્ર કરી ચારે દિશામાં મોકલી, જે નળ-દમયંતી ખબર લાવશે તેને મોટું ઈનામ આપવાની ઘોષણા કરી. સુદેવ નામનો એક બ્રાહ્મણ ચેદી પહોંચ્યો. મહેલમાં સાદા વેશમાં હોવા છતાં દમયંતીને તરત ઓળખી કાઢી અને દમયંતી પણ પોતાના ભાઈનો મિત્ર હોવાથી સુદેવને ઓળખી થઈ.

સુદેવને જોઈને મળીને દમયંતીને રડવા લાગી તે દુરથી જોતા રાણીમાં એ સુદેવની ઓળખાણ પુછી અને તે દમયંતીને કેવી રીતે જાણે છે તે પુછ્યું. સુદેવે દમયંતીની માંડીને વાત કરતા રાજમાતાની આંખમાં પણ આંસુ આવ્યા. તેણે કહ્યું કે, 'તું મારી બહેનની પુત્રી છો અને તારા જન્મ વખતે તને મેં જોઈ હતી, અમારા પિતાને ત્યાં તારી માતાએ તને જન્મ આપેલો. રાજમાતાએ દમયંતીનું કપાળ ઘસ્યું અને મેલ નીકળતા જ દમયંતીના તલ નીકળી આવ્યો. દમયંતીના કહેવાથી તેને વિદર્ભ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી અને પીડા તથા વેદનાનો ગાળો પુરો થવા આવ્યો.'

વિદર્ભમાં પિતાના ગૃહે દમયંતીએ બ્રાહ્મણોને તત્કાલ બોલાવ્યા અને નળની શોધમાં ચારે દિશામાં મોકલ્યાં. તેણે કહ્યું કે, તેઓ જ્યાં ક્યાંય પણ જાય ત્યાં તેણે આ શ્લોક કહેવો. 'હે ઠગારા! મારુ અર્ધવસ્ત્ર ફાડી તારી પ્રિયાને વનમાં સુતી છોડી ક્યાં ચાલ્યો ગયો છે? તે જેવી છોડી તેવી તે આજે પણ સંતાપમાં તારી રાહ જોઈ રહી છે.' પર્ણાદ નામનો બ્રાહ્મણ અયોધ્યા જઈને ઋતુપર્ણના દરબારમાં એ શ્લોક બોલ્યો. બાહુક (નળ) ત્યાં હાજર હતો તેને પર્ણાદના શબ્દો વાગ્યાં તેથી તેણે પર્ણાદને જઈ કહ્યું 'કુળવંતી નારીઓ વિષમ પરિસ્થિતિમાં આવી પડવા છતાં પોતે જ પોતાનું રક્ષણ કરે છે. રાજ્યથી ભ્રષ્ટ થયેલા, લક્ષ્મીવિહિન થયેલા, ભુખથી પીડાયેલા અને સંકટમાં ડુબેલા પોતાના પતિની આવી દશા જોઈને તેણે ક્રોધ કરવો ઘટતો નથી.'

પર્ણાદ વિદર્ભ આવીને બધી જ વાત કહી સંભળાવતા દમયંતની ખ્યાલ આવી ગયો કે કુરૂપ દેહ હોવા છતાં એ નળ જ છે. પછી તેણે યોજના બનાવી જેથી નળ જાતે જ પ્રગટ થાય. દમયંતીએ સુદેવને બોલાવી કહ્યું કે, 'અયોધ્યા જઈ રાજા ઋતુપર્ણને આ સમાચાર આપ કે, દમયંતી ફરી સ્વયંવર કરવાની છે અને રાજપુત્રો ત્યાં આવી રહ્યાં છે અને સમયગણના પ્રમાણે સ્વયંવર આવતીકાલે થવાનો છે.' તેને ખ્યાલ હતો કે નળ સિવાય બીજો કોઈપણ આટલી સમયાવધિમા વિદર્ભ પહોંચી શકને નહીં, અને આમ એને પોતાના મુળરૂપમાં આવવું પડશે.

ઋતુપર્ણ દમયંતી સ્વયંવરના સમાચાર સાંભળતા જ રૂપવતિ દમયંતીને પરણવાની લાલસાથી બાહુકને રથ તૈયાર કરવાનું કહે છે. બાહુક અશ્વોની પસંદગી કરવા જાય છે.

ઋતુપર્ણ જ્યારે પસંદ કરેલા ઘોડાઓને જુએ છે તો બાહુકને ઠપકો આપે છે કે, આ ઘોડાઓ ક્યારેય પણ આગળ નહીં લઈ જાય. બાહુક ઋતુપર્ણને કપાળે એક, મસ્તકમાં બે, બંને બાજું ઉપર બંબે, છાતી ઉપર બે અને પીઠ ઉપર એક એમ બાર ભમરી બતાવે છે. આ જ ઘોડાઓ વિદર્ભનગરી પહોંચાડશે. ઋતુપર્ણે બાહુકની પ્રશંસા કરી. નળનો સારથી વાર્ષ્ણેય પામ્યો. ત્રણેય રથમાં સવાર થઈ વિદર્ભની દિશામાં ચાલ્યાં. રથની ગતિ જોઈને ઋતુપર્ણ આશ્ચર્યચકિત થઈ ગયો અને વનો, પર્વતો, તળાવો, જંગલો, નદીઓ વટાવતા તેઓ આગળ વધવા લાગ્યા.

અહીં સુધીની વાર્તાનો આપણે ઉઘાડ કરીએ. આપણે જોયું કે નળ આપણો સાચો 'હું' (જીવ) છે અથવા તો અંદરનો નિયંત્રક છે. આપણાં સૌમાં આ સાચો 'હું' (જીવ) સુતેલો છે અને તેને જગાવવો પડે. આંતર-નિરિક્ષણશક્તિ અને નિયંત્રણના વિકાસથી એને જગાડી શકાય. આ શક્તિ દમયંતી છે. આપણે એ પણ જોયું કે, આંતરદ્રષ્ટા દમયંતી સાથેના લગ્નથી એ શક્તિ મેળવે છે. પંરતુ તે શક્તિને એ જાળવી શકતો નથી. બેહોશીના નાનકડા ઝોંકામાં એ તેને ગુમાવી દે છે.

આ શક્તિને ફરી મેળવીને સાચવવા માટે બે બાબતો જરૂરી છે. પહેલું, નળની અશ્વવિદ્યા. એ પ્રતિક છે લાગણીઓ અને ભાવોનું અર્થાત નળનો ઈસ્ટીંક્ટિવ અને ઈમોશન કેન્દ્રો પર કાબુ છે પરંતુ તે બૌદ્ધિક કેન્દ્ર પર કુશળતા મેળવી શક્યો નથી અને એટલે જ એ જુગારમાં બધુ હારી બેસે છે. તેને ઋતુપર્ણ પાસેથી આ જ્ઞાન અને કુશળતા મેળવવાની છે. આ બંને પછી જ, ગુર્જિએફની ભાષામાં, તેણે બેઉ ઉચ્ચતર ભાવકેન્દ્ર અને ઉચ્ચતર બૌદ્ધિક કેન્દ્રનો વિકાસ કર્યો છે. ઉચ્ચત્તર ભાવકેન્દ્ર તેની પાસે છે. બીજું, આપણા તમામ સુખનો આધાર સંસાર પર છે જે ઈન્દ્રિયજન્ય વિષયો દ્વારા આપણી ઈચ્છાઓને સંતોષે છે. નળના બે બાળકોના નામ ઈન્દ્રસેન અને ઈન્દ્રસેના. અર્થાત ઈન્દ્રિયો દ્વારા એવી ક્ષમતા વિકસાવવી પડે જેમાં તે પોતાની અંદરથી જ આનંદ મેળવીને સુખી થાય, એ કોઈના પર આધારિત નથી. સુખનો આ જ સાચો સ્રોત છે, જે આપણી અંદર જ છુપાયેલો છે. નળ તે મેળવશે ત્યારે જ દમયંતીને જાળવવાની ક્ષમતા મેળવશે.

અશ્વો પરથી નિશાનીઓ ખુબ અગત્યની છે. કપાળ એ તાર્કિક વિચારણા દર્શાવે છે. મસ્તકની ટોચ દિવ્યશક્તિનું પ્રતિક છે. બાજુઓ સામર્થ્ય, પ્રેમ અને સમર્પણ દર્શાવે છે. છાતી ઉદારતા દર્શાવે છે અને પીઠ એ ભાર ઊંચકવાની ક્ષમતા દર્શાવે છે. આગળ ઉપર આપણે જોઈશું કે નળ કલીથી કેવી રીતે મુક્ત થાય છે.

## (૮૧) નળનું રૂપાંતરણ

બાહુક સ્વરૂપે રહેલો નળ, ઋતુપર્ણ અને વાર્ષ્ણેય દમયંતીના પૂનઃવિવાહના સમાચાર સાંભળી વિદર્ભ જવા નીકળે છે. રસ્તામાં ઘોડાઓને વિસામો ખવરાવવા નળ રથને થોભાવે છે. ઋતુપર્ણને વિદર્ભ પહોંચીને દમયંતીને પરણવાની તાલાવેલી લાગેલ હોવાથસ બાહુકને રોકાવાની ના પાડે છે, પણ બાહુક તેનું કશું કાને ન ધરતા એક બહેડાના વૃક્ષ નીચે રોકાય છે.

આયુર્વેદમાં બહેડાના ઘણાં ઔષધીય ઉપયોગો છે. તેનું ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્ય પણ હિંદુ સંસ્કૃતિમાં ઘણું છે. સાતમને દિવસે હિંદુઓ બહેડાના વૃક્ષની પુજા કરે છે અને આ વૃક્ષના મુળનો કટકો પોતાની તિજોરીમાં રાખે છે, એવું માનવામાં આવે છે કે, તિજોરીમાં બહેડાના મુળનો કટકો રાખવાથી ધનવૃદ્ધિ થાય છે. આમ, આપણે જોઈએ છીએ કે એ કલી અથવા ગણતરી સાથે સબંધિત છે.

બહેડાના ઝાડ તરફ આંગળી ચીંધી ઋતુપર્ણ બાહુકને કહે છે કે, આ ઝાડની દરેક ડાળીના પાંદડાની સંખ્યા ગણવાની પરમશક્તિ તું જો. એટલું જ નહીં પણ આ વૃક્ષ પર જેટલાં પાંદડા અને ફળો છે તે કરતા અહીં નીચે પડેલા પાંદડા તથા ફળો એકસો એક વધારે છે. બાહુકે રાજાને કહ્યું કે, 'આ વિદ્યા હું જાણવા ઈચ્છુ છું અને બદલામાં તમે મારી પાસેથી આ અશ્વવિદ્યા લો. આમ કાર્યના ગૌરવને લીધે અને અશ્વવિદ્યાના લોભને કારણે, ઋતુપર્ણ બાહુકને અશ્વવિદ્યા આપી અને કહ્યું કે, અશ્વવિદ્યા મારી થાપણ તરીકે તારી પાસે રહેવા દે.'

ઋતુપર્ણ આપેલ વિદ્યાનું રહસ્ય જાણતાની સાથે જ નળના શરીરમાં કર્કોટકનું તિક્ષ્ણ વિષ ઓકતો કલી બહાર નીકળી ગયો. માત્ર બાહુક જ તેને જોઈ શકતો હોવાથી નળ ક્રોધ ભરાઈને તેને શાપ આપવા જતો હતો ત્યાં કલીએ હાથ જોડીને કહ્યું કે, 'હે રાજન નાગરાજના વિષથી દિવસ રાત બળતો હું તમાર શરીરમાં દુઃખપૂર્વક વસ્યો છું તમારે શરણે આવ્યો છું. તમે મને શાપ નહીં આપો તો સંસારમાં હું તમારી ખુબ કિર્તિ વધારીશ અને જે માણસો જાગૃતિપૂર્વક તમારું આખ્યાન સાંભળી કિર્તન કરશે તેમને મારા તરફથી કદી પણ ભય થશે નહીં તથા સુખ અને સમૃદ્ધિ તેના ચરણે આવશે.' આટલું કહી કલી તત્કાલ બહેડાના વૃક્ષમાં ભરાઈ ગયો.

મનુષ્યમાં બે ઉચ્ચતર કેન્દ્રો પડેલા છે. ઉચ્ચત્તર ભાવકેન્દ્ર અને ઉચ્ચત્તર બૌદ્ધિકકેન્દ્ર. આપણે જોયું કે, નળરાજાના ઉચ્ચતર ભાવકેન્દ્ર ખુલીને વિકસી ગયું છે, જેના પરિણામે તે દમયંતિને-શક્તિને પરણે છે, પરંતુ આ શક્તિને બૉડી-બ્રેઈન સિસ્ટમમાં સાચવી રાખવા માટે સાધકના સાઈકીક નેચરની અંદર બેઉ ઉચ્ચતર કેન્દ્રો સમાનપણે ખૂલીને વિકસિત હોવા જોઈએ. ઋતુપર્ણ રાજાનું ઉચ્ચતર બૌદ્ધિકકેન્દ્ર વિકસેલું છે જે તેની વૃક્ષોના પર્ણ-ફળ ગણવાની ક્ષમતાનાં પ્રતિક દ્વારા વ્યક્ત થાય છે. ઉચ્ચતર બૌદ્ધિકકેન્દ્રના વિકાસ માટે અમુક તૈયારીઓના ગાળામાંથી પસાર થવું પડે છે જે નળરાજાને આવતી પીડાના સમયગાળામાં ચિત્રીત થયેલ છે. હવે નળરાજાનો સાઈકીક નેચર પૂર્ણપણે વિકસિત થઈ ગયો છે અને ઉચ્ચત્તર ક્ષમતાઓ પૂરેપૂરી વિકસી ગઈ છે.

ત્રણેય સુર્યાસ્ત પહેલા વિદર્ભનગરી પહોંચ્યા અને કુંડીનપુરમાં દાખલ થતાની સાથે જ રથઘોષથી કુંડીનાપુર ગાજી ઉઠ્યું અને બાહુકે પણ પોતાનો શંખ વગાડ્યો. મહેલમાં બેઠેલી દમયંતી નાદ સાંભળીને ઓળખી ગઈ કે નક્કી આ નળરાજાનો જ ઘોષ છે. તેણે જોયું કે, રથ ચલાવનાર બાહુક તો ઠીંગણો છે. દમયંતીએ પોતાની દાસી કેશીનીને કહે છે કે, 'રથ પર બેઠેલો બેડોળ સારથી કોણ છે તેની ભાળ કાઢ.' કેશીની શબ્દના મૂળમાં કેશ શબ્દ છે જે આવે છે. 'ક્લેશ'માંથી અને તમામ વેદનાના મૂળ ક્લેશમાં પડેલા છે. કેશીનીને દમયંતી દ્વારા બાહુક પાસે મોકલવાના અર્થ એ કે, નળ માટે વેદના અને પીડાઓમાંથી મુક્ત થવાનો સમય આવી ગયો છે.

પતંજલિ મૂનિ કહે છે કે ક્લેશના મૂળનો નાશ થવાથી જીવ બંધનમાંથી મુક્ત થાય છે. કેશીની બાહુક પાસે જઈ ઘણાં સવાલો કરે છે પરંતુ દમયંતીના પુનઃ વિવાહ અંગે બાહુક જાણવા ઈચ્છે છે. તેથી પોતાની જાતને છુપાવી રાખે છે. કેશીની પરત ફરીને દમયંતીને બાહુક સાથેનું યથાતથ વૃતાંત કહી સંભળાવે છે. દમયંતી કેશીનીને બાહુએ રાંધેલું માંસ લઈ આવવાનું કહેતા કેશીની તે લઈને આવે છે અને તેને ચાખતા જ દમયંતીને ખ્યાલ આવી જાય છે કે, બાહુક જ નળરાજા છે, તેથી તે પોતાના બંને બાળકો સાથે દમયંતીના મહેલમાં દમયંતીને પુછે છે કે તે શા માટે પુનઃવિવાહ કરવા ઈચ્છ છે? દમયંતી તેને જણાવે છે કે આ તો તમને અહીં લાવવા માટેની યુક્તિ માત્ર હતી તે સાંભળી કર્કોટકે આપેલ વસ્ત્ર ખભે નાખતા જ નળરાજા મૂળ રૂપમાં આવે છે. દમયંતીને નળ કહે છે કે તેનો શાપ પામેલો કલી પોતાના શરીરમાં રહીને નિયંત્રણ કરતો હતો. મારા પુરુષાર્થના તાપે એ કલીનો પરાભવ કર્યો છે.

બીજે દિવસે સવાર થતાં દમયંતીના પિતા પાસે બેઉ જાય છે. તેઓ તેમને પુષ્કળ ધન આપી વિદાય કરે છે. રાજ્યમાં આવી નકળ પોતાના ભાઈ પુષ્કરને જુગટુ રમવાનું કહેણ મોકલે છે અને એક જ દાવમાં તેનું સમગ્ર રાજ્ય, ધન અને કુટુંબ જીતી લે છે. પુષ્કરને તેના રાજ્યનો ભાગ આપી વળાવે છે અને નળ-દમયંતી હજાર વર્ષ સુધી રાજ્યમાં સુખેથી રહે છે.

આ વાર્તામાં આપણે જોયું કે, સાધક પોતાની ચેતના કેવી રીતે વધારીને પુનઃ ધારણાશક્તિ એટલે કે દમયંતીને મેળવે છે.

બૃહદાશ્વ ઋષિ પાસેથી નળાખ્યાન સાંભળી યુધિષ્ઠિરની વેદના અને દુઃખ હળવા થાય છે. વેદના,

તાપથી 'લોઅર સાઈકીક નેચર'માંની અશુદ્ધિઓ બળી જતા ઉચ્ચત્તર બૌદ્ધિક અને ભાવકેન્દ્રો ખુલીને ખીલી જતા તેની દૃષ્ટિ બદલાઈ જાય છે અને પરમસત્યની અનુભૂતિ કરી તેને જીવવા સમર્થ બને છે.

## (૮૨) દધિચિ ઋષિની વાર્તા

સત્યયુગમાં કાલકેય નામનાં દાનવો હતાં તેને વૃત્ર નામના બીજા અસૂરનું રક્ષણ હતું. પરંતુ વૃત્રાસુરને કાલકેય સિવાય બીજુ કોઈ જોઈ શકતું નહીં. આમ વૃત્રાસુરનો સહકાર લઈ કાલકેય ઈન્દ્રલોક ચડી આવ્યાં. ઈન્દ્રએ દેવો સાથે બ્રહ્માને કહ્યું કે, કાલકેય અને વૃત્રાસરનુ મારવા માટેનો ઉપાય બતાવો.

બ્રહ્માએ કહ્યું કે, દાધિચિ ઋષિના હાડકામાંથી બનેલું શસ્ત્ર કાલક્યે અને તેનો અદશ્ય મિત્ર વૃત્રાસુરનો નાશ કરશે કેમ કે, હજાર વર્ષ પહેલાં દધિચિએ પીગળેલું લોખંડ પીધેલું આથી તેમાંથી બનેલ હથિયાર ચોક્કસપણે અસૂરોનો નાશ કરશે.

બ્રહ્માંડની સલાહ પ્રમાણે દેવો સરસ્વતી નદીને કાંઠે આવેલા દધિચિ ઋષિના આશ્રમમાં ગયા. સૂર્ય સમાન ક્રાંતિથી ઝળહળતા દધિચિ ઋષિએ દેવોને પૂછ્યુ કે, તેમની શું ઈચ્છા છે? બ્રહ્માંની સુચના પ્રમાણે દેવોએ ઋષિને પ્રાર્થનાપૂર્વક તેમના હાડકાં આપવા જણાવ્યું જેથી કાલકેય અને વૃત્રાસરની બેલડીને મારી શકાય. દધિચિ ઋષિએ સહર્ષ પોતાનાં પ્રાણ કાઢી ખોળીયું ઉતારી નાખ્યું જાણે કે મનુષ્ય વસ્ત્રો ઉતારતો હોય તેમ અને દેવોએ નિષ્પ્રાણ ઋષિના હાડકાં એકત્ર કરી લીધા. વિશ્વકર્મા પાસે જઈને દેવોએ ઋષિના હાડકાં આપતા વિશ્વકર્માએ તેમાથી ભયંકર રૂપવાળું ષટકોણીય વજ્ર બનાવ્યું.

ઈન્દ્રની રાહ જોતો વૃત્રાસુર પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેના અવકાશમાં હતો. કાલક્યે દાનવોથી ઘેરાયેલો વૃત્રાસુર દેવો સાથે ભીષણ યુદ્ધ કરવા લાગ્યો અને દેવતાઓ હારવા લાગતા યુદ્ધભૂમિ છોડવા લાગ્યાં. દેવરાજ ઈન્દ્ર વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ પોતાનું તેજ ઈન્દ્રમાં મુક્યું તેથી ઈન્દ્ર શક્તિશાળી બની જતા વૃત્રાસુર ગર્જના કરવા લાગ્યો આ નાદથી પૃથ્વી, પર્વતો, દિશાઓ ધ્રુજવા લાગ્યાં. ઈન્દ્ર પણ ભયથી કાંપવા લાગ્યો અને તેના હાથમાંથી વજ્ર છુટી ગયું અને વૃત્રાસૂરનો વધ કર્યો. ઈન્દ્ર સરોવરમાં પેસી ગયો હતો. વૃત્રાસુર મરાતા દેવો કાલકૅ્ય દાનવોનો સંહાર કરવા લાગ્યાં તેમણે ઈન્દ્રને શોધી વૃત્રાસુરનો મૃત્યુના સમાચાર આપ્યાં. યુદ્ધ જીત્યાનું કહેતા ઈન્દ્ર સરોવરમાંથી બહાર આવ્યાં.

ગહેરાઈમાં જઈએ તો વૃત્રાસુર અંદરના અંધકારનું પ્રતીક છે. 'વૃત' એટલે પસંદ કરવું અને અસુર એટલે અંધકાર. આપણી અંદર જ્યારે ચૈતન્યના પ્રકાશનો અભાવ હોય છે તો આપણે સાચી રીતે પસંદગી કરી શકતી નથી. કાલકેય એટલે સમય અને તેન આયામોને અંદરના અંધકારનું રક્ષણ મળે છે. દધિચિ મુનિના હાડકાંમાથી બનેલા અસ્ત્ર અને વિષ્ણુના તેજની મદદથી અંદરનો અંધકાર અને સમયના દાનવોનો સંહાર થાય છે. યોગી વજ્રોલીની પ્રેકટિસ દ્વારા પોતાની વજનાડી ઉપર નિયંત્રણ મેળવીને ધારણાશક્તિ મેળવે છે. આ માટે સ્થુળ વજરોલીની મુદ્રાનો તથા તેના સાઈકીક ભાગનો અભ્યાસ કરે છે. જે અનુક્રમે વજ્ર અને વિષ્ણુના તેજ દ્વારા દર્શાવાયું છે. વજનાડી પર જેવું નિયંત્રણ આવે છે કે આંતરપ્રકાશ અંદરના અંધકાર પર પડતા યોગી સમયના બંધનમાંથી મુક્ત થાય છે, તેમજ વૃત્રાસુર મરાતા પસંદગીની ક્ષમતાઓ સ્વામી બનતા પોતાની ઈચ્છાઓ પુરી કરે છે.

અદશ્ય વૃત્રાસુરનો નાશ કર્યા બાદ કાલકેય દાનવો સમુદ્રમાં ભરાઈ જઈને બેઠાં. સમુદ્રમાં સંતાયા હોવા છતા પણ તેઓ ઋષિઓ, વનવાસીઓ અને મનુષ્યોને હેરાન-પરેશાન કરતાં હતાં. દિવસે તેઓ સાગરમાં સંતાઈ રહેતા અને રાત્રે અંધારાઓ લાભ લઈ આશ્રમો અને પુણ્યાધામોમાં જે જે ઋષિઓ, તપસ્વીઓ અને મનુષ્યો હતા તેમને ખાઈ જતા. સમગ્ર અસ્તિત્વમાં તેમણે ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાવી દીધું. રાત્રે તપોધન ઋષિઓને ખાઈ જતાં અને તેમના હાડકાનો ઢગલો તેમના કૃત્યોની હાજરી આપતો.

મોટાભાગના લોકો કાલકેય દાનવોથી બચવા માટે તેમના નિવાસ સ્થાનો છોડીને પર્વતોની ગુફાઓમાં આશ્રય શોધવા લાગ્યાં. કેટલાંક ધનુર્ધારીઓ તેમને ખોળવા લાગ્યાં પરંતુ સમુદ્રવાસ કરી રહેલા દાનવો તેમને ન મળતા તેઓ પણ થાકીને ઘેર પાછા ફર્યા. પીડાથી ત્રસ્ત દેવો વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુએ કહ્યું કે, ભયંકર કાલકેય દાનવો સાગરમાં ભરાઈ બેઠાં છે તેથી જો મહાસાગર પોતે જ સુકાઈ જાય તો તમામે બહાર આવવું પડે જેવા તેઓ ખુલ્લામાં આવે પછી તેમને મારી શકાય. વિષ્યણુ ભગવાન તેમને અગત્સ્ય ઋષિ પાસે જઈ તેમને સાગર પીવાની વિનંતી કરવાનું કહ્યું.

દેવોની સ્તુતિથી પ્રસન્ન થયેલા અગત્સ્ય ઋષિ સાગરકાંઠે જઈ તમામ જળ પી ગયા. જળ વગરનો સમુદ્ર થતાં જ કાલકેય દાનવો દેખાયા અને વિવિધ આયુધોથી દેવોએ તેમનો સંહાર શરૂ કર્યો. બધા દાનવોનો સંહાર થઈ જતા દેવોએ ઋષિ અગત્સ્યને પુનઃ વિનંતી કરી કે હવે સાગરને જળથી ભરી દો, ત્યારે મુનીએ ઉત્તર આપ્યો કે, 'હું તો જળને પચાવી ગયો છું તેથી સમુદ્ર ભરવા બીજો કોઈ ઉપાય વિચારો.' 'સર્વ દેવો ઋષિને નમસ્કાર કરી સ્વધામ ચાલ્યાં ગયા. આગળ જોઈશું કે, દેવો ગંગાને પૃથ્વી પર અવતરણ કરવા પ્રાર્થના કરે છે.'

હવે વાર્તાનો ઉઘાડ જોઈએ, પાણી આપણાં ભાવજગતનું પ્રતીક છે અને એ લાગણીવેડાના દાનવોથી ભરાયેલું છે. આ લાગણીવેડાના દાનવોને કારણે આપણે જીવનને સ્પષ્ટતાથી જોઈ-માણી શકતા નથી. જીવનની સ્પષ્ટતાથી - યથાતથ સ્થિતિમાં સંવેદના લેવા માટે મુમુક્ષુ સાધકે લાગણીવેડાના રાક્ષસોને મારવા પડે છે, નહિતર તેઓ સાધકના આંતરજગતમાં અંધાધૂંધી, પરેશાની અને અરાજકતા ફેલાવી સત્યને ઢાંકી દે છે.

આ દાનવોનું નામ કાલકેય છે અર્થાત લાગણીવેડા સમયની આહુતિ માંગે છે. કોઈથી આપણે માઠું લાગી જાય, કોઈ અપમાન કરે તો પછીના કલાકો આપણે એ બાબતના મનોમંથનમાં ગાળીએ છીએ કે, મારી લાગણી સાથે તે

વ્યક્તિ કઈ રીતે રમત રમી ગયો, અને મને ગહેરાઈ સુધી ઘાયલ કરી ગયો. પોતાની જાતનો વિકાસ કરી જીવનમાં આગળ વધવાને બદલે અને લાગણીવેડામાં એ વ્યક્તિ પાછળ વિચારવામાં આપણો કિંમતી અને મહામુલો સમય વેડફાયો. આપણી પાસે માત્ર સમયની જ મુડી છે, અને તેય મર્યાદિત છે. લોઅર સાઈકીક નેચરની આ બધી લાગણીઓ હકીકતે તો આપણો આધ્યાત્મિક વિકાસ જ અવરોધે છે.

અદ્દલ આ જ રીતે દરેક મા-બાપ પોતાના સંતાનને પ્રેમ કરતા હોય છે, પંરતુ આ લાગણીના બંધનને કારણે મા-બાપ બાળકને, એ ખરેખર કોણ છે તે જોઈ શકતા નથી. લાગણીના દાનવોથી જ્યારે મુક્ત થઈએ છીએ તો પછી સાચા જ્ઞાનની સરિતા વહે છે જે સ્વર્ગમાંથી અવતરતી ગંગા નદી છે.

## (૮૩) ગંગાવતરણની પૂર્વ તૈયારી

ઈક્ષ્વાકુ વંશમાં સગર નામે મહાપ્રતાપી રાજા થયો. તેને કોઈ સંતતની ન હોવાથી પોતાની બેઉ પત્નિ વૈદર્ભી અને શૈબ્યાની સાથે કૈલાસ પર્વત ઉપર પુત્રેચ્છા માટે તપ કરવા લાગ્યો. પ્રચંડ તપ પછી મહાદેવે પ્રસન્ન થઈ તેની બેઉ રાણીને ગર્ભવતી હોવાનું વરદાન આપ્યું. તારી એક રાણીથી મહા શુરવીર એવાં સાઠ હજાર પુત્રો જન્મશે પરંતુ ઋષિના ક્રોધથી બળી જશે. બીજી રાણીથી એક પ્રતાપી અને શુરવીર વંશધર પુત્ર થશે.

રાજ્યમાં પાછા ફરેલા રાજાની રાણીઓ થોડા સમય પછી ગર્ભવતી થતા વૈદર્ભીએ એક તુંમડાને ગર્ભમાંથી જન્મ આપ્યો અને શૈબ્યાને દેવકુમાર જેવો એક પુત્ર જનમ્યો. તુંમડાને ફેંકી દેવાનો વિચાર કરતાં હતા ત્યાં જ અંતરીક્ષમાંથી વાણી સંભળાઈ કે, 'હે રાજન! પુત્રોનો ત્યાગ કરીશ નહીં. તેમાંથી બીજ કાઢી લઈ ઘી ભરેલા ઘડામાં મુકી જાળવી રાખ.' તુંબડામાંથી તારવી લીધેલા સાઠ હજાર બી ને સંભાળપૂર્વક ઘી ના ઘડાઓમાં મુકવામાં આવ્યાં. રૂદ્રની કૃપાથી થોડા સમયમાં જ તેમાથી મહાબળવાન સાઠ હજાર પુત્રો થયા. હર્ષ પામેલો સગર રાજા અશ્વમેઘ યજ્ઞ કરવાનું વિચારવા લાગ્યો.

પુત્રોથી રક્ષાયેલો અશ્વમેઘનો ઘોડો નિર્જળ સમુદ્ર પાસે આવીને અદશ્ય થઈ ગયો. તમામ સગરપુત્રોએ સર્વદિશામાં અશ્વની શોધખોળ કરી પરંતુ અશ્વ લઈ જનારનો પતો મળ્યો નહીં. પિતાને સમાચાર આપ્યાં ત્યારે તેમણે ક્રોધથી પુત્રોને કહ્યું કે, અશ્વ લીધા વગર રાજ્યમાં નહી આવતા. આથી ક્રોધે ભરાયેલ એ પુત્રોએ નિર્જળ સમુદ્રને પાતાળ સુધી ખોદી નાખ્યો. કપિલમુનીને ત્યાં ધ્યાનના બેઠેલા જોયા અને અશ્વ તેમની આજુબાજુ ફરતો હતો. મુનિનો અનાદર કરી તેઓ અશ્વને પકડવા દોડ્યાં. મુનિએ નેત્રો ખોલ્યા અને અશ્વ લઈ જતા સગરપુત્રોને જોઈ ક્રોધની એક જ દૃષ્ટિથી તેમને બાળી રાખ કરી નાખ્યાં.

સગર રાજાએ અસમંજસના પુત્ર અંશુમાનને બોલાવી કહ્યું કે, તારા સાઠ હજાર કાકાઓ કપિલમૂનિના તેજથી નાશ પામ્યા છે અને નગરજનોના હિત માટે મેં ારા પિતાનો પણ ત્યાગ કર્યો છે તેથી અશ્વને લાવીને દુઃખમાંથી તાર. અંશુમાન એ જ માર્ગે પાતાળમાં ગયો અને ઋષિ શ્રેષ્ઠને પ્રણામ કરી પોતાનું કાર્ય જણાવ્યું. ઋષિએ તેને વરદાન માંગવાનું કહેતા પહેલા વરદાનમાં અશ્વ માંગ્યો અને બીજા વરદાનમાં પિતૃઓને પાવન કરવાની ઈચ્છા દર્શાનવી. ઋષિએ આશીર્વાદ આપણા કહ્યું કે, તું રાજા બનીશ અને દયાળુ, શુરવીર, તથા દાનવીરતા માટે તારી દસે દિશામાં ખ્યાતિ થશે. પોતા સાઠ હજાર કાકાઓના આત્માનું શું થશે તેવાં પ્રશ્નના જવાબમાં ઋષિ અંશુમાનને કહે છે કે, તારો પૌત્ર મહાદેવને પ્રસન્ન કરી સગરપુત્રોને પાવન કરવા સ્વર્ગમાંથી ગંગા લાવશે. જ્યારે ગંગાનું પાણી સમુદ્રને ભરી દેશે ત્યારે તેના સાઠ હજાર કાકા મુક્ત થઈ જશે. અંશુમાન અશ્વ લઈને પરત ફરે છે અને યજ્ઞ સંપન્ન થાય છે. સમગ્ર વાત સાંભળી સગર રાજાએ પણ પુત્ર નાશનું દુઃખ ત્યજી દીધું.

સાધક યૌગીક પ્રેકટિસની ગહેરાઈમાં જાય છે ત્યારે તેને ઊર્જાની ગતિના બે આયામનો ખ્યાલ આવે છે એક છે ઊર્જાનો ઉત્ક્રાંતનો એટલે કે નિમ્નત્તર યોગીક કેન્દ્રોમાંથી ઉચ્ચતર કેન્દ્રોમાં ઊર્જા ચડે છે. જે સાધકના પક્ષે સખત પ્રેકટિસ માંગી લે છે. આ ઊર્જા સામાન્યતઃ દિવાસ્વપ્નો અને નકારાત્મક લાગણીઓમાં વેડફાઈ જાય છે. અધ્યાત્મ પથનો વિદ્યાર્થી આ 'લીકેજ'ને અટકાવવા માટે સખત મહેનત કરે છે અને પછી ઊર્જાને ઉર્ધ્વ કરનારી ટેક્નિક્સથી ઉચ્ચત્તર કેન્દ્રોમાં ચડાવે છે. બીજુ છે ઉચ્ચતર આયામોમાંથી અવતરતું જ્ઞાન, જેને સાધકે એકઠા કરેલા તમામ જ્ઞાનથી મુક્ત થવો જોઈએ. સાધકે ભેગું કરેલું તમામ જ્ઞાન ઉચ્ચત્તરના અવતરણ માટે છોડી દેવું પડે છે. જેથી ઉચ્ચતર જ્ઞાન જીલી શકાય. સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ શિષ્યના ઉચ્ચત્તર જ્ઞાનને તૈયારીના પ્રતિકરૂપે છે.

સગરના સાઠ હજાર પુત્રો તુંબડામાંથી નીકળેલા બીજમાંથી જન્મ્યા છે. તુંબડું આપણા અર્ધચેતન મનનું પ્રતિક છે જયાં બધી ટેવો અને ઘડતર સચવાયેલા છે. આ સાંઠ હજાર એ એકત્ર કરેલી માહિતીમાંથી આવતા જ્ઞાનનું પ્રતિનિધિત્ત્વ કરે છે. શિવજી કહે છે કે, તેઓ ઋષિના શાપથી મૃત્યુ પામશે. શરૂઆતમાં આ જ્ઞાન જરૂરી છે એટલે તેઓએ પાતાળ સુધી ખોદી નાખી માર્ગ તૈયાર કર્યો. જયાં કપિલમૂનિની દષ્ટિથી બળી ગયાં.

યોગમાં બૉડી-બ્રેઈન સિસ્ટમનું મૂળ મૂલાધાર ગણાય છે. મૂલાધારમાં કપિલમૂનિની બેઠક છે. કપિલ શબ્દ આવે છે 'કમ્પ'માંથી અર્થાત કંપન કરવું. મૂલાધાર ઊંચી ફ્રીકવન્સીએ વાઈબ્રેટ થાય છે - કંપન કરે છે. આ વાઈબ્રેશન તમામ ઊર્જાનું મૂળ છે તેવું યોગી જાણે છે. અહીં નિરંતર, સતત, સનાતન ગતિ ચાલે છે. આ વાઈબ્રેશન્સથી આપણા શ્વાસોચ્છવાસ અને તમામ દૈહિક ક્રિયાઓ ચાલે છે.

અંશુમન એટલે પ્રકાશનું કિરણ. સાઠ હજાર પુત્રોનો નાશ થતાં સગરરાજા પૌત્રને અશ્વ લેવાં મોકલે છે. આ ક્ષણની યોગીને પ્રતિક્ષા હોય છે. જેમાં આંતરદર્શન ખૂલે છે અને પ્રકાશનું કિરણ ઊર્જાના સ્રોતમાં મોકલવા સક્ષમ બને છે. સગરના પુત્ર અસમંજસનો અંશુમાન પુત્ર છે. અસમંજસને દેશ નિકાલ કરેલો છે. અસમંજસ એટલે

અંધાધુંધી, અરાજકતા. હાલ આપણું અટેન્શન વિખરાયેલું છે, અરાજક છે. નિયમિત પ્રેકટીસથી એ સ્થિર થઈ એકાગ્ર બને છે, અંશુમાન જન્મે છે. આપણી બૉડી-બ્રેઈન સિસ્ટમમાંથી અરાજકતા દુર કરી ધ્યાન એકાગ્ર કરવું પડે છે.

લાંબો સમય શાસન કરી સગરે અંશુમાનને રાજ્ય સોંપ્યું. અશુંમાનના પુત્ર દિલિપને ભગીરથ નામનો પુત્ર થયો જેણે કઠોર તપશ્ચર્યા કરી ગંગાને પ્રસન્ન કર્યા. 'ભગ'નો અર્થ થાય સમૃદ્ધ થવું અર્થાત સમૃદ્ધિનો રથ-વાહન. જે ક્ષણે આપણે ઉછીના જ્ઞાનથી મુક્ત થઈએ છીએ તો ઉચ્ચત્તર જ્ઞાન કે પ્રજ્ઞાનું અવતરણ થાય છે જેને ગંગા કહે છે. કોઈ પ્રકારની શોધખોળ વિશેની વાતો સાંભળીએ છીએ તો ખ્યાલ આવે છે કે, કશુંક ઉચ્ચત્તર આયામમાંથી વૈજ્ઞાનિકના મનોપ્રદેશમાં ઝબકીને ચાલ્યું ગયું, અને કશુંક શોધાઈ ગયું.

આમ સાધક પોતાની હસ્તીના કેન્દ્ર સુધી પહોંચે છે, ઉછીના તમામ જ્ઞાનથી મુક્ત થઈ ખાલી પાત્ર બને છે અને ઉચ્ચત્તર આયામોમાંથી એ પાત્રમાં પ્રજ્ઞાનું અવતરણ થાય છે.

## (૮૪) ગંગા-અવતરણ

અંશુમનનો પૌત્ર ભગીરથ જ્યારે તેના સાઠ હજાર કાકાઓના મૃત્યુની કથા સાંભળે છે અને કપિલમૂનિના ક્રોધના ભોગ બન્યાં પછી પણ તેમણે મોક્ષ મળ્યો નથી એવું સાંભળતા રાજ્ય છોડી હિમાલયમાં તપ કરવા ચાલ્યો જાય છે.

માત્ર ફળો, કંદ, મૂળનો જ આહાર કરતા હજાર વર્ષ સુધી યજ્ઞ અને તપ કરીને ગંગાને પ્રસન્ન કરતાં ગંગા પ્રગટ થઈ તેની ઈચ્છા પુછે છે તો રાજા કહે છે કે યજ્ઞના ઘોડાની શોધ કરતા તેના પિતૃઓએ પ્રાણ ખોયાં છે તેથી તેમને મુક્તિ નથી મળી અને હજી પણ તેઓ અશ્વની શોધમાં ભટકી રહ્યાં છે. તેથી સ્વર્ગમાંથી આપ નીચે ઉતરી અગત્સ્ય ઋષિએ પીને ખાલી કરી દીધેલા મહાસાગરને આપના પાણીથી ભરી દો અને પછી એ જગા પવિત્ર કરો. જ્યાં વડવાઓ મૃત્યું પામ્યા છે, જેથી તેઓ મુક્ત થાય. ગંગાએ ક્હ્યું કે ભગવાન શીવ મને જીલે તો હું અવતરણ કરી શકું કેમ કે તે એક જ મારા શક્તિશાળી પ્રવાહ શક્તિને ઝીલી શકશે.

ભગીરથ પછી કૈલાસ પર્વત પર જઈને શિવને પ્રસન્ન કરવા તપ કરતા અંતે શીવ પ્રસન્ન થઈને પ્રગટ થતા ગંગાને ઝીલવાની વિનંતી સ્વીકારે છે. શિવ ઈશાન ખુણામાં ઊભા રહે છે અને રાજા ગંગાનું ધ્યાન ધરતા ગંગા પૃથ્વી પર ઉતરવાનું શરૂ કરે છે. તમામ દેવતાઓ અને ઋષિમુનિઓએ તેના દર્શન કરી પુષ્પવર્ષા કરી. ગગનમાંથી શિવના લલાટ પર પડતી ગંગાને મોતીની માળાની જેમ ધારણ કરી, શિવની ડોકમાંથી તે પૃથ્વી પર પડી, ત્રણ માર્ગે વહીને જ્યાં ભગીરથના પૂર્વજોનાં ખોળીયા હતા ત્યાંથી વહી. રાજાએ જલ હાથમાં લઈ પિતૃઓને અંજલી આપી, તેના આત્માને મુક્ત કર્યા અને ગંગા અને સાગરને ભરી દઈ સાગરમાં ભળી ગઈ.

એક ઉચ્ચ પ્રકારની સમજણ હોય છે જે સામાન્યતઃ આપણને હાથવગી નથી હોતી. ક્યારેક તેના ઝબકારાઓ આવે અને મહાન શોધખોળમાં પરિણમે. ઉચ્ચત્તરના સંપર્ક માટે આપણે નિમ્નને ત્યજી દેવું પડે, એટલે કે આપણી મહત્યકાંક્ષાઓની પૂર્તિ કરવી- તેને છોડવું પડે. રાજા તેનું રાજ્ય છોડે છે, સારો આહાર છોડે છે જેથી તે સાઈકીક નેચર ઉપર કામ કરીને વ્યક્તિગત ઈચ્છાઓની પ્રબળતામાંથી મુક્ત થઈ શકે.

શિવ ગંગાને ઝીલે છે અર્થાત પરિશુદ્ધ ભાવો જ ઉચ્ચત્તર સમજણને ઝીલી શકે. ગંગા રાજાને તેની લાગણીઓ શુદ્ધ કરવાનું કહે છે ત્યાર પછી જ અવતરણ થઈ શકે. ભગીરથનું શિવનું તપ એ લાગણીઓના શુદ્ધિકરણનું પ્રતિક છે. અધ્યાત્મપથના પ્રત્યેક સાધક માટે આ ઘટના ઘટી શકે છે. જેવો મુમુક્ષ લાગણીઓને શુદ્ધ કરી ભાવોમાં રૂપાંતરિત કરે છે તો તમામ જ્ઞાનનો સ્ત્રોત એવી ગંગાનું અવતરણ તેને માટે શક્ય બને છે.

ગંગાના મૂળ ગૌમુખથી નીકળી લોમેશ ઋષિ સાથે યુધિષ્ઠિર હેમકુટ પર્વત પાસે પહોંચ્યાં. હિમાલયની અંદર ગૌમુખ પછી આગળ જતાં હેમકુટ પર્વત આવે છે. (આને હેમકુડ સાહેબ ન સમજવું). અહીં પહોચીને યુધિષ્ઠિર અને અનેક અચિંત્ય અને અદ્‌ભુત પદાર્થો જોયા. ત્યાં વાયુ વડે બંધાયેલા હજારો મેઘ પથ્થર જેવા થઈ ગયા હતા. ત્યાં નિત્ય પવન વાતો હતો, અહીં વરસદા સતત વરસતો હતો તેમજ ઓમનો નાદ નિરંતર આવતો હતો પણ કોઈ મનુષ્ય દેખાતો ન હતો. પવિત્ર અગ્નિના અહીં રોજ સવાર-સાંજ દર્શન થતાં હતા. યુધિષ્ઠિરે ઋષિને આ અંગે પુછ્યું.

ઋષિએ જણાવ્યું કે, આ ઋષભકુટ ઉપર ઋષભ નામનો એક તપસ્વી હતો તે સેંકડો વર્ષોથી તપ કરતો હતો, પરંતુ અત્યંત ક્રોધી તપસ્વી હોવાથી, પસાર થતું કોઈપણ તેના તપમાં વિઘ્ન નાખતું હોવાથી તેણે પર્વતને ક્હ્યું કે, અહીં કઈ એક શબ્દ પણ બોલે તો તેના પર પથ્થરનો વરસાદ વરસાવવો. તેણ વાયુને પણ કહી રાખ્યું કે જીવંત પ્રાણી અહીં અવાજ કરે તો તેને મેઘગર્જનાથી રોકવા.

ઋષિ બોલ્યા કે, અહીં કોઈ દેખાતું નથી તેનું બીજું કારણ એ છે કે આ જગા પર નંદા નદીમાં દેવતાઓ સ્નાન કરવા આવતા. એ સાંભળી લોકો મોટી સંખ્યામાં તેને દર્શને આવતા. પરંતુ ઈન્દ્રાદી દેવો તેને દર્શન આપવા ઈચ્છતા ન હોવાથી તેણે આ ભાગને વિકટ બનાવવા બીજો પર્વત હેમકુટ આ નદી અને ઋષભકુટની આગળ મુક્યો. તેથી આ નદી અને પર્વત પર પહોંચવું લગભગ અશક્ય છે.

ઋષિ લોમેશ યુધિષ્ઠિરને કહે છે કે, જેઓએ ગહેરૂ તપ કર્યું છે તેઓ માત્ર અહીં આવીને આ પર્વતને જોઈ શકે છે, અહીં માત્ર દેવો અને ઋષિઓ જ રહે છે. પછી એ નદીમાં પાંડવોને સ્નાન કર્યું.

હિમાલયના ભૌગોલિક સ્થળના વર્ણન દ્વારા વ્યાસમૂનિ સાઈલન્ટ એરીયા વિશે કશુંક કહેવા માગે છે. આપણાં જમણા મધ્ય મગજમાં એક નાનકડો વિસ્તાર છે જેને સાઈલન્ટ એરીયા કહેવાય છે. યોગી આને બિંદુચક્ર, સૌથી ઉચ્ચત્તમ પ્રાપ્તિ કહે છે. અહીં ઋષભઋષિ રહે છે.

ઋષભ, આખલો, સેક્સ એનર્જીનું પ્રતીક છે. યોગી જયારે આ વિસ્તારને ખોલીને તેમાં પ્રવેશે છે તો તેને એવા નાદ સંભળાય છે જે આ દુનિયાના નથી, વળી અવાજ વગરના પવનની પણ તેને સંવેદના આવે છે. અહીં સતત કૃપા વરસે છે તથા સ્વયુભ અગ્નિ પ્રજ્વલીત છે.

આપણા સૌમાં આ વિસ્તાર સુશુપ્ત પડેલો છે, એ હેમકુટ પર્વત પર છે. જેનો અર્થ થાય સોનું, એ ચેતનાનું પ્રતીક છે. એક વખત ચેતના ટોપ પર પહોંચ તો આપણે નંદા નદીમાં, આનંદની સરીતામાં સ્નાન કરીએ છીએ.

## (૮૫) ઋષ્યશ્રૃંગની વાર્તા :

ઋષિ વિભંડક એક ધરા આગળ બેસીને તપ કરતાં હતા ત્યારે એક દિવસ તેણે સ્વર્ગની અપ્સરા ઉર્વશીને સ્નાન કરતી જોઈ આથી ઉત્તેજનામાં તેમનું વિર્ય જળમાં પડ્યું અને એક તરસી મૃગલી જળ સાથે વિર્યની પણ પી ગઈ. હકીકતે મૃગલી તરીકે એક દેવકન્યાને ઋષિપુત્રને જન્મ આપવા માટે બ્રહ્માએ મોકલેલી તેથી તેના પેટે વિભંડકનો પુત્ર શ્રષ્યશ્રૃગ જનમ્યો. તેના માથામાં એક શીગડું હતું. તેથી તેનું નામ ઋષ્યશ્રૃંગ પડ્યું. ઋષિ વિભંડકે તેમને ઉછેરીને મોટો કર્યો અને તે નિરંતર તપમાં જ મગ્ન રહેતો. પોતાના પિતા સિવાય બીજા કોઈ વ્યક્તિને જોયા ન હોવાથી તેનું મન નિત્ય બ્રહ્મચર્યમાં રહેતું.

અંગદેશના રાજા લોમપાદે બ્રાહ્મણોને આપેલ વચન ન પળ્યુ હોવાથી રાજાના યજ્ઞનો બ્રાહ્મણોએ બહિષ્કાર કર્યો આથી બ્રાહ્મણોના પુરોહીત પર પણ દોષારોપણ કર્યા આથી ઈન્દ્રએ વૃષ્ટિ ન કરી. ત્રણ વર્ષ સુધ વરસાદ ન આવ્યો ત્યારે રાજાએ પંડીતો અને તપસ્વી બ્રાહ્મણોને બોલાવી પુછતા તેમણે જણાવ્યું કે મહાન ઋષિ ઋષ્યશ્રૃંગને રાજયમાં લાવવામા આવે તો ઈન્દ્ર શાંત થાય અને વરસાદ વરસાવે.

પછી રાજાએ પોતાનાં કુશળ મંત્રીઓને બોલાવી ઋષ્યશ્રૃંગને લાવવા માટે મસલત કરી. એક મંત્રીએ જણાવ્યું કે, મુખ્ય વારાંગના-નર્તકીઓને બોલાવી મોકલો જેથી તેમની કલાથી તે ઋષ્યશ્રૃંગને રાજ્યમાં તેડી લાવે. યુવા ઋષિને સ્ત્રી શું તેનો ખ્યાલ ન હોવાથી તમે તમારી કલાથી તેમને ખેંચી લાવશો. ઋષિના શાપના ભયથી સૌ વારાંગના કાપંવા લાગી કેમ કે, એક બાજુ રાજાનો આદેશ અને બીજી બાજું ઋષિના શાપનો ડર હોવાથી તેમણે રાજાને આ કાર્ય કરવાની ના પાડી. પછી. એક વૃદ્ધ વારાંગનાએ કહ્યું કે, મારી ઈચ્છા પ્રમાણેની સામગ્રી મળશે તો હું ઋષિને લાવી શકીશ.

વૃદ્ધ વારાંગનાની માંગણી પ્રમાણેનું તમામ તથા જોઈએ તેટલું ધન આપ્યું. એ વારાંગનાએ કેટલીક યુવાન સ્ત્રીઓન એકઠી કરી ઋષ્યશ્રૃંગ જ્યાં રહેતા હતાં તે તરફ પ્રયાણ કર્યું. તે સ્ત્રીએ પોતાની કળા કુશળતાથી એક નૌકાશ્રમ બનાવ્યો જેમાં વિવિધ પ્રકારના ગુચ્છો, ફળો દેતા કૃત્રિમ વૃક્ષો હતા. તેમાં વિવિધ ભોજન અને ખાનપાના દ્રવ્યો પણ રાખેલ હતા. નદીના પ્રવાહમાં એ નૌકાશ્રમ તેણે વિભંડક ઋષિના આશ્રમની નજીક લાંગર્યો.

વિભંડક ઋષિ બહાર જાય ત્યાં સુધી વૃદ્ધ વૈશ્યાએ રાહ જોઈ પછી પોતાની કુશળ પુત્રીને ઋષિ પાસે મોકલી. ગહેરા ધ્યાનમાં બેઠેલા ઋષ્યશ્રૃંગના પગને સ્પર્શ કરી પ્રણામ કરતાં ઋષિએ આંખ ખોલી અને બીજા માનવને જોતા ઋષિ આશ્ચર્ય પામ્યાં અને એ પણ આટલી સુંદર યુવતી. પહેલી વાર પોતાના સિવાય તેણે બીજી કોઈ વ્યક્તિને જોઈ હતી. ભોળા ઋષિએ માન્યું કે આ પણ કોઈ બીજા તપસ્વી ઋષિ હશે, આથી તેના પગ ધોઈ તેને આસન આપવાની ઈચ્છા કરી પુછ્યું, હે મહાત્મા આપનો આશ્રમ ક્યાં છે? યુવતીએ જવાબ આપણા જણાવ્યું કે, મારો આશ્રમ આ પર્વતની પેલે પાર છે અને મેં વ્રત લીધું છે કે, મારા પગ કોઈને ન ધોવાં તથા મને કોઈએ પગે ન લાગવું તેથી આપણ મને આલીંગન આપો. પછી યુવતીએ ઋષ્યશ્રૃંગને ખુબ રસવાળા અને દુર્લભ ફળો આપ્યા તથા પીવા માટે આસવ આપ્યો. ભોળા ઋષિપુત્રએ આવું ક્યારેય જોયેલું ન હોવાથી એ યુવતીના રૂપથી ઘાયલ થઈ ગયા. યુવતીએ નૃત્ય કર્યુ અને તેના શરીરના અંગો સાથે ઘસાતી વારંવાર આલીંગન દેવા લાગી. પછી પોતાના અગ્નિહોત્રનો સમય થયો એમ કહીને એ ચાલી ગઈ. ઋષિ તેના ઊંડા વિચારમાં ડુબી ગયા. એ હજી પણ તેને સ્વરૂપવાન ઋષિ જ સમજતા હતાં અને કોઈ યુવતી હોઈ શકે તેવો તેને જરા પણ અંદેશો ન હતો. એક ન સમજાય તેવા આનંદ અને શુળની લાગણી ઋષિને થતી રહી.

વિભંડક ઋષિ જંગલમાંથી પરત ફર્યા અને જોયું તેનો પુત્ર ઊંડા વિચારમાં ડુબેલો છે અને આકાશ સામે જોઈને નિસાસા નાખતો હતો. તેમને આંચકો લાગ્યો કે પુત્રએ સમીધ નથી ગોઠવી, અગ્નિહોત્રી નથી પેટાવ્યો તેણે પુત્રને કહ્યું કે, તું કોઈ સ્વપ્નમાં ડુબી ગયો છે? આજે આશ્રમમાં કોઈ બીજું આવ્યું હતું?

પુત્રએ જવાબ આપ્યો કે, એક સ્વરૂપવાન બ્રાહ્મણઋષિ આવ્યો હતો અને સુર્યની જેમ ચમકતો તથા તેની આંખો કમળપત્ર જેવી સુંદર હતી. તેના વાળા લાંબા અને સુંવાળા હતાં તથા સુંદર સુગંધ તેનામાંથી આવતી હતી.

## (૮૬) ઋષ્યશ્રૃંગના લગ્ન

કોઈ સ્ત્રીને ક્યારેય જોઈ ન હોવાથી તે હજીય તેના વિચારોમાં જ મગ્ન રહેતો હતો. પિતાના પ્રશ્નના જવાબમાં તેણે જણાવ્યું કે, લાંબા વાળવાળો એ ઋષિ અત્યંત સોહામણો હતો. તેની ત્વચા સોનાની જેમ ચમકતી હતી, તેની આંખો કમળ જેવી અને હોઠ રસાળ હતાં તેમજ તેના શરીરમાંથી અનેરી સુગંધ આવતી હતી. તે ખુબ આકર્ષક હતો અને હાથમાં તેમજ પગમાં કંકણો જેવું મીઠા અવાજ કરતાં ઘરેણા પહેર્યા હતા. તેના અવાજથી મારામાં આનંદ છવાઈ જતો હતો. પવનના સ્પર્શથી તે ડોલતો હતો અને મને વારંવાર સ્પર્શનો તેમજ આલીંગન કરીને આનંદ આપતો હતો. તેણે મને રસાળ અને મીઠા ફળો આપ્યાં જે મે અગાઉ ક્યારેય જોયા જવાનું મન છે અને તેની સાથે રહીને હું તપ કરવા ઈચ્છું છું.

તેના પિતા સમજી ગયા કે, કોઈ સ્વરૂપવાન સ્ત્રીએ અહીં આવી પુત્રને મોહિત કર્યો છે. તેણે કહ્યું કે, રાક્ષસો આવા વેશમાં આવીને તપસ્વીનાં ભંગ કરતા હોય છે અને

વર્ષોની સાધનાને ભ્રષ્ટ કરે છે. તપસ્વી તરીકે તારું મન એકાગ્ર અને સ્થિર હોવું જોઈએ અને રાક્ષસોને તારા તપમાં વિઘ્ન નાંખવા ન દેવું જોઈએ. પિતાને સાંભળવા છતા ઋષ્યશ્રૃંગ તેની સાથે સહમત થયાં નહીં.

પછીના ત્રણ દિવસ વિભંડક જંગલમાં એ ઋષિની શોધમાં ફર્યા પણ શોધી શક્યાં નહીં તેથી માન્યું કે તેઓ બીજે ચાલ્યાં ગયા હશે. આથી જંગલમાં વેદોક્ત વિધિ માટે ફળો શોધવા ચાલ્યાં ગયા.

યુવાન વારાંગના આ મોકાની રાહ જોતી હતી. જેવા વિભંડક જંગલમાં ગયા કે તે ફરી ઋષ્યશ્રૃંગ પાસે આવી. ઋષ્યશ્રૃંગ તેનાથી એટલા મો હિત થઈ ગયા કે, તેની હાજરીમાં બધું જ ભૂલી જઈ તેની પાછળ નૌકામાં બેસી તેની સાથે ચાલી નીકળ્યાં. નૌકાને તેણે લોમપાદના રાજ્ય તરફ લેવરાવી લીધી.

જેવો ઋષ્યશ્રૃંગે અંગદેશમાં પગ મુક્યો કે, ચાર વર્ષ પછી વરસાદ વરસવા લાગ્યો. ઋષિને લાવીને ઇન્દ્ર દ્વારા વરસાદ વરસાવવાની રાજાની મહેચ્છા પુરી થઈ. રાજાએ પોતાની પુત્રીનો વિવાહ ઋષિ સાથે કરાવ્યો પરંતુ હજું તેને વિભંડક ઋષિના ક્રોધની બીક લાગ્યા કરતી હતી.

રાજાએ ચતુરાઈપૂર્વક વિભંડકના ક્રોધ શમાવવા ઋષિના આવવાના માર્ગોમાં અનેક ગાયો, ખેતરો અને પશુઓ રાખ્યા પછી તેણે ગોવાળોને આજ્ઞા આપી કે, મહર્ષિ વિભંડક જ્યારે તેમને પુછે તો તમારે પ્રણામપૂર્વક તેમને કહેવું કે, આ બધા પશુઓ અને ખેતર તમારા પુત્રના છે, અમે આજ્ઞાંકિત દાસ છીએ, આપનું શું પ્રિય કરીએ? આશ્રમ પાછા ફરેલા વિભંડક ઋષિ પુત્રને ન જોતાં શું બન્યું હશે તે સમજી ગયા અને અંગદેશ તરફ આવવા નીકળ્યા અને અત્યંત ક્રોધથી લોમપાદના નગરનો નાશ કરવાની ઈચ્છાથી આગળ વધ્યાં. રસ્તામાં તેમનું ગોવાળાને સારી રીતે સ્વાગત કર્યું અને ઉપર મુજબનું કહ્યું તેથી તેમનો ક્રોધ શાંત થયો અને તેઓ રાજધાની પહોંચ્યાં તો તેમનો ક્રોધ શાંત થયો અને તેણે જોયું કે તેમનો પુત્ર રાજાની પુત્રીને પરણ્યો છે અને સુખી છે આથી તેમણ આર્શીવાદ આપી કહ્યું કે, જ્યાં સુધી પુત્ર ન થાય ત્યાં સુધી તારી પત્ની સાથે રહીને પછી આશ્રમ પરત આવજે.

હવે આપણે વાર્તાના પ્રતિકોનો ઉઘાડ કરીએ. ઋષ્યશ્રૃંગ અત્યંત ભોળા અને નિષ્પાપ છે તેથી તેમની સહજશક્તિથી જીવનના ગહેરા રહસ્યોમાં તેઓ ઊંડા ઊતરી શકે છે. લોમપાદના અંગદેશમાં ત્રણ વર્ષથી પડેલા દુષ્કાળમાં તેઓને હાજરીથી વરસાદ આવે છે. આમ, ઋષ્યશ્રૃગની હાજરી વરસાદના આવવાની ખાતરી છે. તીવ્ર સાધના પછી ઋષ્યશ્રૃંગ આ અવસ્થાએ પહોંચ્યાં છે, જેનાથી પ્રકૃતિના નિયમો પણ તેની સામે શિશ નમાવે છે.

ઋષ્યશ્રૃંગ મૃગલીની કુખે જન્મે છે. મૃગનો અર્થ થાય શોધ કરવી, મેળવવું. ઋષિનું વિર્ય પાણી સાથે મૃગલી પી જાય છે આનો ખુબ ગહેરો અર્થ એ છે કે, ઋષિએ મેળવેલી ઉચ્ચ અવસ્થામાંથી પુત્રનો જન્મ થાય છે. વિભંડકનો અર્થ થાય તોડીને આગળ જવું, ચીરી નાખવું અર્થાત ઉચ્ચત્તર જ્ઞાના પ્રદેશમાં નિમ્નતર બંધનો તોડીને પ્રવેશી જવું. યુવા ઋષિ જીવન, જન્મ અને મૃત્યુના તમામ ગહેરા રહસ્યોના જાણકાર છે પરંતુ સંર અંગેનું કોઈ જ્ઞાન તેમને નથી અર્થાત તેમણે પિતા સિવાય બીજો કોઈ મનુષ્ય હજી જોયો નથી. નિર્દોષતા સાધના પથ પરના વિદ્યાર્થી માટે અત્યંત આવશ્યક ગુણ છે તેના વગર ઉચ્ચત્તર રહસ્યોની ગહેરાઈમાં ઊંડા ઉતરી શકાતું નથી.

પૂર્ણ શુદ્ધતા છતાં પણ યુવા ઋષિ હજી અધુરા છે. એ અર્થમાં છે કે, તેમને હજી નારીઊર્જાનો કોઈ પરિચય થયો નહીં. પ્રત્યેક વ્યક્તિ, પછી તે પુરુષ હોય કે સ્ત્રી, દેહ હોય તેનામાં બેઉ ઊર્જાઓ કામગીરી કરતી હોય છે અને આધ્યાત્મિક ઊંચાઈને મેળવીને ટકાવી રાખવા માટે બેઉનું સમતોલન કરવું જરૂરી બની જાય છે. આમ, પોતાની આધ્યાત્મિક પૂર્ણતા મેળવીને સંપૂર્ણ બનવા માટે ઋષ્યશ્રૃંગને માટે સ્ત્રીઊર્જા મળવી જરૂરી હતી. બેઉ ઊર્જા એકબીજાની વિરૂદ્ધમાં નથી પરંતુ એક ઊર્જાના બે આયામ છે તેમજ એકબીજાના પુરક છે, તેથી તેમની વચ્ચે સમતોલન આવવું જરૂરી છે. આપણે કહી શકીએ કે, સંસારની નારીઊર્જાથી ઋષ્યશ્રૃંગ અપરિચીત હતાં અને અજ્ઞાન એ પણ એક પ્રકારના વિરોધાભાષ જ છે.

નારીઊર્જા જીવનમાં મુલાયમતા અને કોમળતા લાવે છે. નારીઊર્જાનો સૌથી શક્તિશાળી આયામ માતૃત્વમાં અભિવ્યક્તિ પામે છે. મૃગલી ઋષિના પુત્રને જન્મ આપી ચાલી જાય છે અને તે પિતા પાસે મોટો થાય છે અને તેમની તમામ આધ્યાત્મિક સિદ્ધિઓના પૌરૂષિક આયામો મેળવે છે, જે માત્ર એક બાજુનો વિકાસ બતાવે છે. આમ, સમગ્રલક્ષી વિકાસના માર્ગમાં પ્રેમનો અભાવ આડે આવીને ઊભો રહી જાય છે. કોઈપણ આધ્યાત્મિક ઊંચાઈ પ્રેમ વગર જાળવી શકાતી નથી કેમ કે, વાસ્તવિક્તા એ તો બે ઊર્જાઓનું નર્તન છે - બે ઊર્જા સ્ત્રીશક્તિ અને પુરૂષશક્તિનું નૃત્ય. બચપણથી માતાનો પ્રેમ ન મળ્યો હોવાથી ઊર્જાની આક્રમક બાજુનો જ તેને પરિચય થાય છે.

જીવનની સ્ત્રીઊર્જા પ્રેમ અને વહેચવાના ભાવ સાથે ગહેરાઈથી જોડાયેલી છે. વારાંગનાનું ઋષિવેશે ઋષ્યશ્રૃંગને મળવું એ તેના જીવનની એ બાજુનું ખુલવું બની રહે છે જેમાં હૃદય સક્રિય થાય, લાગણીઓ અને ભાવોનો વિકાસ થાય. ઋષ્યશ્રૃંગનું હૃદય ખીલી ઊઠે છે અને બીજાની કાળજીનો ભાવ ઊગી ઊઠે છે. વારાંગનાનું સ્પર્શવું અને અલીંગવું એ ઇન્દ્રિયજન્ય સંવેદનાઓ અને તેનાથી જન્મતી લાગણીઓ દર્શાવે છે. પરિણમે તે ઈચ્છાઓ તેમજ શરીરની માંગ પ્રત્યે જાગૃત બને છે. વારાંગના ગમે તેટલા પ્રયાસ કરે છે પણ ઋષિને ભ્રષ્ટ કરી શકતી નથી કેમકે ઉચ્ચ સાધનાને પરિણામે એટલી સહેલાઈથી ઊર્જાને ભ્રષ્ટ થતી નથી. પરિણામે રાજ્યમાં પ્રવેશતા જ વરસાદ આવે છે. રાજા પોતાની પુત્રી તેમને પરણાવે છે અને ઋષિનો વિકાસ પૂર્ણ બને છે.

બીજી રીતે જોઈએ તો શોધખોળ એ મનનો આયામ છે. ઋષ્યશ્રૃંગ મનની ઊંચાઈઓમાં તો પહોંચી ગયા છે પરંતુ હૃદયના ઊંડાણને તાગવાના હજી બાકી છે. પરિણામે રાજા-ક્ષત્રીય ભાવકેન્દ્રનું પ્રતિક છે તેની પુત્રી ભાવઊર્જા સાથે

તેમના લગ્ન થાય છે અને હૃદય તથા મન બેઉની યાત્રાનું પૂર્ણચક્ર પુરૂ થાય છે.

## (૮૭) યજ્ઞ અને મુક્તિ

પાંડવોના વનવાસ દરમિયાન લોમેશ ઋષિ તેમને લાંબી યાત્રા ઉપર લઈ જાય છે અને ભારતા પવિત્ર ધામોની યાત્રા કરાવે છે.

યુધિષ્ઠિરને લઈને ઋષિ સમુદ્રના કિનારે કલીંગ તરફ ગયાં અને કહ્યું કે, હે રાજન, આ કલીંગ દેશ છે અને એમાં વૈતરણી નદી છે અહીં મૃત્યુના દેવ ધર્મે, યમરાજાએ પણ દેવોને શરણે જઈ યજ્ઞ કર્યો હતો. ઋષિઓથી ભરેલો, યજ્ઞને યોગ્ય અને પર્વતોથી શોભતો આ તેનો ઉત્તર કાંઠો છે. તે સદૈવ બ્રાહ્મણોથી સેવાયેલો છે. સ્વર્ગમાં જવા ઈચ્છનાર માટે સ્વર્ગના રસ્તા છે. એક વખત દેવતાઓએ યજ્ઞ કર્યો ત્યારે મહાદેવનો ભાગ ભૂલી ગયા આથી યજ્ઞની મધ્યમાં મહાદેવ રૂદ્ર રૂપ લઈને આવ્યા અને યજ્ઞબલી લઈને તેઓ બોલ્યાં કે, આ મારો ભાગ છે. આમ યજ્ઞ અધુરો રહેતા તેના પરિણામોથી ગભરાયેલા દેવતાઓએ ભગવાન શિવને પ્રાર્થના કરી, સુંદર શબ્દોમાં સ્તુતિ કરતાં ભગવાન શિવ પ્રસન્ન થયાં અને યજ્ઞને ધ્વંસ નહીં કરવાની દેવોની માંગણી સ્વીકારી, તેમનું યજ્ઞબલી પાછું આપ્યું. દેવોએ યજ્ઞ કરી શિવને બલી આપી તૃપ્ત કર્યા. ત્યારથી રૂદ્રના ભયથી દેવોએ રૂદ્રને તાજો અને સર્વથી વધુ ભાગ આપવાનું નક્કી કર્યું. અહીં રૂદ્રનું જે કિર્તન ચાલે છે તે તમે સાંભળો. અહીં વ્યાસમુની એવું બતાવવા માંગે છે કે, જે કોઈએ પ્રાર્થના કે સ્તુતિ કરે છે, જે દેવોએ રૂદ્ર માટે કરેલી તો રૂદ્ર પ્રસન્ન થાય છે અને સ્વર્ગનો માર્ગ બતાવે છે.

પછી પાંડવો નદીમાં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે, મૃત્યુ પછી વ્યક્તિએ વૈતરણી પાર કરવી પડે છે. વૈતરણી શબ્દ આવે છે વિતૃમાંથી, અર્થાત પસાર કરવું અને વિતરણ શબ્દમાંથી પણ આવે છે. જેનો અર્થ થાય વહેંચવું. આનો અર્થ એ થયો કે મૃત્યુના સમયે આપણને મુક્ત થવાનો એક મોકો મળે છે, અને એ આ નદી પાર કરીને, પાર કરવા માટે આપણે વહેંચવું જ પડે, આપણી પાસે જે કંઈ છે,જે કંઈ પકડી રાખ્યું છે સાઇકોલોજીકલી, તે તમામને છોડતા શીખવું પડે, છોડી દેવું પડે.

શિવ રુદ્ર સ્વરૂપે આવે છે. તે રોદયતી માંથી આવે છે અર્થાત રોદણા રડવા કે ફરીયાદો કર્યા કરવી. આપણને બધી જ બાબતોની ફરીયાદ હોય છે. હવામાનની પણ ફરિયાદ કરીએ છીએ. ફરીયાદો કરવાને કારણે આપણે જે કંઈ કરીએ છીએ તેનું ફળ મળતું નથી. આપણાં સૌમાં એક પ્રાણી, પ્રાણીજન્ય સ્વભાવ, જીવે છે અને મૃત્યુ પહેલા તેનું રૂપાંતરણ કરવું જોઈએ. આ માટે પહેલું પગલું છે ફરીયાદોમાંથી મુક્ત થવું અને બીજું છે, જે કંઈ કામ કરીએ તે પ્રાર્થનાના ભાવથી થવું જોઈએ. સુંદર મજાનાં પ્રાર્થનનાં શબ્દો દ્વારા દેવો રુદ્રને રિઝવે છે તેના દ્વારા આ વાત માર્મિક રીતે વ્યક્ત થઈ છે.

નદી કલીંગ દેશમાં છે. આ શબ્દ આવે છે કળમાંથી જેનો અર્થ થાય ઝઘડો, લડાઈ. આપણે મૃત્યુ પામીએ તે પહેલાં આપણે આપણાં તમામ ઝઘડાઓના ખાતા બંધ કરવા દેવા જોઈએ અને નદીને પાર કરવાથી જ આ થઈ શકે. પછી આપણે સામા કિનારે ઊભા હોઈએ શુદ્ધ અને મુક્ત.

પાંડવો અને દ્રૌપદી સહિત નદીમાં સ્નાન કરી યુધિષ્ઠિર બહાર આવે છે ત્યાં તેમને ઓમનો ધ્વનિ સંભળાય છે. ઋષિને પુછતા તેઓ કહે છે કે આ ધ્વની અહીંથી ત્રણ લાખ યોજન દુર આવેલ સ્થાનમાંથી આવે છે, આથી તમે મૌન રાખો. હે રાજન આ બ્રહ્મવન છે જેમાં પ્રતાપી વિશ્વકર્મા, શકુંતલાના પિતાએ યજ્ઞ કર્યો હતો. યજ્ઞમાં તેમણે દેવો અને દાનવોના પિતા કશ્યમૂનિને આમંત્રણ આપી બોલાવ્યા હતા અને યજ્ઞ પુરો થતા દક્ષિણામાં પૃથ્વી દાનમાં આપેલ.

આમ, દાનમાં આપેલ પૃથ્વીએ આથી ખેદ પામીને અપાતા સાથે જ ગુસ્સે થઈ બ્રહ્માને કહ્યું, હે પિતામહ, તમે મને એક મર્ત્ય માનવને આપો તે યોગ્ય નથી. તમારું દાન વ્યર્થ છે. આથી હું રસાતાલે જઈશ પછી કોઈ જ જીવન અહી પાંગરશે નહીં. આમ ક્રોધે ભરાયેલી પૃથ્વી જળમાંથી બહાર આવી. અહી તપથી પ્રસન્ન થઈને પૃથ્વી બહાર આવી તે ટોચ છે. તેને કોઈ સ્પર્શ કરે તો તે તરત સમુદ્રમાં ચાલી જાય છે તેથી તમે મંત્રોચ્ચાર કરતા કરતા તેમના પર ચડીને પૃથ્વીનું ધ્યાન ધરો. આમ યુધિષ્ઠિર આ પ્રમાણે મંત્રોચ્ચાર કરતા કરતા તે ટોચ પર ચડ્યા. વિશ્વને લુપ્ત કરનાર એ દેવને નમસ્કાર! નમસ્કાર હો, વિશ્વથી પર રહેલાં એમને! હે દેવાધિદેવ! ખારા જળના સાગરમાં તમે મારી સાથે હો! હે સમુદ્ર! તમે વિષ્ણુના વીર્યરૂપ છો અને અમૃતના ગર્ભસ્થાન તમે અગ્નિરૂપ છો અને પૃથ્વી દેવીની યોનીરૂપ જળ છો. આ પ્રમાણે સ્મૃતિ કરી યુધિષ્ઠિર એ ટોચ પર ચડી ગયા.

અહીં વ્યાસમૂનિ મુલાધાર ચક્રની વાત કરે છે, જે પોતે પણ સેક્સએનર્જીનું કેન્દ્ર છે. તેને પૃથ્વી પણ કહેવાય છે. એ આપણાં સમગ્ર જીવનને સૂક્ષ્મશરીરનો મૂલ આધાર છે, ટેકો આપે છે. પછીનું ચક્ર સ્વાધિષ્ઠાન છે. જે જલતત્ત્વ કે સમુદ્રનું પ્રતિક છે. વાર્તામાં વિશ્વકર્મા કશ્યપમૂનિને પૃથ્વી દાનમાં આપે છે અને પૃથ્વી જળમાં ચાલી જાય છે એ દર્શાવે છે કે આપણે આપણી સેક્સએનર્જીને દિવાસ્વપ્નો અને વિચારોમાં જ વેડફી નાંખીએ છીએ તો પછી જીવનનો આધાર જ વેડફાઈ જશે. સેક્સએનર્જીને યોગ્ય રીતે ઉપયોગમાં લઈએ તો પછી તે જળમાંથી બહાર આવે. યોગી મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રને રીતે સંમિલિત કરે છે કે જેથી પૃથ્વી, સ્વાધિષ્ઠાન, જળની ઉપર આવી જાય. સેક્સએનર્જીના ઉર્ધ્વીકરણથી જ આ શક્ય બને. આ સાથે જ પૃથ્વી પ્રસન્ન થાય છે અને યોગીને વરદાનમાં પરમસુખ અને સદ્‌ભાગ્ય આપે છે.

## (૮૮) પરશુરામની વાર્તા- ૧

લોમેશ ઋષિ પાંડવોને મહેન્દ્રાચલ પર્વત લઈ જાય છે. ત્યાં તેઓ ભગવાન પરશુરામ ભાર્ગવના શિષ્ય અકૃતવ્રણને મળે છે. તેમને ભગવાનના દર્શન વિશે પુછતા તેઓ કહે છે કે, ભગવાન પરશુરામ તપસ્વીઓને આઠમે

અને ચૌદશે દર્શન આપે છે. આવતીકાલે ચૌદશ થતાં તમને તેઓ દર્શન આપશે.

એ રાત્રે યુધિષ્ઠિર અકૃતવ્રણને કહે છે કે, તમે મહાબળવાન જમદગ્નિપુત્રના અનુચર છો. તેમણે પૂર્વે કરેલા સર્વ કર્મોને પ્રત્યક્ષ જોયા છે. તેથી પરશુરામે સર્વે ક્ષત્રિયોને યુદ્ધમાં કેવી રીતે અને શાં હેતુથી હરાવ્યાં.

અકૃતવ્રણ યુધિષ્ઠિરને સહસ્રાર્જુનની વાત કરે છે. પરશુરામે જે સહસ્રાર્જુનને હણ્યો હતો તે હૈહ્ય વંશનો હતો અને તેને હજાર હાથ હતા. દત્તાત્રેયની કૃપાથી તેને સોનાનું વિમાન મળ્યું હતું અને પૃથ્વીના સર્વ પ્રાણીઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થયું હતું. વળી તેની પાસે ન રોકાય તેવો રથ પણ હતો. આમ ગતિ અને શક્તિ બેઉ મેળવેલો સહસ્રાર્જુન હંમેશા દેવો, યજ્ઞો અને ઋષિઓને ચોતરફથી પજવતો હતો. દેવો અને વ્રતધારી ઋષિઓ વિષ્ણુ ભગવાન પાસે ગયા અને વિગત જણાવતો ભગવાન વિષ્ણુએ તેમને સાંત્વન આપ્યું કે થોડા સમયમાં આનો ઉપાય થશે.

એ જ વખતે કાન્યકુબ્જમાં અતિબળવાન ગાધિ નામનો લોકપ્રસિદ્ધ પૃથ્વીપતિ હતો. એ રાજા વનવાસે ગયો હતો ત્યાં તેને તપના બળે અપ્સરા જેવી પુત્રી અવતરી તને ઋચિક ભાર્ગવે તેથી સાથે લગ્ન કરવાની માંગણી કરી. રાજાએ કહ્યું કે, અમારા વંશમાં જે રીતે ચાલુ છે તે પ્રમાણે આ કન્યાના બદલામાં ઉપરથી કાળા અને અંદરથી રાતા કાનાવાળા શરીર ધોળા રંગના વેગવાન એક હજાર ઘોડાઓ કન્યામુલ્યમાં લેવાના છે છતાં તમને આ આપો જ એવું મારાથી ન કહેવાય. મારી પુત્રી તમારાં જેવા મહાત્માને જ આપવાની છે.

ભૃગુપૂત્ર ઋચિક ભાર્ગવે ગંગા કાઠે જઈ વરૂણનું ધ્યાન ધરી આ પ્રમાણેના અશ્વોની માગણી કરતાં વરૂણે એમને અશ્વો આપ્યાં અને તેમણે ગાધિરાજાને આપતાં તેમની પુત્રી સત્યવતી પરણાવી. ગંગામાં જ્યાં અશ્વો બહાર આવ્યાં તે સ્થળ અશ્વતીર્થ તરીકે પ્રસિદ્ધ થયું. આજે પણ લોકો એ જગાએ જઈ વરૂણદેવની સ્તુતિ કરી ડુબકી લગાવી મનગમતી ઈચ્છાપૂર્તિની માંગણી કરે છે.

એક દિવસ ભૃગુઋષિ પોતાનાં પુત્ર અને તેની પત્નીને મળવા આવ્યાં. પતિ-પત્ની તેમનું પૂજન કરી હાથ જોડી ઊભા રહ્યાં. ભૃગુઋષિએ સત્યવતીને વરદાન માંગવાનું કહેતા તેણે પોતાને તથા પોતાની માતાને પણ પુત્ર થાય તેવું વરદાન માંગતા ભૃગુઋષિએ તે પ્રમાણે જ થશે તેમ આશીર્વાદ આપ્યાં.

ભૃગુઋષિએ કહ્યું કે, તમને બેઉને ઋતુસ્નાન થાય ત્યારે પુત્ર પ્રાપ્તિ માટે તારી માતાએ પીપળાને તથા તારે ઉમરડાને આલિંગન આપવું. તારી મા તથા તારી માટે આ બે ચરૂઓ વિરાટ ભગવાનની ઉપાસનાથી મેળવ્યાં છે તેમાં સત્યવતીને ઘેરા રંગના ચરૂમાંથી અને તેની માતાને આછા રંગના ચરૂમાંથી ખાવાનું કહ્યું.

પોતાની માતાને સત્યવતીએ આ વાત કહી. પછી બેકાળજીમાં ચરૂની અદલાબદલી થઈ અને વૃક્ષોના આલિંગનમાં પણ ઉલટસુલટ થઈ. દૂર રહેલા ભૃગુઋષિએ દિવ્યજ્ઞાનથી આ ફેરબદલી જાણી લીધી. લાંબા સમય પછી ફરી તેઓ આવ્યાં ત્યારે તેમણે પુત્રવધુ તેની ભૂલનો ખ્યાલ આપ્યો અને કહ્યું કે, તારી માતાએ તને છેતરી છે તેથી તેમને જે પુત્ર થશે તે ક્ષત્રિય હોવા છતાં ઉત્તમ બ્રાહ્મવૃત્તિવાળો અને સાધુજનોના માર્ગે ચાલનાર થશે અને તને જે પુત્ર થશે તે બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિયવૃત્તિવાળો થશે. સત્યવતીએ ઘણીય વિનવણીઓ કરીને કહ્યું કે, ભલે મારો પુત્ર આવો ન થાઓ પણ મારાં પુત્રનોપુત્ર આવો થાઓ. ભૃગુઋષિએ, ભલે એમ થાઓ કહ્યું.

સમય વીતતા સત્યવતીએ મહોતેજસ્વી અને લાલ આભાવાળા પુત્રને જન્મ આપ્યો, જેનું નામ જમદગ્નિ રાખવામાં આવ્યું. સમય જતાં પ્રસેનજીત રાજાની રેણુકા નામની પુત્રી સાથે તેના વિવાહ થયા. જંગલમાં આશ્રમ બાંધી તેઓ રહેવા લાગ્યા. જમદગ્નિને પાંચ પુત્રો થયા તેમાં પરશુરામ વયમાં સૌથી નાના હોવા છતાં ગુણોમાં શ્રેષ્ઠ હતાં.

એક દિવસ સર્વે પુત્રો ફળ લાવવા ગયા હતા. ત્યારે સ્નાન કરવા જતી રેણુકાએ ચિત્રરથ ગાંધર્વને તેની પત્ની સાથે જળમાં ક્રિડા કરતો જોઈને ઉત્તેજીત થઈ જતાં પાણીમાં સ્ખલિત થઈ ગઈ. ભાન ભુલેલી એ ભયભીત દશામાં આશ્રમમાં આવી. તેનો સ્વામી તેની દશા જાણી ગયા હતાં, તેથી અત્યંત ગુસ્સે થયા.

## (૮૯) પરશુરામની વાર્તા-૨

હવે આપણે વાર્તામાં છુપાયેલા થોડા સંકેતોનો ઉઘાડ કરીએ. પાંડવો પરશુરામ શિષ્ય અકૃતવ્રણને મળે છે. અકૃત એટલે જે કરવાની બાકી છે અને વ્રણ એટલ ઘાવ, અર્થાત એવા ઘાવ જે હજી સુધી રૂઝાયા નથી તે પાંડવોને વાત કહે છે.

સહસ્રાઅર્જુનના ઉલ્લેખ સાથે વાર્તા શરૂ થાય છે, હે હૈહ્ય વંશના રાજા છે. અર્જુન શબ્દ આવે છે અરજમાંથી એટલે કે અરજ કરવી, માંગવું અર્થાત આગ્રહ, એ આપણાં અચેતન મનમાં પડેલો છે. આગ્રહ આપણા અચેતનમાં પડેલા ખુલ્લા ઘાવમાંથી જન્મે છે.

પ્રત્યેક સાધકે પોતાના અચેતનનાં ઘાવને રૂઝાન આપવી જોઈએ નહીંતર તેમાંથી ટપકતું ઝેર આપણા શરીર અને મનમાં બદલો લેવાનું એક જોખમી વલણ જન્માવે છે. જે અંતે હિંસા તરફ લઈ જાય છે. બીનજરૂરી લાગણીવેડા પણ ઘણીવાર આવાં ઘાવમાંથી જન્મતા હોય છે. પરશુરામની વાર્તા સાધકે અંદરની લડાઈ કેવી રીતે લડવી અને ઘાવમાંથી મુક્ત કેવી રીતે થવું તેની વાત કરે છે. પરાનો અર્થ થાય ઉચ્ચત્તર અને પરશુ એટલે કુહાડી તેમજ શૃ એટલે ચીરી નાંખવું. આમ આપણાં નેગેટીવ સંસ્કારોના મુળીયા જે કાપે તે પરશુરામ. બીજું, પરમશ્રૃણોતીનો એક અર્થ એવો પણ થાય કે, જે ઉચ્ચત્તર હેતું માટે સંહાર કરે છે. એવું કહેવાય છે કે, એ રૂદ્રના અવતાર છે.

સહસ્રાર્જુન કરેલાં તપને પરિણામે તેને સોનેરી વિમાન અને અસીમ ગતિ તેમજ શક્તિ મળે છે જે બતાવે છે કે પોતાની મહેચ્છા અને લાલચને ઘણી ઝડપથી પુરી કરે છે. વળી તેને દત્તાત્રેય તરફથી પણ વરદાન મળે છે. બધા

પ્રાણીઓ પરના કાબુનું. પોતાની નવ્ય શક્તિથી એ ઋષિઓ અને દેવોને રંજાડે છે. એ સમયે કાન્યકુબ્જમાં ગાધિ રાજા હોય છે. કાન્યનો અર્થ થાય અક્ષતકન્યા કે વણઅડ્યું અને કુબ્જ એટલે વાંકોચુકો અહી આ ચાલાકી કે ચતુરાઈના અર્થમાં છે.

સહસ્ત્રાર્જુનને મારવા માટે એવો વ્યક્તિ જોઈએ જેની પાસે શક્તિ અને સામર્થ્ય ઉપરાંત ચતુરાઈની નવી અને તાજી ટેક્નિક હોય. આપણા અચતેનમાં પડેલા ઘાવ વર્તમાનમાં પ્રતિક્રિયા સ્વરૂપે વ્યક્ત થતાં રહે છે. વર્તમાન ક્ષણ કન્યા જેવી તાજી છે, નવ્ય છે જે પ્રતિક્રિયાઓથી દુષિત થયાં કરે છે. આ પ્રતિક્રિયાઓથી મુક્ત થવા, તેની સાથે કામ પાડવા ચતુરાઈભર્યા રસ્તા અપનાવવા પડે.

ઋચિક ભાર્ગવ નામના ઋષિ હોય છે. ઋચિકના અર્થ થાય ઉજવવું અર્થાત ઉજવણીના ભાવથી તપ કરવું. રાજાની પુત્રી સત્યવતી સાથે તેમના લગ્ન થાય છે. ગાધિ રાજા અશ્વોની માંગણી કરે છે અર્થાત સમય અથવા તો સમયના પુલને પાર કરવો અર્થાત સત્યનો સાક્ષાત્કાર સમયની પાર હોય છે. તેને સમય સાથે કોઈ નિસબત નથી. આમ પરશુરામ ઋચિકભાર્ગવના પૌત્ર તરીકે જન્મે છે પરંતુ બીજ અહીં વવાય છે. અર્થાત આપણી પ્રત્યેક ક્રિયા-પ્રક્રિયાના બીજ સમયમાં પડેલા છે, જે અમુક નિયમોને આધિન અમુક કાલ પછી આપણને મળવા આવે છે.

આપણે જોયું કે, રેણુકાની મનઃસ્થિતિ પામી ગયેલ જમદગ્નિને ગુસ્સો આવ્યો અને ફળ લેવા ગયેલા પુત્રો પાછા ફરત તેમને કહ્યું કે, તેની માતાનું માથું કાપી નાખે. મોટા ચાર પુત્રોએ આસક્તિવશ ના કહી અને પરશુરામે પિતાની આજ્ઞા પ્રમાણે માતા અને ચારે ભાઈઓના મસ્તક, પિતાની આજ્ઞા પ્રમાણે પરશુ લઈને ઉડાડી દીધા. ક્રોધ શાંત થતાં પુત્રને વરદાનો માંગવાનું કહે છે. પરશુરામ માંગે છે કે, મારી માતા તથા ચારે ભાઈઓને જીવીત કરો તેમજ આ પ્રસંગની કોઈ જ સ્મૃતિ મનમાં ન રહે તેવું પણ કરો. યુદ્ધમાં હું અજેય અને મને દિઘાર્યુષ હો. તેના પિતા તેને બધા જ વરદાન આપે છે.

એક દિવસ સહસ્ત્રાર્જુન લશ્કર સાથે જમદગ્નિના આશ્રમમાં આવે છે. પરશુરામ ત્યારે નથી હોતાં. ઋષિ રાજાને આવકાર આપે છે પણ સત્તાના મદમાં છકેલો રાજા ઋષિને અવહેલના કરી, ગાયો અને વાછરડાઓને બળથી ઉપાડી જાય છે અને જાડ-પાનનો નાશ કરીને ચાલ્યો જાય છે. પરત ફરેલા પરશુરામ વાત સાંભળી સહસ્ત્રાર્જુનની પાછળ જાય છે અને ધનુષબાણથી તેના હજાર હાથ કાપીને તેને મારી નાંખે છે.

સહસ્ત્રાર્જુનના પુત્રો આ બનાવથી પરશુરામની ગેરહાજરીમાં આશ્રમમાં આવી હુમલો કરે છે અને જમદગ્નિ તથા રેણુકાને મારી નાખી ચાલ્યા જાય છે. પિતાના મૃત્યુ પર સર્વે ક્ષત્રિયોને હણવાની પરશુરામ પ્રતિજ્ઞા કરે છે. પિતૃકાર્ય પૂર્ણ કરી એ લડાઈ કરવા નીકળે છે.

સહસ્ત્રાર્જુનના સૌ પુત્રોને એકલેહાથે પરશુરામ મારી નાખે છે, તેના સૈન્યનો ધ્વંસ કરી નાખે છે અને પછી પૃથ્વી પર ફરી ફરીને જે ક્ષત્રિયો હતા તે સૌને હણી નાખ્યાં. આમ તેમણે એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રી કરી નાખી. પિતૃઓને તર્પણ કરતી વખતે ઋચિકના દર્શન થાય છે અને તે પરશુરામને બાવીસમી વખત ક્ષત્રિયનાશ કરવાથી વારે છે. પછી પરશુરામ યજ્ઞ કરે છે અને ઋત્વિજોને પૃથ્વીનું દાન કરે છે.

માતા તથા ભાઈઓને મારવાની પિતાની આજ્ઞા પરશુરામ માને છે. આમ એ લાગણીશીલતામાંથી મુક્ત થાય છે. લાગણીશીલતામાંથી મુક્ત થયા વગર ઉચ્ચત્તર ભાવકેન્દ્ર ખુલતું નથી. પરશુરામ ઉચ્ચત્તર ભાવેકન્દ્રનું પ્રતીક છે. ક્ષત્રિય એટલે ભાવપ્રદેશ પરંતુ નિમ્નતર. સહસ્ત્રાર્જુન જન્મજાત-ઈસ્ટિંકનું કેન્દ્ર છે. આપણે અગાઉ જોઈ ગયા કે બૌદ્ધિક તથા ભાવકેન્દ્રમાં પણ તેનો ભાવુક વિભાગ હોય છે. આમ આ ત્રણે બૌદ્ધિક ભાવ તથા જન્મજાત કેન્દ્રના ભાવુક વિભાગમાં સાત એવી મુખ્ય નબળાઈ હોય છે જેને ઉચ્ચત્તર ભાવકેન્દ્રના માર્ગદર્શનમાં સાધકે મારવી પડે છે. આ ભાવુક વિભાગ ઝડપથી કોઈપણ ચીજ સાથે એકરૂપ થઈ જવાનું વલણ ધરાવે છે. આમ પરશુરામ ત્રણે કેન્દ્રોની સાત-સાત નબળાઈને મારે છે.

## (૯૦) ચ્યવન અને સુકન્યા

મહર્ષિ ભૃગુના પુત્ર ચ્યવન એક મહાન ઋષિ હતાં. તેઓ સરોવરને કાંઠે તપ કરતાં હતાં. વિરાસનમાં બેસી એક જ સ્થળે લાંબા સમયથી તપ કરતા હોવાથી કાળ જતાં તેમની આસપાસ રાફડો જામ્યો અને તેનો માટીના ઢગલા જેવા જણાતા હતાં છતાં ભયંકર તપ કરતાં હતાં.

શર્યાતિ નામનો રાજા એ સરોવર પર વિહાર કરવા આવ્યો તેને સુકન્યા નામની એક પુત્રી હતી એ હંમેશા તેની સખીઓથી વિટળાયેલી રહેતી હતી. મનોરમ પૃથ્વીને જોતી જોતી તે વનસ્પતિ અને ફુલો ખોળતી વિહાર કરવા લાગી. સખી વગરની અને એક વસ્ત્ર ધારણ કરેલી તેને મૂનિએ જોઈ તેને કંઈક કહેવા લાગ્યાં પણ તે ઋષિનું કહેવું સાંભળી શકી નહી. હવે રાફડામાં ચ્યવન ભાર્ગવને બે આંખો જોઈને સુકન્યાએ બુદ્ધિમોહથી જાગેલા કૌતુકથી આ શું હશે? એમ બોલી, ઋષિની આંખોને કાંટાથી વીંધી નાખી.

ક્રોધિત થયેલા ઋષિના વાઈબ્રેશનથી શર્યાતિની સેનાના મળમૂત્ર બંધ થઈ ગયા આથી આખું સૈન્ય આફરાના રોગથી પીડાવા લાગ્યું. આ દશા જોઈ શર્યાતિએ પૂછ્યું કે તપોનિષ્ઠ મહાત્મા ભાર્ગવનો અહી કોણે અપરાધ કર્યો છે? દરેકને પુછ્યું પણ કોઈને કંઈ ખબર ન હતી. છેવટે સુકન્યા સૈન્યની દશાથી પીડીત થઈને પિતાને જઈ કહેવા લાગી અહી ફરતાં ફરતાં રાફડામાં મેં એક ચળકતું પ્રાણી જોયું તો તેને આગીયા જેવું માનીને પાસે જઈ વીંધી નાખ્યું. શર્યાતિ ઝડપથી રાફડા પાસે જઈ પહોંચ્યા અને ચ્યવન ભાર્ગવને જોયાં. ત્યાં તેમણે પ્રાર્થના કરી એ વયોવૃદ્ધ ભાર્ગવને પ્રસન્ન કરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, મારી પુત્રીએ અજાણતામાં આપનો અપરાધ કર્યો છે.

ઋષિએ રાજાને હું કે તારી દિકરીએ અભિમાનમાં આવી મારું અપમાન કરી મને વીંધી નાખ્યો છે. રૂપ અને ઉદારતાથી ભરેલી તેમજ લોભ અને મોહથી છકી ગયેલી

તારી પુત્રીને ગ્રહણ કરીને જ હું ક્ષમા કરીશ.

ચ્યવન શબ્દ આવે છે ચ્યુંમાંથી, જેનો અર્થ થાય પડી જવું અથવા સરી જવું. વર્ષોની તપશ્ચર્યા પછી પણ ઋષિ જ્યાં સુકન્યાને જુએ છે તો તેમનું અટેન્શન લલચાઈ જાય છે. રાફડામાં બેસીને એ તેની સાથે વાત કરવાનો પ્રયાસ કરે છે. વર્ષોના તપ પછી પણ તેમની ચેતનાને બહારની ઘટનાઓ સાથે સંમોહિત થવાની છુટ આપે છે. આમ એમણે જે ઊંચાઈ મેળવેલી છે ત્યાંથી તેઓને પતન થાય છે, સરી જાય છે. પરિણામે આંખ ગુમાવે છે અર્થાત પ્રકાશમાંથી અંધકારમાં સરી જાય છે. વાર્તામાં આગળ જઈશું તેમ આપણે જોઈશું કે તપની ઊંચાઈએથી નીચે પડ્યાં પછી એ સ્થિતિ પાછી મેળવતાં લાંબો સમય લાગે છે.

ઋષિ રાજાને એક જ શરતે માફ કરે છે તેની પુત્રી સાથે પરણે. રાજાને સ્થિતિનો તત્કાલ ખ્યાલ આવી જતાં પુત્રીનો ઋષિ સાથે વિવાહ કરે છે. શુદ્ધ ચરિત્રવાળી સુકન્યા પતિને પામી પ્રીતી, તપ અને નિયમપૂર્વક નિત્ય તેમની સેવા કરવા લાગી તથા ઈર્ષ્યારહિત થઈને અતિથીઓની સેવા કરીને ચ્યવન ઋષિને ઝડપથી પ્રસન્ન કરી લીધાં.

એક દિવસ સવારે સુકન્યા નદીસ્નાન માટે ગઈ અને એ જ વખતે અશ્વિનિકુમારોએ નાહેલી અને ખુલ્લા અંગો જોઈએ, તેની સુંદરતાથી આકર્ષાયેલા બેઉ તેની પાસે દોડ્યાં અને તેને કહ્યું કે સુંદર નિતંબવાળી, તું કોની છે? આ વનમાં શું કરે છે કલ્યાણી? અમે તને ઓળખવા ઈચ્છીએ છીએ.

સુકન્યાએ કહ્યું કે મને શર્યાતિની પુત્રી અને ચ્યવન ઋષિની પત્ની જાણો. અશ્વિનીકુમારોએ તેને ફરી કહ્યું કે હે કલ્યાણી તારા બાપે તને આ ઘરડા વૃદ્ધ સાથે શા માટે પરણાવી? તું તો વનમાં વિજળીની જેમ ઝબુકે છે. તું આટલી સુંદર હોવા છતાં કામભોગથી વંચિત પતિને કેમ ઉપાસી રહી છે? તું અમારા બે માંથી એકની પસંદગી કરી લે. સુકન્યાએ જવાબ આપ્યો કે, હું તારા પતિ પર પ્રેમ રાખું છે અને તમે એ વિશે શંકા ન લાવો. તેમણે ફરી કહ્યું કે, અમે બંને દેવોના ઉત્તમ વૈદ્યો છીએ, અમે મારા પતિને યુવાન અને રૂપવાન કરીશું પછી તે અમે એમ ત્રણમાંથી કોઈ એકને તારો પતિ કરજે. હે કલ્યાણી આ શરતે તું તારા પતિને તેડી લાવ. સુકન્યાએ આ વચનો ચ્યવનને કહી સંભળાવ્યા તે સાંભળી ચ્યવને કહ્યું કે ભલે એમ કર.

પછી ત્રણે જણાએ સરોવરના જળમાં પ્રવેશ કર્યો અને થોડીવાર પછી સરોવરમાંથી દિવ્ય રૂપધારી ઉજ્જવળ કુંડળવાળા, સમાન વેશધારી અને મનને ખુશ કરનાર ત્રણ યુવાન બહાર આવ્યાં. પછી સૌએ એક સાથે કહ્યું કે, હે સુંદર વર્ણવાળી! અમારામાંથી તને જેની ઈચ્છા હોય તેને તું પતિ તરીકે વરી લે અથવા તને જેના પર પ્રેમ હોય તેને પસંદ કરી લે. સુકન્યાએ પોતાની બુદ્ધિ અને મનથી નિશ્ચય કરીને ચ્યવનને જ પતિ તરીકે પસંદ કર્યા.

મહાઋષિ ચ્યવન પત્નિ, વય તથા વાંછિત રૂપ પામીને હર્ષ પામ્યા અને અશ્વિનીકુમારોને કહ્યું કે, તમે બંનેએ મને ઘરડાને રૂપવાન અને તરૂણ કર્યો છે અને મને આ સુયોગ્ય પત્ની મળી છે તેથી હું પ્રિતિપૂર્વક ઈન્દ્રના દેખતા તમને કહું છું કે, તમે દેવતાઓમાં સૌથી મહાન છો અને ઈન્દ્ર કરતાં પણ વધારે મહાન છો. આ સાંભળી અશ્વિનીકુમારો મનમાં હર્ષ પામી સ્વર્ગમાં પરત ગયાં.

હવે આપણે વાર્તાના અર્થના ઉઘાડ કરીએ. ચ્યવન એટલે ચ્યુત થવું, પડી જવું, સરી જવું. ચ્યવન વૃદ્ધ છે અર્થાત ઊર્જા વગરનાં. જેમણે પોતાની ઊર્જા દિવાસ્વપ્નો અને ભૂતકાળ વાગોળવામાં જ વેડફી નાખી છે. વર્ષોની સાધના પછી ધ્યાનનું કિરણ અંદર જવાની બદલે બાહ્ય દુનિયામાં જ ભટકે છે અને લલચાય છે. જે સુકન્યાને જોતાં ઋષિ આકર્ષાય છે. આકર્ષણમાં એકરૂપ થયેલા ઋષિની આંખો ફોડાય છે અર્થાત એકરૂપતા આવતાં હવે અજ્ઞાનનો અંધાપો આવે છે. અંધાપામાંથી પ્રતિક્રિયા જ જન્મે છે. પરિણામે સૈન્યને આફરો ચડે છે. આધ્યાત્મનો પાયો જ પ્રતિક્રિયાઓમાંથી મુક્તિ મેળવવાનો છે. અધ્યાત્મ વિદ્યાના શિષ્યો પ્રતિક્રિયામાંથી મુક્ત થવા વર્ષો અભ્યાસ પાછળ ગાળે છે.

સુકન્યાને અર્થ થાય સારી કન્યા, અર્થાત શુદ્ધ નારીઊર્જા એટલે કે કોઈ પ્રકારના કંડિશનીંગ વગરની સ્ત્રીશક્તિ સર્જનશક્તિ. વૃદ્ધ ઋષિ સાથે તેના લગ્ન થવા છતાં તેનામાં કોઈ નેગેટીવીટી નથી આવતી એ જ તેની આધ્યાત્મિક ઊંચાઈ બતાવે છે. તેને જોઈને અશ્વિનીકુમારો, દેવોના વૈદ્ય અત્યંત સ્વરૂપવાન છે, તેઓ આકર્ષાય છે પરંતુ વૃદ્ધ પતિ હોવા છતાં સુકન્યા તેમનાથી આકર્ષાતી નથી કેમ કે તેનું અટેન્શન એકાગ્ર હોય છે. અશ્વિનીકુમારો એટલે એ બે ઊર્જાના પ્રતીકો જેના રૂઝન આવે અને પુનરોત્થાન કે પુનઃસર્જન થાય. તેઓ સુકન્યાને વચન આપતાં સરોવરમાંથી ચ્યવન યુવાન થઈને નીકળે છે. પાણી આપણી લાગણીનું પ્રતીક છે. આપણી લાગણીના જગતમાં માત્ર ઘાવ જ છે જે ભરાઈ જતાં રૂઝન આવતાં ઊર્જાનું નવસર્જન થાય છે. હવે ઋષિનું અટેન્શન એકાગ્ર થાય છે અને લીકેજ અટકતાં દીવાસ્વપ્નો અને ભૂતકાળ વાગોળવામાં જતી ઊર્જા નવસર્જનમાં વપરાય છે અને ઋષિ યુવાન દેખાય છે.

## (૯૧) શર્યાતીનો યજ્ઞ

ચ્યવન ઋષિને પુનઃ યૌવનપ્રાપ્તિના સમાચાર સાંભળી શર્યાતિ રાજા, તેની રાણી અને લશ્કર સહિત ઋષિને મળવા તેમના આશ્રમે આવ્યાં. ચ્યવન અને સુકન્યા બેઉને દેવ સંતાનો જેવા જોઈને અત્યંત હર્ષ પામ્યો. રાજાને આવેલા જોઈ ઋષિએ તેમને સાંત્વન આપતાં કહ્યું કે, હું તમને યજ્ઞ કરાવીશ તમે યજ્ઞની સામગ્રી એકઠી કરાવો. યજ્ઞ માટેનો શુભ દિવસ નક્કી કરીને યજ્ઞમંડપ શણગારી યજ્ઞનો આરંભ થયો.

યજ્ઞમાં ચ્યવન ઋષિ બે અશ્વિનીકુમારોને સોમરસ લેવડાવતાં હતાં ત્યારે ઈન્દ્રે તેમને વાર્યા અને કહ્યું કે આ બે અશ્વિનીકુમારો સોમરસના અધિકારી નથી, તેઓ દેવોના વૈદ્ય હોવાથી તેઓ યોગ્ય નથી. ચ્યવને જવાબ આપ્યો કે તેઓ રૂપયૌવનમાં ચડીયાતા છે તેમજ તેમણે મને દેવો જેવો અજરાઅમર બનાવ્યો છે. હે દેવેન્દ્ર તમારાં અને બીજા દેવો સિવાય એ બેઉને કેમ સોમપાન ન કરાવાય? તેઓ પણ દેવો જ ગણાય.

ચ્યવન ઋષિએ ઈન્દ્રનો અનાદર કરી અશ્વિનીકુમારોને સોમભાગ દેવા લાગ્યાં. એ જોઈ ઇન્દ્રે તેમને કહ્યું કે, તેઓને તમે સોમભાગ આપશો તો હું તમને વ્રજ મારીશ. આટલું કહી ઈન્દ્રે વ્રજ ઉગામ્યું. તો પ્રહાર કરવા તૈયાર થયેલા ઇન્દ્રના હાથને થંભાવી જડ બનાવીને ઈન્દ્રને મારી નાખવા ઋષિ તૈયાર થયા. તેમણે કૃત્યા ઉત્પન્ન કરવા અગ્નિમાં મંત્રપૂર્વક હોમ કર્યો. મુનિના તપોબળથી મદ નામની મહાકાય, મહાવિર્યવાન કૃત્યા મહાઅસુરરૂપે ઉત્પન્ન થઈ. દેવો અને દાનવો તેના શરીરને માપવા અસમર્થ હતાં. તીક્ષ્ણ અણીવાળા દાંતોવાળું તેનું મોઢું ભયંકર હતું. તેઓ એક હોઠ પૃથ્વી પર અને બીજો આકાશને અડતો હતો. તેની ચાર દાઢ સો સો જોજન લાંબી હતી. તેના બે હાથ પર્વત જેવા વિશાળ અને દસ હજાર યોજન લાંબા હતાં. તેની આંખો સૂર્ય-ચંદ્ર જેવી હતી. વીજળીની જેમ લપ લપ થતી જીભથી જાણે કે જગતને બળાત્કારે ગળી જવાનો હોય તેમ ગર્જના કરી ઇન્દ્રને ખાઈ જવાની ઈચ્છાથી તેના તરફ દોડ્યો.

મદરાક્ષસને આવતો જોઈ ઈન્દ્ર ભયથી પીડાવા લાગ્યો અને ચ્યવનમુનિ કહ્યું, કે ભાર્ગવ આજથી આ બે અશ્વિનીકુમારો સોમપાનનાં અધિકારી ગણાશે, હે વિપ્ર તમે મારાં પર પ્રસન્ન થાઓ. ઈન્દ્રના આ શબ્દો સાંભળી ચ્યવન ઋષિનો ક્રોધ શાંત થયો. યજ્ઞમાંથી ઉત્પન્ન કરેલા મદરાક્ષસને મદ્યપાનમાં, સ્ત્રીઓમાં, જુગારમાં અને મૃગમાયામાં વારંવાર વહેચીને મદનો નિકાલ કરી નાખ્યો.

યજ્ઞ સંપન્ન કરી બેઉ અશ્વિનીકુમારોને સોમભાગ આપ્યો અને પછી બીજા દેવોને સોમભાગ આપ્યો. યજ્ઞને કારણે ઋષિની, સુકન્યા અને શર્યાતી રાજાની કિર્તિ લોકાલોકમાં પ્રસરી ગઈ.

હવે આ વાર્તાના પ્રતિકોનો ઉઘાડ કરીએ. આપણે જોયું કે અટેન્શન એકાગ્ર થઈને લીકેજ બંધ થાય તો એનર્જી ચેનલાઇઝ થઈ, ઊર્જા અંદરની તરફ વળી, આ યજ્ઞકર્મ છે. આધ્યાત્મ માર્ગ પરનો વિદ્યાર્થી બહાર જતી ઊર્જાને અંદરની તરફ વાળવાનો યજ્ઞ શરૂ કરે છે. જ્યાં સુધી લીકેજ છે ત્યાં સુધી આ શક્ય નથી. યજ્ઞમાં સોમરસ પહેલા અશ્વિનીકુમારોને આપે છે. સોમરસ એટલે એવો રસ જે હવે બહારના વિષયો પર આધારિત નથી. આપણને જે રસ આવે છે ઇન્દ્રીયોના વિષયોના ભોગમાં ઉતરવાથી આવે છે. જેમાં ઇન્દ્રિયો ક્ષીણ થતી જાય છે. અત્યારે અંદર કોઈ એવો સ્રોત નથી જ્યાંથી રસ આવી શકે. બાહ્ય વિષયો કે ઘટનાઓ વગર અંદરથી જ આનંદ આવે તેને સોમરસ કહેવાય છે. અહીં મન ઉત્તેજનામાં નથી. એ અંદર સંવેદનમાં સ્થિર છે. એટલે ઋષિ આ અંદરનો રસ પહેલા રૂઝ અને નવસર્જનને આપવા માંગે છે, ઇન્દ્ર (ઇન્દ્રિયો)ને આપતા નથી. ઈન્દ્ર, વ્રજ, ઉત્તેજનાનું શસ્ત્ર ફેંકવા જાય છે કે ઋષિ તેનો હાથ થંભાવી દે છે, અર્થાત ઉત્તેજના હવે ચલીત કરી શકતી નથી.

ઋષિ મદ રાક્ષસ યજ્ઞમાંથી ઉત્પન્ન કરે છે. અર્થાત મદ ધીમે ધીમે ઇન્દ્રિયોનો નાશ કરી નાખે છે ને ઇન્દ્રિયોની શક્તિ, સંવેદનાને હરી લે છે. ઇન્દ્ર માફી માગતા ઋષિ મદને ઇન્દ્રિયજન્ય વિષયોમાં વહેંચી નાંખે છે. જે અનુક્રમે ચારે કેન્દ્રોમાં રહેલા મદના પ્રતીકો છે. આ તમામ મજા કરવાના નિમ્નત્તર પ્રકારો છે જેની ખરેખર તો જરૂર જ નથી હોતી.